સ્વાધ્યાય

પુસ્તક ૧૩
અંક ૩

અક્ષયતૃતીયા
વિ. સં. ૨૦૩૨



ચિત્ર ૭

'હુંમચ'નો ઘાટીલો અને લાવણ્યપૂર્ણ કુંડ : અગ્નિ ખૂણા તરફનું દશ્ય

[ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં શ્રી ઢાંકીનો લેખ]

THE MAHARAJA SAYAJIRAO UNIVERSITY OF BARODA
सत्यं शिवं सुन्दरम्

સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

સંપાદક
અરુણોદય ન. જાની
નિયામક
પ્રાચ્યવિદ્યા મન્દિર, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા

ચિત્ર ૯

હુલ્લિકેરેનો કુંડ : હોયશળ નૃસિંહ પ્રથમનો સમય
(આશરે ઈ.સ. ૧૧૪૧)

[ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં શ્રી ઢાંકીનો લેખ]

સ્વાધ્યાય

અક્ષયતૃતીયા, વિ. સં. ૨૦૩૨ — પુસ્તક ૧૩

મે, ૧૯૭૬ — અંક ૩

સંસ્કૃતની વિકાસયાત્રા : છાન્દસ અને ભાષાપ્રયોગો*

જયદેવભાઈ મો. શુક્લ

પ્રાચીન ભારતીય ભાષાકુળો જેવાં કે ઈન્ડો-યુરોપીઅન; ઑસ્ટ્રો-એશિયાટિક, દ્રાવિડીયન અને તિબેટો-બર્મનમાં, ઇન્ડો-યુરોપીઅન ભાષાકુળ વટવૃક્ષની જેમ સૌથી વધારે વિસ્તૃત છે. ઈસુની અઢારમી સદીના અંતભાગમાં પાશ્ચાત્ય સાહિત્યરસિકોએ સંસ્કૃતવિદ્યામાં રસ લેવાનું શરૂ કરતાં સંસ્કૃત વાઙ્મયનાં અનેક અંગોનો તેમણે પરિચય કરવા માંડ્યો. ઈ.સ. ૧૭૮૬માં રૉયલ એશિઆટિક સોસાયટી ઑફ બેંગાલના ઉપક્રમે આપેલ વ્યાખ્યાનમાં સર વિલિઅમ જોન્સે વિવિધ ભાષાઓ વચ્ચેના સ્પષ્ટ થતા સામ્ય પર ભાર મૂકતાં જણાવ્યું કે "સંસ્કૃત ભાષાની પ્રાચીનતા જે હોય તે ખરી, પરંતુ તેની રચના આશ્ચર્ય પમાડે તેવી છે. તે ગ્રીક કરતાં વધારે પરિપૂર્ણ, લેટિન કરતાં વધારે વિપુલ અને બંને કરતાં વધારે સુપરિશુદ્ધ છે, છતાં ક્રિયારૂપો અને વ્યાકરણસ્વરૂપ અંગે બંને સાથે તે ઘનિષ્ઠ સંબંધ ધરાવે છે. આવા સંબંધની ઉત્પત્તિ આકસ્મિક હોઈ શકે નહિ, એટલું જ નહિ પણ અત્યારે આપણને અપ્રાપ્ય એવા કોઈક સમાન આદ્ય કુળમાંથી તેનો જન્મ થયો હોય તેમ સ્વીકાર્યા વિના કોઈ પણ ભાષાવિદ્ તેમનું પરીક્ષણ કરી શકે નહિ."[1] પછીના સમયમાં ભાષાવિજ્ઞાનનો ઝડપી વિકાસ આ વચનોમાંની આર્ષદૃષ્ટિને સાચી ઠેરવે છે. જોન્સના શબ્દો પછીનાં એકસો નેવું વર્ષોમાં ભાષાવિજ્ઞાન વિવિધ પ્રશાખાઓમાં વિસ્તર્યું છે એટલું જ નહિ પરંતુ સામાજિક વિજ્ઞાનો અને ગાણિતિક વિજ્ઞાનોની મદદ લઈને પ્રયોગસિદ્ધ અને ચકાસી શકાય તેવી સૂક્ષ્મતાઓ પ્રાપ્ત કરાવનારું બન્યું છે. મેધાવી ભાષા-વિજ્ઞાનીઓ ભાષાવિજ્ઞાનના આ વટવૃક્ષના લંબાતી જતી ડાળીઓને વધારે વિસ્તરતી અને ફૂટતાં જતાં ફળને વિશેષ આકર્ષક બનાવી રહ્યા છે.

---

* ગુજરાત યુનિવર્સિટી અને સંસ્કૃત અધ્યાપક મંડળના ઉપક્રમે યોજેલી સંસ્કૃત કૉન્ફરન્સમાં ૨૬-૧૦-૭૫ના રોજ આપેલ વ્યાખ્યાન.

1 The Sanskrit language, whatever be its antiquity is of wonderful structure, more perfect than the Greek, more copious than the Latin and more exquisitely refined than either, yet bearing to both of them a stronger affinity in roots of verbs and the forms of grammar than can possibly have been produced by accident, so strong indeed that no philologer could examine them at all without believing them to have sprung from some common source which perhaps no longer exists.

ઓગણીસમી સદીમાં પશ્ચિમ યુરોપની કેટલીક ભાષાઓને ધ્વનિઓ, રૂપતંત્ર, વાક્યરચના અને કોષની દષ્ટિએ તપાસીને તેમની વચ્ચેના ધ્યાનપાત્ર સામ્યને સ્ફુટ કરવામાં આવ્યું. ત્યારબાદ અવેસ્તા અને વૈદિક તથા સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને અર્વાચીન ઉત્તર, પૂર્વ, પશ્ચિમ અને મધ્ય ભારતની ભાષાઓ વચ્ચેના સામ્યને રજૂ કરવામાં આવ્યું. ભારતીય ભાષાઓના પિતૃરૂપ એક સમૂહ ઇન્ડો-આર્યનને અંગ્રેજી, ડચ, જર્મન અને સ્કેન્ડીનેવીઅન ભાષાના એક સમૂહ જર્મેનિક સાથે સરખાવવામાં આવ્યો. આવા સમૂહોના મૂળમાં એક પિતૃભાષા 'ઇન્ડો-યુરોપીઅન'ની .કલ્પના કરવામાં આવી. આવી પુનઃસૃષ્ટ ઇન્ડો-યુરોપીઅન ભાષા અને તેને બોલનારી પ્રજાના અસ્તિત્વને ઘણા સમય સુધી કલ્પનાવિલાસરૂપે અને સંશયાર્હ ગણવામાં આવતાં, પરંતુ ઇસવીસનની છઠ્ઠી સદીથી ઇસવીસનની દસમી સદી સુધીના સમયમાંની ચિનાઈ તુર્કસ્તાનમાંથી મળેલી બૌદ્ધ હસ્તપ્રતોની બે તોખારી બોલીઓ અને હિટાઇટ રાજ્યસત્તાની રાજધાની બોગાઝકોયમાંથી મળેલી ગુટિકાઓની ભાષા હિટાઇટની શોધ પછી ઇન્ડો-યુરોપીઅનનું અસ્તિત્વ અપરિહાર્ય બન્યું છે. આ ઉપરાંત માઇસેનીઅન ગ્રીકની શોધ પછી ઇસુની પૂર્વે ૧૫૦૦થી પણ પહેલાંના સમયની ભાષાવિષે નિશ્ચિતપણે આપણે વિચારી શક્યા છીએ. મિતાની રાજ્યના અવશેષોમાંથી પ્રાપ્ત થયેલા સંસ્કૃતના હોય તેવા દેખાતા અનેક શબ્દો આવા વિચારોને ચોકસાઈ અર્પે છે. આ બધાને પરિણામે ઇન્ડો-હિટાઇટ ઈ. પૂ. ૨૯૦૦ થી ઇ. પૂ. ૨૪૦૦, ઇન્ડો-યુરોપીઅન ઇ.પૂ. ૨૪૦૦થી ઈ. પુ. ૧૯૦૦, ઇન્ડો-ઇરાનીઅન ઈ. પૂ. ૧૯૦૦થી ઈ.પૂ. ૧૪૦૦ અને ઇન્ડો-આર્યન ઈ.પૂ. ૧૪૦૦ થી ઈ.પૂ. ૧૨૦૦ એવા સમયફલક પ્રમાણે ભાષાવિભાગો કલ્પી શકાય. સમય અને વિભાગોની આવી યોજના કાંઈક અંશે કાલ્પનિક છે અને તેમાં ઓછે વધતે અંશે ફેરફારો કરી શકાશે.

પરસ્પર સામ્યથી પ્રાપ્ત થતો મૂલ સંબંધ ઐતિહાસિક સાતત્ય અને નિશ્ચિત ઠેરવી શકાય તેવી હકીકતો પર આધાર રાખતો હોવા છતાં તેની કેટલીક મર્યાદાઓ છે. ઘણીવાર સામ્યબિંદુઓ કોષપૂરતાં મર્યાદિત હોય છે, કારણ કે હસ્તપ્રતો કે તેવા પ્રકારના પ્રાચીન પુરાવાઓના અભાવે રૂપતંત્ર અને વાક્યયોજનાનું પરીક્ષણ કરી શકાતું નથી. કોઈકવાર સમાન સાંસ્કૃતિક અવસ્થાઓ તદ્દન વિભિન્ન ભાષાસ્વરૂપોને એક સાથે લાવી મૂકે અને તેવી સ્થિતિમાં પિતૃભાષા વિષે કરેલી કલ્પના પુરવાર કરી શકાય તેવી ન બને. કોઈવાર સમાન ઉપાદાન ઇન્ડો-આર્યન, દ્રાવિડીઅન અને મુંડા ભાષાકુળો વચ્ચેના વિશિષ્ટ કુલસામ્યને છતું કરી શકે. મૂર્ધન્ય વર્ણોને દંત્ય અને વત્સ્ય (alveolar) વર્ણોથી અલગ દેખાડવા, હેત્વર્થ કૃદંતના માધ્યમદ્વારા વર્ણનસાતત્ય દર્શાવવું કે દ્વિરુક્ત રૂપોની સાથે પ્રતિધ્વનિ શબ્દો (echo-words)નો વપરાશ કરવો વગેરે આ અંગે પુરાવા ગણાયા છે.

આવી સ્થિતિમાં પિતૃભાષાનું પુનઃસર્જન ભલે કલ્પનામૂલક ન ગણાય છતાં ભિન્ન ભિન્ન ભાષાવિદોના ઉપલક્ષ્યમાં તે ભિન્નભિન્ન જરૂર હોવાનું. આવી પુનઃસૃષ્ટિઓ (Reconstructions) પિતૃભાષાનું હંમેશનું અને સનાતન સ્વરૂપ દર્શાવશે નહિ, પરંતુ તેને સમયના અનુલક્ષ્યમાં જ માત્ર તપાસી શકાશે. આવી પિતૃભાષા કેટલે અંશે કોઈક રૂઢ બોલી હતી કે શિષ્ટ અને સાહિત્યભાષા હતી તે કહેવું મુશ્કેલ બનશે. ડેલ્બ્રૂક અને આંત્વાં મેઇયે કાલના સંદર્ભને ગણતા

નથી અને પિતૃભાષાની કલ્પનાને વાસ્તવિક ઠેરવે છે. દરેક વિદ્યાપ્રવૃત્તિની જેમ આ બાબતમાં પણ ભાષાવિદની અંતઃકરણ પ્રવૃત્તિના પ્રામાણ્યને પણ સ્વીકારવું રહ્યું.

વૈદિક ભાષામાં વિભકત્યન્ત રૂપો, ક્રિયારૂપો, નિપાતો અને ધ્વનિગત વિશિષ્ટતાઓની વિપુલ સમૃદ્ધિ ભરેલી છે. અહીં વૈદિક ભાષા એટલે ઋગ્વેદના મંત્રોની ભાષા એવો સાહજિક અર્થ આપણે કરીશું. શિષ્ટ સંસ્કૃતમાં અર્થાત ઉપનિષત્ કાલ પછીના સંસ્કૃતમાં આવી સમૃદ્ધિ ક્ષીણ થતી ચાલી છે. રૂપતંત્રીય સમૃદ્ધિ(morphological richness)નું કારણ વૈદિક ભાષાનો પ્રાચીન ભાષાસ્તરો ઇન્ડો-યુરોપીઅન અને ઇન્ડો-ઈરાનીઅન સાથેનો ગાઢ સંબંધ છે. આવી સમૃદ્ધિમાં ક્રિયારૂપો પ્રમુખ સ્થાને છે, જ્યારે નામ અને સર્વનામનાં વિભકત્યન્ત રૂપોમાં કેટલેક અંશે એકતાનતા દેખાય છે. કેટલીકવાર તૃતીયા અને સપ્તમીનાં રૂપો વચનનો વિચાર કર્યા વિના વ્યક્તિગત એકરૂપતા દર્શાવતાં દેખાય છે. ક્રિયારૂપોની વિપુલતાનાં ત્રણ ઉદાહરણ લઈશું. ઋગ્વેદ ૩.૨૬.૮માં[૨] अपुपोत्, अनुप्रजानन्, अक्रत અને पर्यपश्यन् એમ ચાર ક્રિયારૂપો પ્રાપ્ત થાય છે. ઋગ્વેદ ૩.૫૭.૩માં[૩] इच्छन्ती, नमस्यन्ती, जानते, वावशाना, चरन्ति, बिभ्रतम् એવાં છ ક્રિયારૂપો મળે છે. ઋગ્વેદ ૪.૪૦.૪માં[૪] अनुसंतवीत्वत् અને अन्वापनीफणत् જેવાં વિશિષ્ટ ક્રિયારૂપો પ્રાપ્ત થાય છે. ક્રિયારૂપોમાં વિવિધ હેત્વર્થ કૃદન્તો, અદ્યતન, વર્તમાન, પૌનઃપુન્યાર્થ વગેરેની પ્રકૃતિથી તૈયાર થતાં સંકેતાર્થ, વિવિધ અદ્યતનભૂતનાં રૂપો વગેરે આ સમૃદ્ધિનાં ઉદાહરણો છે. વૈદિક ભાષામાં અદ્યતન ભૂતની જેટલી વિવિધતા મળે છે તેટલી કદાચ બીજી કોઈ ભાષામાં મળતી નથી. શિષ્ટ સંસ્કૃતમાં તેના સાત પ્રકારોની અવસ્થિતિ વ્યાકરણે પ્રબોધી છે, પરંતુ વપરાશમાં તો ત્રણ કે ચાર પ્રકારોનું જ મહત્ત્વ છે. પરોક્ષભૂત અને ક્રિયાતિપત્ત્યર્થનાં રૂપોની સંખ્યા અલ્પ છે. આમન્ત પરોક્ષભૂત અથર્વવેદ અને બ્રાહ્મણગ્રંથોમાં દેખાવા લાગે છે. અદ્યતનનાં રૂપો જેવી જ વિપુલતા હેત્વર્થ કૃદન્તનાં રૂપોની છે. પદપૂરણ અવ્યયોનો વપરાશ ઋગ્વેદના કવિઓ નિર્બંધપણે અને આનંદપૂર્વક કરે છે. ભિન્નભિન્ન ભાવો દર્શાવવા, પ્રસ્તુત ભાવનું મહત્ત્વ સ્થાપવા અને ચોક્કસ પ્રકારનાં રૂપોના અર્થનું વૈશિષ્ટ્ય પ્રગટ કરવા તથા વાકયરચનામાં વૈવિધ્ય દર્શાવવા આવાં અવ્યયો વપરાય છે. આ અંગે ઋગ્વેદના એક મંડલને ઘટક તરીકે સ્વીકારી તેનાં પદપૂરણ અવ્યયોનો અભ્યાસ રસપ્રદ થશે. બ્રાહ્મણગ્રંથોએ અને ઉપનિષદોએ પણ આ અવ્યયસમૃદ્ધિને જાળવી રાખી છે, પરંતુ ભાવવૈવિધ્યના અનુસંધાનમાં તેમનો વપરાશ ઘટતો ગયો છે. આ રીતે વિચારતાં સમાસનાં રૂપોનું

---

२ त्रिभिः पवित्रैरपुपोद्ध्य १र्कं हृदा मतिं ज्योतिरनुप्रजानन् ।
वर्षिष्ठं रत्नमकृत स्वधाभिरादिद् द्यावापृथिवी पर्यपश्यत् ॥ ऋ. ३-२६-८

३ या जामयो वृष्ण इच्छन्ति शक्तिं नमस्यन्तीजानते गर्भमस्मिन् ।
अच्छा पुत्रं धनेवो वावशाना महश्चरन्ति बिभ्रतं वपूंषि ॥ ऋ. ३-५७-३

४ उत स्य वाजी क्षिपणिं तुरण्यति ग्रीवायां बद्धो अपिकक्ष आसनि ।
क्रतुं दधिक्रा अनु संतवीत्वत् पथामङ्कांस्यन्वापनीफणत् ॥ ऋ. ४-४०-४

અલ્પ વૈવિધ્ય, તુમન્ત હેત્વર્થકૃદંતો અને તવ્યાંત તથા અનીયાંત વિધ્યર્થ કૃદંતોનો ઓછો વપરાશ વૈદિક, રૂપતંત્રની બીજી વિશિષ્ટતા ગણાવી શકાશે.

વૈદિક ભાષામાં અર્થવ્યક્તિના અનુસંધાનમાં રૂપતંત્રની ભારે ચોકસાઈ જોવા મળે છે. નજીકના બની ગયેલા પ્રસંગ માટે અને નિશ્ચય માટે અદ્યતન, સામાન્ય ભૂતકાલીન પ્રસંગકથન માટે હ્યસ્તન, શક્યતા, આશા અને નિશ્ચય માટે સંકેતાર્થ આનાં ઉદાહરણો ગણાવી શકાય.

વૈદિક વાક્યરચનાની અસંખ્ય વિશિષ્ટતાઓ ઋગ્વેદના મંત્રોમાં દૃષ્ટિગોચર થાય છે. આવી વિશિષ્ટતાઓ કોઈ પણ કવિયશઃપ્રાર્થીએ ધ્યાનમાં લેવા જેવી છે. પ્રશિષ્ટ સંસ્કૃત આ બાબતમાં દરિદ્ર છે. આવી વિશિષ્ટતાઓમાંથી કેટલીક નોંધીશું. ઋગ્વેદ ૨.૧૪.૨માં શબ્દલાઘવ જુઓ. અહીં અશન્યાનો ઉપમાન અને ઉપમેય એમ બે વખત ઉપયોગ સૂચવાયો છે.[૫] શૈલિને અપેક્ષિત પુનરુક્તિ ઓ यथौ वो दूरादनसा रथेन । અને ययाथ दूरादनसा रथेन । ઋ. ૩.૩૩.૧૦માં તથા ઋ. ૩.૫૧.૧૨માં[૬] અને વળી ઋ. ૩.૩૨.૬[૭]માં પહેલા અને ત્રીજા ચરણની વચ્ચે મુખ્ય વાક્ય રજૂ થયું છે.

એક પંક્તિમાં અથવા એક ચરણમાં એક ક્રિયારૂપ અને બીજું તે જ ધાતુ પરથી સાધિતરૂપ ઋગ્વેદમાં અનેક સ્થળોએ પ્રાપ્ત થાય છે. બધાં મંડળોમાંથી ઉદાહરણો લઈશું.

युवं वस्त्राणि पीवसा वसाथे । ऋ १-१५२-१

अपां नपादा ह्यस्थादुपस्थं । ऋ. २-३५-९

यजिष्ठेन मनसा यक्षि देवान् । ऋ. ३-१४-५

आ वां वहिष्ठा इह ते वहन्तु । ऋ. ४-१४-४

जनिष्ट हि जेन्यो अग्रे अह्नाम् । ऋ. ५-१-५

---

५ अध्वर्यवो यो अपो वव्रिवांसं
वृत्रं जघानाशन्येव वृक्षम् । ऋ. २-१४-२

६ प्र ते अश्नोतु कुक्ष्योः प्रेन्द्र ब्रह्मणा शिरः ।
प्र बाहू शूर राधसे ॥ ऋ. ३-५१-१२

७ त्वमपो यद्ध वृत्रं जघन्वाँ अत्याँ इव प्रासृजः सर्तवाजौ ।
शयानमिन्द्र चरता वधेन वव्रिवांसं परि देवीरदेवम् ॥ ऋ. ३-३२-६

ये सहांसि सहसा सहन्ते । ऋ. ६-६६-९

इन्द्राय यत्र सवनानि सुन्वे । ऋ. ७-९७-१

आ वहेथे पराकात् पूर्वीरश्नन्तावश्विना । ऋ. ८-५-३१

अस्येदिन्द्रो मदेष्वा ग्राभं गृभ्णीत सानसिम् । ऋ. ९-१०६-३

अक्षैर्मा दीव्यः कृषिमित्कृषस्व । ऋ. १०-३४-१३

વૈદિક ધ્વનિતંત્ર અંગે વિચારતાં નીચેની બાબતો ધ્યાન ખેંચે છે. મૂર્ધન્ય વ્યંજનોનો પ્રવેશ, દ્વિસ્વરાન્તર્ગત ड् અને ढ્નો ळ અને 'ळ्ह्' તથા ह્નો भ् આનાં ઉદાહરણો છે. અહીં આંત્વાં મેઈય્યેનું સૂચન છે કે આ વર્ણોની પ્રાપ્તિ પ્રવર્તમાન બોલીઓની અસરને કારણે સંહિતાકરણ વખતે થઈ હતી. મેઈય્યેના વિધાન અંગે સંમતિ કે વિરોધ દર્શાવવા માટે કશા પુરાવા પ્રાપ્ત થતા નથી.

ઈન્ડો-યુરોપીઅન કાળના પ્રાચીન શબ્દો अत्क (વસ્ત્ર), अपस् (કાર્ય), अर्वन्त (અશ્વ), आघ्र (હલકો), आपि (મિત્ર), ईर्म (વેગ), गातु (નિવાસ), तितउ (ચારણી), तोक (છોકરું), नेम (અર્ધું), वाज (ઈનામ) વગેરે શબ્દોનો વપરાશ પ્રશિષ્ટ સંસ્કૃતમાં પૂરેપૂરો બંધ થયો છે. तितउ જેવો બેબિલોનીઅન શબ્દ એક જ વખત વપરાયો છે. जर्फरी, तुर्फरी, तुर्फरीत्, જેવા ઈન્ડો-ઈરાની શબ્દોનો વપરાશ પણ એક એક મન્ત્રમાં પ્રાપ્ત થાય છે. જેટલા વૈદિક શબ્દોનો વપરાશ પ્રશિષ્ટ સંસ્કૃતમાં બંધ થયો તેથી અનેક ગણા શબ્દો પ્રશિષ્ટ સંસ્કૃતમાં ઉમેરાયા. આવી સ્થિતિ સ્વાભાવિક છે.

વૈદિક શબ્દરૂપોના વિશિષ્ટ જ્ઞાન માટે શાકલ્યનો પદપાઠ, આત્રેયનો તૈત્તિરીય સંહિતાનો પદપાઠ, અને ગાર્ગ્યનો સામવેદનો પદપાઠ જાણીતા છે. આ ઉપરાંત ભિન્નભિન્ન સંહિતાઓના પદ, ક્રમ અને જટાપાઠ અંગેના નાનામોટા ગ્રંથોનું અસ્તિત્વ પણ તે તે સમયમાં હતું એમ માનીને ચાલવું જોઈએ. જેને આપણે 'અષ્ટૌવિકૃતયઃ' કહીએ છીએ—જટા, માલા, શિખા, રેખા, ધ્વજ, દંડ, રથ અને ઘન—તે તે પાઠો અંગેના પણ નાના મોટા ગ્રંથો હતા, જેમાંથી વ્યાડિનો 'ઉપલેખસૂત્ર' નામે લઘુગ્રંથ ઉપલબ્ધ છે.

પદપાઠની રચના માટે પ્રાચીન પરંપરા બે મુખ્ય કારણો આપે છે, વેદપાઠની સરળતા અને અલ્પબુદ્ધિને લાગતા પાપનું નિવારણ. પદપાઠ નિત્ય અને અવિચાલી છે; તેમાં દરેક શબ્દ તેના મૂળ રૂપમાં રજૂ કરવામાં આવે છે. પદપાઠને તૈયાર કરવા માટે વ્યાકરણનું સૂક્ષ્મ અને સર્વતોગ્રાહી જ્ઞાન આવશ્યક છે.[૮] આવું જ્ઞાન પ્રકૃતિપ્રત્યયો અને સામાસિક પદોને અવગ્રહની મદદથી છૂટાં પાડવાં, પ્રગૃહ્યરૂપો પછી इति મૂકવો, परिगृह्य અર્થાત્ કેટલાક શબ્દોને इति પછી બેવડાવવા, વગેરે

૮ न लक्षणेन पदकारा अनुवर्त्याः । पदकारैर्नाम लक्षणमनुवर्त्यम् । મહાભાષ્ય, પા. સૂ. ૩-૧-૧૦૯

અંગે મદદરૂપ બને છે. સામવેદના પદપાઠકાર તરીકે ગાર્ગ્યને સમજવામાં આવ્યા છે. શાકલ્યે જેનો ઉલ્લેખ કર્યો નથી તેવા **समुद्रम्**, **श्रद्धा**, અને **चन्द्रमस्** એવા શબ્દોની વ્યુત્પત્તિ તેણે રજૂ કરી છે. પાણિનિએ પોતાનાં ત્રણ સૂત્રોમાં ઉલ્લેખેલ ગાર્ગ્ય,[૯] યાસ્કે ઉલ્લેખેલ ગાર્ગ્ય અને સામવેદના પદકાર ગાર્ગ્ય એક હોવાનો સંભવ છે.

વેદમંત્રોની રચના પછી અને તે તે વેદોના વિશિષ્ટ શાખાઓમાં સંહિતાપાઠ તૈયાર થયા પછી આના મંત્રો ભુલાઈ ગયા અથવા તેમનો માત્ર બ્રાહ્મણમુખથી અર્થનો વિચાર કર્યા વિના શુકપાઠ જ થતો હતો તેમ કહેવું બરાબર નથી. વેદમંત્રોના અસંખ્ય શબ્દો માટે ઉચ્ચારણ, સ્વરનિશ્ચય અને છંદોનિર્ણય અંગે એમ અનેકવિધ વિચારણા કરનારા અસંખ્ય પ્રાચીન આચાર્યોના નામોલ્લેખો ઋક્પ્રાતિશાખ્ય અને તૈત્તિરીય પ્રાતિશાખ્યમાં મળે છે.

વૈદિક શબ્દરૂપોના સર્વતોગ્રાહી જ્ઞાન માટે પ્રાતિશાખ્યો પૂરતાં નથી. પ્રાતિશાખ્યો માત્ર સંહિતા, પદવિચારણા, સંધિ, સ્વર અને વૃત્તવિચાર અંગેની ચર્ચાને જ મહત્ત્વ આપે છે. પરિણામે વૈદિકભાષા સ્વરૂપોની વ્યાકરણવ્યવસ્થાને જાણવા માટે સર્વગ્રાહી વ્યાકરણ ગ્રંથોની આવશ્યકતા અનિવાર્ય ગણાય. પતંજલિ જણાવે છે કે વ્યાકરણે પદકારોનું અનુસરણ કરવાનું નથી, પદકારોએ વ્યાકરણને અનુસરવાનું છે.

પાણિનીય અષ્ટાધ્યાયી પહેલાંના વૈદિક વ્યાકરણ ગ્રંથો આપણને પ્રાપ્ત થતા નથી. યાસ્કે ઉલ્લેખેલા આચાર્યોની કૃતિઓ પ્રાતિશાખ્ય પ્રકારની હતી કે સૂક્ષ્મ વ્યાકરણચર્ચાને આવરી લેતી હતી તે કહેવું મુશ્કેલ છે. બે ચાર આમતેમ મળતા ઉલ્લેખોથી કશું અનુમાન બાંધી શકાશે નહિ. તેમ છતાં એટલું જરૂર કહી શકાય કે શૌનક, યાસ્ક અને પાણિનિએ ઉલ્લેખેલા સેંકડો વૈયાકરણોની પ્રવૃત્તિ વ્યાકરણનિષ્ઠ હોવાનો સંભવ છે. અહીં એવો તર્ક કરી શકાય કે આ પ્રવૃત્તિ પાણિનિની જેમ બધી વૈદિક સંહિતાઓને આવરી લેતી નહિ હોય પરંતુ પોતાની શાખાપરંપરા પૂરતી સીમિત હશે. આ વિધાનને કેવળ તર્ક જ ગણી શકાય.

વૈદિક વ્યાકરણનો એકમાત્ર ગ્રંથ છે પાણિનીય અષ્ટાધ્યાયી; સમગ્ર અષ્ટાધ્યાયીના ૩૯૮૫ સૂત્રોમાંથી ૨૬૦ સૂત્રો વૈદિક શબ્દરૂપોની ચર્ચા કરે છે. આમાં સ્વરની ચર્ચા કરતાં સૂત્રોનો સમાવેશ કર્યો નથી, કારણ કે છાન્દસ પ્રયોગો જ નહિ પરંતુ ભાષાપ્રયોગો પણ સ્વરસહિત અને સંધિસહિત બોલાતા અને લખાતા. પાણિનીય અષ્ટાધ્યાયીનાં સૂત્રો પણ સ્વરસહિત અને સંધિસહિત બોલાતાં હતાં. આ અંગે **वृद्धिरादैजदेङ्गुणः ।** (પા. ૧-૧-૧,૨) અંગેની અને **स्थानेऽन्तरतमः ।** (પા. ૧-૧-૪૯)ની સાથે **स्थाने अन्तरतमे ।** ની પતંજલિમાં પ્રાપ્ત થતી ચર્ચાને પુરાવારૂપે ગણાવી શકાય.

ઉપર જણાવ્યું તેમ પાણિનીય અષ્ટાધ્યાયી લૌકિક અને વૈદિક એમ બંને પ્રકારનાં ભાષા-સ્વરૂપોનું વ્યાકરણ છે; આમ હોવા છતાં વૈદિક પ્રયોગોને પાણિનિએ મહત્ત્વ આપ્યું નથી. બીજી રીતે કહીએ તો વૈદિક ભાષાનું વ્યાકરણ રચવાનો તેમનો ઈરાદો નથી. વૈદિક ભાષાનાં મહત્ત્વનાં

---

९ ओ तो गार्ग्यस्य । (८-३-२०), नोदात्तस्वरितोदयमगार्ग्यकाश्यपगालवानाम् । (૮-૪-૬૭) અને अङ्गार्ग्यगालवयोः । (७-३-६९)

અંગો, સ્વરવિચાર, સંધિ, સંહિતાપાઠ અને પદપાઠ અંગે તેમણે વિશેષ ધ્યાન આપ્યું નથી, કારણ કે આ અંગે પ્રાતિશાખ્યો વિચારે છે. छन्दसि उभयथा । (૩-૪-૧૧૭) અને बहुलं छन्दसि જેવાં સૂત્રો રજૂ કરીને એક બાજુ તે ભાષાપ્રયોગો અને છાન્દસપ્રયોગોનું સામ્ય બતાવે છે તો બીજી બાજુ વૈદિક પદોને વ્યાકરણબદ્ધ કરવાના કાર્યની મુશ્કેલીઓ પણ જણાવે છે. પાણિનિ સમક્ષ વિપુલ વૈદિક સાહિત્ય હતું છતાં ભાષાપ્રયોગોના વ્યાકરણવિચારને જ તેમણે લક્ષ્યમાં લીધો છે.

અષ્ટાધ્યાયીનાં વૈદિકપ્રયોગોને લગતાં સૂત્રોનો વિદ્વાનો રસપૂર્વક અભ્યાસ કરે છે, કારણ કે પાણિનિએ ચોક્કસ સંહિતાઓનાં શબ્દસ્વરૂપોને સૂક્ષ્મતા અને ચોકસાઈપૂર્વક અવતાર્યાં છે. જે નિયમદર્શન તે કરાવે છે તે સૂક્ષ્મ અને ઊંડું છે. વિશાળ વૈદિક સાહિત્યમાં સર્વતોમુખી દૃષ્ટિથી નિર્બંધપણે અવગાહન કરીને તે વિવિધ વૈદિક શબ્દસ્વરૂપો લઈ આવે છે. પાણિનિએ પસંદ કરેલાં કેટલાંક વૈદિકરૂપો આપણને પ્રાપ્ત થતા સંહિતાગ્રંથો અને બ્રાહ્મણગ્રંથોમાં પણ પ્રાપ્ત થતા નથી.

પાણિનિના વૈદિકનિયમોની આંતરયોજના સરળ છે. તેમાં પર, નિત્ય, અંતરંગ, અપવાદ કે 'વિપ્રષેધે પરં કાર્યમ્' જેવા નિયમો, વિવિધ પરિભાષાબંધનો, મંડૂકપ્લુતિ, ગોયૂથ, ચકારથી પ્રાપ્ત થતી ઉત્તરત્ર અનુવૃત્તિ જેવી વિશિષ્ટ યોજનાનું સંકલન મહત્ત્વનું નથી. અષ્ટાધ્યાયીમાં પ્રાપ્ત થતા નિયમોથી પૂર્ણપણે અભિન્ન રહેવાનો સંકલ્પ પાણિનિ કરતા નથી. અને આવા સંદર્ભમાં જ તેમણે વૈદિક શબ્દરૂપો અંગેના નિયમોની રચના કરી છે. પ્રાતિશાખ્યોના નિયમો વિશાળ રૂપપ્રદેશને આવરી લેતા નથી, પરંતુ જે વિષયોને તે વિચારે છે તે અંગે સૂક્ષ્મ અને સર્વતોગ્રાહી વિચારણા તેમાં રજૂ થાય છે. આવી સ્થિતિ ખાસ કરીને ઋક્પ્રાતિશાખ્ય અને તૈત્તિરીય પ્રાતિશાખ્યની છે. પોતાની સામે પાણિનિનો અષ્ટાધ્યાયી ગ્રંથ હોવા છતાં અથર્વપ્રાતિશાખ્યના લેખક વારંવાર ઝોકાં ખાય છે અને જાગ્રત બનતાં અષ્ટાધ્યાયીમાંથી આમતેમ સૂત્રો ઉપાડી લઈ પોતાના ગ્રંથમાં ગોઠવી દે છે.

પાણિનિ વૈદિક સાહિત્યના વિશાળ સમુદાયને અવતારે છે. તેમાંથી કયા ચોક્કસ ગ્રંથો કે ગ્રંથપ્રકારોનો તે ઉપયોગ કરે છે તે વિચારીશું. छन्दसि, यजुषि, निगमे, मन्त्रे, ऋक्, ब्राह्मणानि, छन्दोब्राह्मणानि, ब्राह्मणकल्प, अन्वध्यायम् વગેરે શબ્દો તેમનાં વૈદિક સૂત્રોમાં પ્રાપ્ત થાય છે. छन्दसि શબ્દ તેમણે વિશાળ અર્થમાં વાપર્યો હોવા છતાં તે શબ્દથી ઋગ્વેદ, યજુર્વેદની કાઠક, મૈત્રાયણી, કઠ અને તૈત્તિરીય સંહિતાઓ, અથર્વવેદ અને સામવેદની સંહિતાઓ તેમને અભિપ્રેત છે. मन्त्र શબ્દથી ऋच् અને यजुस् એમ બંનેને તે સમજે છે. પરંતુ અહીં यजुस् એટલે કૃષ્ણયજુર્વેદમાં પ્રાપ્ત થતો ગદ્યયજુસ્સમૂહ અભિપ્રેત છે. નિગમ શબ્દ તેમણે ૬-૩-૧૧૩; ૬-૪-૯; ૭-૩-૮૧; ૭-૪-૭૪ અને ૭-૨-૬૪ એટલાં સૂત્રોમાં વાપર્યો છે. આ સૂત્રોમાંના શબ્દો साढ्यै, साढ्वा, साढा, त क्षाणौ, तक्षणौ, बभूथ, आततन्थ, जगृम्भ, ववर्थ, प्रमिनाति અને ससूव પ્રાચીન ઈન્ડો-યુરોપીઅન શબ્દસ્વરૂપોની નજીકનાં છે. આ શબ્દરૂપોનાં જેવાં सोढुम्, सोढा, बभूविथ, आतेनिथ, जगृहिम, ववरिथ, प्रमीनन्ति અને सुषुवे પછીના સમયના ફેરફારો બતાવે છે. छन्दस् શબ્દથી જો આપણે પ્રાચીન સંહિતાઓ સમજીએ તો निगम શબ્દથી આ પ્રાચીન સંહિતાઓના પ્રાચીનતમ શબ્દોરૂપો સમજવાં જોઈએ, यजुस् શબ્દથી યજ્ઞવિષયક ગદ્યસૂચનો, मन्त्र અને ऋक्‌થી ઋગ્વેદના

મંત્રો અને બ્રાહ્મણ શબ્દથી પ્રાચીન બ્રાહ્મણો જેવા કે ઐતરેય અને કૌષીતકિનો ઉલ્લેખ સમજવો જોઈએ. પાણિનિએ નહિ સ્મરેલ શુકલ યજુર્વેદ અને શતપથ બ્રાહ્મણ અંગેના વિવાદનો વિચાર કરતાં એમ કહી શકાય કે પાણિનિનો વિશેષ અને સૂક્ષ્મ અભ્યાસ ઉત્તર, વાયવ્ય અને પશ્ચિમ ભારતની ભાષા સાથે વિશેષ હતો. પૌરસ્ત્ય ભાષાપ્રવાહોનો તેમણે ઉલ્લેખ કર્યો છે ખરો પરંતુ વાસ્તવમાં વાયવ્ય ભારતનાં ભાષાસ્વરૂપો અને ઉચ્ચારણ પાણિનિના સમય પહેલાંથી શિષ્ટ ગણાવા લાગ્યાં હતાં. तस्मादुदिच्यां दिशि प्रज्ञाततरा वागुद्यते । उदञ्च उ एव यन्ति वाचं शिक्षितुम् । यो वा तत आगच्छति तस्य वा शुश्रूषन्त इति ॥ એવો કૌષીતકિ બ્રાહ્મણ (૭.૬)નો ઉલ્લેખ આ વાત સૂચવે છે. કૃષ્ણયજુર્વેદની કઠ, કાઠક, મૈત્રાયણી અને તૈત્તિરીય સંહિતાઓ ઉત્તર અને વાયવ્ય ભારતમાં પ્રચલિત હોઈ પાણિનિએ તેમનો સવિશેષ ઉપયોગ કર્યો છે.

અગાઉ વિચાર્યું તેમ વૈદિક આર્યો ઈ.પૂ. ૧૫૦૦ની આસપાસ ભારતમાં હતા. ભારતમાં હતા એમ કહેવાનું પ્રયોજન કેટલાક વિદ્વાનોના તોષ અર્થે છે એમ કહી શકાય. ભારતીય આર્યો સ્થાનિક પ્રજા હતી અને તેમનું બહારથી આગમન નહિ પણ ભારતમાંથી નિષ્ક્રમણ થયું એવા મતને અનુસરનારા આ વિદ્વાનો છે. ભાષાવિકાસની દૃષ્ટિએ આપણને આર્યો ભારતની બહાર ગયા કે બહારથી ભારતમાં આવ્યા એવા મતો સાથે ઝાઝી નિસ્બત નથી. ઈન્ડો-યુરોપીઅન પિતૃકુળની એક બલિષ્ઠ અને વિશાળ સમુદાયમાં પ્રસરેલી અર્થાત્ વૈદિક અને તેમાંથી ઉદ્ભવેલી સંસ્કૃત ભાષા આપણે માટે કેન્દ્રસ્થાને છે, એટલું જ નહિ પરંતુ હિટાઈટ, માઈસેનીઅન ગ્રીક અને ઈન્ડો-યુરોપીઅનનો વિચાર કરતી વખતે વૈદિક એ પાયાની ભાષા છે એ ધ્યાનમાં રાખવું જોઈએ. વિશાળ પ્રદેશમાં બોલાતી અને સુવિશાળ પ્રાચીન સાહિત્ય ધરાવતી બીજી કોઈ ભાષાના અવશેષો આપણને પ્રાપ્ત થવાનો સંભવ નથી. હીટાઈટના અવશેષો આ દિશામાં અપૂરતાં છે.

વૈદિક આર્યોની બોલચાલની ભાષા અનેકવિધ બોલીઓથી મિશ્ર હતી. તેમાં વાયવ્ય ભારતથી માંડીને કીકટ એટલે બિહાર સુધીના પ્રદેશોમાં ક્રમેક્રમે વધતી જતી આર્યસંસ્કૃતિની અસરને કારણે અસંખ્ય સ્થાનિક અસરો પણ ભળતી જતી હતી. "કેવોક છે તમારો ઈન્દ્ર? આવજોને, જોઈશું એને, અમારા આયુધો પણ બુઠાં નથી" એમ કહેનારા અને જેમને ફીની-શીયન પ્રજાની પ્રજાતિ ગણાવી શકાય તેવા પણીઓની ભાષાનું મિશ્રણ પણ તેમાં હતું. બેબિલોનીઅન 'તિતઉ' જેવા પ્રદત્ત શબ્દો (Loan-wards) પણ તેમાં ભળ્યા હતા. વૈદિક કવિઓએ આવી સુમિશ્ર ભાષાના માધ્યમને શિષ્ટ અને સાહિત્યિક ભાષા તરીકે મઠારીને તેનો ઋગ્વેદના મંત્રોમાં ઉપયોગ કર્યો. યજ્ઞપ્રધાન કવિઓની ભાષા અને સામાન્ય જનસમૂહની ભાષા સાવ ભિન્ન હતી, એવો મત ઉપેક્ષાને પાત્ર છે. દ્રાવિડીઅન સંસ્કૃતિથી છલોછલ ભરેલા ભારતમાં આર્યોએ ભારતમાં આવીને દ્રાવિડીઅન સંસ્કૃતિને દક્ષિણમાં ધકેલી દીધી એવો તામિલ ઉત્સાહી-ઓનો મત કે અસંસ્કૃત અને રખડુ ટોળિયો એવા આર્યો અને તેમના નેતા ઈન્દ્ર દ્રાવિડીઅન સંસ્કૃતિથી સુમંડિત, શાન્તિપ્રધાન અને સુસંસ્કૃત સિન્ધુ સંસ્કૃતિની પ્રજાનો વિનાશ કર્યો એવો સર મોર્ટિમર વ્હીલરનો મત પણ યોગ્ય ગણાશે નહિ. વૈદિક કવિઓની આદ્ય મન્ત્રરચના આપણને પ્રાપ્ત થતા ઋગ્વેદથી ભિન્ન છે અને ઋગ્વેદ એ પુનર્લિખિત રચના (palimpsest) છે એવા મતનું પણ કશું મહત્ત્વ નથી. આપણે વારંવાર જોયું છે તેમ ઋગ્વેદના આર્યોની ભાષા ઈન્ડો-

યુરોપીઅન ભાષાની સાથે ઘણું સામ્ય ધરાવનારી હતી. તેના વિકાસમાં તેણે પ્રાચીન સ્વરૂપોને ગૌણ બનાવી સુસ્થિત સંસ્કૃતિનાં મૂલ્યોની માગણીઓના અનુસંધાનમાં સરળતા ધારણ કરી.

આર્યોમાંનો શિષ્ટ વર્ગ યજ્ઞકાર્યમાં ઉપયોગી બનેલા ઋક્મંત્રોને અને તેમની ભાષાને ઘણું મહત્ત્વ આપતો હતો. સ્વરતઃ કે વર્ણતઃ દોષને તે ચલાવી લેતો ન હતો. ગામડામાં જઈને ગ્રામીણોની સાથે તેમની જ લઢણમાં અને ઉચ્ચારણટેવો પ્રમાણે આપણે જેમ બોલીએ તેમ વૈદિક ઋષિઓ પણ કોઈક વાર તેમણે શુદ્ધ માનેલી શિષ્ટ ભાષાથી દૂર જઈને અપભ્રંશ ઉચ્ચારણો કરી લેતા હતા. યર્વાણ અને તર્વાણ નામના ઋષિઓનું ઉદાહરણ આપણને આપવામાં આવ્યું છે.[૧૦] યાથાતથ્ય અને પરાવરને જાણનારા આ ઋષિઓ યજ્ઞ સિવાયના પ્રસંગોએ જ અપભ્રષ્ટ ઉચ્ચારણો કરતા. પૌરસ્ત્ય પ્રદેશોની ભાષામાં પ્રચલિત બનેલ ળનું ઉચ્ચારણ જ્યારે ઉત્તરમાં સ્વીકાર્ય ન હતું ત્યારે યજ્ઞકર્તા ઋષિઓ વિરોધીઓના 'हे अरयः । हे अरयः ।' એવાં શુદ્ધ ઉચ્ચારણોને બદલે કરવામાં આવેલાં हेलवो हेलवः । એવાં અપભ્રષ્ટ ઉચ્ચારણોની હાંસી ઉડાવતા. તાંડ્ય બ્રાહ્મણની એક કથામાં एक, द्वि, त्रि, चतुर् વગેરે શબ્દોનાં સ્ત્રીલિંગ રૂપોના કથનને દેવો અને અસુરોની હરિફાઈરૂપે ગૂંથવામાં આવ્યું છે. एकनुं एका, द्वौंनुं द्वे, त्रयःनुं तिस्रः અને चत्वारःनुं चतस्रः એમ ચાર સુધી તો અસુરો સરખા ઉતર્યા પરંતુ पञ्चन् નું સ્ત્રીલિંગરૂપ કરી શક્યા નહિ; તેથી પરાભવ પામ્યા.[૧૧] આ દંતકથામાં બદલાતાં જતાં ભાષાસ્વરૂપોની શિષ્ટતા જાળવવાની મિથ્યા ઉમેદ દેખાઈ આવે છે.

પાણિનિએ પોતાના વ્યાકરણનિયમોના આધાર તરીકે કયી ભાષાનો ઉપયોગ કર્યો હતો તે સ્પષ્ટ કહેવું મુશ્કેલ છે છતાં, સામાન્ય રીતે એમ કહી શકાય કે પાણિનિ ઉત્તર, પશ્ચિમ અને વાયવ્ય પ્રદેશનાં ભાષારૂપોનું વ્યાકરણ રચે છે. छन्दस् અને भाषा એવા બે શબ્દોથી બે વિભિન્ન ભાષાપ્રવાહોને તે સૂચવે છે. छन्दस् એટલે શું તેનો આપણે વિચાર કર્યો. भाषायाम् શબ્દથી કયું ચોક્કસ ભાષાસ્વરૂપ તે સૂચવે છે તે સ્પષ્ટ થતું નથી. પાણિનિસૂત્રોમાંથી ભાષા, વિભાષા, વિભાષિત, ભાષિત, ઉપસંભાષા વગેરે શબ્દોને પસંદ કરીને તેમનું વ્યાખ્યાન કરીને ડૉ. સુકુમાર સેન એવી કલ્પના તારવે છે કે ભાષાયામ્ થી style of discourse 'વ્યાખ્યાન શૈલી' સૂચવાય છે, નહિ કે કોઈ ચોક્કસ ભાષા. આ વિધાન ચિન્ત્ય છે. ભાષાયામ્‌ની સાથે ઉપસંભાષા, વિભાષિત, વિભાષા વગેરે શબ્દો સમાનાર્થક નથી, અને તેમણે કરાવેલું અર્થદર્શન બરાબર નથી. ભાષા શબ્દથી પાણિનિને ઉત્તર, પશ્ચિમ, મધ્ય અને પૌરસ્ત્ય ભારતીય પ્રદેશોમાં વપરાતી ભાષા

---

૧૦ (अ) यर्वाणस्तर्वाणो नामर्षयो बभूवुः प्रत्यक्षधर्माणः परापरज्ञाविदितवेदितव्या अधिगतयाथातथ्याः । ते तत्र भवन्तो यद्वानस्तद्वा न इति प्रयोक्तव्ये यर्वाणस्तर्वाण इति प्रयुञ्जते याज्ञे कर्मणि पुनर्नापभाषन्ते ।

મહાભાષ્ય, (કીલહૉર્ન) પસ્પશાહ્નિક; પૃ. ૧૧

(ब) तेऽसुरा हेलयो हेलय इति कुर्वन्तः पराबभूवुः । तस्माद् ब्राह्मणेन न म्लेच्छितवै नापभाषितवै । म्लेच्छो ह वा एष यदपशब्दः ।

મહાભાષ્ય, (કીલહૉર્ન) પસ્પશાહ્નિક પૃ.૨

૧૧ તાણ્ડ્ય મહાબ્રાહ્મણ, ૨૧-૧૩

અભિપ્રેત છે. આ ભાષા બ્રાહ્મણયુગની અર્થાત્ ઈ.પૂ. ૮૦૦ થી ઈ.પૂ. ૫૦૦ સુધીના સમયની બોલચાલની ભાષા છે. આ ભાષા પછીની શિષ્ટ (classical) ભાષાની નજીક હોવાને બદલે પ્રાચીન બ્રાહ્મણગ્રંથોની ભાષાની નજીક છે. આ ભાષામાં અનેક સ્થાનિક બોલીઓ પણ ભળેલી છે, એટલું જ નહિ પણ નદીની એક પાર વપરાતા પણ બીજી પાર વપરાતા ન હોય તેવા પ્રયોગો પણ પાણિનિએ નોંધ્યા છે. આ ભાષાનું માળખું મહદંશે ઉત્તરની ભાષા છે, કારણ કે વાયવ્ય ભારતમાં જન્મ અને શિક્ષણ પામેલ પાણિનિને તે વધારે જાણીતી હતી. યાસ્કના નિરુક્તની ભાષા પણ પાણિનિએ ઉપયોગમાં લીધેલી ભાષાની અત્યંત નજીક છે. પાણિનિની ભાષા વિશાળ જનસમુદાયમાં બોલાતી હતી. જેને આપણે પ્રાકૃતો તરીકે સમજીએ છીએ તેવી ભાષાઓ સમાજના કેટલાક વર્ગોમાં બોલાતી હતી ખરી. ગોશાલ મંખલિપુત્ર જેવા મગધના સંપ્રદાય-પ્રચારકો કુંભકાર અને બીજી બ્રાહ્મણક્ષત્રિયેતર જાતિઓના વિશેષ સંપર્કમાં હતા. પોતાના વ્યક્તિગત ચારિત્રપ્રભાવથી બુદ્ધ અને મહાવીરે ઉચ્ચ વર્ગની વ્યક્તિઓને આકર્ષી હતી, તેમ છતાં બુદ્ધનો શિષ્યોને ' સ્વકીયયા નિરુક્ત્યા ' (પોતાની ભાષામાં) ઉપદેશ કરવાનો આગ્રહ પ્રાકૃતોના અસ્તિત્વને પુરવાર કરે છે. પાણિનિની સંસ્કૃત ભાષાના પ્રવાહની સાથે સાથે જ કશી તકરાર કર્યા વિના પ્રાકૃતોનો ઉદય થતો રહ્યો. બુદ્ધ અને મહાવીર જેવા મહાજ્ઞાનીઓનો તેમને ટેકો મળવાથી તે શિષ્ટ સમાજમાં પ્રસરવા લાગ્યાં અને તેમાં સાહિત્યરચના થવા લાગી. તેટલે અંશે સંસ્કૃતમાં સામાન્ય જનસમાજનો રસ ઓછો થયો. આવી સ્થિતિ સ્વાભાવિક અને કુદરતી હતી. ઈસુની પહેલી સદી સુધીમાં સંસ્કૃત ભાષા બહુજનસમાજની ભાષા તરીકે ક્ષીણ બની ગઈ. તેમ છતાં અત્યારે અંગ્રેજીના મહત્ત્વની જેમ શિષ્ટ, સંસ્કારી અને ભણેલા વર્ગમાં તેનું મહત્ત્વ ઘણું હતું.

પતંજલિના સમયમાં પણ સંસ્કૃત ભાષા બહુજનસમાજની અને સમાજના નીચલા વર્ગોની ભાષા રહી ન હતી. પતંજલિએ આપેલાં ઉદાહરણોમાંથી બે ઉદાહરણો આપણે લઈશું. એક ઉદાહરણમાં વિદ્યાર્થીએ ગુરુજીની કરેલી ગમ્મત છે. બીજા ઉદાહરણમાં રથ હાંકનાર શિષ્ટ અને વ્યાકરણશુદ્ધ સંસ્કૃત ભાષા બોલે છે અને વૈયાકરણ વિદ્વાનની પણ ભૂલો કાઢે છે. આ બે ઉદાહરણો ઉપરથી એમ જરૂર કહી શકાય કે સંસ્કૃત મોટા સમુદાયમાં પ્રિય હતું પરંતુ તે બહુસમાજની ભાષા હતી તેમ આવાં ઉદાહરણોથી સિદ્ધ થશે નહિ.

(૧) " રથ હાંકનારને કોઈ એક વૈયાકરણે પૂછ્યું, ' અરે, આ રથને ચલાવનારો (પ્રાવેતા) કોણ છે ? ' સૂતે જવાબ આપ્યો, ' આયુષ્મન્ હું આ રથને હાંકનારો (પ્રાજિતા) છું. ' વૈયાકરણે કહ્યું, ' પ્રાજિતા શબ્દ અશુદ્ધ (અપશબ્દ) છે. ' સૂતે જવાબ આપ્યો, ' આપ મહાવિદ્વાન્ વ્યાકરણનિયમોથી સિદ્ધ બનતા ઉદાહરણને જ જાણનારા (પ્રાપ્તિજ્ઞ) છો; પરંતુ વાસ્તવમાં કયું રૂપ ઈષ્ટ છે તેની તમને ખબર નથી. વાસ્તવમાં " પ્રાજિતા " શબ્દ ઈષ્ટ છે. ' અરે ડોબા, તારા આ ખોટા શબ્દથી (દુરુતેન) અમે પીડા અનુભવીએ છીએ, કારણ કે તું છે, ' સુન્દર યોજનારો ' (સુ + ઉત) અર્થાત્ સુન્દર ચલાવનારો, પણ તારા શબ્દો પીડાકારક વચનો (દુર્ + ઉત) છે. ' સૂને જવાબ આપ્યો, ' વેઞ્ ધાતુ ઉપરથી ઉત અને સુ મળીને સૂત સમજવાનું નથી; પરંતુ સુ એટલે પ્રેરવું એવા અર્થના ધાતુ પરથી સૂત બનેલ છે, તેમ સમજવાનું છે; અને તેથી આપે

'દુરુતેન'માં બીજી ભૂલ કરી. દુરુતેન એમ ન બોલતાં દુઃસૂતેન એમ આપે બોલવું જોઈતું હતું."[૧૨]

(૨) સામાજિક વિવેક અને પ્રચલિત શિષ્ટ સંબોધનોની પાછળ કેવી વ્યાકરણગત વિશિષ્ટતાઓ રહેલી છે તેનો એક નમૂનો પતંજલિમાંથી લઈશું. "(કોણ ?)" 'એ તો હું' 'સ્થાલી' ગુરુજી, શિષ્યે કહ્યું. 'આયુષ્માન્ સ્થાલી૩ આવ, આવ', 'અરે ગુરુજી, સ્થાલી કાંઈ મારું નામ નથી. હાથમાં લાકડી હોય અને તેને જેમ, 'એય લાકડી', કહી કોઇ બોલાવે તેમ મને સ્થાલી કહે છે.' 'વારુ, તો હવે પ્લુત કર્યા વિના જ તને બોલાવીશ, આયુષ્માન્ સ્થાલી અહીં આવ.' ગુરુજીની મશ્કરી કરતાં શિષ્ય બોલ્યો, 'અરે મારા ભોળા ગુરુજી, મારું હમેશનું નામ સ્થાલી છે.' ગુરુજીએ કહ્યું, અરે અક્કલના ઓથમીર, તું પ્રત્યભિવાદનને યોગ્ય નથી, જા ભાગ હરામી."[૧૩] અહીં અસૂયકત્વનો ખ્યાલ આવતાં પ્લુત કરવાની જરૂર રહેતી નથી.

---

૧૨ एवं हि कश्चिद् वैयाकरण आह। कोस्य रथस्य प्रवेतेति। सूत आह। आयुष्मन्नहं प्राजितेति। वैयाकरण आह। अपशब्द इति। सूत आह। प्राप्तिज्ञो देवानां प्रियो न त्विष्टिज्ञ इष्यत एतद्रूपमिति। वैयाकरण आह। अहो खल्वनेन दुरुतेन बाध्यामह इति। सूत आह। न खलु वेञः सूतः सुवतेरेव सुतो यदि सुवतेः कुत्सा प्रयोक्तव्या दुःसूतेनेति वक्तव्यम्।

મહાભાષ્ય, પા. સૂ. ૨-૪-૫૬

૧૩ स्थाल्यहं भोः। आयुष्मनेधि स्थाली३न्। नैषा मम संज्ञा स्थालीति। किं तर्हि। दण्डिन्यायो मम विवक्षितः। स वक्तव्यः। स्थाल्यहं भोः आयुष्मनेधि स्थालिन्। न मम दण्डिन्यायो विवक्षितः। किं तर्हि। संज्ञा ममैषा। असूय कस्त्वमसि जाल्म न त्वं प्रत्यभिवादनमर्हसि। भियस्व वृषल स्थालिन्।

મહાભાષ્ય, પા. સૂ. ૮-૨-૮૩; કીલહૉર્ન વૉ. ૩, પૃ. ૪૧૬

હરિવંશ અને વિષ્ણુપુરાણ

કેશવરામ કા. શાસ્ત્રી

૧૮૦૦૦ શ્લોકો અને ૩૧૮ અધ્યાયોના 'હરિવંશ'નું નવેસરથી સંપાદન કરીને પૂનાના ભાંડારકર ઓરિયેન્ટલ રિસર્ચ ઇન્સ્ટિટયૂટ તરફથી, એમાંના પ્રક્ષેપોને અલગ તારવી લઈ, ઈ.સ.નાં ૩૦૦ વર્ષ આસપાસની વાચના હોય તેવી સમીક્ષિત (critical) કિંવા અધિકૃત વાચના પ્રસિદ્ધ થઈ ચૂકી છે, જેમાં હવે માત્ર ૬૦૭૩ શ્લોક અને ૧૧૮ અધ્યાય તરી આવ્યા છે. એના જ્ઞાનવૃદ્ધ તેવા જ વયોવૃદ્ધ વિદ્વાન ડૉ. પરશુરામ લક્ષ્મણ વૈદ્ય એમના બહોળા સંપાદકીય અનુભવના બળ ઉપર જણાવે છે કે 'હરિવંશ'નું સ્વરૂપ જોતાં (અને એમાં 'હરિવંશ'—શ્રીકૃષ્ણે જેમાં જન્મ લીધો તે વૃષ્ણિવંશ-યાદવવંશનો અને શ્રીકૃષ્ણના બાલચરિત તેમજ વૈવાહિક જીવનનો પરિચય જ આપવાનો અભીષ્ટ હોઈ પંચલક્ષણી પુરાણ બનાવવાને) ૧ થી ૧૯ અને ૯૯ થી ૧૧૮ના અધ્યાય પાછળથી ઉમેરાયલા લાગે છે.

सर्गश्च प्रतिसर्गश्च वंशो मन्वन्तराणि च ।
वंशानुचरितं चैव पुराणं पञ्चलक्षणम् ॥

આ રીતે એની થયેલી ગોઠવણી આવી છે:

૧ સર્ગ: અધ્યાય ૧ — ૨ પ્રતિસર્ગ: અધ્યાય ૨ થી ૬

૩ મન્વંતર: અધ્યાય ૭ — ૪ વંશ: અધ્યાય ૯ થી ૧૯

આમાં એ પછી:

(અ) યદુવંશ: અધ્યાય ૨૦ થી ૨૯

(આ) વિષ્ણુનો પ્રાદુર્ભાવ: અધ્યાય ૩૦, ૩૧

(ઇ) દેવ-દાનવવિગ્રહ: અધ્યાય ૩૧ થી ૪૫

(ઈ) કૃષ્ણચરિત: અધ્યાય ૪૬ થી ૯૮

૫ વંશાનુચરિત: અધ્યાય ૯૯ થી ૧૧૩

(આમાં પ્રદ્યુમ્નકથા: અધ્યાય ૯૯)

કૃષ્ણપરાક્રમ: અધ્યાય ૧૦૦ થી ૧૦૨

બાણવિગ્રહ: અધ્યાય ૧૦૩ થી ૧૧૩

(ઉષા-અનિરુદ્ધ વિવાહવિષયક)

પુરાણ તરીકેના આ પાંચ ખંડ આપ્યા પછી 'ભવિષ્યકથા' તરીકે અધ્યાય ૧૧૪ થી ૧૧૮, જેમાં છેલ્લે 'હરિવંશ'ની ફલશ્રુતિ. એક નાની ફલશ્રુતિ ૧૧૩મા અધ્યાયના છેલ્લા બે શ્લોક પહેલાં પણ અપાઈ છે. જેની પહેલાં કથાનક જાણે કે કાંઇક અપૂર્ણ રહેતું લાગે છે.

'હરિવંશ'ના આ ૧૧૮ અધ્યાય અને ૬૦૭૩ શ્લોકવાળી વાચના સિદ્ધ થયા પછી, પોતામાં કૃષ્ણચરિતને સમાવનારું પુરાણ ક્રમમાં, વિકાસદષ્ટિએ પહેલું હોય તેવું તો, 'વિષ્ણુપુરાણ' મળે છે. ઋષિ પરાશર અને એમના શિષ્ય મૈત્રેયના સંવાદમાં ૭ ખંડમાં—ક્રમે ૨૨, ૧૬, ૧૮, ૨૪, ૩૮ અને ૮ના મળી ૧૧૬ અધ્યાયોમાં—અનુક્રમે ૧૪૧૧, ૭૮૭, ૮૩૭, ૧૩૫૩, ૧૫૧૭ અને ૪૯૮ના મળી ૬૪૦૩ શ્લોકોમાં વિષ્ણુપુરાણની કથા બાંધવામાં આવી છે. શ્લોકોની દૃષ્ટિએ ૩૩૦ શ્લોક વધુ લાગે છે. પણ ચોથાખંડમાં ગદ્ય હોઈ કેટલેક સ્થળે નાના એકવાક્યને પણ શ્લોક ગણવામાં આવેલ છે, એ રીતે કદના વિષયમાં ખાસ તફાવત ન ગણાય. વળી સંખ્યાની દષ્ટિએ વિષ્ણુપુરાણમાં ૨ અધ્યાય ઓછા છે. પણ એ મહત્ત્વની વસ્તુ નથી. 'વિષ્ણુપુરાણ'ના અંતમાં જણાવ્યા પ્રમાણે—

एतत्ते यन्मयाख्यातं पुराणं वेदसंमितम् ।
श्रुतेऽस्मिन् सर्वदोषोत्थः पापराशिः प्रणश्यति ॥ १२ ॥
सर्गश्च प्रतिसर्गश्च वंश-मन्वन्तराणि च ।
वंशानुचरितं कृत्स्नं मयात्र तव कीर्तितम् ॥ १३ ॥

એમ આ 'પુરાણ' છે અને એમાં સર્ગ, પ્રતિસર્ગ, વંશ, મન્વન્તરો અને વંશાનુચરિત એ પાંચે વર્ણિત કરવામાં આવ્યા છે.

મૂળમાં 'હરિવંશ' માત્ર ખિલ પર્વ જ હતું એટલે એમાં થયેલા પહેલા ઉમેરામાં સર્ગ, પ્રતિસર્ગ અને મન્વંતર ખૂબ સંક્ષેપથી કહેવાયેલ છે, વંશ થોડો વિસ્તર્યો છે, જ્યારે વંશના ઉત્તરભાગમાં 'કૃષ્ણચરિત' સુધીમાં સારો વિસ્તાર છે, 'વિષ્ણુપુરાણે' આમાં 'કૃષ્ણચરિત'નો વિસ્તાર થોડો વધુ કર્યો છે, ત્યારે વંશના ઉત્તરભાગમાં પ્રમાણમાં સંકોચ છતાં કલિયુગના રાજાઓનો ખ્યાલ આવતાં છેલ્લા કેટલાંકની માત્ર સંખ્યા, તો કેટલાક વંશ જ માત્ર ઉલ્લિખિત કર્યા છે.

બંને પુરાણો વચ્ચે સામ્ય-વૈષમ્યનો પરિચય અહીં સંક્ષેપમાં કરિયે, એનાથી 'વિષ્ણુપુરાણ'નું ક્યાં સ્વાતંત્ર્ય છે તેમ ક્યાં ઉપજીવ્યતા છે એ સમઝવાની સુવિધા થશે.

૧ સર્ગ :

હરિવંશમાં અ. ૧ના ૨૩થી છેલ્લા ૪૦મા શ્લોક સુધીમાં 'ભૂતસર્ગ' કિંવા 'આદિસર્ગ' કહેવામાં આવેલ છે. જેમાં વિવિધ પ્રજાની સૃષ્ટિ ઉત્પન્ન કરવાની ઇચ્છાએ ભગવાન સ્વયંભૂ વિષ્ણુએ પ્રથમ પાણી (अपः) સરજી એમાં વીર્યનું સર્જન કર્યું. અહીં 'નારાયણ' નામનું નિરૂક્ત આપ્યું છે.

आपो नारा इति प्रोक्ता नाम्ना पूर्वमिति श्रुतिः ।
अयनं तस्य ताः पूर्वं तेन नारायणः स्मृतः ॥ २४ ॥

પાણીમાંનું એ અંડ હિરણ્યવર્ણનું થયું તેમાં સ્વયંભૂ બ્રહ્માનો જન્મ થયો. એ હિરણ્ય-ગર્ભ ભગવાને એક પરિવત્સર રહીને એ અંડના બે ભાગ કર્યા: એક 'દ્યૌ' અને બીજી 'ભૂ'. એ બે ટૂકડાની મધ્યમાં 'આકાશ' કર્યું. પાણીમાં તરતી પૃથ્વી અને દસ પ્રકારની દિશા અને ત્યાં કાલ, મન, વાણી, કામ, ક્રોધ, રતિ એ પ્રકારની પ્રજાપતિને સરજવાની ઇચ્છાએ સૃષ્ટિ કરી. એ પછી મરીચિ, અત્રિ, અંગિરા, પુલસ્ત્ય પુલહ, ક્રતુ અને વસિષ્ઠ એવા સાત માનસપુત્રોનું સર્જન કર્યું. એ પછી બ્રહ્માએ રોષાત્મક રુદ્ર અને પૂર્વજોના પણ પૂર્વજ સનત્કુમાર ઋષિને ઉત્પન્ન કર્યા. પેલા સાત ઋષિઓ પ્રજાના રૂપમાં ઉત્પન્ન થતા જાય છે. રુદ્ર, સ્કંદ અને સનત્કુમાર તેજનો સંક્ષેપ કરીને રહે. પેલા સાત ઋષિઓના દેવગણ સહિતના સાત મહાવંશ થયા. વીજળી, વજ્ર, વાદળાં, રાતા રંગના ઈન્દ્રધનુષ, જલચર પ્રાણીઓ અને વરસાદની શરૂઆતમાં સર્જના કરી. યજ્ઞની સિદ્ધિ માટે ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદનું સર્જન કર્યું; એનાથી સાધ્ય દેવોને માટે યજ્ઞ કર્યા. પ્રજાસર્ગને સર્જતા 'આપવ' પ્રજાપતિના પોતાના ગાત્રમાંથી ઉચ્ચ અને ઊતરતી કક્ષાનાં પ્રાણીઓ (ભૂત) ઉત્પન્ન થયાં. પોતાના દેહનાં બે અર્ધ કરાતાં અર્ધથી પુરુષ અને અર્ધથી નારી ઉત્પન્ન કરી એમાં વિવિધ પ્રજાની ઉત્પત્તિ કરી. એ 'દ્યૌ' અને 'પૃથ્વી'ને પોતાના મહિમાથી વ્યાપક થઈને રહે છે. વિષ્ણુએ 'વિરાટ'ની ઉત્પત્તિ કરી, એ વિરાટે 'પુરુષ'ને સર્જ્યો. જે પુરુષ થયો તે 'મનુ'. 'આપવ' એ મનુનું આ બીજું મન્વંતર કહેવાય છે. વિરાટમાંથી થયેલા એ પુરુષે પ્રજાસર્ગ કર્યો. આ જ 'નારાયણ-વિસર્ગ'. આ બધી પ્રજા અયોનિજ(મૈથુનધર્મથી ન ઉત્પન્ન થયેલી) હતી.

'હરિવંશ'ના આરંભમાં વૈશંપાયને 'સદસદાત્મક નિત્ય અવ્યક્ત પ્રધાન, 'પુરુષ'-રૂપ તત્ત્વ હતું તેમાંથી ઈશ્વરે વિશ્વની ઉત્પત્તિ' કહી 'એ જ અતિ તેજસ્વી, સર્વભૂતોના સ્રષ્ટા, નારાયણ-પરાયણ બ્રહ્મા' હોવાનું કહ્યું. એ 'મહત્' તત્ત્વ અને એમાંથી 'અહંકાર' અને 'અહંકાર'માંથી ભૂત-પ્રાણીઓની સૃષ્ટિ થઈ. ભૂતોમાંથી ભૂતોના અનેક ભેદ—આ સનાતન સર્ગ, એવો પ્રાથમિક સૃષ્ટિનો ક્રમ કહ્યો. 'વિષ્ણુપુરાણ' સુધી આવતાં એમાં સેશ્વર 'સાંખ્ય-દર્શન'નો ખ્યાલ આવી રહે છે.

'વિષ્ણુપુરાણ'માં આ ઉપક્રમનો વિસ્તાર કરતાં પ્રથમ તો ઈશ્વર એ 'વાસુદેવ' છે એમ કહેવામાં આવ્યું છે (૧-૨-૧૨). એ પરમ નિત્ય, અજ, અક્ષય, અવ્યય, એકસ્વરૂપ, નિર્મલ બ્રહ્મ, એ જ વ્યક્ત અને અવ્યક્ત સ્વરૂપાત્મક, એ પુરુષ-રૂપે અને કાલ-રૂપે રહેલું, પરબ્રહ્મનું પહેલું રૂપ તે પુરુષ. એનાં વ્યક્ત અને અવ્યક્ત એવાં બે રૂપ, કાલ એ બીજું રૂપ. પ્રધાન પુરુષ વ્યકત અને કાલનું જે પરમ રૂપ તે વિષ્ણુનું પરમ પદ. વ્યકત એ વિષ્ણુ અને અવ્યકત એ પુરુષ અને કાલ. અહીં 'સદસદાત્મક નિત્ય અવ્યકત કારણને સૂક્ષ્મ પ્રકૃતિ' કહી છે. 'હરિવંશ'માં એ પ્રધાન-પુરુષ છે. એ ત્રિગુણાત્મક પ્રકૃતિને વિ.પુ.માં જગતની યોનિ કહી છે. આ રીતે ચોવીસ તત્ત્વોનો વિચાર અને જગતની ઉત્પત્તિનો ક્રમ આપવામાં આવ્યો છે. સાથે 'હરિવંશ'વાળી 'અંડ' વિષયક સૃષ્ટિ પણ આપવામાં આવી છે. વિ.પુ.ના ૩જા અધ્યાયમાં બ્રહ્માદિનું આયુ અને કાલનું સ્વરૂપ અપાયેલ છે; ૪થામાં બ્રહ્માજીની ઉત્પત્તિ અને વરાહ ભગવાન દ્વારા પૃથ્વીનો ઉદ્ધાર તેમજ બ્રહ્મા દ્વારા સૃષ્ટિની રચના નિરૂપાયેલ છે. અહીં નારાયણની નિરુક્તિના વિષયમાં 'હરિવંશ'વાળો જ આપો નારાઃ એ શ્લોક જ જોવા મળે છે;

૫મામાં અવિદ્યા વગેરે વિવિધ સર્ગ નિરૂપાયેલ છે; ૬ઠ્ઠામાં ચાતુર્વર્ણ્ય-વ્યવસ્થા, પૃથ્વીના વિભાગ અને અન્નાદિની ઉત્પત્તિ; ૭મામાં મરીચિ વગેરે પ્રજાગણ, તામસિક સર્ગ અને સ્વાયંભુવ મનુની ઉત્પત્તિ કહી છે. આ અંગે બીજી પૌરાણિક વાતો પણ કહેવામાં આવી છે, ૧૦મા અધ્યાય સુધીમાં–આટલો સર્ગ.

૨ પ્રતિસર્ગ :

'હરિવંશ'માં અ. ૨ જાથી ૬ઠ્ઠા સુધીમાં 'પ્રતિસર્ગ' વર્ણિત થયેલ છે. આમાં સ્વયંભુવ મનુને ધર્મથી ઉત્પન્ન થયેલી 'શતરૂપા' પત્ની તરીકે મળ્યાથી શરૂઆત કરવામાં આવી છે. એ વૈરાજપુરુષમાંથી જન્મી હતી. શતરૂપામાંથી વીર અને વીરને કામ્યામાં પ્રિયવ્રત ઉત્તાનપાદ, કુક્ષિ અને વિરાટ જન્મ્યા. ત્યાંથી આગળ ઉત્તાનપાદ, એનો ધ્રુવ, ધ્રુવનું તપ, ધ્રુવનો વંશવિસ્તાર, આગળ જતાં વેન રાજાની ઉત્પત્તિ અને એના દેહમાંથી 'પૃથુ'ને વલોવીને કાઢવાનું, એ પહેલો 'રાજા', આગળ જતાં પ્રાચીનબર્હિ પ્રાચેતસો, દક્ષની ઉત્પત્તિ અને દક્ષની દેવો, ખગો, ગાયો, નાગો, દૈત્યો, દાનવો, ગંધર્વો, અપ્સરાઓ અને બીજી જાતિઓની ઉત્પત્તિ—ત્યારથી મૈથુન સંભવ શરૂ થાય છે. ૩જા અધ્યાયમાં વિવિધ પ્રકારના મરુત્ વગેરે દેવો, દાનવો ગંધર્વો અને રાક્ષસોની ઉત્પત્તિ બતાવવામાં આવી છે. ૪થામાં વેનના શરીરમાંથી પૃથુ રાજાની ઉત્પત્તિ અને એનું આખ્યાન ૫મા—૬ઠ્ઠામાં અપાયું છે.

'વિષ્ણુપુરાણ'માં પૌરાણિક આખ્યાન જેવી વિગતો આપ્યા પછી ૧૧મા અધ્યાયથી સ્વાયંભુવ મનુને પ્રિયવ્રત અને ઉત્તાનપાદ બે જ પુત્ર કહ્યા છે, ચાર નહિ. વળી ઉત્તાનપાદની બે પત્ની, તેમાં સુરુચિમાં 'ઉત્તમ'કુમાર અને અણગમતી સુનીતિમાં ધ્રુવ ઉત્પન્ન થયાનું કહ્યું છે, 'હરિવંશ'માં સૂનૃતામાં જ ચાર પુત્ર થયાનું કહ્યું છે એમ નહિ. અહીં ધ્રુવની કથા પ્રથમવાર વિસ્તારથી અપાઈ છે. ૧૨મામાં પણ એ જ ચાલુ. ૧૩મામાં રાજા વેન અને પૃથુનાં ચરિત મળે છે. ૧૪મામાં પ્રાચીનબર્હિનો જન્મ અને પ્રચેતાઓનું ભગવદારાધન; ૧૫મામાં પ્રચેતાઓનાં મારિષ નામની કન્યા સાથે લગ્ન, દક્ષપ્રજાપતિની ઉત્પત્તિ અને દક્ષની ૮ કન્યાઓના વંશનું વર્ણન; અહીં વચ્ચે ૧૬મામાં નૃસિંહાવતારની કથા આવી જાય છે ને 'હરિવંશ'માં તો વિષ્ણુના અવતારો વિશે કહેતાં આવશે (૩૦મા અધ્યાયમાં). વિ.પુ.માં વિસ્તારથી ૨૦માં અધ્યાય સુધીમાં પ્રથમવાર જ આ કથા નિરૂપાઈ છે. ૨૧મામાં કશ્યપની અન્ય પત્નીઓનો વંશ અને મરુદ્‌ગણના જન્મની કથા જોવા મળે છે. ૨૨મામાં ભગવાન વિષ્ણુની વિભૂતિ અને જગતની વ્યવસ્થા વિશે, જ્યાં બ્રહ્મસ્વરૂપનો તત્ત્વજ્ઞાનાત્મક વિચાર પણ આપવામાં આવ્યો છે; 'અક્ષર' તે પર બ્રહ્મ અને 'ક્ષર' તે સર્વ જગત્, પરંતુ આત્યંતિક રીતે અદ્વૈત અને અહીં સૃષ્ટિનો વિકાસ.

'વિષ્ણુપુરાણ'નો બીજો અંશ એક રીતે 'હરિવંશ'થી સ્વતંત્ર કોટિનો છે. ૧૬ અધ્યાયોમાં વર્ણિત આ અંશ પ્રિયવ્રતનો વંશ એટલું જ સમાનતત્ત્વ, બાકી ભૂગોલનું વર્ણન, ભારતવર્ષ વગેરે નવ ખંડોનો વિભાગ, પ્લક્ષ તથા શાલ્મલ વગેરે દ્વીપોનું વિશેષ

વર્ણન, સાત પાતાલલોકોનું વર્ણન, ભિન્ન ભિન્ન નરકોનું વર્ણન અને ભગવન્નામ-માહાત્મ્ય, **ભૂઃ ભુવઃ સ્વઃ** વગેરે સાત ઊર્ધ્વલોકોનો વૃત્તાંત, સૂર્ય નક્ષત્રો અને રાશિઓની વ્યવસ્થા તેમ કાલચક્ર લોકપાલ અને ગંગાના આવિર્ભાવનું વર્ણન, જ્યોતિશ્ચક્ર અને શિશુમાર ચક્ર, બાર સૂર્યોના નામ અને અધિકારીઓનું વર્ણન, નવગ્રહોનું વર્ણન અને લોકાંતર સંબંધે વ્યાખ્યાન, ૧૩મામાંથી લઈ રાજા ભરતનું ચરિત અને ૧૪મામાં જડભરત અને સૌવીરનરેશનો સંવાદ, છેલ્લા બેમાં ઋભુ અને નિદાઘનો પ્રસંગ. આ રીતે 'વિષ્ણુપુરાણ' સ્પષ્ટ રીતે 'પુરાણ' બની રહે છે. આ 'પ્રતિસર્ગ'માં જ સમાવિષ્ટ થાય છે.

૩ મન્વંતરો :

પંચલક્ષણાત્મક પુરાણ-વ્યાખ્યામાં ત્રીજો 'વંશ' છે, પણ 'હરિવંશ'માં એને પુરાણસ્વરૂપ આપતાં ૪થું સ્થાન આપ્યું છે અને 'મન્વંતર'ને ૩જું સ્થાન આપ્યું છે તે જ રીતે વિ.પુ.માં પણ બન્યું છે. 'હરિવંશ'માં એને માટે ૭મો એક જ અધ્યાય છે, જેમાં ૭ થયેલા મન્વંતરો વિશે સૂચન કરી, ૭મા વૈવસ્વત વિશે કહી બાકીના ૭નો ઉલ્લેખ જ માત્ર કરવામાં આવ્યો છે પહેલા સાતના મનુ, ઈન્દ્ર, દેવો, સપ્તર્ષિઓ અને મનુપુત્રોનો નિર્દેશ થયો છે, પછીનાનો નહિ.

'વિષ્ણુપુરાણ'માં મન્વંતરોની વાત તો માત્ર ૩જા અંશના ૧લા-૨જા અધ્યાયોમાં જ આવી જાય છે, જ્યાં ચૌદે મનુઓના મનુ, ઈન્દ્ર, દેવો, સપ્તર્ષિઓ આદિનું વર્ણન જોવા મળે છે. ૩જા અધ્યાયથી છેલ્લા ૧૮મા અધ્યાય સુધીમાં સ્વતંત્ર રીતે ચાર યુગો પ્રમાણે ભિન્ન ભિન્ન વ્યાસોનાં નામ અને બ્રહ્મજ્ઞાનનું માહાત્મ્ય, ઋગ્વેદની શાખાઓનો વિસ્તાર, શુક્લ યજુર્વેદ અને તૈત્તિરીય સંહિતાનો ખ્યાલ, સામવેદની શાખાઓ—અથર્વવેદ-અઢાર પુરાણો—ચૌદ વિદ્યાઓનો વિભાગ (અહીં નોંધવા જેવું છે કે વ્યાસે એક પુરાણસંહિતા રોમહર્ષણ સૂતને આપી; એ સૂતના સુમતિ, અગ્નિવર્ચા, મિત્રાયુ, શાંસપાયન, અકૃતવ્રણ, અને સાવર્ણિ છ શિષ્ય હતા; આમાં કાશ્યપગોત્રીય અકૃતવ્રણ, સાવર્ણિ અને શાંસપાયન એ ત્રણને સંહિતાકર્તા કહ્યા છે; એ ત્રણે સંહિતાઓનો આધાર રોમહર્ષણની પેલી વ્યાસજી પાસેથી મળેલી મૂલ સંહિતા છે. બધાં પુરાણોમાં મૂળ પુરાણ 'બ્રાહ્મ'ને કહ્યું છે, પછી પદ્મ, વિષ્ણુ, શિવ, ભાગવત, નારદ, માર્કંડેય, અગ્નિ, ભવિષ્ય, બ્રહ્મવૈવર્ત, લિંગ, વરાહ, સ્કંદ, વામન, કૂર્મ, મત્સ્ય, ગરુડ અને બ્રહ્માંડ આમ ૧૮ મહાપુરાણ છે; એ પ્રમાણે ઉપપુરાણો પણ. આ પુરાણોમાં સર્ગ, પ્રતિસર્ગ, વંશ, મન્વંતરો અને વંશાનુચરિત કહેવાય છે. આ કૌંસવાળો ભાગ કદાચ મોડાનો પ્રક્ષેપ જ હશે. આ પછી વિષ્ણુની આરાધના અને ચાતુર્વર્ણ્યનું વર્ણન, બ્રહ્મચર્યઆદિ આશ્રમોનું વર્ણન, જાતકર્મ-નામકરણ-વિવાહસંસ્કાર, ગૃહસ્થસંબંધી સદાચાર (૧૨-૧૩ બે અધ્યાયોમાં), આભ્યુદયિક શ્રાદ્ધ-પ્રેમકર્મ શ્રાદ્ધાદિનો વિચાર, શ્રાદ્ધ પ્રશંસા—શ્રાદ્ધ માટે યોગ્ય કાલ, શ્રાદ્ધવિધિ, નગ્નવિષયક પ્રશ્ન—દેવતાઓનો પરાજય—એમનું ભગવાનને શરણે જવું અને ભગવાનનું માયામોહને પ્રગટ કરવાનું, માયામોહ તથા અસુરોનો સંવાદ અને રાજા શતધનુની કથા, આટલી કથા વર્ણિત થઈ છે.

૪ વંશ :

'હરિવંશ'માં ૯મા અધ્યાયથી ૧૯મા સુધીમાં વંશોનું વર્ણન છે. ૮મો અધ્યાય વૈવસ્વત મનુની ઉત્પત્તિનો હોઈ 'મન્વંતર'માં મૂકી શકાય. ૧૦મા અધ્યાયથી ઇક્ષ્વાકુના વંશનું—અર્થાત્ સૂર્યવંશનું વર્ણન આવે છે. જેમાં પ્રસંગવશાત્ ૧૦મામાં ત્રિશંકુનું ચરિત-સગરચરિત વર્ણિત છે. ૧૧ થી ૧૯માં પિતૃકલ્પ છે; આ પાછળથી ઉમેરાયેલ હોવા વિશે શંકા નથી. યદુવંશ અ. ૨૦થી ૨૯માં, વિષ્ણુના અવતારો ૩૦ અને ૩૧માં અને દેવો-દૈત્યોનો વિગ્રહ ૩૨ થી ૪૫ સુધીમાં, એ પછી ૪૬ થી ૯૮માં 'કૃષ્ણચરિત'.

'વિષ્ણુપુરાણ'ના ચોથા-પાંચમા અંશમાં ઉપરની 'હરિવંશ'ની વિગતો સમાવી લેવામાં આવી છે. આમાં ૨ થી ૫ સુધીમાં ઇક્ષ્વાકુ વંશનું વર્ણન છે. ચોથા અંશનો મોટો ભાગ ગદ્યમાં છે. (અહીં એ ધ્યાનમાં રાખવા જેવું છે કે વિ.પુ.નો ત્રીજો અંશ પદ્યમાં છે, ત્યારે ભાગવતનો એ જ કથા આપતો પાંચમો સ્કંધ ગદ્યમાં છે; ભાગવતમાં ૯મા સ્કંધની ઇશાનુકથા તેમ જ બારમા સ્કંધના આરંભમાં ભાવી રાજાઓનો ખ્યાલ આપતા બે અધ્યાય પદ્યમાં છે, ત્યારે અહીં એ વિગતો આપતો ભાગ ગદ્યમાં છે) 'ચંદ્રવંશ'નું વર્ણન ૬ઠ્ઠા અધ્યાયથી લઈ ૨૦મા અધ્યાય સુધીમાં આવે છે. ૨૧મા અધ્યાયથી ભવિષ્યમાં થનારા રાજાઓનો ૨૩મા અધ્યાય સુધી ખ્યાલ આપી છેલ્લા ૨૪મા અધ્યાયમાં કલિયુગના રાજાઓ અને કલિયુગના ધર્મોનું વર્ણન અને રાજવંશોનો ઉપસંહાર છે. ('હરિવંશ'માં ભવિષ્યના રાજાઓ વિશે કશું નથી. આ 'વંશાનુચરિત'નો ભાગ હોઈ નીચે યથાસ્થાન આવશે.)

'હરિવંશ'માં 'વૃષ્ણિવંશ' વિશે કહેતાં શાખાઓના બયાનને અંતે અ. ૨૮-૨૯માં સત્યભામાના વિવાહ સાથે સંબંધ ધરાવતું સ્યમંતકમણિનું ઉપાખ્યાન કહ્યું છે. 'વિષ્ણુપુરાણ'માં આવું કોઈ આખ્યાન નથી અપાયું.

'હરિવંશે' ૩૦-૩૧મા અધ્યાયમાં વિષ્ણુના અવતારો વિશે કહેતાં ૧ પૌષ્કરક, ૨ વરાહ, ૩ નારસિંહ, ૪ વામન, ૫ દત્તાત્રેય, ૬ જામદગ્ન્ય, ૭ રામ (દાશરથિ), ૮ કૃષ્ણ અને ૯ કલ્કી વિશે ખ્યાલ આપ્યો છે, જેમાં વચ્ચે ટૂંકમાં પ્રહ્લાદ-ચરિત આપી દીધું છે. આમાંની નરસિંહ–અવતાર વિશેની પ્રહ્લાદ-વિષયક કથા 'સર્ગ'ની વાત કરતાં 'વિષ્ણુપુરાણ'ના પહેલા અંશના અ. ૧૬થી ૨૦માં વિસ્તારથી અપાઈ છે. કૃષ્ણ સિવાયના બીજા અવતારો વિશે મૌન છે. 'હરિવંશ'ના ૩૩મા અધ્યાયથી શરૂ થતી, દૈત્ય-દેવ-વિગ્રહ, ઔર્વ અગ્નિનો સંભવ, દાનવ-પરાજય, કાલનેમિનો વિસ્તારથી પરિચય અને એનો વધ, બ્રહ્મલોકવર્ણન, નારાયણાશ્રમવર્ણન, આ કથાઓ 'વિષ્ણુપુરાણ'માં નથી. 'હરિવંશ'ના ૪૧મા અધ્યાયથી ભૂમિભારને ઉતારવા માટે બ્રહ્માજી સાથે ભૂમિનું વિષ્ણુની પાસે જવું અને વિષ્ણુનું પોતાનો અવતાર લેવાનું વચન અને બધા દેવોને પણ પૃથ્વી ઉપર અવતાર લેવાની આજ્ઞા વિસ્તારથી ૪૫મા અધ્યાય સુધી મળે છે તે 'વિષ્ણુપુરાણ'ના પાંચમા અંશના ૧લા એક જ અધ્યાયમાં સમાઈ જાય છે, સાથે એ પ્રસંગની પૂર્વે વસુદેવનાં દેવકી સાથે લગ્ન થયાં અને કંસ એમનો રથ હાંકી જતો હતો ત્યાં આકાશવાણીએ 'દેવકીનો આઠમો ગર્ભ તારી હત્યા કરશે'

એમ કહ્યું ત્યારે કંસ તલવાર લઈને દેવકીને મારી નાખવા ઊભો થઈ ગયો. વસુદેવે બધા ગર્ભોનો જન્મ થતાં કંસને સોંપી દેવાનું વચન આપતાં મારવામાંથી પાછો ફર્યો. આ સમયે પૃથ્વી મેરુ પર્વત ઉપર દેવોના સમાજ પાસે પોતાના ઉપર વધી પડેલા ભારની ફરિયાદ કરવા પહોંચી, એમ કહેવાયું છે. આમાં નારદે ખાસ સિફારસ કરી એ વિગત પણ 'હ. વં.'માં નથી, તેમ ત્યાં વિષ્ણુએ નારદની સાથેની વાતમાં દાનવો, કંસ વગેરે રૂપે અવતર્યા છે એવું કહ્યું એ પણ નથી. 'વિ.પુ.'ની દેવોની તત્ત્વજ્ઞાનથી ભરપૂર એવી વિષ્ણુને ઉદ્દેશી કરેલી સ્તુતિ પણ નવી વસ્તુ છે. બેઉમાં ભૂમિએ કરેલી સ્તુતિમાં પણ ભિન્નતા છે.

અવતારના વિષયમાં બે વચ્ચે જે મહત્ત્વનો ભેદ છે તે 'હરિવંશ'માં અંશાવતાર છે, જ્યારે 'વિ. પુ.'માં પોતાના સફેદ અને કાળા એવા બે કેશ (-મોવાળા) કાઢી આપી દેવોને કહ્યું કે 'આ મારા બે કેશ પૃથ્વી ઉપર અવતરી તમારું કામ કરી આપશે' એમ વિષ્ણુ કહે છે (૫-૧-૬૦, ૬૧) અને એ બેઉ શું કરશે એ ગણાવી આપે છે. 'હરિવંશ'માં વસુદેવ-દેવકીના લગ્નનું કશું નથી કે નથી આકાશવાણીનું. ત્યાં તો નારદ આવી દેવોની સભામાં પોતે ગયેલ અને ત્યાં જે ગુપ્ત વાતો થઈ તે પ્રસ્તુત કરી, કંસને 'દેવકીનો આઠમો ગર્ભ તારી હત્યા કરશે' એમ કહી જાય છે; એટલે કંસ સભાન બની પોતાના સચિવોને દેવકીના પહેલા ગર્ભથી લઈ બધાને મારી નાખવાની અને દેવકી મુક્ત રીતે ફરે, પણ એના ઉપર ચાંપતી નજર રાખવાની આજ્ઞા કરે છે.

દેવકીના ગર્ભમાં આવનારા પહેલા ૭ પુત્રો તે કાલનેમિના દેવોના જેવા છ પુત્રો હતા, જેઓને 'ષડ્ગર્ભ' કહેવામાં આવતા હતા. એ જ્યારે તપ તપતા હતા ત્યારે બ્રહ્મા એમના પર પ્રસન્ન થયા, ત્યારે એ ભાઈઓએ અવધ્ય થવાનું વરદાન માગ્યું ને બ્રહ્માએ આપ્યું. એ જાણી હિરણ્યકશિપુ ક્રોધે ભરાયો ને પોતા પાસે એવું વરદાન ન માગવા માટે શાપ આપ્યો કે "તમારો પિતા (કાલનેમિના અવતારરૂપે કંસ) જ તમારી હત્યા કરશે." એ છ પુત્રો દેવકીના ઉદરમાં વારાફરતી આવ્યા અને કંસે હણ્યા. 'વિષ્ણુપુરાણ'માં આ ષડ્ગર્ભોને હિરણ્યકશિપુના પુત્ર કહ્યા છે (૫-૧-૭૦). બાકી દેવકીના ગર્ભમાં એમને મૂકવાની ક્રિયા તો વિષ્ણુની આજ્ઞા પ્રમાણે બેઉમાં યોગનિદ્રાએ કરી છે. યશોદાને ત્યાં જન્મ લેવાની વિષ્ણુએ આ યોગનિદ્રાને આજ્ઞા કરી હતી, બેઉમાં, એમાં શ્રી કૃષ્ણનો જન્મ નવમીની પૂર્વરાત્રિએ મધરાતે 'અભિજિત' યોગમાં અને યોગનિદ્રાનો કૃષ્ણપક્ષની નવમીએ યશોદાને ત્યાં નવમા ગર્ભ તરીકે જન્મ થવાનો આદેશ છે. યોગનિદ્રાનો દેવી તરીકે લોકોમાં સંમાન થવાના આશીર્વાદ બેઉમાં છે. સાતમો ગર્ભ દેવકીના ઉદરમાંથી રોહિણીના ઉદરમાં મૂકવાની ક્રિયા યોગનિદ્રાએ કરી છે, તેથી એ બાળકનું નામ 'સંકર્ષણ' થવાનું પણ કહેવાયું છે.

આગળ જતાં જે રાતે કૃષ્ણનો જન્મ થયો તે જ રાતે યશોદામાં યોગનિદ્રાનો જન્મ થયો 'હ. વં.'માં કહ્યો છે. (૪૮-૧૨, ૧૩)

અહીં ટૂંકમાં બંને ગ્રંથોના કૃષ્ણચરિતને તુલનાત્મક રીતે સંક્ષેપમાં જોઈ જઈએ :

અ.	હરિવંશ	અ.	વિષ્ણુપુરાણ-૫ મો અંશ
૪૬	દેવકી કંસના પિતાની બહેન (શ્લો.૧૫). અ-૪૮-૩૮માં પણ, અને ત્યાં ૪૯મા શ્લોકમાં દેવકી કંસને પુત્ર એવું સંબોધન કરે છે.	૧	તેમજ બીજે પણ સંબંધ સ્પષ્ટ નથી.
૪૮	અર્ધરાત્રિએ અભિજિત મુહૂર્તમાં જન્મ-**जायमाने जनार्दने** (બે વાર)—સાગરનો ખળભળાટ, પર્વતો ધ્રૂજી ઊઠ્યા, અગ્નિ શાંત હતા તે ભભૂકી ઊઠ્યા, કલ્યાણમય પવન વાયા, રજ શાંત થઈ, નક્ષત્રો પ્રકાશી ઊઠ્યાં, દેવોનાં દુંદુભિ વાગ્યાં, ઈન્દ્રે આકાશમાંથી પુષ્પવૃષ્ટિ કરી. ઋષિઓ, ગંધર્વો, અપ્સરા સ્તુતિ કરવા લાગ્યાં (૧૩ થી ૧૭)	૩	સંતો પરમ સંતોષ પામ્યા, પ્રચંડ પવનો શાંત થયા, **जायमाने जनार्दने** (ત્રણ વાર)-નદીઓ શાંત વહી, સમુદ્રોએ મનોહર ગર્જના કરી, ગંધર્વપતિઓ ગાવા લાગ્યા, અપ્સરાઓ નાચી, દેવો આકાશમાંથી પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા, શાંત અગ્નિઓ ભભૂકી ઊઠ્યા, મેઘ મંદ મંદ ગર્જના કરવા લાગ્યા. (શ્લો. ૪ થી ૭).
	વસુદેવ, બીતા બીતા, બાળકને લઈ યશોદાના ઘરમાં ગયા, યશોદા ન જાણે તેમ બાળકને મૂકી, છોકરીને લઈ લઈ દેવકીના શયનમાં સુવાડી (૧૮-૧૯).		વસુદેવ અને દેવકીએ સ્તુતિ કરી. પ્રભુએ માતાની પ્રાર્થનાની સફળતા કહી (૧૦ થી ૧૪). વસુદેવ બાળકને લઈ ગયા ત્યારે મથુરાના દ્વારપાલોને યોગનિદ્રાએ નિદ્રામાં નાખ્યા. વરસતા મેઘનાં પાણી વચ્ચે શેષ નાગે ફેણ ઢાંકી તે રીતે અતિ ગંભીર અને વમળે ચડેલી યમુના વસુદેવને ઘૂંટણ-ભર જ થઈ રહી. એજ વખતે યમુનાને કાંઠે કંસને કર ચૂકવવા નંદ વગેરે ગોપોને જોયા (શ્લો. ૧૫–૧૯).
	નંદ અને યશોદા પણ મથુરામાં જ છે. અહીં નદી પાર કર્યા વગેરે કશું જ નથી કે કારાગારમાં હોવાનું પણ નથી, નજર-કેદ જેવી દશામાં પોતાને ઘેર જ વસુદેવ-દેવકી છે.		એ સમયે યશોદાને યોગનિદ્રાએ મોહમાં નાખી. વસુદેવ પુત્રને મૂકી, પેલી બાળકીને લઈ નીકળી આવ્યા, ને યશોદા જાગતાં પુત્રને જન્મેલો જોયો. વસુદેવે બાલિકાને દેવકીના શયનમાં મૂકી અને યથાવત્ થઈ ગયા (૨૦ થી ૨૩).
	વસુદેવે ખુદે કંસ પાસે જઈ એને કન્યા જન્મ્યાનું કહ્યું. કંસ એકદમ વસુદેવને ઘેર આવ્યો અને દેવકી વગેરે સ્ત્રીઓ 'હં હં' કરવા લાગી. દેવકીએ કહ્યું કે		બાળકનો અવાજ સાંભળી રખેવાળો ઊઠ્યા અને દેવકીને બાળક જન્મ્યાની વાત કંસને નિવેદી. કંસે એકદમ આવી બાળકીને ઉઠાવી-દેવકી 'મૂકી દે, મૂકી દે'

	સાત ગર્ભ તો મરી ગયા. આ ૮મી બાળકીને જતી કર. મરેલી બાળકીને કંસ સમક્ષ મૂકી કે પગેથી ઉપાડી એને પથ્થર પર પછાડી (૨૧ થી ૨૮) ત્યાં એ સુંદર કન્યારૂપે દેવોથી સ્તુતિ કરાતી વ્યક્ત થઈ (૨૯ વગેરે). પોતાને પછાડવા બદલ એના મૃત્યુ ટાણે લોહી પીશ એમ કહી ઊડી ગઈ (૩૫).		કહેતી રહી અને પથ્થર પર ફેંકી. સીધીજ છટકી આકાશમાં હાથમાં આયુધો ધારણ કરેલા સ્વરૂપમાં દેખાઈ (૨૪-૨૬). દેવીએ 'તારો ઘાતક તો અન્યત્ર જન્મી ચૂક્યો છે' એમ કહ્યું ને ઊડી ગઈ (૨૧).
૪૯	જન્મોત્સવ ઊજવાયો નથી. રોહિણી તો વ્રજમાં જ હતી. વસુદેવે નંદ-યશોદાને કહ્યું કે હવે વ્રજમાં ચાલ્યાં જાઓ અને બેઉ પુત્રોને ઉછેરો વગેરે (૨ થી ૩).	૪	વસુદેવે-દેવકીની કારાગારમાંથી મુક્તિ એ પહેલાં પ્રલંબ, કેશી વગેરે અસુરોને સાવધાન રહેવાની સૂચના આપી અને 'દેવો મને શું કરવાના હતા' એમ બડાઈ કરી, પછી મુક્તિ કરી.
	રાત્રિ રહી નંદ ગોપ વ્રજ તરફ વિદાય થઈ ગયા ને ત્યાં રહેવા લાગ્યા.	૫	મુક્ત થઈ વસુદેવ નંદના ગાડે ગયા ને વૃદ્ધાવસ્થામાં જન્મ થવા બદલ અભિનંદન આપ્યાં ને ગોકુળ જવા કહ્યું.
૫૦	કેટલોક સમય પસાર થયો, પછી શકટ-ભંગ અને પૂતના વધ.		પ્રથમ પૂતના-વધ અને નંદગોપની થયેલા રક્ષણ માટે ભગવાનના રક્ષણની સ્તુતિ.
૫૧	યમલાર્જુન-ભંગ અને 'દામોદર' નામ કરણ.	૬	શકટ-ભંગ, યમલાર્જુન ઉદ્ધાર.
૫૨	વરુઓનાં દર્શન.		અહીં વરુઓનાં દર્શનની વાત નથી.
૫૩	અહીંના ઉત્પાતોને કારણે વૃંદાવનમાં નંદગોપનું જઈ રહેવાનું.		નંદાદિગોપોનું ગોકુલથી વૃંદાવનમાં જઈ રહેવું. ને વર્ષાવર્ણન (આ વર્ણનનો વિકાસ પછી 'ભાગવત'માં થયો છે.)
૫૪	સુંદર વર્ષા વર્ણન.		
૫૫	આરંભમાં શ્રીકૃષ્ણનું વર્ણન પછી વનરાજિનું વર્ણન. યમુનાનું અને એમાં ભાંડારવનનું સુંદર વર્ણન.		કૃષ્ણ-બલદેવનો વિહાર.
	યમુનાના ઝેરી હ્રદનો ચિતાર ને કાલિયનો નિગ્રહ કરવાની કૃષ્ણની ઇચ્છા.	૭	કૃષ્ણ એકલાનું વૃંદાવનમાં ભ્રમણ અને ત્યાં કાલિયના ઝેરી ઉગ્ર હ્રદનું દર્શન.

૫૬	કાલિયદમન અને હ્રદ છોડી કાલિયનું સમુદ્રમાં ચાલ્યું જવું ને ગરૂડ એને હેરાન ન કરે એવું કૃષ્ણનું વચન. **પ્રથમવાર** જ કૃષ્ણના માહાત્મ્યનો ગોપોને ખ્યાલ. આ ૪થી આપત્તિમાંથી મુક્તિ.		કૃષ્ણની એ નાગનું દમન કરવાની ઇચ્છા અને હ્રદમાં ઝંપલાવવાનું. બેઉમાં ગોપ-ગોપીઓનું ક્રંદન. કાલિય-દમન. નાગ-પત્નીઓની વિનંતિ (જે 'હરિવંશ'માં નથી). કાલિયની કૃષ્ણના ભગવતત્ત્વના ખ્યાલ સાથે સ્તુતિ. સમુદ્રસલિલમાં જઈ રહેવાની અને ગરૂડથી અભયની આજ્ઞા.
૫૭	બલદેવને હાથે ગધેડારૂપે આવેલા ધેનુકનો વધ. શ્રીદામ ગોપનો નિર્દેશ	૮	સંકર્ષણને હાથે ધેનુકનો વધ.
૫૮	કૃષ્ણ રૌહિણેય–બલદેવને એમના શેષ-સ્વરૂપની યાદ આપે છે. પ્રલંબવધ બલદેવને હાથે.	૯	બળદેવને પોતાના અને એના સ્વરૂપનું કૃષ્ણનું યાદ આપવું ને પ્રલંબ-વધ બલદેવને હાથે.
૫૯	ગિરિગોવર્ધનના યજ્ઞની પ્રવૃત્તિ- (શરદ્વર્ણન નથી).	૧૦	શરદ ઋતુનું વર્ણન (જે ભાગવતમાં પણ છે.)
૬૦	ગોવર્ધન-મહોત્સવ		ગોવર્ધન-મહોત્સવ-કૃષ્ણ પોતે ગિરિ પર ચડીને પૂજન.
૬૧	ઇન્દ્રનો કોપ-ભારે વર્ષા અને ૭ રાત્રિ સુધી ગોવર્ધન ધારણ, એમાં ગાય-ગોપ-ગોપીઓનું રક્ષણ. **अतिदैव कर्म**-માહાત્મ્ય	૧૧	હરિવંશ પ્રમાણે ઇન્દ્રનો કોપ અને ૭ રાત્રિ ગોવર્ધન ધારણ. ઇન્દ્રનો કોપ પૂરો થતાં કૃષ્ણ ગોપ-ગોપીઓ પાસે આવી ગયા.
૬૨	ઇન્દ્રને ગોપવેશધર વિષ્ણુનું જ્ઞાન. શ્રીકૃષ્ણ-નો અભિષેક અને **गोविन्द** નામની જાહેરાત **गवामिन्द्रतां गतः** કહીને. 'ઇન્દ્ર ધ્વજ' ઊભો કર્યાનો નિર્દેશ. ગિરિયજ્ઞ-પ્રવર્તન. પોતાનો પુત્ર અર્જુન કુંતીમાં જન્મ્યાનું ઇન્દ્રનું કથન. કૃષ્ણને પાંડવોના અલૌકિક જન્મનો ખ્યાલ-કર્ણના પણ—અહીં ભારત-યુદ્ધનો પણ નિર્દેશ. તારો પુત્ર જેમ કહેશે તેમ કરીશ ' એવું કૃષ્ણનું ઇન્દ્રને વચન.	૧૨	આ વસ્તુ સમાન છે. કૃષ્ણ ઇન્દ્રના અંશ તરીકે અર્જુન જન્મ્યાનું કહે છે એ જીવશે ત્યાં સુધી પોતે એનું રક્ષણ કરશે. પોતે કંસ, અરિષ્ટ, કેશી, કુવલયાપીડ, નરક વગેરેને મારશે, પછી મોટું યુદ્ધ (ભારત-યુદ્ધ થશે) ને ત્યારે પૃથ્વીનો ભાર ઊતરશે ભારત યુદ્ધને અંતે પોતે કુંતીને એના પાંચે પુત્ર અકબંધ સોંપશે, એમ કહે છે.

૬૩ જ્ઞાતિવાળાને મન હવે કૃષ્ણ દેવતુલ્યઃ થોડા શ્લોકોમાં કૃષ્ણ-ક્રીડા, ગોપીઓ સાથેની અને ગોપીનાં चक्रवालैः अलंकृतः કૃષ્ણે શરદઋતુની રાત્રિઓમાં ગોપ-બાલિકાઓ સાથે ક્રીડા કરી.	૧૩ ગોપીઓ દ્વારા ભગવાનના પ્રભાવનું વર્ણન અને કૃષ્ણની ગોપીઓની સાથે રાસક્રીડા रास-गोष्ठी, रासमण्डल–बन्ध વગેરે શબ્દો મળે છે. (આનો જ ભાગવતમાં પાંચ અધ્યાયોમાં વિસ્તાર).
૬૪ આખલાના રૂપમાં આવેલા અરિષ્ટનો કૃષ્ણને હાથે વધ.	૧૪ આખલાના રૂપમાં આવેલા અરિષ્ટનો કૃષ્ણને હાથે વધ
૬૫ કૃષ્ણનાં અદ્ભુત કર્મો–અમાનુષીય કર્મો સાંભળીને કંસ ખૂબ દુઃખી–ખૂબ સચિંત. કંસ ૧ વામન, ૨ નરસિંહ, ૩ ભવ, ૪ ભાર્ગવ (પરશુરામ), ૫ વરાહ (અનંત સહસ્રવદનનો અવતાર), ૬ મોહિની, ૭ મંદર ધારણ કરનાર (કચ્છપ), ૮ ચાર ભાઈરૂપે રામ હોવાનું સમજે છે.	૧૫ કંસ પાસે નારદે આવીને ક્રમવાર કૃષ્ણનાં કાર્ય કહી બતાવ્યાં ત્યારે કંસ વસુદેવ ઉપર ખૂબ ચિડાયો અને 'ચાણૂર અને મુષ્ટિક પાસે મલ્લયુદ્ધથી મરાવીશ' 'અક્રૂરને એ બેઉ ભાઈઓને બોલાવવા મોકલીશ, કેશી અને કુવલયાપીડ હાથી દ્વારા ઘાત કરાવીશ' એવા ઘોડા ઘડે છે.
નારદ તરફથી મળેલી સૂચના વિંધ્યમાં પૂજાતી દેવીનો ખ્યાલ કંસ વાસુદેવને પોતાનો ધર્મથી બાંધવ (= સગો) કહે છે અને વસુદેવને पितृस्वसुः भर्ता (ફોઈનો પતિ) કહે છે (શ્લો. ૭૭, ૮૮).	
કંસ વાર્ષિક કર ચૂકવવા નંદગોપ અને બીજા ગોપોને કહી આવવા આજ્ઞા આપે છે અને 'કહો કે કૃષ્ણ અને સંકર્ષણને હું જોવા ચાહું છું' 'ધનુર્મહ'ની તૈયારી, અક્રૂરને આજ્ઞા-અક્રૂરને દિવ્ય ચક્ષુ હતાં એટલે કૃષ્ણ બલદેવના સ્વરૂપનું જ્ઞાન.	કંસ માત્ર કૃષ્ણ અને બલદેવને જ બોલાવવા ચાહે છે અને એ માટે અક્રૂરને નંદના ગોકુળમાં જવાની અને વિષ્ણુના અંશરૂપ વસુદેવ સુતોને તેડી લાવવાની આજ્ઞા કરે છે. ચૌદશને દિવસે ધનુર્મહ કરવાનો અને એમાં ચાણૂર અને મુષ્ટિક સાથે બેઉ બાળકોનાં મલ્લયુદ્ધ જોવાનો ભાવ. મહાવતે ઉશ્કેરેલો કુવલયાપીડ એ બેઉને મારી નાખે. એ પછી વસુદેવ નંદ ગોપ અને પિતા ઉગ્રસેનને મારી નાખવાનું કહે છે
૬૬ અંધક યાદવે વસુદેવને નિર્દોષ હોવાનું જાહેર કર્યું; કંસને પેદા કરવા ઉગ્રસેનને ઠપકો.	

૬૭ ઘોડારૂપ કેશીનો વધ. (વર્ણનમાં અલંકાર સુંદર) નારદે કેશીના વધ માટે કૃષ્ણને અભિનંદન આપ્યાં.

૬૮-૭૦ અક્રૂરગમન-મથુરા તરફ નીકળતાં યમુનાના પાણીમાં મજ્જન કરતાં શેષના ખોળામાં સૂતેલા કૃષ્ણનાં દર્શન. કૃષ્ણ સાથે ગોપો કર ભરવા અને ધનુર્મહ જોવા નીકળ્યા.

આમાં ૭૦ મા અધ્યાયમાં અક્રૂરને નાગલોકનાં દર્શન.

૭૧ કૃષ્ણ-સંકર્ષણનો મથુરા પ્રવેશ. બેઉ ફરવા નીકળ્યા. માર્ગમાં ધોબી મળ્યો, એને મારી વસ્ત્રો મેળવી પહેર્યાં, એની પત્નીઓ કંસ પાસે ફરિયાદે ગઈ. ગુણક નામના માળીને ત્યાંથી હાર મેળવ્યા. માર્ગમાં કુબ્જા મળી, એને બે આંગળીથી અદ્ધર કરી સીધી કરી. પછી રાજસભા તરફ ગમન. ધનુઃશાલામાં જઈ કૃષ્ણે ધનુષ ભાંગ્યું. માણસ કંસ પાસે ફરિયાદ કરવા ગયો.

૭૨ પ્રેક્ષાગારમાં કૃષ્ણ-સંકર્ષણનું ગમન. કંસની ચાણૂર અને મુષ્ટિકને, બેઉ ભાઈઓને મારી નાખવાની આજ્ઞા.

૭૩ કંસના કહેવાથી મહાવતે કુવલયપીડને સભાદ્વારને દરવાજે મૂક્યો. કંસે પોતાની માતામાં ઉગ્રસેનનું રૂપ ધારણ કરી સૌભપતિ દ્રુમિલે કરેલી પોતાની ઉત્પત્તિની વાત કહી. (સંપાદક ડૉ. વૈદ્ય આ વાતને ક્ષેપક માને છે.)

૭૪ કુવલયાપીડ હાથીનો વધ.

૭૫ કૃષ્ણથી ચાણૂર વધ

૭૬ રોહિણેય-બલદેવથી મુષ્ટિકનો વધ.

૧૬ કેશીનો કૃષ્ણને હાથે વધ (એ ઘોડા રૂપે હતો.)

૧૭ અક્રૂરનું ગોકુળગમન અવતાર સ્વરૂપનાં દર્શનની ભાવના.

૧૮ ભગવાનનું મથુરા તરફ પ્રયાણ. ગોપીઓની પ્રબળ વિરહવેદના. યમુનાજળમાં પ્રવેશ ને ચતુર્ભુજ પ્રભુનાં દર્શન.

૧૯ અક્રૂર ભગવાનનું માહાત્મ્ય સમઝી મથુરા લાવ્યો. હવે છૂટા થઈ બેઉ ભાઈ ફરવા નીકળ્યા. ધોબીનો વધ, વસ્ત્રપ્રાપ્તિ, માળી પાસેથી માળાઓ લઈ કૃપા કરી—આ સમાન.

૨૦ કુબ્જા પર કૃપા સમાન પણ કૃષ્ણનું વસ્ત્ર પકડી 'મારે ઘેર આવો, એવી' માગણી અને કૃષ્ણનું એને ત્યાં પછીથી જવાનું વચન, એ જુદું.

ધનુઃશાલામાં જઈ ધનુર્ભંગ અને રખેવાળોનો વિનાશ. ધનુષ ભાંગેલું સાંભળી ચાણૂર તથા મુષ્ટિકને આજ્ઞા. મહાવત કુવલયાપીડને લાવ્યો ને કૃષ્ણે કુવલયાપીડને મારી નાખ્યો.

	બેઉ ભાઈઓને હાંકી કાઢવા કંસનો હુકમ, નંદને કેદ કરવાનો, વસુદેવને કાપી નાખવાનો, બીજાઓને લૂંટી લેવાનો પણ. તોશલકને માર્યો. પ્રેક્ષાગૃહમાંથી કૃષ્ણ કંસના આસન પાસે પહોંચ્યા, વાળથી પકડીને-ગળું પકડવા માત્રથી પૂરો કર્યો. માતા-પિતાની પાસે જઈ કૃષ્ણે નમન કર્યું. બધા યાદવોને કુશળ પૂછ્યું. બલદેવે કંસના ભાઈ સુનામાને મારી નાંખ્યો. ત્યાંથી પિતાજીને ઘેર આવ્યા.	લોકોને 'આ કૃષ્ણ છે, આ બલભદ્ર છે' એવું કુતૂહલ અને કરેલી લીલાઓનું લોકોએ કરેલું ગુણગાન : પૃથ્વીનો ભાર ઉતારવા વિષ્ણુનો અંશ અવતર્યો છે એવી પુરવાસીઓની સમઝ. સ્ત્રીઓ જોઈ જોઈને થાકતી નથી અને લીલાવર્ણન. આ પછી કૃષ્ણને હાથે ચાણૂરનો અને બલદેવને હાથે મુષ્ટિકનો વધ-કૃષ્ણે તોશલકને પણ માર્યો. પછી કંસની 'હરિવંશ' જેવી પકડવા મારવા વગેરેની આજ્ઞા. કૂદી મંચ પર જઈ કંસના વાળ પકડી પછાડી એના ઉપર પટકાઈ કૃષ્ણે 'કંસને પૂરો કર્યો. એના ભાઈ સુમાલીને બલભદ્રે માર્યો. આવી કૃષ્ણ પિતાજીને પગે પડ્યા. વસુદેવનાં અભિનંદન ને સ્તુતિ. યદુવૃદ્ધોને પ્રણામ.
૭૭	કંસની પત્નીઓનો વિલાપ, કંસની માતાનો વિલાપ.	કંસપત્નીઓનો વિલાપ એમને કૃષ્ણે દિલાસો આપ્યો. પ્રેતકાર્ય સમાપ્ત કર્યું.
૭૮	ઉગ્રસેન કંસને હજારો પત્ની હોવાનું કહે છે. ઉગ્રસેને રાજગાદી સ્વીકારવા વિનંતિ કરી, કૃષ્ણે રાજ્યલાલસાથી આ નથી કર્યું'નું કથન, લોકહિતાર્થે માત્ર અગ્નિ-દાહ કર્યો.	ઉગ્રસેનનો અભિષેક કૃષ્ણની પવનને આજ્ઞા થતાં સ્વર્ગમાંથી સુધર્માસભા લાવી આપી.
૭૯	સાંદીપનિને ત્યાં બેઉ ભાઈઓનું વિદ્યાધ્યયન. ગુરુદક્ષિણામાં ગુરુએ પ્રભાસમાં સાગરમાં મરેલા પુત્રને પાછો લાવી આપવાનું માગ્યું. કૃષ્ણ સમુદ્ર પાસે ગયા, ત્યાં ન મળતાં પંચજન દાનવ પાસે ગયા એને માર્યો ને પાંચજન્ય શંખ મેળવ્યો. ત્યાં ન મળતાં વૈવસ્વત યમ પાસે જઈ મેળવ્યો ને આવી પુત્ર ગુરુને સોંપ્યો.	સાંદીપનિને ત્યાં વિદ્યાભ્યાસ વગેરે સમાન.

૮૦ જરાસંધની બે પુત્રી અસ્તિ ને પ્રાપ્તિ કંસની પત્ની હતી. કંસ મરાયો જાણતાં જરાસંધની મથુરા પર ચઢાઈ, જેમાં અનેક દેશોના રાજાઓની સહાય. કૃષ્ણ સંકર્ષણને અચાનક હથિયારો આવી ગયાં. રામનું હથિયાર હળ.

સમાન. ૨૩ અક્ષૌહિણી સેના સાથે ચડાઈ. કૃષ્ણ-બલરામને હથિયાર આવી મળ્યાં. જરાસંધનો પરાજય એમ અઢાર વાર પરાજય.

વિષ્ણુના અંશાવતારને કારણે વિજય.

૮૧-૮૨ જરાસંધનો ૧૮ વાર પરાજય. એને મારી ન નાખ્યો.

૮૩ રામ એકલા ગોકુલ ગયા. રામનું યમુના-કર્ષણ પછી મથુરાગમન.

[કાલયવનના મરણ પછી બલભદ્રનું વ્રજમાં જવું. ૨૪મા અધ્યાયમાં છેડે છે]

૮૪ મથુરામાં હવે ન રહેવું એવો કૃષ્ણે વિચાર રજૂ કર્યો, દરમ્યાન કાલયવનની ચડાઈ. મથુરા છોડી કૃષ્ણ યાદવોને 'સિંધુરાજ'-ની 'અનૂપ' ભૂમિમાં લઈ વસાવ્યા. ત્યાં 'સિંધુરાજની વિહારભૂમિ' હતી.

મથુરા છોડવામાં કારણ જરાસંધનું અને કાલયવનનું.

૨૩ કાલયવનની સંક્ષેપમાં ઉત્પત્તિકથા. કાલયવનની ચડાઈ. યાદવ સૈન્ય ઘટી ગયેલું હોઈ મથુરા છોડવાની કૃષ્ણની દરખાસ્ત.

દ્વારકાનો નવો દુર્ગ બનાવી ત્યાં વસાહત કરી. કૃષ્ણ પાછા આવ્યા અને કાલયવને એમને જોયા.

૮૫ કાલયવનનો વધ. કાલયવનની ઉત્પત્તિની કથા અ. ૨૫થી જરા જુદી. કાલયવન આવ્યો ત્યારે કૃષ્ણે સર્પવાળો ઘડો મોકલ્યો. કાલયવને એમાં કીડીઓ નાખી પાછો વાળ્યો, તેથી પછી કૃષ્ણે મથુરા-ત્યાગનો વિચાર કર્યો. કૃષ્ણે નારદ દ્વારા મુચુકુંદના સૂતાનું જાણ્યું હતું. પોતે મહાયોગી હતા, તેથી દ્વારકા વસાવ્યા પછી એકલા આવ્યા ને કાલયવનને મુચુકુંદની ગુફામાં ખેંચી જઈ, એણે મુચુકુંદને લાત મારી ઉઠાડતાં દૃષ્ટિ માત્રથી મુચુકુંદ દ્વારા કાલયવનને સળગાવી મૂકયો.

[નીચેના ૮૬મા અધ્યાયનો દ્વારકા-નિવેશ ને સમુદ્ર પાસે બાર યોજન જમીનની માગણી અહીં છે, જ્યાં યાદવોને વસાવ્યા.]

કૃષ્ણ આગળ ને કાલયવન પાછળ, એમ કૃષ્ણે મુચુકુંદની ગુફામાં લાવી મૂકયો એને પગે મારતાં મુચુકુંદ જાગ્યા ને દૃષ્ટિ નાખતાં જ કાલયવન સળગી ગયો.

મુચુકુંદે વૃદ્ધ ગાર્ગ્યનાં વચન યાદ કરી, ભગવાનને નમસ્કાર કરી મહિમા ગાયો.

૮૬ દ્વારવતી-નિવેશ: કૃષ્ણે સમુદ્ર પાસે જમીન માગતાં બાર યોજન જમીન કાઢી આપી. વિશ્વકર્માએ ઇન્દ્રપુરી જેવી નગરી બનાવી આપી. શંખને બોલાવી લોકોને માલદાર કરવા કહ્યું. વાયુએ સ્વર્ગમાંથી સુધર્મા સભા લાવી આપી. દ્વારવતીના કિલ્લાની દીવાલો સૂર્ય જેવા સોનેરી રંગની હતી (શ્લો. ૫૦).

કૃષ્ણની અનુમતિથી બલદેવનાં રૈવતની પુત્રી રેવતી સાથે લગ્ન.

૮૭ વિસ્તારથી રુક્મિણીહરણ અને કૃષ્ણનાં લગ્ન.

૮૮ રુક્મીનું પાછળ પડવું. નર્મદા ઓળંગીને કૃષ્ણને જોવા. રુક્મી પડી જતાં બીજા રાજાઓ નાસી ગયા. રુક્મિણીની વિનંતિથી અભય આપી કૃષ્ણ દ્વારકા ગયા. પ્રતિજ્ઞા કરી આવેલો રુક્મી રાજધાનીમાં ન જતાં ભોજકટ નામનું નગર વસાવી ત્યાં રહ્યો.

કૃષ્ણે બીજી સાત:કાલિંદી, મિત્રવિંદા, માદ્રી, જાંબવતી, સત્યા, નાગ્નજિતી, સત્યભામા અને લક્ષ્મણા રાણીઓ કરી. ઉપરાંત નરકાસુરને ત્યાંથી છોડાવેલી ૧૬૦૦૦.

૮૯ રુક્મીએ પુત્રીનો સ્વયંવર કર્યો ત્યાં એ પ્રદ્યુમ્નને વરી, એમાં અભિમન્યુ થયો. રુક્મિણીએ ભાઈની પૌત્રી અનિરુદ્ધ માટે માગી. જાનમાં ગયા ત્યાં દ્યૂતખેલનમાં બલદેવને છેતરવા જતાં બલદેવને હાથે

૨૪ મુચુકુંદ પછી તપશ્ચર્યા માટે ચાલી નીકળ્યા. અહીં બલરામની વ્રજયાત્રા.

૨૫ બલરામનો વ્રજવિહાર અને યમુનાકર્ષણ બે માસ વિહાર કરી મથુરા પાછા આવી જવાનું.

બલરામ આ પછી રૈવતની પુત્રી રેવતીને પરણ્યા. જેનાં નિશક ને ઉલ્મુક બે પુત્ર થયા.

૨૬ શરૂમાં સંક્ષેપમાં રુક્મિણીહરણ અને કૃષ્ણનાં લગ્ન રાક્ષસવિધિથી. એમાંથી કામદેવના અંશ પ્રદ્યુમ્નનો જન્મ. એનું શંબર હરણ કરી ગયો ત્યાં એને હાથે શંબરનો વધ.

['હરિવંશ'માં શંબરવધની કથા છેક ૯૯મા અધ્યાયમાં સ્વતંત્ર આપી છે.]

૨૭ શંબર વધ વિસ્તારથી.

૨૮ રુક્મિણીને ચારુદેષ્ણ, સુદેષ્ણ, ચારુદેહ, સુષેણ, ચારુગુપ્ત, ભદ્રચારુ, ચારુવિંદ, સુચારુ ને ચારુ એ બીજા પુત્રો થયા, પુત્રી ચારુમતી. બીજી રાણીઓ: કાલિંદી, મિત્રવિંદા, સત્યા, નાગ્નજિતી, જાંબવતી, રોહિણી, માદ્રી, સત્યભામા અને લક્ષ્મણા સાત, અને ૧૬૦૦૦.

પ્રદ્યુમ્ન રુક્મીની પુત્રીને સ્વયંવરમાં પરણ્યો, એને અનિરુદ્ધ થયો. એને માટે કૃષ્ણે રુક્મીની પૌત્રી માગી લીધી. અને 'હરિવંશ' પ્રમાણે દ્યૂતખેલન, અને

રુક્મીનો વધ. રમતમાં કલિંગરાજ હસેલો તેથી એના દાંત તોડી નાખ્યા.

કલિંગરાજના દાંત બલદેવને હાથે તૂટ્યા, અને રુક્મીનો વધ થયો.

૯૦ બલદેવ શેષનાગનો અવતાર, એમની બીજી કથા અન્ય પુરાણોમાંથી વાંચી લેવાનું સૂચન. બળદેવનાં પરાક્રમ. સાંબના વિવાહ પ્રસંગે હસ્તિનાપુરને ગંગામાં ખેંચીને નાખવાની એમની ક્રિયા.

[સાંબનો વિવાહ અને રોષે ભરાયેલા બલદેવે હસ્તિનાપુરને ગંગામાં ખેંચ્યું. એ અધ્યાય ૩૫માં વિસ્તારથી]

૯૧ દ્વારકાને અસુરો વિઘ્ન કરતા હતા. તેઓમાં એક નરક પણ હતો. એ અદિતિનાં બે કુંડલ હરી ગયેલો. ઇન્દ્રે એ લાવી આપવા કૃષ્ણને આવી વિનંતિ કરી. કૃષ્ણે પ્રાગ્જ્યોતિષપુર ઉપર ચડાઈ કરી પ્રથમ મુરને માર્યો, બીજાઓને મારી પછી ચક્રથી નરકનું માથું ઉડાવી દીધું, એની માતા ભૂમિ આવી અને કુંડલ સોંપી ગઈ. ત્યાંથી રત્નો ને ૧૬૦૦૦ કન્યા લાવ્યા.

૨૯-૩૦ મૈત્રેયે આવી નરકાસુરનાં કાળાં કૃત્યોની યાદ આપી પોતાની માતાનાં કુંડલ હરી જવા માટે એને હણવા વિનંતિ કરી. સત્યભામા સાથે ગયાં ને કૃષ્ણે નરકાસુરના પ્રાગ્જ્યોતિષપુર પર ચડાઈ કરી પ્રથમ મુરને મારી પછી નરકને માર્યો. ભૂમિ હાજર થઈ સ્તુતિ કરીને કુંડલ પાછાં આપ્યાં. ત્યાંથી રત્નો હાથીઓ તેમ જ ૧૬૦૦૦ કન્યાઓ લઈ દ્વારકા આવ્યા.

૯૨ સ્વર્ગમાં સત્યભામા સાથે હતાં ત્યાં ઇન્દ્રને કુંડલોની સોંપણી અને સત્યભામાની ઇચ્છાથી સ્વર્ગમાંથી પારિજાત-હરણ.

સત્યભામા સાથે જ સ્વર્ગમાં જઈ અદિતિને કુંડલ આપ્યાં અને ત્યાંથી પારિજાત વૃક્ષ લાવ્યા.

૯૩-૯૪ દ્વારકા પ્રવેશ.

૯૫ સભા પ્રવેશ.

૩૧ સ્વર્ગમાં હતા ત્યાં કૃષ્ણ-ઇન્દ્ર સંવાદ. પારિજાત વૃક્ષની રોપણી. જેની પાસે જતાં લોકોને પૂર્વજન્મ યાદ આવે.

૯૬-૯૭ ‘યોગનિદ્રા’ને અહીં ‘યોગકન્યા’ કહી છે. જેને વૃષ્ણિઓ પુત્રી તરીકે સંમાનતા હતા–પાલતા હતા. એને કૃષ્ણ તેમજ બલરામે બહેન કરી માની હતી. ત્યાં નારદનું આગમન અને કૃષ્ણનાં પરાક્રમોની ગણતરી, ગાર્ગ્ય ત્યાં સંસ્કારદાતા હતા.

અહીં શ્લો. ૫૦માં કંસે વસુદેવને કેદમાં નાંખ્યાનું કહ્યું છે. પૂર્વે એવું નથી મળ્યું.

૩૨-૩૩ અનિરુદ્ધ-ઊષા વિવાહ અને બાણાસુર-યુદ્ધ વગેરે ‘હરિવંશ’માં અ. ૧૦૩થી ૧૧૩માં વિસ્તારથી ‘વંશાનુચરિત’ વિભાગમાં છે.

૩૪ પૌંડ્રકવધ અને કાશીદહન ‘હરિવંશ’ના ૯૭મા અધ્યાયમાં અનેકોને માર્યા તેમાં ગણાવી દીધેલ છે.

૯૮ શ્રીકૃષ્ણનાં વંશવિસ્તારનું વર્ણન.

૩૫ સાંબના વિવાહનો પ્રસંગ અને રોષે ભરાયેલા બલદેવે હસ્તિનાપુરને ગંગામાં ખેંચ્યું. એ 'હ. વં.' ના ૯૦ મા અધ્યાયમાંછે, ખૂબ જ સંક્ષેપમાં.

૩૬ બલદેવે કરેલો દ્વિવિદ વાનરનો વધ. [આ 'હરિવંશ'માં નથી.]

૩૭-૩૮ ઋષિઓનો શાપ, યદુવંશવિનાશ અને ભગવાનનું સ્વધામ-ગમન 'હરિવંશ'માં નથી, તેમ યાદવોનો અંત્યેષ્ટિ સંસ્કાર પરીક્ષિત-રાજ્યાભિષેક અને પાંડવોનું સ્વર્ગારોહણ પણ નથી.

ઉપરનાં સામ્ય-વૈષમ્યને દૃષ્ટિમાં લેતાં એક વાત અત્યંત સ્પષ્ટ છે કે કૃષ્ણચરિતમાં જે વિકાસ થયો છે તે 'વિષ્ણુપુરાણ'ની રચના 'હરિવંશ' પછીની હોવાનું કહે છે. 'હરિવંશ'ને પુરાણ બનાવવામાં કરવા જોઈતા ઉમેરામાં 'વંશાનુચરિત'નો જે ભાગ છે: પ્રદ્યુમ્નને હાથે શંબર-વધ અને અનિરુદ્ધ-ઉષા પ્રસંગ 'વિષ્ણુપુરાણે' કૃષ્ણચરિતમાં જ આમેજ કરી લીધો છે. 'હરિવંશે' ભવિષ્ય-કથનના ૧૧૪થી ૧૧૮ એ પાંચ અધ્યાય આપ્યા છે. તેનું નિરૂપણ 'વિષ્ણુપુરાણ'ના છેલ્લા આઠ અધ્યાયોવાળા છઠ્ઠા અંશમાં જોવા મળે છે. 'હરિવંશ' ૧૧૫ મા અધ્યાયમાં જનમેજય વ્યાસજીને ભવિષ્યની વાત જાણવાની ઈચ્છા બતાવે છે. વ્યાસ એનો ઉત્તર આપતાં ૧૧૬મા અધ્યાયમાં દ્વાપરયુગના અંતની વાત કહી કલિયુગમાં કેવી પરિસ્થિતિ ઊભી થશે એ જણાવે છે. ૧૧૭મામાં વ્યાસજી કલિયુગનું લક્ષણ કહે છે, જ્યારે ૧૧૮મામાં જનમેજયનો અશ્વમેધ અને એમાં ઈન્દ્રે કરેલા કપટની વાત સૂચવી રંભાનો ઉપભોગ કરવાનું ગંધર્વરાજ વિશ્વાવસુ કહી સ્ત્રીઓનું હંમેશા સંમાન કરવાનું કહે છે, ને ફલશ્રુતિ પછી આ ભાગ પૂરો થાય છે.

'વિષ્ણુપુરાણ'માં છઠ્ઠા અંશના પહેલા અધ્યાયમાં કલિધર્મ-નિરૂપણ, બીજામાં વ્યાસજી દ્વારા કલિયુગ, શૂદ્ર અને સ્ત્રીઓના મહત્ત્વનું વર્ણન, ત્રીજામાં નિમેષ વગેરે કાલ-માન અને નૈમિત્તિક પ્રલયનું વર્ણન, ૪થામાં પ્રાકૃત પ્રલયનું વર્ણન, ૫મામાં આધ્યાત્મિકાદિ ત્રિવિધ તાપોનું વર્ણન, 'भगवत्' અને 'वासुदेव' શબ્દોની વ્યાખ્યા અને ભગવાનના પારમાર્થિક સ્વરૂપનું વર્ણન, ૬ઠ્ઠામાં કેશિધ્વજ અને સાંડિકચની કથા, ૭મામાં બ્રહ્મયોગનું ૬ઠ્ઠાના અનુસંધાનમાં કથન, અને ૮મામાં શિષ્યપરંપરા, આ વૈષ્ણવપુરાણનું માહાત્મ્ય અને ઉપસંહાર. આમ બન્ને વચ્ચે કલિયુગના વર્ણન સિવાય બીજું સામ્ય નથી. આ છઠ્ઠો અંશ મને 'પંચલક્ષણી પુરાણ'નો પણ પરિશિષ્ટ જેવો અંશ લાગે છે. 'વિષ્ણુપુરાણ'ની સમીક્ષિત (critical) વાચના હજી તૈયાર નથી થઈ. એટલે એમાં પ્રક્ષેપો ક્યાં ક્યાં છે એ જાણી શકાયું નથી. પ્રક્ષેપો જાણવામાં આવશે ત્યારે કદાચ પુરાણસ્વરૂપ પામેલા 'હરિવંશ'ની એ નજીક હશે. 'બ્રહ્મપુરાણ' અને 'વિષ્ણુપુરાણ'ને સરખાવતાં 'બ્રહ્મપુરાણ'ની રચના 'વિષ્ણુપુરાણ' પછી એના આધારે કેટલેક સ્થળે તો શબ્દશઃ હોય એમ થઇ હોય એમ લાગે છે. 'ભાગવત' તો 'વિષ્ણુપુરાણ'ને પગલે પગલે ચાલી, એનો પહેલો પાઠ 'પંચલક્ષણી' કદાચ હશે તેમાંથી વિકસીને પછી દશલક્ષણી બન્યો, તો એમાં આશ્ચર્ય નહિ હોય.

આપ્રી સૂક્ત

ગૌતમ વા. પટેલ

વેદમાં આવતાં આપ્રી સૂક્તોમાં એક પ્રકારનું સામ્ય અને એકસૂત્રતા રહેલાં છે. તેણે પ્રાચીનકાળમાં તેમ જ અર્વાચીનયુગમાં વિદ્વાનોને આકર્ષ્યા છે. બ્રાહ્મણગ્રન્થોમાં આ આપ્રી સૂક્તો પર તેને યજ્ઞપરક ગણાવી પૂરતો પ્રકાશ નાંખવામાં આવ્યો છે. પરિણામે, તેનું મહત્ત્વ વધી ગયું છે. આપ્રી સૂક્તો નીચે મુજબ વૈદિક સાહિત્યમાં પ્રાપ્ત થાય છે.

ઋગ્વેદમાં :—મંડળ	સૂક્ત	ઋચા
૧	૧૩	૧ થી ૧૨
૧	૧૪૨	૧ થી ૧૨
૧	૧૮૮	૧ થી ૧૧
૨	૩	૧ થી ૧૧
૩	૪	૧ થી ૧૧
૫	૫	૧ થી ૧૧
૭	૨	૧ થી ૧૧
૯	૫	૧ થી ૧૧
૧૦	૭૦	૧ થી ૧૧
૧૦	૧૧૦	૧ થી ૧૧

યજુર્વેદ(વાજ.)માં :—અધ્યાય	મંત્ર
૨૦	૩૬ થી ૪૬ (મૈ.સં. : ૩.૧૧.૧, કા સં. : ૩૮.૬ તૈ. બ્રા. ૨.૬.૮.)
૨૦	૫૫ થી ૬૬ (મૈ.સં. : ૩.૧૧.૩, કા.સં. : ૩૮.૮ તૈ. બ્રા. : ૨.૬.૧૨)
૨૧	૧૨ થી ૨૨ (મૈ.સં. : ૩.૧૧.૧૧, કા.સં. : ૩૮.૧૦ તૈ. બ્રા. : ૨.૬.૧૮)
૨૧	૨૯ થી ૪૦ (મૈ.સં. : ૩.૧૧.૨, તૈ.બ્રા. : ૨.૬.૧૧)
૨૭	૧૧ થી ૨૨ (મૈ.સં. : ૨.૧૨.૬, કા.સં. : ૧૮.૧૭

યજુર્વેદ(વાજ.)માં :—અધ્યાય	મંત્ર
૨૮	૧ થી ૧૧
૨૮	૨૪થી ૩૪
૨૯	૧ થી ૧૧ (મૈ.સં. : ૩.૧૬.૨, કા.સં. : ૫.૬.૨, તૈ. બ્રા. : ૫.૧.૧૧)
૨૯	૨૫થી ૩૬ (મૈ.સં. : ૪.૧૩.૩, કા.સં. : ૧૬.૨૦ તૈ. બ્રા. : ૨.૬.૩.૭)

અથર્વવેદમાં :— ૫.૨૭.૮.૧૨

ઋગ્વેદમાં બધાં મળીને ૧૦ આપ્રી સૂક્ત છે. જેમના કુલ મંત્રોની સંખ્યા ૧૧૨ છે. પણ તેમાં ૫ મંત્રો પુનરુક્ત છે. આ દૂર કરવામાં આવે તો વાસ્તવિક સંખ્યા ૧૦૭ની થાય. ઋ.વે. ૧.૧૩.૯માં इळा सस्वती......એ મંત્ર ઋ.વે. ૫.૫ ૮ તરીકે પુનરુક્ત થયો છે. તેવી જ રીતે ઋ.વે. ૩.૪.૮થી ૧૧ એ ચાર મંત્રોનું ઋ.વે. ૭.૨.૮થી ૧૧માં પુનરાવર્તન થાય છે. આમ કુલ પાંચ મંત્રો પુનરાવર્તન પામે છે. વાજસનેયિ સંહિતામાં ૯ આપ્રી યજૂંષિ છે. અને તેના કુલ મંત્રો ૧૦૩ છે. તૈ.બ્રા.માં ૧ આપ્રી પ્રૈષ છે અને કુલ મંત્રોની સંખ્યા ૧૨ છે. અથર્વવેદમાં એક આપ્રી સૂક્ત છે અને તેના કુલ મંત્રો ૧૨ છે. જ્યાં જ્યાં ૧૨ મંત્રો હોય ત્યાં તનૂનપાત્ અને નારાશંસનો પૃથક્ નિર્દેશ છે એ ધ્યાનમાં રાખવાનું છે. આમ જો બધા આપ્રી મંત્રોનો સરવાળો કરવામાં આવે તો તેમની સંખ્યા ૨૪૦ની થાય. અને તેમાંથી પાંચ પુનરુક્ત મંત્રો બાદ કરતાં વાસ્તવિક સંખ્યા ૨૩૫ની થાય.

आप्री सूक्तની ચર્ચા અનેક બ્રાહ્મણોએ કરી છે. અને તેનો વ્યુત્પત્તિજન્ય અર્થ પણ આપ્યો છે, જેમ કે :

(१) आप्रीभिराप्नुवन् । तदाप्रीणामाप्रित्वम् ।[1]

(२) आप्रीभिराप्रीणाति ।[2]

(३) आप्रीभिराप्रीणाति । तदाप्रीणाति तस्मादाप्रियो नाम ।[3]

(४) तद्यदेनम् (पशुम्) एताभिराप्रीभिराप्रीणात्तस्मादाप्रियो नाम ।[4]

(५) तदेताभिराप्रीभिराप्यायन्ति तदाप्याययन्ति तस्मादाप्रियो नाम ।[5]

(६) ताभिः(आप्रीभिः) सः (प्रजापतिः) मुखतः आत्मानमाऽप्रीणीत ।[6]

---

૧ તૈ. બ્રા. ૨.૨.૮.૬.

૨ ઐ. બ્રા. ૨.૪.

૩ કૌ. બ્રા. ૧૦.૩.

૪ મા. શ. (माध्यन्दिनीयशतपथ) બ્રા. ૧૧.૮.૩.૫.

૫ એજન, ૩.૮.૧.૨.

૬ તૈ. સં. ૫.૧.૮.૩-૪.

(૭) तदेता आप्रियो भवन्ति यज्ञमेवैताभिर्यजमान आप्रीणिते ।[७]

(૮) यदेतान्याप्रिय आख्यानि भवन्त्यात्मानमेवैतैराप्रीणाति ।[૮]

અહીં સહુ સ્થળે आ + √ प्री- પ્રસન્ન કરવું, ખુશ કરવું પરથી आप्री શબ્દની વ્યુત્પત્તિ દર્શાવવામાં આવી છે. અલબત્ત, દરેકની વ્યુત્પત્તિમાં વૈવિધ્ય છે. તૈ. બ્રા., ઐ. બ્રા., કૌ. બ્રા.,માં સીધો જ અર્થ છે જ્યારે મા. શત. બ્રા.માં પશુને પ્રસન્ન કરવાની વાત છે; જ્યારે મૈત્રાયણી સંહિતામાં આગળ વધીને યજ્ઞની અને યજમાનની પ્રસન્નતાનો પણ સમાવેશ થયો છે. તાંડ્ય મહા બ્રા.માં તો આત્માની પ્રસન્નતાની વાત જોવામાં આવે છે. બ્રાહ્મણગ્રન્થોની આ વિવિધ વ્યુત્પત્તિમાંથી આપ્રી-વિષયક વિચારોમાં એક પ્રકારની પ્રગતિ થયેલી દેખાય છે. પહેલાં પશુને પ્રસન્ન કરવાની વાત હતી તેમાંથી યજ્ઞ અને અંતે યજમાન અને આત્માની પ્રસન્નતાની વાત આવી છે. સહુ કોઈ વ્યુત્પત્તિ માટે आ + √ प्रीने માન્ય રાખે છે. બ્રાહ્મણગ્રન્થોમાં જ્યાં આધ્યાત્મિક યજ્ઞોના વિચારો આવે ત્યાં તો તેજ અને બ્રહ્મચર્યને અથવા પ્રાણને आप्रिय કહેવામાં આવ્યા છે.[૯]

યાસ્કના નિરુક્તમાં પણ आप्रीની વ્યાખ્યા આપી છે. અર્થાત् आप्रियः कस्मादाप्नोतेः प्रीणातेः वाप्रिभिराप्रीणातीति च ब्राह्मणम् ।[૧૦] અહીં √आप् પ્રાપ્ત કરવું અને √प्री-પ્રસન્ન કરવું પરથી आप्री શબ્દની વ્યુત્પત્તિ દર્શાવી છે. જે ઋચા દેવોને પ્રાપ્ત કરે છે કે પ્રસન્ન કરે છે અથવા જેનાથી દેવતા પ્રાપ્ત થાય છે, પ્રસન્ન થાય છે તેને आप्री કહેવાય છે. એમ દુર્ગાચાર્ય સમજાવે છે. √प्री સાથે Indo-Eur. *pri-* 'to have willingly' અને Old Bulg. *priyati* 'to be favourable'ને સરખાવી શકાય.

આપ્રી સૂક્તોની સંખ્યા યાસ્કે एकादश એટલે અગિયાર ગણાવી છે.[૧૧] આપણે ઉપર નોંધ્યું છે ત્યાં ઋગ્વેદમાં ૧૦ આપ્રી સૂક્તો છે. આનું સમાધાન એ છે યાસ્કે प्रैष સૂક્ત સહિત આપ્રી સૂક્તો ગણ્યા છે. બૃહદ્દેવતામાં આ હકીકત સ્પષ્ટ કરવામાં આવી છે.[૧૨] તેના વિના તેની ઋગ્વેદમાં સંખ્યા ૧૦ની છે. આપ્રી સૂક્તમાં પ્રત્યેક મંત્રમાં ભિન્નભિન્ન દેવતા હોય છે તેમાં પ્રત્યેક ઋચામાં અનુક્રમે સમિધા, અગ્નિ, તનૂનપાત્, નરાશંસ, ઈળા, બર્હિ, દિવ્ય દ્વાર, ઉષા-

---

૭ મૈ. સં. ૩.૯.૬.

૮ તાં. મહા બ્રા. ૧૫.૮.૨., ૧૬.૫.૨૩.

૯ જુઓ : तेजो वै ब्रह्मचर्य समाप्रियः । ઐ. બ્રા. ૨.૪ અને
प्राणा वा आप्रियः । કૌ. બ્રા. ૧૮.૧૨

૧૦ नि. ८-४ ऋचस्तावदाप्नुवन्ति प्रीणन्ति वा देवता इत्याप्रियः । अथ पुनर्देवता आप्नयन्ते आप्रीयन्ते वा इत्याप्रियः । दुर्ग.

૧૧ इतीमान्येकादशाप्रीसूक्तानि ।

૧૨ प्रैषैः सहाप्रीसूक्तानि तान्येकादश सन्ति च ।
यजूंषि प्रैषसूक्तं वा दशैतानीतराणि नु ॥ બૃ. દે. ૨.૧૫૨.

નેકતા (ઉષા ને રાત્રિ) બે દિવ્ય હોતાઓ, ત્રણ દેવીઓ (સરસ્વતી, ઈળા, ભારતી), ત્વષ્ટા, વનસ્પતિ અને સ્વાહા (અગ્નિ) દેવતા હોય છે.[૧૩]

સામાન્ય રીતે અગિયાર દેવો આપ્રી સૂક્તોમાં હોય છે અને તેમની મંત્રસંખ્યા પણ ૧૧ હોય છે. જ્યાં તનૂનપાત્ અને નારાશંસ એમ બંને માટે પૃથક્ મંત્ર હોય છે ત્યાં મંત્ર-સંખ્યા ૧૨ની થાય છે. જેમ કે ઋ.વે. ૧.૧૩ અને ૧.૪૨. અન્યત્ર જ્યાં નારાશંસનો સમાવેશ છે ત્યાં તનૂનપાત્ નથી અને જેમાં તનૂનપાત્ની સ્તુતિ છે ત્યાં નારાશંસની સ્તુતિ નથી. ઋ.વે. ૧.૧૮૮, ૩.૪, ૯, ૫, અને ૧૦.૧૧૦માં તનૂનપાત્ની સ્તુતિ છે જ્યારે ઋ.વે. ૨.૩, ૫.૫ ૭.૨, અને ૧૦.૭૦માં નારાશંસની સ્તુતિ છે. શૌનકનો એક શ્લોક જણાવે છે કે કણ્વ, અંગિરા, અગત્સ્ય, શુનક, વિશ્વામિત્ર, અત્રિ, વશિષ્ઠ કાશ્યપ, બાધ્યશ્વ અને જમદગ્નિને ઋ.વે.ના આપ્રી સૂકતના ઋષિઓ ગણાવ્યા છે.[૧૪] પ્રાચીનકાળમાંના ઋષિઓને અનુલક્ષીને કોઈક વિવાદ અવશ્ય હતો એમ લાગે છે. કારણ ગાણગિરિનો મત ટાંકીને આની ચર્ચા આ. શ્રૌ. સૂ.માં કરવામાં આવી છે.[૧૫] બ્રાહ્મણગ્રન્થોમાં આપ્રી સૂક્તોના યજ્ઞપરક વિનિયોગની વિસ્તૃત ચર્ચા-વિચારણા થઈ છે. બૃ. દે.માં પણ ત્રણ આપ્રી સૂકતો સૌત્રામણી, સાથે એક પ્રાજાપત્ય એક અશ્વમેધ અને એક પુરુષમેધ સાથે સંબંધ ધરાવે છે એમ જણાવ્યું છે.[૧૬]

યજ્ઞમાં વિશિષ્ટ વિનિયોગ માટે આપ્રીસૂક્તોનું નિર્માણ થયું છે એમ પ્રાચીનકાળથી મનાતું આવ્યું છે. પ્રો. પોતદારનો મત છે કે આરંભમાં આ સૂક્તોનો કેવળ સાદા યજ્ઞમાં વિનિયોગ થતો હશે અને પાછળથી જેમ જેમ યજ્ઞવિષયક ચર્ચાઓ વિસ્તાર પામતી ગઈ તેમ તેમ આ સૌને વિશિષ્ટ યજ્ઞોની વિધિમાં વિનિયોગથી સમાવી લેવાયા હશે.[૧૭]

આધુનિક વિદ્વાનોમાં મેકસમૂલર, હૉગ, ગ્રાસમેન, બ્લૂમફીલ્ડ વગેરે એ આપ્રી સૂક્તોની ચર્ચા-વિચારણા કરી છે. મેકસમૂલરનું મંતવ્ય છે કે આ આપ્રીસૂકતોનો ઋગ્વેદમાં સમાવેશ આરંભમાં

---

૧૩ सुसमिद्ध (१.१३) इतीध्मः समिद्धो वाग्निस्तनूनपानाराशंसे इळो बर्हिर्देवीद्वार उषासानक्ता देव्यौ होतारौ प्रचेतसौ तिस्रो देव्यः सरस्वतीळाभारत्यस्त्वष्टा वनस्पतिः स्वाहा कृतय इति प्रत्यृचं देवता एतदाप्रीसूक्तम् । ऋ.वे. १.१३

ઉપર સા. વળી જુઓ:—બૃ. દે. ૨. ૧૪૭ થી ૧૫૦. યાસ્ક નિ. ૮. ૪ થી ૨૨ સુધીમાં પ્રત્યેક દેવના નામની વ્યુત્પત્તિ અન્ય આચાર્યોના મત સાથે આપી છે.

૧૪ तत्र भगवता शौनकेन यथर्षिपक्ष आप्रीविवेकार्थमेव श्लोक उक्तः ।
काण्वोऽगिरोऽगस्त्यः शुनको विश्वामित्रोऽत्रिरेव च ।
वसिष्ठः कश्यपो बध्यश्वो जमदग्निरथोत्तमः ॥

Max Muller : Ancient Sanskrit Literature, p. 246.

૧૫ सर्वे समानगोत्राः स्युरिति गाणगिरिः ।
कथं हि आप्रीसूक्तानि भवेयुः ॥ આ. શ્રૌ. સૂ. ૧૨.૧૦

૧૬ જુઓ :—બૃહદ્દેવતા ૨.૧૫૩.

૧૭ જુઓ : K. R. Potdar, "Apri Hymns in the Rigveda, A study and a theory", *Journal of the University of Bombay*, Vol. XIV, Pt. II ff. 1945.

થયો. ત્યાં કોઈ યજ્ઞપરક આગ્રહ (sacrificial bias) ન હતો. કારણ ઋગ્વેદના મંત્રોની સૌ પ્રથમ સંહિતા તૈયાર કરનાર ભારતના રહેવાસીઓને શરૂઆતમાં કેવળ કાવ્યની દષ્ટિએ રસ હતો. તેઓ આશ્વલાયન શ્રૌતસૂત્રના આધાર પર આપ્રી સૂક્તોનું એક નવીન અર્થઘટન પૂરું પાડવાનો પ્રયત્ન કરે છે કે આ સૂક્તો Song of Reconciliation હોવાથી તેમને આપ્રી કહેવામાં આવ્યા હશે તે પણ તેમના દેવોને ગુસ્સાથી દૂર કરવાના સ્વભાવને કારણે નહીં પરંતુ એક જ ગોત્રના કે અનેક ગોત્રના સભ્યોની દુશ્મનાવટ મિટાવવાને કારણે.[૧૮]

અલબત્ત, આવું સૂચન કરવા છતાં તેઓ એમ સ્વીકારે છે કે આપ્રી સૂક્તોના સર્જનમાં મૂળ કયું પ્રયોજન હશે એ નિશ્ચિત કરવું અઘરું છે.

હૉગ આપ્રીસૂક્તોને પ્રાચીન प्रयाज અને अनुयाज વિધિઓનો કાવ્યમય વિકાસ કે પરિણતિ સ્વીકારે છે. તેઓને મન યજ્ઞ સંસ્થા ઋગ્વેદના સમયમાં સંપૂર્ણપણે વિકસી ચૂકી હતી.[૧૯] જેઓને મુખ્ય યજ્ઞમાં ભાગ ઉપલબ્ધ થતો ન હતો તેવા કેટલાક દેવોને આપ્રીસૂક્તો દ્વારા યજ્ઞમાં આહ્વાન આપી ઘીની આહૂતિઓ અપાતી. આ આપ્રીસૂક્તો એ આર્યોના પ્રાચીનતા યજ્ઞના એક ભાગ રૂપે અસ્તિત્વમાં આવ્યા હતા. આગળ વધીને હૉગ એવું ધ્યાન દોરે છે કે આ આપ્રીસૂક્તો અવેસ્તાના 'Āfringans' સાથે સામ્ય ધરાવે છે. અલબત્ત આ ઉપરથી તેઓ આપ્રીસૂક્તોની પ્રાચીનતા સિદ્ધ કરવા ઉપરાંત અન્ય કોઈ નિર્ણય તારવતા નથી. ગ્રાસમેન અનુસાર આપ્રીસૂક્તો આરંભથી પ્રાણીયજ્ઞ (animal sacrifice) સાથે સંકળાયેલ ન હતાં, કેવળ અગ્નિમાં જે ઘૃત વગેરે હોમવાનો સીધોસાદો વિધિ હતો તેની સાથે સંબદ્ધ હતા. તેઓએ આપ્રીસૂક્તોના એક પછી એક મંત્રને કેવી રીતે યજ્ઞ સાથે સુસંબદ્ધ છે તે દર્શાવવા પ્રયત્ન કર્યો છે દા.ત. देवीद्वारને તેઓ symbolic door of the sacred chamber ગણે છે અને स्वाहाकृतयને અનુલક્ષીને ઉમેરે છે. Agni consumes the trunk and carries the offerings to the gods under the blessings of svāhā. પાછળની કલ્પના હૃદ્ય કે હૃદયંગમ પ્રતીત થતી નથી. ગ્રાસમેને देवीद्वारને પ્રતીકાત્મક ગણાવ્યું પણ એનો કોઈ હેતુ કે અગત્યતા દર્શાવી નથી. उषासानक्ता શા માટે અહીં આપ્રી દેવોમાં સ્થાન પામે છે કે दिव्यौ होतारौનું સ્થાન શું છે એની પણ ચર્ચા તેઓએ આપી નથી. આમ તેઓએ કેટલીક કાલ્પનિક રીતિમાંથી પ્રતીકો જોયાં છે પણ તેને આંતરિક પુરાવાઓથી સિદ્ધ કરી શક્યા નથી. પરિણામે તેઓનું મંતવ્ય સર્વથા ઉપાદેય નથી.[૨૦]

---

૧૮ It is possible that Àprī hymns may have been the songs of reconciliation and they were called Āprī i. e. appeasing hymns not because of their appeasing the anger of gods, but the enmities of the members of the same or different families—M.M. A.S.L. 246.

૧૯ 'Āprī' hymns are nothing but a poetical development of the more ancient prayājas and anuyājas.

— Haug, Aitareya Brahman, intro. p. XXVIII.

૨૦ વધુ માટે જુઓ :—

Prof. Gadgil, *Journal of the University of Bombay*, Nov. 1935, page 19., and K. R. Potdar, *Journal of University of Bombay*, Sept., 1945, p. 33.

બ્લૂમફીલ્ડ આપ્રીસૂક્તોને પ્રાગૈતિહાસિક ગણાવી તેઓ ઋગ્વેદના ઋષિ પાસે ઊતરેલ છે એમ જણાવે છે. તેઓ આપ્રી સૂક્તોની શૈલી અને સમયમાં ઘણો સારો એવો ભેદન્તફાવત નિહાળે છે. ' કયા યજ્ઞમાં કેવી રીતે આ આપ્રીસૂક્તોનો વિનિયોગ થાય છે એ જાણ્યા પછી વધુ પ્રકાશ પડી શકે એમ સ્વીકાર્યું છે. આથી સહેજે સમજી શકાય કે તેના યજ્ઞપરક વિનિયોગ કે સામાજિક અને ધાર્મિક અગત્યતાથી તેઓને પૂર્ણ પરિચિત થવાનું બાકી રહી ગયેલું છે. તેઓના મંતવ્ય પરથી આપ્રીસૂક્તથી પ્રાચીનતાથી સવિશેષ કોઈ તારવી શકાતું નથી.

હૉગ તેમ જ અન્ય વિદ્વાનોએ ઋગ્વેદના આપ્રીસૂક્તો અને અવેસ્તાના 'Afringan Gāthā'માં સામ્ય જોયું છે. આફ્રિન્ગન ગાથાઓનો આજે ઉપયોગ મૃતાત્માઓ અને ફિરસ્તાઓની સ્તુતિ વગેરે માટે કરવામાં આવે છે. તેમાં અહુરમઝ્દ, અહુ, રતુ, ગાથા અહુનાવતિ, ગાથા ઉત્સવતી અને અન્યની સ્તુતિ કહેવામાં આવે છે. આથી એમ માનવા કતિપય વિદ્વાનો પ્રેરાયા છે કે આપ્રી સૂક્તો ગમે તે યજ્ઞની સાથે સંકળાયેલ આજે ઉપલબ્ધ થતાં હોય પણ પ્રાચીનકાળમાં એક વખત તેઓનો આફ્રિન્ગન ગાથાઓ સાથે ગાઢ સંબંધ અવશ્ય હશે.

હૉગે તો અગ્નિષ્ટોમ અને અવેસ્તાની કેટલીક વિધિઓ વચ્ચે રસપ્રદ સામ્ય પણ દર્શાવ્યું છે. પણ આવી કોઈ સમાનતા કોઇ નિશ્ચત મતને પુષ્ટિ આપી શકે ખરી ? એ એક પ્રશ્ન છે. તેમાંય વળી વૈદિક અને અવેસ્તાનો ધર્મ તો સદીઓ પૂર્વેથી એકબીજાને ભિન્ન સ્વીકારતો આવે છે. શાબ્દિક કે ઉચ્ચારણજન્ય સામ્ય કે કોઈક વિધિગત સમાનતાને કારણે બંનેને એકસરખા સ્વીકારી લેવામાં થોડુંક સાહસ અવશ્ય છે. પછી તો 'લંકા એટલે લેંકેશાયર' એમ કહીને નવી નવી 'Theory' કયાં નથી કલ્પી શકાતી ? આપ્રીસૂક્ત અને આફ્રિગન ગાથાઓના સામ્યને કારણે પણ પરસ્પર વિરોધી મતો અસ્તિત્વમાં આવ્યા છે. અવેસ્તામાં ગાથાની સંખ્યા પાંચ નિશ્ચિત છે તેમ આપ્રીસૂક્તોમાં મંત્રોની સંખ્યા ૧૧ છે. અવેસ્તામાં અગ્નિનું મહત્ત્વ છે. તેમ આપ્રીસૂક્ત પણ મૂળમાં તો અગ્નિનું મહત્ત્વ સાબિત કરનાર છે. આથી અવેસ્તાના આફ્રિન્ગન ગાથા પરથી ઋગ્વેદના આપ્રીસૂક્તો આવ્યા છે. આ મતની સામે એમ સૂચવાયું છે કે આપ્રી સૂક્તોની રચના અવેસ્તા કરતાં ૨૫૦૦ વર્ષ પૂર્વે થઈ છે. આપ્રીસૂક્તોના દર્ભ, દ્વાર, વગેરે ભૌતિક દેવતાઓ પરથી આગળ વધીને અવેસ્તામાં ભાવાત્મક દેવતાઓ આવ્યા છે. અવેસ્તાની આવા પ્રકારની વૃત્તિ રહેલી છે એમ મિલે વિસ્તારથી ચર્ચીને બતાવ્યું છે. ત્વષ્ટા કે ઉષાસાનક્તાને સ્થાને ગાથામાં Angelsને રજૂ કરવામા આવ્યા છે. આપ્રીસૂક્તમાં બર્હિ વગેરે યજ્ઞના સાધનોની સ્તુતિ છે તો આફ્રિન્ગન ગાથાઓમાં ગાથાઓની જ સ્તુતિ છે. આ સહુ એમ દર્શાવે છે કે મૂળ ઋગ્વેદના સૂક્તો પર સુધારો કરી, દેવોને બદલી અને અગિયારમાંથી પાંચની સંખ્યાને નિશ્ચિતરૂપે સ્વીકારીને આપ્રીસૂક્તો પરથી આફ્રિન્ગનગાથાઓ ઉતરી આવી છે. પણ ઉપર નોંધ્યું તેમ મને તો આવી Theory માંથી સંપૂર્ણ સત્ય તારવવું અશકય નહીં તો અઘરૂં તો અવશ્ય લાગે છે. અને તેમાંય જયારે આ પ્રશ્ન લાગણીનો બની જાય છે ત્યારે નાદુરસ્ત વાતાવરણ પણ સર્જાય છે.

પોતદારે આપ્રી સૂક્તોના દેવતાની વિસ્તૃત ચર્ચા કરી છે. અને આ આપ્રી સૂક્તોમાં કાવ્યતત્વ સુંદર રીતે વિલસે છે તે દર્શાવવાનો પ્રયત્ન પણ કર્યો છે. તેઓએ વસિષ્ઠના સૂક્તને

પ્રાચીનતમ આપ્રીસૂક્ત હોઈ શકે તેવું દર્શાવવા વિસ્તૃત ચર્ચા પણ આપી છે. અને શૌનકે[૨૧] આપેલ આપ્રી અને આપ્રના નામના ભેદની ચર્ચાવિચારણા પરથી તેઓ નિષ્કર્ષ તારવે છે કે आप्री એ મૂળ નામ છે. અને તેમાંથી કેટલાંક સૂક્તોને જુદા તારવવા શૌનકે आप्र નામનો પ્રથમવાર પ્રયોગ કર્યો છે. શૌનકાચાર્યના શબ્દોમાં જ સ્પષ્ટ છે કે જેમાં तनूनपात् નથી તે आप्र અને જેમાં છે તે आप्री. आप्री શબ્દપ્રયોગ ઋગ્વેદમાં કયાંય થયો નથી. आप्र શબ્દ ઋ. વે. ૧. ૧૬૨.૨માં આવે છે. અને ત્યાં સાયણ મુજબ आप्रस्य आपनशीलस्य એવો અર્થ છે. આ આપ્રી સૂક્તો મૂળમાં આવું કોઈ નામ આપવામાં આવ્યું હોય તેમ પ્રતીત થતું નથી કદાચ ઋગ્વેદના મંત્રોની સંહિતા તૈયાર થઈ ત્યાં સુધી પણ આવું નામ ન અપાયું હોય! આરંભમાં સરળ અગ્નિદેવતાવાળા યજ્ઞમાં એ પ્રયુક્ત થતા હોય અને પાછળથી મોટા યજ્ઞના એક પૂર્વાંગરૂપી બની ગયા. તેઓ દેવોને પ્રસન્ન કરવા સમર્થ છે માટે 'आप्री' આવું નામકરણ બ્રાહ્મણકાળ દરમ્યાન થયું હોય એમ માનવા વિદ્વાનો પ્રેરાય છે. ગમે તે હોય પણ આ સૂક્તોનું આગવું મહત્વ અતિ પ્રાચીનકાળથી જળવાયેલું છે તે નિઃસંદેહ હકીકત છે.

કાપાલી શાસ્ત્રી અનુસાર અગ્નિનું વિશિષ્ટ સ્વરૂપ અન્ય કોઈ પણ સૂક્તો કરતાં આપ્રી સૂક્તોમાં વ્યક્ત થયું છે. ઋષિના આંતરિક કે આધ્યાત્મિક યજ્ઞની પરિપૂર્તિ કાજે અગ્નિની અહીં સ્તુતિ કરવામાં આવી છે. અહીં જે વિવિધ દેવતાઓ છે તે અગ્નિના એટલે Divine Willના વિવિધ સ્વરૂપો છે. અહીં Divine Willની જ્વાળાઓની સ્તુતિ ધીમે ધીમે તેના સ્તોતાની આધ્યાત્મિક ઉત્ક્રાંતિ સાધવા કરવામાં આવી છે. અહીં આત્મસમર્પણની ભાવનાથી આવા અર્થમાં યજ્ઞ સિદ્ધ કરવાનો છે. જો આપણે ઐ. બ્રા. કે કૌ. બ્રા. ની 'આપ્રી' ની વ્યાખ્યા જોઈશું તો જણાશે કે આપ્રીમાં આધ્યાત્મિકતાનું દર્શન કરવાની પ્રથા બ્રાહ્મણયુગમાં આવી ચૂકી હતી.[૨૨]

---

૨૧ एतदाप्रीसूक्तम् । एतेनान्यान्युक्तदैवतानि एकादशकानि तु नाराशंसानि आप्रशब्दोक्तानि अतनूनपातत्वंति ।

—શૌનક. સર્વા. ઋ.વે. ૧.૧૩ ઉપરની.

૨૨ જુઓ. પાદટીપ નં. ૯.

બહુચરાજીની પ્રાચીનતા

જેઠાલાલ ત્રિવેદી

પુરાણોક્ત શક્તિપીઠ—જેને મહાપીઠ કહી શકાય તેવું કોઈ સ્થાન ગુજરાતમાં નથી.* છતાં પરંપરાથી ત્રણ શક્તિપીઠો ગુજરાતમાં ખ્યાતિ પામેલાં છે. એ ત્રણેમાં બહુચરાજીનું શક્તિપીઠ કેટલીક વિશિષ્ટતાઓ ધરાવે છે. પાવાગઢ પર આવેલું મહાકાલીનું તથા આરાસુરનાં અંબાજીનું પીઠ પહાડની અંદર છે, જ્યારે બહુચરાજીનું પીઠ ચુંવાળના સપાટ પ્રદેશમાં આવેલું છે. આરાસુરી અંબાજી તથા બહુચરાજીના ગોખમાં દેવીઓની યંત્રરૂપે સ્થાપના કરવામાં આવી છે, મૂર્તિ નથી. યંત્રના પતરાની તકતીને 'આંગી' કહે છે અને તેણે વસ્ત્રો તથા આભૂષણોથી શણગારવામાં આવે છે.

બહુચરાજી તળ ગુજરાતનું શક્તિપીઠ છે અને તે મહેસાણા જિલ્લાના ચાણસમા તાલુકામાં આવેલું છે. આ દેવીપીઠની પ્રાચીનતા વિષે સંદેહ ઉઠાવવામાં આવે છે. છતાં ઉપલબ્ધ માહિતી અને પ્રમાણો ઉપરથી તે ઠીક ઠીક પ્રાચીન હોવાનું જણાઈ આવે છે. સ્વ. રામમોહનરાય જસવંતરાય તથા સ્વ. રામલાલ ચૂનીલાલ મોદીએ આ સંબંધમાં ઉપયોગી ચર્ચા કરેલી છે. સ્વ. રામલાલ મોદીનાં વિધાનો ભક્તિભાવની દૃષ્ટિએ નહિ ઐતિહાસિક દૃષ્ટિએ થયેલાં છે, છતાં તેમાંની કેટલીક હકીકતો ફેરવિચારણા માગે છે એટલે તે દૃષ્ટિએ આ લેખ લખવાનો પ્રસંગ ઉપસ્થિત થયો છે.

ગુજરાતમાં શક્તિપૂજા

પ્રસ્તુત ચર્ચાનો પ્રારંભ કરતા પહેલાં ગુજરાતની શક્તિપૂજાના સ્વરૂપ વિશે થોડો ખ્યાલ મેળવવો આવશ્યક છે. શક્તિસંપ્રદાયના પ્રચારમાં ગુજરાતનું સ્થાન કયાં છે તે નીચેનો શ્લોક નિર્દિષ્ટ કરે છે:—

गौडे प्रकाशिता विद्या मैथिले प्रबलीकृता ।
क्वचित क्वचिन्महाराष्ट्रे, गुर्जरे विलयं गता ॥

ગૌડ—બંગાલમાં પ્રગટ થયેલી વિદ્યા—શ્રીવિદ્યા,[1] મિથિલામાં જતાં વિસ્તાર પામી મહારાષ્ટ્રમાં તેનો થોડોક પ્રચાર થયો પણ ગુજરાતમાં તેનો વિલય થયો. મતલબ કે ગુજરાતમાં

* આધુનિક સંશોધનથી સિદ્ધ થયું છે કે, પાવાગઢ ઉપર શ્રી કાલિકા માતાજીનું સ્થાન સિદ્ધિ-પીઠો પૈકીનું એક છે. જુઓ, મહેતા (ડૉ.), રમણલાલ ના., 'કાલીપીઠ' એ લેખ, 'પથિક' વર્ષ ૧૪, અંક ૭, એપ્રિલ ૧૯૭૫, પૃ. ૧૦-૧૨.

૧ 'શ્રી'નો અર્થ 'ત્રિપુરાસુંદરી' અને 'વિદ્યા'નો અર્થ 'મંત્ર' એવો છે. તે રીતે ત્રિપુરાસુંદરીના મંત્ર તથા તેના અધિષ્ઠાતા દેવતાને જાણવા તે 'શ્રીવિદ્યા' છે. (સ્વામી હરિશરણાનંદ વૈદ્ય, ભસ્મવિજ્ઞાન : હિંદી,) : પૃ. ૪૩.

શાક્ત મતના પ્રસિદ્ધ આચાર્યો થયેલા ખાસ જણાતા નથી. ગુજરાતમાં શાક્ત સંપ્રદાયનું કોઈ મહાપીઠ પણ નથી. દેવીપૂજા ગુજરાત અવશ્ય કરે છે, પણ પ્રજાનો મોટો ભાગ પશુબલિ જેવી હિંસા કે મદ્યાદિના વળગણથી દૂર ભાગતો રહ્યો છે એટલે વામ અને દક્ષિણ એ નામથી ઓળખાતી દેવીપૂજાની વિધિઓમાં ગુજરાત સૌમ્ય એવા દક્ષિણ માર્ગનું અનુસરણ કરનારો પ્રદેશ છે. વળી ગણ્યાગાંઠ્યા વામ–માર્ગી શાક્તો હોય તો તે પોતાનું પૂજાકાર્ય વગેરે ગુપ્ત રાખતા હોય છે. આથી 'अन्तः शाक्ता बहिः शैवाः सभामध्ये तु वैष्णवाः ।' એ ઉક્તિ ગુજરાતના શાક્તોને વધુ બંધબેસતી લાગે છે. ગુજરાતમાં જૈન અને વૈષ્ણવ ધર્મોનું પ્રાબલ્ય હોઈ હિંસક સ્વરૂપની શક્તિપૂજા મોટે ભાગે ભૂગર્ભમાં જ સંભવી શકે.

વામ-માર્ગી દેવીપૂજા પ્રત્યેની ગુર્જર જનતાની સામાન્ય ઉપેક્ષાવૃત્તિ મધ્યકાલમાં બહુચરાજીના શક્તિપીઠની પ્રસિદ્ધિની અને પ્રચારની એક મર્યાદા બની હોય એમ લાગે છે.

ચારણ દેવીઓ

ફાર્બસ કૃત 'રાસમાળામાં' ચારણો દ્વારા મળેલી દંતકથા પ્રમાણે બહુચરાજીની ઉત્પત્તિ દર્શાવેલી છે. સં. ૧૩૬૫માં બહુચરા નામની ચારણ સ્ત્રી લૂંટારા સામે લડતાં ખપી ગઈ અને તે દેવી તરીકે પૂજાવા લાગી. એ બહુચરાની બે બહેનો બૂટ અને બલ્લાળ પણ દેવીઓ તરીકે પૂજાય છે. બૂટ માતાનું સ્થાન ઝાલાવાડમાં પ્રસિદ્ધ છે. બલ્લાળનું સ્થાનક અમૂલી, બાલાપર, મસૂદડા વગેરે ચારણોનાં ગામે પાસે, ઝોલાપુરીના કાંઠે સોમનાથ નામે ડુંગરમાં છે. આ ત્રણે બહેનો ઉજળા ગામે બાપલ દેથા નામના ચારણને ત્યાં જન્મી હતી.

સતીઓ અને ખાસ કરીને ચારણ કન્યાઓ[૨] દેવી તરીકે પૂજાતી હોવાની વાત પરંપરાગત સિદ્ધ છે. ઉદાહરણ તરીકે મામડિયા ગઢવીની સાત દીકરીઓ દેવી તરીકે પૂજાય છે. તેમાં ખોડિયાર વધુ પ્રસિદ્ધ છે. એટલે ચારણ કન્યા 'બહુચરા' દેવી તરીકે પૂજાપાત્ર બને તે વાત અસંભવિત ન ગણાય, પણ બહુચરાજીનું સ્થાન સં. ૧૩૬૫ પહેલાં પણ પ્રસિદ્ધ હોવાના આધારો મળે છે તે આપણે હવે પછી અવલોકીશું.

સં. ૧૨૮૦ના દાનપત્રનો પુરાવો અને જૈન કોચરરાસ

ભીમદેવ સોલંકીના માંડલિક રાજા જયંતસિંહે સણખલપુરના મહાદેવના મંદિર માટે સાંપાવાડા અને ડોડિયાપાટક ગામની જમીનો દાનમાં આપેલી, તે અંગેનું સં. ૧૨૮૦નું દાનપત્ર મળી આવેલું છે. તે દાનપત્રમાં જમીનના આઘાટ (ખૂંટ) દર્શાવેલા છે, તે આજુબાજુનાં[૩] તે સમયનાં ગામોનો ઉલ્લેખ સ્પષ્ટ બતાવે છે. એ લેખમાં ડોડિયાપાટકની જમીનના ખૂંટ નીચે પ્રમાણે બતાવેલા છે :

"પૂર્વમાં ઈટિલા કાલ્હરી અને **બહિચર ગામ,** દક્ષિણમાં ફીંચડી ગામની હદ, પશ્ચિમે શેષદેવતાની હદ અને ઉત્તરે ડોડિયાપાટકની કોઈ જમીન."

---

૨ જુઓ : "ચારણ દેવીઓ" નામે શ્રી દુલા ભાયા કાગનો લેખ : 'સત્ સંદેશ : શક્તિ અંક', પૃ. ૩૦૪.

૩ ગુજરાતના ઐતિહાસિક લેખો (ફાર્બસ સભા : મુંબઈ) ભા. ૨, લેખ. નં. ૧૬૫.

આમાં **બહિચર** ગામનો ઉલ્લેખ નોંધપાત્ર બને છે. સંવત ૧૬૮૭માં જૈન સાધુ ગુણ-વિજયજીએ ડીસા ગામમાં રહીને 'કોચર વ્યવહારી રાસ' નામનું કાવ્ય લખેલું છે. તેમાં પણ **બહિચર** ગામ અને **'દેવી બહિચરી'**નો ઉલ્લેખ થયેલો છે :

"તે ગાઉથી એક ગાઉ માનિ, ગામ અછઈ **બહિચર** અભિધાની;
તસ તીહિં પુહવિં પરવડી, જનજ્નહરિ **દેવી બહિચરી.**"

આ રાસના નાયકો કોચર, દેપાલ અને સાજણસિંહનો સમય વિક્રમના પંદરમા શતકનો માનવામાં આવે છે.[૪]

આ કવિ બહિચરીનું સ્થાન 'જનજ્નહરિ' એટલે જનતામાં પ્રસિદ્ધ હોવાનું કહે છે. એટલે પંદરમા શતકથી પણ પૂર્વેનું તે સ્થાન હોવાનું સમજાય છે. સં. ૧૨૮૦ના દાનપત્રમાં 'બહિચર' ગામ બતાવ્યું છે. પ્રસ્તુત રાસમાં તે ગામ ઉપરાંત "બહિચરી દેવી" પણ દર્શાવી છે. બહિચરી દેવીના સ્થાનકને અંગે જ બહિચર ગામ વસ્યાનું સ્વાભાવિક અનુમાન થઈ શકે. તેજપાલ સોલંકીને બહિચરીએ પુરુષાતન આપ્યાનો ગરબો અને દંતકથા પ્રચલિત છે. તેમાં તેજપાલને આ સ્થાનક જંગલમાં-નિર્જન સ્થાનમાં જ મળી આવે છે. માતાજીના સ્થાનને ખોળી કાઢવામાં સરળતા થાય તે માટે તે વરખડીના ઝાડના થડમાં ત્રિશૂળનું નિશાન કરે છે. આ હકીકત બતાવે છે કે તે સ્થાન કોઈ ગામની ભાગળમાં કે સમીપમાં નહિ, પણ નિર્જન વગડામાં હતું. ગોવાળો નિર્જન વગડામાં માતાજીનું સ્થાન શોધી કાઢી ત્યાં કુલડીમાં રાંધેલા સ્વલ્પ પ્રસાદથી રાજાનું કટક (લશ્કર) જમાડે છે, એવી દંતકથા પણ પ્રચલિત છે. એ કથા પણ બહુચરાજીનું સ્થાન નિર્જન વગડામાં હતું, એમ દર્શાવે છે. એટલે સ્થાનકની પ્રસિદ્ધિ અને જનસંચાર વધતાં ત્યાં નાનું ગામ વસે અને તે 'બહિચરી'ના નામ ઉપરથી 'બહિચર'નામે ઓળખાય એ સ્વાભાવિક છે. એટલે 'બહિચર' ગામ ઉપરથી 'બહિચરી' નામ પડ્યાની કલ્પના નિરાધાર લાગે છે.

બહિચર પહેલાં કે બહિચરી ?

સ્વ. રામમોહનરાય જસવંતરાય પણ માને છે કે બહિચર માતાના નામ પરથી ગામનું નામ બહિચર પડ્યું હશે. પણ સ્વ. રામલાલ મોદી તે વાત સ્વીકારતા નથી[૪]. રામમોહનરાયની વાત નકારતાં સ્વ. મોદી પ્રશ્ન કરે છે: "મુંબાદેવીનું નામ કોઈ શાસ્ત્રમાં છે ? જો ન હોય તો સ્પષ્ટ છે કે મુંબઈ વસ્યા પછી એ દેવીની સ્થાપના થયેલી હોવી જોઈએ." સ્વ. મોદીના પ્રશ્નના જવાબમાં મુંબાદેવીનો હવે ઉપલબ્ધ ઇતિહાસ એવો છે કે હાલ જ્યાં વિક્ટોરિયા ટરમિનસ સ્ટેશન છે ત્યાં જ મુંબાદેવીનું પ્રાચીન મંદિર હતું. મુબારકશાહે તે મંદિરને તોડી નાખ્યું હતું પણ પાછળથી તે ફરી બાંધવામાં આવ્યું હતું. સને ૧૭૩૭માં અંગ્રેજોએ ફોર્ટ-કિલ્લાનો વિસ્તાર કર્યો ત્યારે ત્યાંના પ્રજાજનોની સંમતિ લઈને મુંબાદેવીના મંદિરને ઝવેરી બજારમાં સ્થાન આપવામાં આવ્યું[૫] મતલબ કે મુંબાદેવી પરથી મુંબાઈ નામ પડ્યું છે, મુંબાઈ પરથી મુંબાદેવી નહિ.

પોતાની કલ્પનાના સમર્થનમાં વળી સ્વ. મોદી લખે છે કે કલોલ પાસેના રૂપાલ ગામની ગ્રામદેવતા રૂપાલ માતા તરીકે પૂજાય છે. ઉનાઈ માતા ઉના અથવા ઉનાવા ગામની મૂળ ગ્રામદેવતા

૪ સ્વ. રામલાલ ચૂનીલાલ મોદી લેખ સંગ્રહ, ભા. ૨, પૃ. ૧૮૮, ૧૯૨.
૫ સત્ સંદેશ: શક્તિ અંક, પૃ. ૨૮૬.

હોવી જોઈએ એમ હું ધારૂ છું. તેમની આ ધારણા સાચી નથી. રૂપાલ ગામ મારા ગામથી બે માઈલ જ દૂર છે. ત્યાં માતાનું નામ વરદાયિની છે અને ગ્રામજનતા તેને 'વડેચી' માતા કહે છે. 'રૂપાલી' માતા કહેતાં કોઈને કદી સાંભળ્યાં નથી.

ઉનાઈ માતાને ઉના અથવા ઉનાવા ગામ સાથે સંબંધ નથી. ત્યાં 'ઊણા' (ગરમ) પાણીના કુંડ છે અને કુંડ ઉપર માતાજીનું સ્થાનક છે. ઊણા-ગરમ કુંડો પરથી માતાનું નામ અને ગામનું નામ ઉનાઈ પડયું છે. એક જનશ્રુતિ એવી છે કે, આ કુંડમાં સીતાજીએ સ્નાન કરેલું અને સ્નાન પછી તે બોલ્યાં કે: 'હું નાઈ' તે પરથી ઉનાઈ નામ પડયું.[૬] પણ ઊણા પાણીના કુંડોનો સંદર્ભ વધુ પ્રતીતિજનક લાગે છે.

સ્વ. મોદી, વેરાઈ માતા વારાહી પ્રદેશ ઉપરથી અને સિંધવાઈ માતા સિંધ દેશ ઉપરથી બન્યાં હશે એમાં સંશય નથી એમ પણ લખે છે. આ કેવું વિચિત્ર? વારાહી પ્રદેશ ઉપરથી નહિ પણ 'વરાહ'ની શક્તિ 'વારાહી' રૂપે અસુર સંહાર માટે પ્રગટી હતી તે ઉપરથી 'વેરાઈ' અપભ્રંશ રૂપ બન્યું છે. સિંધવાઈ-સૈંધવીમાતા એ સિંધ દેશની નહિ, પણ સિંધુમાંથી પ્રગટેલી એક જલદેવી માની શકાય. કારણ તેનાં મંદિર ખાસ કરીને જલાશયના કિનારા ઉપર હોય છે.

ગામના નામ ઉપરથી દેવી-દેવતાનાં નામ પડે છે. પણ પ્રસિદ્ધ દેવ-દેવીનાં સ્થાનકે તો એથી ઊલટું જ બને છે. મેવાડના સિંહડ ગામમાં આવ્યા પછી પણ શ્રીનાથજી સિંહડિયા કે સિંહડનાથ નથી બન્યા પણ સિંહડ ગામનું નામ જ શ્રીનાથજી બની ગયું. કારણ શું? કારણ છે શ્રીનાથજીની પ્રસિદ્ધિ. 'બહિચરા' દેવીને સ્વ. રામલાલ મોદી ગ્રામદેવી માને છે. પણ દેવીનું પ્રાગટ્ય જે દંતકથા રૂપે મળે છે તે જોતાં દેવી નિર્જન સ્થાનમાં—વસ્તીથી ઠીક ઠીક દૂર પ્રગટ્યાં છે. ત્યાં ગામ ન હતું. પછી એ ગામ વગરનાં ગ્રામદેવી શી રીતે બને? ગામના નામનો સ્પષ્ટ ઉલ્લેખ આપણને સં. ૧૨૮૦ જેટલો વહેલો મળ્યો છે તેટલો વહેલો દેવીના નામનો ઉલ્લેખ નથી મળ્યો, તેટલા ખાતર જ બહિચરાને ગ્રામદેવતા બનાવી દેવી એ શું તર્કસંગત છે? બહુચરાજીના ઉલ્લેખો ન થવાનું એક કારણ શાક્તમત પ્રત્યેની લોકોની અવજ્ઞા એ હોઈ શકે. 'કોચર વ્યવહારી રાસ'માં જે મોડો મોડો ઉલ્લેખ 'બહિચરી'નો થયો છે તે પણ અભાવસૂચક છે. હિંસાનું નિંદ્ય કર્મ એ સ્થાનક સાથે સંકલિત છે, તેથી એનો ઉલ્લેખ જૈન સાધુને કરવો પડ્યો છે. વલ્લભચરિત્રના ઉલ્લેખ પ્રમાણે સોળમા શતકમાં બહુચરાજી વામમાર્ગી શાક્તોના કબજે હતું અને ત્યાં અહિંસક પૂજાવિધિ પ્રચલિત કરવા વલ્લભાચાર્યજીનો દ્વારકા જતાં ત્યાં મુકામ થયો હતો. આવું સ્થાન આચાર્યો, બ્રાહ્મણો, જૈનો, વૈષ્ણવો વગેરેથી અવમાનિત બને એ સ્વાભાવિક છે. પછી જૈનો કે બ્રાહ્મણ કવિ સોમેશ્વર 'સુરથોત્સવ'માં એનો ઉલ્લેખ શાના કરે? પ્રજા અને રાજમંત્રીઓનો અનાદર પામેલું સ્થાન રાજાઓનાં દાન પણ ન મેળવી શકે એ સ્વાભાવિક છે.

આ સ્થિતિમાં બહુચરાજીના પ્રાચીન ઉલ્લેખો ન મળે એ સ્વાભાવિક છે. વળી બધા જ ઉલ્લેખોની તલાશ આપણે પૂરી કરી ચૂકયા છીએ એમ પણ ન કહેવાય.

---

૬ એજન, પૃ. ૨૮૪.

ધર્મારણ્યપુરાણ અને બહુચરાજી

સ્વ. મોદી લખે છેઃ ''ચૌદમા શતકમાં અલ્લાઉદ્દીન ખૂનીના લશ્કરે પાટણ જીત્યા પછી બહુચરાજીની નજીક આવેલું મોઢેરા ભાંગ્યું હતું, એમ धर्मारण्य માં જણાવેલું છે. પણ **એ ગ્રંથમાં બહુચરાજી સંબંધી એક અક્ષર પણ નથી.**[૭]

સ્વ. રામલાલ મોદીએ 'ધર્મારણ્ય પુરાણ'ની ઐતિહાસિક સમાલોચના લખી છે. સ્વ. પ્રભાશંકર જયશંકર પાઠકે તૈયાર કરેલા મોઢ બ્રાહ્મણો અને વણિકોના જ્ઞાતિપુરાણ **'ધર્મારણ્ય'**ના તે કાલે અપ્રગટ રહેલા સંપાદનનો ઉપોદ્ઘાત તેમણે લખ્યો છે. તે ઉપરાંત "ધર્મારણ્યમાં ઐતિહાસિક તત્ત્વ" નામે લેખ પણ તેમણે લખ્યો છે[૮] 'તેમ છતાં તેઓ "ધર્મારણ્ય' ગ્રંથમાં બહુચરાજી સંબંધી એક અક્ષર પણ નથી" એમ કહે છે તે આશ્ચર્યજનક અને હકીકતના દોષવાળું વિધાન છે.

જે ધર્મારણ્યપુરાણ પદ્મપુરાણને અનુસરી સ્વ. પ્રભાશંકર જ. પાઠકે મૂળ અને અનુવાદ સાથે તૈયાર કર્યું હતું અને જેની સમાલોચના, ઉપોદ્ઘાત રૂપે સ્વ. મોદીએ લખી હતી તે હવે પ્રગટ થઇ ગયેલું છે. તે 'ધર્મારણ્ય'ના ઓગણત્રીસમાં અધ્યાયમાં બહુચરાજી તથા તેની ઉત્પત્તિને લગતા ખાસા ૨૦ શ્લોક આપેલા છે. તે સ્વ. મોદીના જોવામાં બિલકુલ આવ્યા નથી તે આશ્ચર્યજનક છે. તેમની શરતચૂક થઈ લાગે છે.

'धर्मारण्य'માં બહુચરાજી વિષે આવતો પહેલો શ્લોક આ પ્રમાણે છે :

"धौम्य उवाच—स्थानाच्च पश्चिमे भागे पंचक्रोशप्रमाणतः ।
स्थिता बहुचरी शक्तिर्नराणां वीर्यदायिनी ॥"[૯]

આ રીતે પુરાણકારે મોઢેરાથી પાંચ ગાઉ પર આવેલી પુરુષોને પુરુષાતન આપનારી (વીર્યદાયિની) બહુચરાનો ઉલ્લેખ સ્પષ્ટ રીતે કરેલો જ છે. માત્ર ઉલ્લેખ નથી કર્યો, પણ બીજા ૧૯ શ્લોકો દ્વારા દેવી બહુચરાની ઉત્પત્તિની કથા પણ આલેખી છે.

વિસ્તાર ભયને કારણે બધા શ્લોક અહીં આપતા નથી. પણ બહુચરાની ઉત્પત્તિની એ કથાનો સારાંશ આ પ્રમાણે છે : "નવસેં નવાણું શક્તિઓ દારૂ પીએ છે, બધા સમુદ્રો શોષી જઇ મદથી વ્યાકુળ બને છે. ધૌમ્ય મુનિ કહે છે કે, પૂર્વે સત્યયુગમાં તે મહાવનમાં નવસેં નવાણું શક્તિઓ સુરાપાન કરતી હતી. માતંગીની પૂજા કરવા ઉત્કટ બની તેમણે મદિરાનું પાત્ર હાથમાં લીધું. ગૌડી, પૈષ્ટી, માધ્વી વગેરે પાંચ પ્રકારના દારૂ આણ્યા. આશ્વિન કૃષ્ણ પક્ષની ચૌદશે પાર્વતી વિમાનમાં બેસી ગગન માર્ગે જતાં હતાં. આકાશ ધુમાડાથી અને દારૂની વાસથી ભરેલું જોઈ દીક્ષિત થયેલાંને છળવા માટે તેમણે વૃદ્ધ સ્ત્રીનું રૂપ ધારણ કર્યું. તેમણે દીક્ષિત થયેલાં પાસે જઇ પીવા માટે દારૂ માગ્યો. કોઈએ પણ તેમને દારૂ આપ્યો નહિ. તેમ જગદંબાને કોઈએ ઓળખ્યાં પણ નહિ. આથી તેમણે ક્રોધાયમાન બની હજારો પાત્રોમાંથી બધી જ મદિરા શોષી લીધી. ભાંગેલાં પાત્રોના ફટાફટ

---

૭ સ્વ. રામલાલ ચૂનીલાલ મોદી સ્મારક ગ્રંથ, ભા. ૨, પૃ. ૧૮૪.

૮ એજન, પૃ. ૨૨ તથા "સ્વ. રામલાલ ચૂ. મોદી લેખસંગ્રહ, ભાગ ૧."

૯ ધર્મારણ્ય : અધ્યા. ૨૯, શ્લોક ૬૩.

અવાજ થયા. આ ઉત્પાતથી બધાં ગભરાયાં. ત્યારે ધર્મારણ્યવાસી બ્રાહ્મણો ત્યાં આવી માતાજીની સ્તુતિ કરવા લાગ્યા. **બહુપાન કરવાથી તે બહુચરી નામથી પ્રખ્યાત** થયાં.

बहुचरीनामतः ख्याता बहुपाने कृते सति ।
पानाद्धि फुल्लनयना ययाचे भक्ष्यमामिषम् ॥[१०]

સુરાપાનથી પ્રફુલ્લનેત્રવાળાં તેમણે ખાવા માટે માંસ માગ્યું. અતિ પાન કરવાથી તેમને ઘણું માંસ ખાવાની ઇચ્છા થઈ. બકરાં, ભૂંડ, સસલાં, હરણ, પાડા, કૂકડા, વગેરે નૈવેદ્યથી તેમને તૃપ્ત કરીને ભક્તિભાવથી પૂજન કર્યું એટલે તે ઇશ્વરી સંતોષ પામી. પછી તેમણે બ્રાહ્મણોને વરદાન માગવા કહ્યું. બ્રાહ્મણોએ માગ્યું :

हीनवीर्या नरा मातः पुरुषत्वमवाप्नुयुः ।
तदोवाच बहुचरी एतत्सर्वं भविष्यति ॥[११]

આ રીતે વીર્ય વગરના માણસને પુરુષાતન પ્રાપ્ત થાય તેવું વરદાન દેવીએ બ્રાહ્મણોની માગણી પરથી આપ્યું."

પુરુષત્વ આપનારી દેવી બહુચરાને ધર્મારણ્ય પુરાણની રચનાકાલે અને તેની યે પહેલાંના સમયથી, માંસ, મદિરાનું નૈવેદ્ય ધરાવવામાં આવતું હતું, એમ આ પુરાણોક્ત વર્ણન પરથી જણાય છે. મતલબ કે બહુચરાજીનું શક્તિપીઠ તે કાલે વામમાર્ગીય ઉગ્ર-પૂજાવિધિનું કેન્દ્ર હતું એમ સ્પષ્ટ થાય છે. એ જોતાં સમાજના ઉપલા થરના ભદ્ર ગણાતા લોકો પ્રગટ રીતે આ પીઠ સાથે સંબંધ રાખતાં અચકાતા હશે.

સ્વ. મોદીને શંકા થાય છે કે, અમદાવાદ વસાવનાર અહમદશાહે સોમનાથનું મંદિર અને સિદ્ધપુરનો રૂદ્રમાળ તોડ્યો પણ બહુચરાજી માટે કેમ કાંઈ ઉલ્લેખ જોવા મળતો નથી? કારણ સ્પષ્ટ છે. એક તો આ સ્થાન ભદ્ર વર્ગથી ઉપેક્ષિત હતું એટલે સુલતાનને ત્યાં જવા ભાગ્યે જ આકર્ષણ થાય. બીજું એ કે, શ્રીમંત માનાજીરાવ ગાયકવાડે આ મંદિર બનાવ્યું કે મરાઠા ફડનીશે તે પહેલું બનાવ્યું ત્યાં સુધી ત્યાં માતાજીની સામાન્ય દહેરી જ હોવાનું સમજાય છે. નાનકડું ઉપેક્ષિત મંદિર હોય તે તોડવા લશ્કર દોરવાનો પ્રસંગ ભાગ્યે જ ઉપસ્થિત થાય. મતલબ કે બહુચરાજીની પ્રતિષ્ઠા કે રોનક ત્યારે સોમનાથ કે રૂદ્રમાળ જેવી ન હતી. છતાં કોઈક જતી આવતી મુસ્લિમ સૈન્યની ટુકડીએ દેવીના સ્થાનકના કૂકડા મારી ખાધા અને તે કૂકડા સવાર થતાં જ 'કૂકડે કૂક' કરતા સૈનિકોનાં પેટ ચીરી બહાર આવ્યાની દંતકથા તો ખૂબ પ્રચલિત છે.

બહુચરાજીમાં સૌમ્ય પૂજાનો પ્રારંભ

ઉપર નિર્દિષ્ટ કર્યા પ્રમાણે બહુચરાજી પહેલાં વામમાર્ગની ઉગ્રપૂજાનું કેન્દ્ર હતું. ભીલ, કોળી તથા રજપૂતો આવી ઉગ્રપૂજામાં ભાગ લેતા હશે અને મુખ્યત્વે નિમ્ન સ્તરના લોકોને ત્યાં આકર્ષણ રહેતું હશે. દેવીની માનતા બહુ લોકપ્રિય બની હશે. કૂકડા ચઢાવવાનું તો સામાન્ય બની ગયું હશે.

૧૦ એજન, અધ્યાય ૨૯–૭૮.

૧૧ એજન, અધ્યાય ૨૯–૮૨.

લોકમેળા પણ ભરાતા હશે. આવા લોકપ્રિય શક્તિપીઠને હિંસા તથા મદિરાથી મુક્ત કરવા પાછળથી પ્રયાસો થયા હશે. તેમાં પુષ્ટિમાર્ગના સ્થાપક શ્રીમાન વલ્લભાચાર્યજીનો પ્રયાસ આપણા જાણવામાં છે. તેમણે ત્યાં મુકામ કરી વામમાર્ગી શક્તિપંથના લોકોના આચાર વિરુદ્ધ ઉપદેશ કર્યો હતો.[૧૨]

આવા બીજા પ્રયાસો પણ થયા હશે. શ્રી વલ્લભાચાર્યજી જેવા પુરુષોની તેમાં કદાચ પ્રેરણા પણ હશે. પરિણામે ધીમે ધીમે બહુચરાજીની ઉગ્ર પૂજાવિધિ સૌમ્ય બનવા લાગી હશે, એમ અનુમાન થાય છે. વૈષ્ણવો અને જૈનો પણ ત્યાં માનતા માટે આવતા થયા હશે. સાયલાના જૈન વણિકના પુત્ર મૂલચંદનું બાવલું માતાનું ચરણોદક ઝીલવા બેસાડેલું છે.[૧૩] તે ઉપરથી આ અનુમાનને ટેકો મળે છે.

પછી સં. ૧૬૯૬માં જન્મેલા ભક્તકવિઓ વલ્લભ ભટ્ટ અને ધોળા એ જોડિયા બંધુઓ બહુચરાજીના પરમ ભક્ત બન્યા. અમદાવાદ છોડી તે મોટે ભાગે બહુચરાજીના મંદિરની છાયામાં રહેતા હતા. તેમણે માતાજીની સૌમ્ય પૂજાનો ભદ્ર સમાજમાં ખૂબ પ્રચાર કર્યો. તેમના રચેલા ગરબા અને તેમણે અમદાવાદ વગેરે સ્થળોએ સ્થાપેલાં બહુચરાજીનાં મંદિરો આની સાખ પૂરે છે. પછી તો મોઢ બ્રાહ્મણ દયારામભાઈ અને જદુરામભાઈ વગેરે ભક્ત કવિઓએ પણ બહુચરાજીના ગરબા રચ્યા જે ગુજરાતમાં કંઠોપકંઠ પ્રસરી ગયા. સકામ ભાવનાથી ભદ્ર લોકો પણ પછી બહુચરાજીની માનતા અને દર્શને આવતા થયા. શ્રી માનાજીરાવ ગાયકવાડ અને ફડનીશ જેવાની ભક્તિ તેમાં નોંધપાત્ર ગણાય. ગાયકવાડ માનાજીરાવે માતાના ખર્ચના નિભાવ માટે ગામ આપ્યાં. સં. ૧૮૩૯માં મંદિર અને વિશાળ કોટ બનાવ્યો, ત્યારથી વડોદરા રાજ્ય દ્વારા માતાજીની સૌમ્ય પૂજાવિધિ નિયમિત અને આકર્ષક બનવા લાગી.

સોલંકીનો ગરબો

કાલરીના ઠાકોર વજા સોલંકીને ત્યાં કુંવરી જન્મેલી છતાં ઠકરાણીએ ખવાસણોને વિશ્વાસમાં લઈ કુંવર જન્મ્યાની વાત પ્રચલિત કરી, જેથી ગરાસ ફટાયાને હાથ ન જાય. એ કુંવરીનું નામ તેજપાલ પાડ્યું હતું. પુરુષ વેશધારી તેજપાલનો વિવાહ પાટણના ચાવડાની કુંવરી સાથે થયો અને પછી લગ્ન થયું. ચાવડીનું આણું થયું. પહેલી મુલાકાતે ભ્રમ ભાગી ગયો. ચાવડીએ જાણ્યું કે તેજપાલ પુરુષ નથી પણ સ્ત્રી છે. ચાવડીની મા દ્વારા આ વાત તેજપાલના સસરા સુધી પહોંચી. જમાઈને–તેજપાલ સોલંકીને દશૈયા રમવાને બહાને પાટણ તેડાવ્યો. પુરુષત્વની પરીક્ષા માટે જમતા પહેલાં સ્નાન માટે ગરમ પાણી રજૂ થયું. તેજપાલ જો કપડાં ઉતારી સ્નાન કરવા બેસે તો તેનો ભરમ ભાગી જાય. તેથી તે ચાવડાઓ સાથે ધીંગાણું કરી તેની લાલ ઘોડી પર બેસી પાટણનો કોટ કુદાવીને નાઠો. થાકેલો, ચિંતાતુર તેજપાલ કાલરી તરફ દોડ કરી રહ્યો હતો. માર્ગમાં એક કૂતરી તેની સાથે થઈ. વરખડીના નિર્જન વનમાં તેજપાલ થાક ખાવા બેઠો. ત્યાં સામે પાણીનું ખાબડું હતું. તેમાં પેલી કૂતરી ન્હાવા પડી.

---

૧૨ વલ્લભચરિત્ર (સ્વ. લલ્લુભાઈ પ્રાણવલ્લભદાસ), પૃ. ૨૯૭.

૧૩ બાલા ત્રિપુરાસુંદરી શ્રી બહુચરામ્બા (રતનલાલ લલ્લુભાઈ), પૃ. ૧૩૨.

તેજપાલે જોયું કે કૂતરીનો કૂતરો બની ગયો. તે આશ્ચર્યથી ઊભો થયો. તેણે લાલ ઘોડીને તે ખાબડામાં નવરાવી. ઘોડી પણ ઘોડો બની ગઈ. આ જોઈ સોલંકી કુમારે પોતે વસ્ત્ર ઊતારી તે ખાબડામાં સ્નાન કર્યું. તેના અચરજનો પાર ન રહ્યો. તે નારી મટી નર બની ગયો.

વરખડીના વનમાં આ સ્થાન સરળતાથી જડે માટે ત્યાં ત્રિશૂલનું નિશાન કરી તેજપાલ કાલરી ગયો. ચાવડી રાણી સાસરે આવી. કારણ હવે તેજપાલ પુરુષ બની ગયો હતો. તેજપાલ સોલંકીએ તે વરખડીના વનમાં માતાની સ્થાપના કરી જે પુરુષાતન આપનાર બહુચરાજી તરીકે ઓળખાયાં. મોઢ બ્રાહ્મણ દયારામે રચેલા સોલંકીના ગરબામાં આ વર્ણન મળે છે. તેજપાલની મા વસઈની વાઘેલી હતી એમ કવિ કહે છે. વલ્લભ ભટ્ટના ગરબામાં રાજાનું નામ નારસિંહ ને કુંવરીમાંથી કુંવર બનેલા કુમારનું નામ કૃષ્ણકુંવર આપ્યું છે.

આ ગરબા પ્રચલિત દંતકથા ઉપરથી રચાયેલા છે. પણ દયારામના સોલંકીના ગરબામાં મને ઠીક ઠીક ઐતિહાસિક અંશોનું પગેરું જણાય છે, તેથી આ ગરબાની વિગતો જરા વિસ્તારથી અહીં રજૂ કરી છે. દયારામે તેજપાલના પિતા તથા મોસાળનો સ્પષ્ટ ઉલ્લેખ કરેલો છે તે કપોલકલ્પના જણાતી નથી. કાલરીના સોલંકી રજપૂતોનો આ શકિતપીઠ સાથે ઐતિહાસિક સંબંધ છે. તેઓ પરંપરાથી આ સ્થાનકના ભકત તથા સંરક્ષક રહેલાં છે. આ વિષેનાં ઐતિહાસિક પ્રમાણો રજૂ કરતા પહેલાં આ શકિતપીઠ સાથે સંકળાયેલી પાવૈયાની સંસ્થાનો ઉલ્લેખ કરવો આવશ્યક છે.

વ્યંઢળ-પાવૈયાનું કેન્દ્ર

શકિતનાં અનેક સ્વરૂપો છે. પણ બીજાં અનેક પરાક્રમો ઉપરાંત પુરૂષાતન પ્રાપ્ત કરાવનાર (**नराणां वीर्यदायिनी**) અમોઘ શકિત તો માત્ર બહુચરાજી છે. આ શક્તિપીઠની આ વિશેષતા છે. આથી જ પાવૈયાની સંસ્થા બહુચરાજીની ઓળગ કરે છે. પુરૂષ પોતાના કોઈ જાતિવિષયક દુષ્કર્મથી બીજે જન્મે નપુંસક રૂપે અવતરે છે અથવા તેના વૃષણનો છેદ થાય છે.[૧૪] આ મહા આપત્તિમાંથી મુકત થઈ બીજા જન્મમાં પુરૂષાતન પ્રાપ્ત થાય એવી વ્યંઢળોની ઝંખના હોય છે. ભીષ્મને હણનાર શિખંડી તેનું વ્યંઢળત્વ દૂર કરવા અહીં આવેલો એવી કથા પણ પ્રચલિત છે.

પુરૂષાતન-પરાક્રમ વગરના માણસને તિરસ્કારમાં 'ફાતડો' કે 'પાવૈયો' કહેવામાં આવે છે. 'પાવૈયાને પાનો ન ચઢે' એવી કહેવત પણ પ્રચલિત છે. આવા તિરસ્કૃત પાવૈયા-હીજડા બહુચરાજીને શરણે આવી રહે છે. એ રીતે આ દેવીના ખાસ ઉપાસકો તરીકે ત્યાં પાવૈયા પરંપરાથી વસતા આવ્યા છે.

આ પાવૈયાઓનો કમાલિયાઓ સાથે સંબંધ છે. આ કમાલિયા બહુચરાજીના ઉપાસકો તરીકે કાલરીના ગરાસિયાઓ જેવું મહત્ત્વ પહેલેથી ધરાવે છે, એ નોંધપાત્ર છે.

સોલંકી અને કમાલિયાના હક્ક

બહુચરાજી સંસ્થાનના ગોલખનું જે ઉત્પન્ન આવતું તે લેવાનો હક્ક કાલરીના ગરાસિયા અને કમાલિયાનો હતો. ઉત્પન્નમાંથી મંદિર અંગેનો ખર્ચ અને સદાવ્રતનો ખર્ચ બાદ કરતાં જે રકમ

૧૪ વલ્લભ ભટ્ટની વાણી (ડૉ. મંજુલાલ મજમુદાર), પ્રસ્તાવના, પૃ. ૩૫, ૩૮,

વધે તે આ બે પક્ષો વહેંચી લેતા હતા. શ્રીમંત ખંડેરાવ ગાયકવાડના સમયથી ઉત્પન્ન વહેંચી લેવા બાબત કાલરીના ગરાસિયા અને કમાલિયા વચ્ચે તકરાર ઊભી થઈ. તેનો નિકાલ ઈ.સ. ૧૮૭૭માં તે વખતના વડોદરા રાજ્યના દિવાન સર. ટી. માધવરાવના અમલમાં થયો.

ઉપર્યુક્ત દિવાનહુકમ અનુસાર કાલરીના ગરાસિયાને દશ આની અને કમાલિયાને ૭ આની ભાગ મળે તેમ ઠરાવ્યું હતું. પાટણના ઈનામદાર અમરસિંહ બારોટે કાલરીના ગરાસિયાઓ પાસે તેમની લહેણી રકમનો દાવો કરતાં તેમનો ગોલખનો દશ આની ભાગ ઈનામદાર અમરસિંહને સં. ૧૯૬૬થી આપવાનું ઠરેલું હતું.[૧૫]

આ હકીકત એ દર્શાવે છે કે, બહુચરાજીના સ્થાપક, સંરક્ષક તરીકે કાલરીના ગરાસિયા પરંપરાથી રહેલા છે. તે ખ્યાલમાં લેતાં સોલંકીના ગરબામાંથી અતિશયોક્તિનાં તત્ત્વો ગાળી નાંખી તેમાંનાં પાત્રો, સ્થાનો વગેરે વિષે ઐતિહાસિક દૃષ્ટિએ સંશોધન થવું આવશ્યક છે. તે રીતે બહુચરાજીના પ્રાચીન ઈતિહાસ ઉપર વધુ પ્રકાશ પડવાનો સંભવ છે.

પાટણના સોલંકી રાજવીઓના ધ્વજમાં કુકકુટ-કૂકડાનું ચિત્ર અંકિત થવાથી તે 'કુકકુટધ્વજ' નામે ઓળખાયો છે. બહુચરાજીનું વાહન પણ કુકકુટ છે. એટલે સોલંકીઓની કુલદેવી-બાલા-બહિચરા હોય એમ સંભવે છે, એવો તર્ક ડૉ. મંજુલાલ મજમુદારે કરેલો છે.[૧૬] તેને કોઈ ખાસ આધાર નથી. છતાં સોલંકીના ગરબાવાળા વજેસિંહ સોલંકીના પગેરા દ્વારા એ ક્ષેત્રમાં કાંઈક વિશેષ પ્રકાશ કદાચ પડે પણ ખરો.

બહુચરા કે બહિચરી?

વલ્લભ ભટ્ટ અને બીજા શાક્ત કવિઓએ આ દેવી માટે 'બહુચરા' શબ્દ યોજેલો છે. પણ સ્વ. રામલાલ મોદી માતાનું નામ 'બહુચરાજી' નહિ પણ બહેચરાજી છે; બહુચરાજી તો તેનું સંસ્કૃતીકૃત નામ છે એમ કહે છે. માતાના નામ પરથી પડેલા પુરુષોનાં નામ બહેચરદાસ અથવા બહેચરભાઈ હોય છે. બહુચરદાસ કે બહુચરભાઈ નામ જોવા મળતાં નથી.[૧૭]

સ્વ. મોદીની વાત વિચારણીય છે. કારણ 'કોચર વ્યવહારી રાસ'માં 'બહિચરી' શબ્દ યોજાયો છે. ગામ માટે પણ 'બહિચર' શબ્દ યોજેલો છે. સં. ૧૨૮૦ના તામ્રપત્રમાં પણ ગામનું નામ 'બહિચર' બતાવેલું છે. એટલે ૧૯મા શતકના પંડિતોએ આપેલી **बहवः चरा यस्याः सा बहुचरी।** તથા **बहु चरतीति बहुचरा।** વગેરે વ્યુત્પત્તિઓ ગ્રાહ્ય રહી શકે તેમ નથી. પણ **बर्हिणा चरतीति बर्हिचरी।** એ વ્યુત્પત્તિ વિચારણીય લાગે છે. 'બર્હ' એટલે પીંછાં જેને હોય તે **बर्हिन्** કહેવાય. તેના ઉપર બેસીને ગમન કરે તેનું નામ **बर्हिचरी; बर्हिचरी** પરથી અપભ્રંશ 'બહિચરી' નિષ્પન્ન થાય.

બહુચરાજી પીઠ કેટલું પુરાણું હશે?

હવે ઉપર્યુક્ત હકીકતો અને ચર્ચાના ફલસ્વરૂપે બહુચરાજીની પ્રાચીનતા વિષે વિચારવું રહ્યું. 'ધર્મારણ્ય પુરાણ' નવસેં નવાણું શક્તિઓના સુરાપાનનો પ્રસંગ સત્યયુગનો ગણાવે છે.

૧૫ બાલાત્રિપુરા સુંદરી શ્રી બહુચરામ્બા, પૃ. ૧૧૪.

૧૬ વલ્લભ ભટ્ટની વાણી, પ્રસ્તાવના, પૃ. ૩૪.

૧૭ સ્વ. રામલાલ ચૂ. મોદી સ્મારક ગ્રંથ, ભા. ૨, પૃ. ૧૮૬.

શિખંડીની કથા મહાભારતકાલમાં જઈ પહોંચે છે. બાલાત્રિપુરા-બહુચરીએ દઢાસુર સાથે યુદ્ધ કરી અસુરસંહાર પછી સલખનપુર પાસે વરખડીના વનમાં વિશ્રાંતિ લીધી હતી. કર્દમ વગેરે મુનિઓએ ત્યાં આવી તેમની સ્તુતિ કરી અને માતાજી અંતર્ધાન થયા પછી વરખડીવાળા આદ્યસ્થાન પાસે ગોખની સ્થાપના કરી હતી. આવી કથાઓ બહુચરાજીની પ્રાચીનતા દર્શાવવા માટે ભક્તો દ્વારા કહેવાતી હોય છે. પણ તે સાબિત કરવા માટે પ્રતીતિજનક આધારો કયાં છે?

અદ્યાવધિ ઉપલબ્ધ ઐતિહાસિક આધારોમાં સં. ૧૨૮૦નો લેખ સૌથી વધુ પ્રાચીન છે. બહિચર ગામના ઉલ્લેખમાં બહિચરીના અસ્તિત્વનો સમાવેશ ન માનવા કારણ નથી. તે પછી ક્રમાનુસાર ધર્મારણ્યનો ઉલ્લેખ મહત્ત્વનો ગણાય. 'ધર્મારણ્ય'ની રચના સં. ૧૫૦૦ પહેલાં અને સં. ૧૪૦૦ પછી થયાનું સ્વ. રામલાલ મોદી માને છે.[૧૮] અણહિલપુર પાટણ પડ્યા પછી મુસ્લિમોએ સં. ૧૩૫૩માં મોઢેરા ભાંગ્યું; વિપ્ર સુભટ વિઠ્ઠલે તેને ફરી વસાવ્યું; એટલો સંક્ષિપ્ત ઉલ્લેખ 'ધર્મારણ્ય'માં જોવા મળે છે. તેમ થવામાં ૫૦ વર્ષનો ગાળો જોઈએ એમ માની સ્વ. મોદી સં. ૧૪૦૦ પછી ધર્મારણ્યની રચના થયાનું અનુમાન કરે છે. પણ આ માટે પચાસ વર્ષ જેટલા લાંબા ગાળાની આવશ્યકતા લાગતી નથી. પાંચ–દશ વર્ષમાં જ નાસી ગયેલી જનતા પાછી મોઢેરામાં આવી રહે એમ માનવું વધુ સયુક્તિક લાગે. પચાસ વરસે તો બે પેઢી થતાં લોકો મોઢેરા ભૂલી અન્યત્ર ઠરી ઠામ થયા હોય. એટલે સં. ૧૩૬૫ આસપાસ કે તે પછી ધર્મારણ્યની રચના થયાનું માનવા હરકત નથી. મહુવાના લક્ષ્મીનારાયણના મંદિરમાં સં. ૧૫૦૦નો એક લેખ મળે છે તેમાં 'ધર્મારણ્ય'ના બે શ્લોક આદરપૂર્વક ઉદ્ધૃત કરેલા છે.

'उक्तं धर्मारण्यपुराणे'—એવા ઉલ્લેખ સાથે લેખમાં ટાંકેલા એ શ્લોકો જોતાં તે સમયે 'ધર્મારણ્ય, ને ઘણી પ્રસિદ્ધિ મળી ચૂકી હશે, એમ કહી શકાય. લગભગ સો–સવાસો વર્ષનો ગાળો તેવી પ્રસિદ્ધિ માટે આવશ્યક ગણીએ તો 'ધર્મારણ્ય'ની રચના ચૌદમા શતકના ઉત્તરાર્ધમાં થઈ હશે એમ માનવું ઉચિત ગણાય. હવે ધર્મારણ્યની રચના સમયે તે પુરાણમાં બહુચરાજીની ઉત્પત્તિનો જે ઇતિહાસ વિસ્તારથી આપેલો છે, તે પૌરાણિક રૂપ ધારણ કરી ચૂકેલો છે. તેમાં એ ઘટના સત્યયુગની ગણાવી છે. એ બધું લક્ષમાં લેતાં આ પુરાણના રચનાકાલે બહુચરાજીનું સ્થાનક પુરાણું ગણાતું જ હશે એમ માની શકાય. ઓછામાં ઓછું લગભગ ૧૦૦ થી વધુ વર્ષ જૂનું હોય તો જ તેનો આ રીતે ઉલ્લેખ સંભવિત બને. આ બધાનો વિચાર કરતાં સં. ૧૨૮૦ના લેખના લેખન કાલે બહુચરાજીનું અસ્તિત્વ હશે, એમ સાધાર કહી શકાય છે.

આ રીતે વિક્રમના તેરમા શતકમાં બહિચર ગામ અને બહિચરીનું સ્થાનક પ્રસિદ્ધ હોવાનું જાણવા મળે છે. એટલે ચારણકન્યા બહુચરાની જે દંતકથા દેવીની ઉત્પત્તિ સં. ૧૩૬૫ કે તે પછી બતાવે છે તે અસ્વીકાર્ય બને છે.

શક્તિપૂજા પ્રાચીન સમયથી પ્રચલિત છે. એટલે બહુચરાજીનું શક્તિપીઠ તેરમા શતકથી પણ પૂર્વેનું સંભવી શકે. પણ તે જાણવા માટે વધુ સંશોધનની આવશ્યકતા રહે છે.

---

૧૮ એજન, પૃ. ૨૨.

ગુજરાતી સમાસના સ્વરૂપનો નિર્ણય

જે. સી. દવે

સમાસને લગતી સામાન્ય વિચારણામાં મુખ્યત્વે નીચેના મુદ્દાઓનો સમાવેશ થવો જોઈએ :

(૧) ભાષાવર્ણનના માળખામાં સામાસિક રચનાઓનું સ્થાન

(૨) સમાસનું સ્વરૂપ

(૩) સમાસોનું વર્ગીકરણ

(૪) સમાસોના વર્ણનની પદ્ધતિ.

ભાષાનું વર્ણન કરવાની દૃષ્ટિએ ' સ્ટ્રક્ચરાલીસ્ટ ' ભાષાવિજ્ઞાનના અભિગમ અનુસાર ભાષાના સામાન્ય રીતે બે વ્યાપક વિભાગો પાડવામાં આવે છે: ધ્વનિતંત્ર અને વ્યાકરણ. વ્યાકરણના બે પેટાવિભાગો તે રૂપતંત્ર અને વાક્યતંત્ર. આ ઉપરાંત શબ્દકોશનો એક ક્વચિત્ જુદો વિભાગ ગણવામાં આવે છે.

રૂપતંત્ર અને વાક્યતંત્ર વચ્ચે સ્પષ્ટ ભેદરેખા દોરવાનું હંમેશાં સરળ હોતું નથી. આ માટે શબ્દ અને શબ્દજૂથની અસ્પષ્ટતા કારણભૂત છે. છતાં ઘણી ભાષાઓ માટે શબ્દની રચના અને બંધારણ એ રૂપતંત્રનો વિષય છે અને એક કરતાં વધુ શબ્દવાળી રચના વાક્યતંત્રનો વિષય છે એ મત[1] આ વિષય પૂરતો સ્વીકારીને આપણે ચાલી શકીએ.

રૂપતંત્રના સામાન્ય રીતે ત્રણ વિભાગ પાડવામાં આવે છેઃ (૧) અંગસિદ્ધિ, (૨) સમાસસિદ્ધિ અને (૩) વિભક્તિ કે પદસિદ્ધિ. આમાંથી પહેલા બે વિભાગનો શબ્દસિદ્ધિમાં સમાવેશ કરી શકાય.

શબ્દની વ્યાખ્યા બાંધવામાં અનેક મુશ્કેલીઓ છે. માર્ચાંડ (Marchand) તેની ચર્ચા કરી આ પ્રમાણે વ્યાખ્યા આપે છે :

---

1 " The morpheme arrangements which are treated under the morphology of language include all combinations that form words or parts of words.

In some languages there is constant overlapping of structure, and in few instances it seems almost impossible to draw a line between word structure and phrase structure. "

E. Nida : ' Morphology : The Descriptive Analysis of Words ', 1949, p. 1.

"શબ્દ એટલે નાનામાં નાનો, સ્વતંત્ર, અવિભાજ્ય અને એકલો વાપરી શકાય તેવો વાણીનો એકમ."[2]

આ વ્યાખ્યામાં 'નાનામાં નાનો' એટલે જેના અર્થયુક્ત વધુ નાના ટુકડા ન થઈ શકે તેવો; 'અવિભાજ્ય' એટલે એક શબ્દના બે ભાગ કરી વચ્ચે તેમાં ત્રીજો શબ્દ મૂકી ન શકાય તેવો અર્થ છે. શબ્દ છૂટો વાપરી શકાય છે, ભાષામાં બીજા કશા આધાર વિના તેનો સ્વતંત્ર રીતે પ્રયોગ થઈ શકે છે. બીજા કશા ટેકા વિના તે એકલો વાપરી શકાતો હોય છે.

શબ્દરચનાની જે ભાતને આધારે ભાષા નવા નવા શબ્દો બનાવતી હોય છે તેનો અભ્યાસ શબ્દસિદ્ધિ દ્વારા થાય છે. શબ્દ સાદો હોય કે સંઘટિત (અથવા સાવયવ Composite) હોય. સંઘટિત શબ્દ એટલે જે શબ્દમાં એક કરતાં વધુ રૂપઘટકોની સંબંધ-યોજના હોય છે તે શબ્દ.

સોશુરના મત પ્રમાણે રૂપઘટક એ દ્વિમુખી સંકેત છે. સંકેતના પાયામાં 'સંકેતક' અને 'સંકેતિત' વચ્ચેનો અથવા તો વાચક અને વાચ્ય વચ્ચેનો સંબંધ છે. આ દષ્ટિએ શબ્દસિદ્ધિમાં જે રચનાઓમાં પૂર્ણ સંકેતો જોડાયા હોય—એટલે કે જેના અવયવો સ્વરૂપદષ્ટિએ અને અર્થ-દષ્ટિએ નિયત હોય તેમનો જ વિચાર કરી શકાય. સોશુરના મત પ્રમાણે ભાવાભિવ્યંજક શબ્દો (Expressive Words)ને અપ્રયોજન સંકેતો ગણવા જોઈએ. એટલે કે તેમાં સ્પષ્ટપણે અમુક નિશ્ચિત ધ્વનિસ્વરૂપ અને અર્થ ધરાવતાં હોય તેવાં ઘટકોની યોજના ન હોવાથી તેમને સાવયવ રચનાઓ ન ગણી શકાય.

જે રચનાઓ સાવયવ હોય, સંઘટિત હોય અને જેમનું સ્વરૂપદષ્ટિએ તેમ જ અર્થદષ્ટિએ પૃથક્કરણ કે વિશ્લેષણ થઈ શકે તેમ હોય તેવી રચનાઓ જ શબ્દસિદ્ધિનો વિષય છે, પણ માત્ર સાદો શબ્દ હોય તેનું પૃથક્કરણ થઈ શકતું નથી. તે પ્રયોજનરહિત સંકેત છે, તેથી તેને શબ્દ-સિદ્ધિમાં સ્થાન નથી. એ માત્ર શબ્દકોશનો વિષય છે આમ છતાં માર્ખાંડ કેટલાંક કારણોને ધ્યાનમાં લઈ અપૂર્ણ સંકેતોને પણ શબ્દસિદ્ધિમાં સમાવવાના મતના છે.

તેઓ શબ્દસિદ્ધિના મુખ્ય બે ભાગ કરી તેના કેટલાક પેટાવિભાગો પાડે છે.

૧. પૂર્ણસંકેતોનું જોડાણ હોય તેવી શબ્દરચના જેમાં સમાસરચના, પૂર્વપ્રત્યયયોજના, પરપ્રત્યય યોજના, અપ્રત્યય અંગસિદ્ધિ અને પ્રતીપ અંગસિદ્ધિનો સમાવેશ થાય છે.

૨. અપૂર્ણ સંકેતોના બનેલા શબ્દની રચના. જેમાં ભાવાભિવ્યંજક પ્રતીકરચના, સંકર, ત્રોટન, પ્રાસરંગી રચના અને અપધ્વનિયુક્ત દ્વિરુક્તિ, શબ્દ બનાવટ વગેરેનો સામાવેશ થાય છે.[3]

---

2 "It is taken to denote smallest independent, indivisible unit of speech, susceptible of being used in isolation".

Hans Marchand : 'The categories and types of present-day English Word Formation,' 1660, p. 1.

3 Hans Marchand : 'On the Description of Compounds' (*'World'* Vol. 23 Nos. 1-2-3, April to December, 1967, pp. 379-387)

આ પ્રમાણે ભાષાના રૂપતંત્રના શબ્દસિદ્ધિ એવા વિભાગના એક પ્રકાર તરીકે સમાસ-રચનાનું સ્થાન છે અને જે સાવયવ-રચનામાં એકથી વધુ શબ્દ જોડાયેલા હોય છે તેનો સમાસરચનામાં સમાવેશ થાય છે.

સમાસનિર્ણય

આધુનિક ભાષાવિજ્ઞાનના ઉદય સાથે અંગ્રેજી ભાષામાં શબ્દ અને સમાસ વિશે નવી દૃષ્ટિથી વિચારણા શરૂ થઈ. બ્લૂમફિલ્ડ[4] શબ્દોનું આ રીતે વિભાગીકરણ કરે છે:

૧ પ્રાથમિક શબ્દો : જેમાં સાધિત શબ્દો અને એક જ મુક્તઘટકવાળા શબ્દો એવા બે પેટાભાગ થાય છે.

૨ દ્વૈતીયિક સાધિત : જેમાં સમાસ અને દ્વૈતીયિક એવા બે પેટાભાગ થાય છે:

બ્લૂમફિલ્ડની વિચારણા પ્રમાણે 'શબ્દ'ના ઘડતરમાં ચાર બાબતો હોય છે.

(૧) બે નિબદ્ધ ઘટક, (૨) એક મુક્ત ઘટક, (૩) બે મુક્ત ઘટક અને (૪) એક મુક્ત ઘટક અને એક નિબદ્ધ ઘટક.

આમાંથી બે મુક્ત ઘટકના સંયોજનથી બનતા શબ્દો તે સમાસ છે. સમાસ તરીકે ઓળખાતી રચનાની લાક્ષણિકતાઓ તેમના મતે શબ્દજૂથ કરતાં સાદા શબ્દને વધુ મળતી છે.[5] સમાસનાં આ લક્ષણોનો યેસ્પર્સને પણ નિર્દેશ કર્યો છે. તેમના કહેવા પ્રમાણે, સમાસને કદાચ સગવડ ખાતર બે કે વધારે શબ્દોના જોડકા તરીકે ઓળખાવીએ પણ તે એક શબ્દ—એક એકમ તરીકે કાર્ય કરે છે.[6] આ મતના સંબંધમાં એટલું ધ્યાનમાં રાખવાનું છે કે જે ભાષાનું બંધારણ મુખ્યત્વે શ્લિષ્ટ (Analytic) હોય તેવી ભાષાઓને તે લાગુ પડે છે. સંસ્કૃત કે ગુજરાતી જેવી ભાષાઓમાં એક કે વધુ નિબદ્ધ ઘટકો જેમાં હોય તેવા સામાસિક શબ્દો પણ હોય છે.

સમાસ અને શબ્દજૂથ વચ્ચેનો ભેદ અંગ્રેજીને અનુલક્ષીને બ્લૂમફિલ્ડ નીચે પ્રમાણે સ્પષ્ટ કરે છે:

---

4 Bloomfield : 'Language' (1963, Paperback Edition. p. 209)

5 "The gradations between a word and a phrase may be many ; often enough no rigid distinction can be made the forms which we class as compound words exibit some feature which in their language, characterises single word in contradiction to phrases.", Bloomfield : 'Language' 1963, p. 227.

6 "A compound may perhaps be provisionally defined as a combination of two or more words so as to function as a one word as a unit."

Otto Jesperson : 'A Modern English Grammar', pt. IV, p. 134.

આ જ બાબત ઉપર ભાષાવૈજ્ઞાનિક સંજ્ઞાઓના કોશ પણ ભાર મૂકે છે.

"A word which is composed of two or more words the combination of which constitutes a single word with a meaning often distinct from the meaning of the individual components"

Mari A. Pai and Frankeoraynor (Editor) : 'Dictionary of Linguistics', p. 44

અંગ્રેજીમાં દરેક શબ્દમાં એક સ્વરભાર હોય છે. સામાન્ય રીતે શબ્દજૂથના દરેક શબ્દમાં સ્વરભાર હોય છે; પરંતુ સમાસમાં બે ઘટકો જોડાતાં બીજો ઘટક સ્વરભાર છોડી દે છે.[૭] એટલે બે અવયવોનો એક સંઘટિત શબ્દ બને છે. આ સિદ્ધાંત સર્વાત્રિક નહિ હોવા છતાં phrasal સમાસ પૂરતો સાચો છે.

બે શબ્દો જોડાતાં બનેલો શબ્દ–સમાસ એક સંઘટિત શબ્દ છે. શબ્દજૂથમાં વધારો થઈ શકે પણ શબ્દમાં કશો વધારો થઈ શકતો નથી. "Word cannot be interrupted" એ જે શબ્દને માટે સાચું છે તે સમાસને માટે પણ સાચું છે.[૮] માર્ખાંડે આ જ લક્ષણને અવિભાજ્યતા તરીકે ગણાવ્યું છે.

લગોલગ આવતા બે કે વધુ શબ્દોને ક્યારે એક સમાસરૂપે લેવા અને ક્યારે શબ્દજૂથ તરીકે લેવા તે પ્રશ્ન ગૂંચવણભર્યો છે. આ વિશે વિચાર કરતાં હોલ[૯] કહે છે કે દરેક ભાષાની પોતાની વિશિષ્ટ વ્યવસ્થાને ધ્યાનમાં લઈને અમુક શબ્દસમૂહ સમાસ છે કે શબ્દજૂથ છે તેનો નિર્ણય સ્વરભારને કે સૂરને આધારે થઈ શકે; કેટલીક ભાષાઓમાં જંક્ચરને આધારે થઈ શકે; ક્યાંક એક ઘટકને બીજા ઘટક સાથે જોડવા માટે કોઈક વિશિષ્ટ ચિહ્નનો ઉપયોગ થતો હોય તો તેના આધારે થઈ શકે. આ ઉપરાંત અવિભાજ્યતાના તત્ત્વનો (એટલે કે શબ્દજૂથના ઘટકો વિભાજ્ય હોય છે, તેમની વચ્ચે નવો શબ્દ આવી શકે છે; જ્યારે સમાસ અવિભાજ્ય હોય છે) પણ તેઓ નિર્દેશ કરે છે. જે ભાષામાં વિભક્તિતંત્રની પ્રધાનતા હોય છે તેમાં લિંગ વગેરેના પ્રત્યયો સમાસમાં માત્ર છેલ્લા ઘટકને લાગતા હોઈને તેમનો શબ્દજૂથથી સહેલાઈથી ભેદ કરી શકાય છે. આ વાત પણ હોલે નોંધી છે.

ગુજરાતી જેવી ભાષાઓના સંદર્ભમાં વાત કરીએ તો તેવી ભાષાઓમાં શ્લિષ્ટ ભાષાઓની તુલનામાં પ્રત્યય દ્વારા સધાતાં નામિક રૂપોનું પ્રમાણ ઘણું ઓછું હોય છે, અને વાક્યમાં શબ્દોનો ક્રમ અમુક અંશે નિયત હોય છે. આવી ભાષાઓમાં છેલ્લા સિવાયનો ઘટક લિંગ, વચન વગેરેના પ્રત્યયોથી રહિત હોય છે એ ધોરણ (સંસ્કૃત જેવી ભાષાઓમાં સમાસનિર્ણય માટે ઉપયોગી છે તે) કામ આવતું નથી "નાનુંમોટું", "છોકરુંછૈયું" જેવામાં પૂર્વઘટક પણ વિકારી હોય છે. તો બીજે પક્ષે અંગ્રેજી ભાષા જેવો સ્વરભાર કે અન્યત્ર હોય છે તેવી સૂરવ્યવસ્થા પણ ગુજરાતીમાં ન હોઈ સમાસનિર્ણયમાં તેમનો પણ આધાર લઈ શકાતો નથી. આથી 'આંધળો

---

૭ Ice-cream જ્યારે એક સ્વરભારથી ઉચ્ચારાય છે ત્યારે તે સમાસ છે પણ ice + cream એમ બે સ્વરભારથી ઉચ્ચારાય છે ત્યારે તે સમાસ નહિ પણ શબ્દજૂથ ગણાશે.

Bloomfield : 'Language', 1963, p. 228.

૮ 'Black Bird'માં 'Black'ને વિશેષણ તરીકે લેતાં તેમાં વધારો કરી શકાય, 'Bluish black', 'Very black' થઈ શકે પણ તેને સામાસિક શબ્દ ગણીએ તો તેમાં કશી તોડ-ફોડ કે વૃદ્ધિ થઈ શકતી નથી.

Bloomfield : 'Language', 1963, p. 232.

9 Robert Hall : 'Introductory Linguistics', 1969, pp. 186-190.

પાડો', 'દાઢ ડહાપણુ', 'ફરસી પૂરી', 'ગામડું ગામ', 'ખાખી બાવો' આવા પ્રયોગોમાં અર્થદૃષ્ટિએ કેટલીક વાર એકાર્થતા હોવા છતાં સ્વરૂપદૃષ્ટિએ એકતા જોવામાં આવતી નથી. એટલે તેમને સમાસ નહિ પણ શબ્દજૂથ ગણવા પડે.

હૉકેટના મતે રૂપરચનાનો શબ્દસિદ્ધિ નામનો વિભાગ અંગ કે પ્રકૃતિના બંધારણ (structure of stems)ને લગતો છે. જુદાં જુદાં અંગોનું વર્ગીકરણ તેઓ નીચે પ્રમાણે કરે છે :

(૧) સાદાં અંગો : તે એક જ રૂપઘટકનાં બનેલાં હોય છે (જેમ કે 'boy').

(૨) સાધિત અંગો : તેમાં એકથી વધારે રૂપઘટકો હોય છે.

(૨क) દ્વૈતીયિક સાધિત અંગો : તેમાં ઓછામાં ઓછું એક ઘટક પોતે પણ અંગ હોય છે.

(૨क ૧) દ્વૈતીયિક સાધિત શબ્દો : તેમાં એક જ અંગ ઘટક તરીકે હોય છે, અને બીજા ઘટક તરીકે કોઈ સાધક પ્રત્યય હોય છે. (જેમ કે 'girlish')

(૨क ૨) અંગોના સમાસ : તેમાં બધાં ઘટકો પોતે પણ અંગ હોય છે. (જેમ કે 'agri-cola')

(૨ख) પ્રાથમિક સાધિત અંગો : તેમાં એકે ઘટક અંગ હોતો નથી.

(૨ख ૧) પ્રાથમિક સાધિત શબ્દો : તેમાં એક ધાતુ અને એક સાધક પ્રત્યય હોય છે. (જેમ કે 'Re-ceive')

(૨ख ૨) ધાતુ સમાસો : તેમાં એકે સાધક પ્રત્યય હોતો નથી. (જેમ કે 'tele-phone')

આમ હૉકેટ અંગોના સમાસ અને ધાતુસમાસ એમ બે પ્રકારના સમાસો સ્વીકારે છે.[૧૦]

સંસ્કૃત વ્યાકરણ અનુસાર અનેક પદો જ્યારે એક પદની જેમ વર્તે ત્યારે તેમનો સમાસ થયો ગણાય.[૧૧] સંસ્કૃત વ્યાકરણ પ્રમાણે વિભક્તિ પ્રત્યયવાળું અંગ તે પદ. એક રીતે કહીએ તો આ વ્યાખ્યામાં બ્લૂમફિલ્ડ વગેરેએ જે લક્ષણોનો નિર્દેશ કર્યો છે (સમાસ શબ્દજૂથ કરતાં સાદા શબ્દને મળતો છે.) એ જ લક્ષણનો નિર્દેશ છે. આ જ વાતને સ્પષ્ટ કરતાં વ્યાકરણકારોએ એકાર્થીભાવ અને વ્યપેક્ષા એવી બે લાક્ષણિકતાઓ સમાસની ગણી છે. આમાં એકાર્થીભાવ એટલે ભિન્ન પદોનું એક પદત્વ, અનેક સ્વરોનો એક સ્વર અને અનેક વિભક્તિઓની એક વિભક્તિ થઈ જવી તે. વ્યપેક્ષા એટલે એક પદનો અનેક પદો સાથેનો સંબંધ.

---

10 C. F. Hockett : 'A Course in Modern Linguistics', 1970, p. 240,

૧૧ "एकार्थवाचकतां प्राप्तो भिन्नार्थकोऽनेकपदसमूहः समासः ।"
–'મધ્યસિદ્ધાંતકૌમુદી' ('ઇન્દુમતી ટીકા', ૧૯૫૧, ચૌખંબા સંસ્કૃત સીરિઝ), પાન ૪૭૮ ;
'समस्यते अनेकं पदमिति समासः' (બાલમનોરમા ટીકા)

. જેમ શબ્દજૂથ ને સમાસનો ભેદ કરવો એ સમાસવિચારની એક સમસ્યા છે તેમ બીજી તરફ કેટલીક વાર સાધિત શબ્દ અને સમાસ વચ્ચે ભેદ કરવાની બીજી સમસ્યા પણ છે.

હૉલ અને હૉકેટના સમાસનિરૂપણમાં એવો નિર્દેશ છે કે ધાતુ કે અંગો જ જેમાં ઘટક તરીકે હોય તેમને સમાસ ગણવા, પણ જેમાં માત્ર એક જ ઘટક ધાતુ કે અંગ હોય તેવી રચનાઓને સમાસમાં ન ગણવી. સંસ્કૃતમાં પણ અનેક પદોનું એક પદત્વ એવા લક્ષણમાં પદો કે શબ્દોનો જ સમાસ થઈ શકે એવું સ્પષ્ટ તાત્પર્ય છે. આમ છતાં કેટલીક વાર એક પ્રત્યય ને એક અંગના બનેલા સંકુલ શબ્દને સમાસ ગણવામાં આવ્યા છે. જેમ કે ' નિર્મળ ', ' અન્યાય ' . વ્યવહારમાં ગુજરાતી જેવી ભાષાઓના સમાસની તપાસમાં આ પ્રશ્ન પ્રસ્તુત બને છે. ' બેકાર ', ' ગેરહાજર ', ' બિનવારસ ' જેવા ફારસી શબ્દો પણ સમાસવર્ણનમાં સ્થાન પામતા આવ્યા છે.

' ઘર આગળ ', ' કબાટ પાસે ', ' નિશાળ સામે ', ' ઝાડ ઉપર ' વગેરે પ્રયોગોને સમાસ ગણી શકાય ખરા ? આ પ્રયોગોને બદલે ગુજરાતીમાં ' ઘરની આગળ ', ' કબાટની પાસે ', ' નિશાળની સામે ', ' ઝાડની ઉપર ' એવા પ્રયોગો પણ થઈ શકે છે. જો આ બે પ્રયોગોને સરખાવીએ તો બીજા પ્રકારના પ્રયોગોમાંથી સંબંધવાચક ' -નો ', ' -ની ', ' -નું 'ના લોપ દ્વારા પહેલા પ્રકારના પ્રયોગો સિદ્ધ થયા હોવાનું ગણી શકાય અને તો પહેલા પ્રકારના પ્રયોગોને સમાસ ગણવા જોઈએ. પરંતુ આ જાતના પ્રયોગોમાં ' ઉપર ', ' પાસે ', ' સામે ', ' આગળ ' વગેરેનો મોભો સ્વતંત્ર શબ્દ તરીકે છે કે કેમ તે અંગે સારી એવી શંકા રહે છે. તેથી તેમને સમાસના ક્ષેત્રમાં ન ગણીએ તે વધારે યોગ્ય લાગે છે.

ગુજરાતી સમાસનો સ્વરૂપનિર્ણય

ઉપર તારવેલા સમાસના સ્વરૂપનિર્ણયનાં ધોરણો જ્યારે ગુજરાતી શબ્દોને લાગુ પાડીએ છીએ ત્યારે કેટલાક પ્રશ્નો ઉપસ્થિત થાય છે. સમાસમાં બે કે વધુ ઘટકો જોડાયેલાં હોય છે. જે રીતે સમાસનાં બે ઘટકો જોડાય છે તેને અનુરૂપ શબ્દજૂથોનો પણ ભાષામાં પ્રયોગ થતો હોય છે.

ગામનો ધણી અને ગામધણી
ટીકાને પાત્ર અને ટીકાપાત્ર
હાર અને જીત અને હારજીત

આમાં સમાસ અને તેને અનુરૂપના શબ્દજૂથો પરસ્પર સમકક્ષ છે. નિરૂપણની દૃષ્ટિએ આપણે તે તે શબ્દજૂથને પૂર્વવર્તી ગણીને તેના ઉપરથી સમાસને સાધી શકીએ. એટલે કે સમાસની રચના સમજવા પૂરતું વિગ્રહ તરીકેના શબ્દજૂથને મૂળ રૂપ ગણીને સમાસને તેના ઉપરથી સાધિત રચના ગણી શકીએ. આ રીતે જોતાં શબ્દગુચ્છના શબ્દો વચ્ચેના સંબંધ દર્શાવનાર પ્રત્યય અથવા તો પદ કે પદોનો લોપ કરીને સમાસ સધાય છે. પ્રત્યયલોપ કે પદલોપને પરિણામે સમાસમાં એકઠા મળેલા શબ્દો એક જ શબ્દરૂપ બને છે; એક જ શબ્દ હોય તે રીતે વાકયરચનામાં સંકળાય છે.

હારજીત અકસ્માત,
ઘીદૂધ અહીં વેચાય છે.
માલસામાન સંભાળીને મૂકવો.
તમારું આ કાર્ય ટીકાપાત્ર થશે.
તેમનો ચહેરો ભાવગંભીર હતો.
સંતાનોએ કુળરીત નિભાવવી જોઈએ.

આ ઉદાહરણોમાં 'હારજીત = હાર કે જીત', 'ઘીદૂધ = ઘી અને દૂધ', 'ટીકાપાત્ર = ટીકાને પાત્ર', આ બધાં પદોની વચ્ચે આવેલ 'કે' 'અને' અથવા વિભક્તિ પ્રત્યય 'ને'નો લોપ કરીએ તો 'હારજીત', 'ઘીદૂધ', 'ટીકાપાત્ર' જેવાં સામાસિક પદો મળે છે. એ જ રીતે 'ભાવગંભીર' અને 'ભાવ વડે ગંભીર', 'કુળરીત' અને 'કુળની રીત' એ જોડીઓને સરખાવતાં જોઈ શકાશે કે તેમાં શબ્દજૂથની વચ્ચે રહેલાં વિવિધ સંબંધદર્શક તત્ત્વનો લોપ થઈને સમાસ બન્યો હોવાનું આપણે સહેજે ઘટાવી શકીએ છીએ.

આ પ્રકારના સમાસો પૂરતી તો કશી ગૂંચ નથી, પરંતુ સંસ્કૃત સમાસો માટેનું એક ધોરણ એવું છે કે સમાસના પહેલાં ઘટક પછી લિંગ કે વચનવાચક પ્રત્યય ન આવે તે કેટલાક ગુજરાતી સમાસોને લાગુ પાડી શકે તેમ નથી. તેમાં સમાસના પહેલાં ઘટક પછી વચનવાચક પ્રત્યય રહેલો જોવા મળે છે.

છોકરોછોકરી—છોકરાછોકરી
છોકરુંછૈયું—છોકરાંછૈયાં
ઘોડોગધેડો—ઘોડાગધેડા
સુધારોવધારો—સુધારાવધારા

આનો અર્થ એ થયો કે ગુજરાતીમાં જ્યારે વિકારી નામ પહેલા ઘટક તરીકે હોય ત્યારે સમાસના અમુક વર્ગમાં પહેલો ઘટક લિંગ અને પ્રત્યય જાળવી રાખે છે.

બીજો એક પ્રશ્ન પણ મહત્ત્વનો છે. કેટલીક પરિસ્થિતિમાં સાથેસાથ રહેલા બે શબ્દને સમસ્ત ગણવા કે શબ્દજૂથ ગણવા તેનો નિર્ણય કરવાનું કામ કેટલીક વાર મુશ્કેલ બને છે.

તેના હાથ અને પગ ચાલતા નથી.
તેના હાથ, પગ ચાલતા નથી.
તેના હાથપગ ચાલતા નથી.

આમાંથી બીજા અને ત્રીજા વાક્યને સરખાવીએ તો જોઈ શકાશે કે બીજા વાક્યમાં 'હાથ' અને 'પગ'ની વચ્ચે ડૉ. કાર્ડોના જેને Open transition કહે છે તે રહેલું છે; જ્યારે બીજા વાક્યના 'હાથ' અને 'પગ'ની વચ્ચે તેઓ જેને Semi open transition કહે છે તે પ્રકારનો સંબંધ રહેલો છે.[૧૨] આ ધોરણે જ આપણે નીચેના સંબંધો વિશે વિચાર કરી શકીએ :

12 George Cardona : 'A Reference Gujarati Grammar', 1965,

આગગાડી વરાળયંત્ર ગણાય.
તે મહિલા છાત્રાલયમાં ગઈ.
તે કન્યાશાળામાં ભણે છે.

ઉપર્યુક્ત વાક્યમાં 'આગગાડી' 'વરાળયંત્ર' 'મહિલાછાત્રાલય', 'કન્યાશાળા' વગેરે પદો સમસ્તના ગણાય છે. હવે નીચેનાં વાક્યો વિચારીએ:

આગ ગાડીને વીંટળાઈ વળી હતી.
વરાળ યંત્રનું ચાલક બળ ગણાય છે.
તે મહિલા છાત્રાલયમાં ગઈ.
તે કન્યા શાળામાં ભણે છે.

આ વાક્યોમાં 'આગ' અને 'ગાડી', 'વરાળ' અને 'યંત્ર', 'મહિલા' અને 'છાત્રાલય' 'કન્યા' અને 'શાળા' પદો અસમસ્તનાં ગણાય છે.

ત્રીજો એક પ્રશ્ન સમાસના પહેલા ઘટક તરીકે રહેલાં વિકારી નામો જુદે જુદે સ્વરૂપે સમાસમાં દેખાય છે તે દ્વારા ઉપસ્થિત થાય છે.

છોકરોછોકરી	ઘોડોગધેડો	આડુંઅવળું
છોકરાઘેલી	ઘોડાગાડી	આડાદોઢું
છોકરમત	ઘોડદોડ	આડપેદાશ.

ગુજરાતીમાં કેટલીક વાર વિકારી નામ તેના લિંગ અને વચનના પ્રત્યય જાળવી રાખીને સમાસના પૂર્વઘટક તરીકે વપરાય છે. કેટલીક વાર તેના સામાન્ય રૂપમાં (એટલે કે અકારાન્ત રૂપમાં) તે વપરાય છે અથવા તો કેટલીક વાર તેના મૂળ ધાતુ સ્વરૂપે તે વપરાય છે.

સામાન્ય રીતે એવો નિયમ બાંધી શકાય કે જ્યાં વિકારી નામો સર્વપદપ્રધાન સમાસરૂપે હોય છે ત્યાં તેમના લિંગ-વચનના પ્રત્યય જળવાઈ રહે છે; જ્યાં એકપદપ્રધાન સમાસના પૂર્વઘટક તરીકે વિકારી નામ હોય છે ત્યાં તેનું સામાન્ય રૂપ વપરાય છે. અપવાદરૂપે કેટલાક પરંપરાથી ઊતરી આવેલા સમાસોમાં પૂર્વઘટક તરીકે વિકારી નામનું ધાતુ રૂપ જ હોય છે. જેમ કે 'છોકર્', 'ઘોડ્' વગેરે.

કૃતક સમાસો (Pseudo Compounds)

ગુજરાતીમાં એવી પણ કેટલીક રચનાઓ છે જેમને સમાસ ગણવી કે નહિ તેને લગતો નિર્ણય વિચારણા માગી લે છે.

આડોશીપાડોશી
વાસણકૂસણ
અડકોદડકો

ઉપરની રચનાઓમાં કોઈમાં પહેલો ઘટક તો કોઈમાં બીજો ઘટક સ્વતંત્ર અર્થ વિનાનો છે તો કેટલીક રચનાઓમાં બન્ને છૂટા ઘટકોનો કશો અર્થ નથી. પણ બે ઘટકોના સંયોજનથી કોઈક અર્થ સમજાય છે.

આ પ્રાસરંગી રચનાઓ છે.

માર્ખોડને અનુસરીને કહીએ તો આવા શબ્દોમાં 'આડોશી' કે 'કૂસણુ' જેવા ઘટક પૂર્ણ સંકેતો નથી, કારણ કે તેમનો કોઈ સ્વતંત્ર અર્થ હોવાનું સ્પષ્ટપણે કહી શકાતું નથી. છતાં આ રચનાઓનું ઘડતર સમાસના જેવું છે. બે અવયવોની સભાનતા પણ તેમાં છે. પહેલો અને બીજો એવા ઘટકો જુદા પાડી શકાય છે. બન્ને ઘટકોના સંબંધોની સમાસના ધોરણે તપાસ પણ થઈ શકે છે. સમાસના ધોરણે નહિ પણ પ્રયોગોનું વ્યવસ્થિત વર્ગીકરણ કરવાનો ગુજરાતીમાં પ્રયત્ન પણ થયેલો છે.[13]

શબ્દની વ્યાખ્યા પ્રમાણે આ રચનાના સમસ્ત પદોનો ભાષામાં પ્રયોગ થઈ શકે છે. પરંતુ તેમાંના બધા જ અવયવો છૂટા પ્રયોજી શકાતા નથી. 'આડોશી'નું અસ્તિત્વ 'પાડોશી'ના અસ્તિત્વ પર જ આધાર રાખે છે. ભાર સૂચવવા માટે, 'કે એના જેવું અન્ય...' જેવો ભાવ સૂચવવા માટે આવી પ્રાસરંગી રચનાઓ ગુજરાતીમાં પ્રચલિત છે. આ દૃષ્ટિએ તેમને સમાસરંગી રચનાઓ કે કૃતક સમાસો ગણવા જોઈએ. તેમના બે ઘટકોનાં જોડાણ તપાસતાં એ સમાસો સર્વપદપ્રધાન જેવી રચનાઓ છે.

બોલચાલના વિશિષ્ટ પ્રયોગોમાં પ્રાસસાધક નિરર્થક ઘટક પણ કાંઈક સ્વતંત્ર રીતે અને પોતાનો આછો અર્થ ધરાવતો હોય તે વપરાય પણ છે.

'ત્યાં કોઈ આડોશી યે નથી કે પાડોશી યે નથી.'

'ઢાંકો યે કર્યો અને ઢૂંબો યે કર્યો.'

આ દૃષ્ટિએ તેમને સામસિક રચનાઓ ગણી શકાય.

આ બધી બાબતોનો વિચાર કરી, ગુજરાતીની સામગ્રીનું વર્ણન-વિશ્લેષણ કરવામાં આવે તો ગુજરાતી ભાષાનાં સમાસરચનાનાં વલણોની શાસ્ત્રીય તપાસ થઈ શકે.

---

૧૩ ડૉ. પ્રભાશંકર તેરૈયા : 'ગુજરાતીના દ્વિરુક્ત પ્રયોગો', ૧૯૭૨.

ચૌલુક્ય ગુર્જરેશ્વરોની મહારાજ્ઞીઓ

—નવીનચંદ્ર આચાર્ય

વેદકાલમાં મહારાજ્ઞીનું સ્થાન રાજા જેટલુંજ મહત્ત્વનું મનાતું. સંહિતા અને બ્રાહ્મણ ગ્રંથોમાંથી જાણવા મળે છે કે રાજાને મદદ કરવા માટે બાર સભ્યોની એક સમિતિ રહેતી. એ રત્નીઓ તરીકે ઓળખાતા. રાજ્યાભિષેક વખતે આ રત્ન-કવિઓને રાજાએ જુદા જુદા સ્વરૂપે અર્ઘ્ય આપવો પડતો. આ સમિતિમાં મહારાણીનું સ્થાન અગત્યનું હતું. આ રાજરાણી કે રાજમાતાને ગાયનો અર્ઘ્ય અપાતો.[1]

રાજરાણીને રાજાની સાથે ગાદી ઉપર બેસવાનો અધિકાર હતો. આ અધિકારથી તે રાજ્યમાં 'મહારાજ્ઞી' તરીકે ઓળખાતી. રાજ્યવહીવટમાં તે મહત્ત્વનો ભાગ ભજવતી.[2] તેમ છતાં તેના કાર્ય વિશે વેદમાંથી કોઈ માહિતી મળતી નથી. સામાન્ય રીતે એમ મનાય છે કે તે સતત રાજાના સાનિધ્યમાં રહી રાજકારભારમાં તેમ જ યુદ્ધમાં રાજાને માર્ગદર્શન અને રક્ષણ આપતી હશે. પ્રાચીનકાલમાં રાણીઓ તેમ જ રાજકુમારીઓ લશ્કરી તાલીમ લેતી હતી એવા ઉલ્લેખો અનેક ગ્રંથમાંથી મળે છે.[3]

ગુજરાતમાં ચૌલુક્ય કાલમાં રાજા રાજ્યનો વડો મનાતો. રાજાનો રાજ્યાભિષેક સામાન્ય રીતે તેની પટરાણી સાથે થતો. રાજા એક કરતાં વધારે સ્ત્રીઓ સાથે લગ્ન કરી શકતો. ઘણી વાર તે હારેલા રાજવીની પુત્રી સાથે લગ્ન કરતો. પરિણામે રાજાના અંતઃપુરમાં અનેક રાણીઓની હિલચાલ રહેતી. તેમ છતાં પટરાણીપદ અમુક ચોક્કસ પ્રકારના અધિકારો ધરાવતી રાણીને જ મલતું. ચૌલુક્ય કાલીન અભિલેખોમાં '**महाराज्ञी**'[4] અને, '**राज्ञी**'[5] એમ બે જુદા શબ્દ પ્રયોગો મળે છે. સંભવ છે કે આ બંનેમાંથી મહારાજ્ઞી શબ્દ પટરાણી માટે અને રાજ્ઞી શબ્દ સામાન્ય રાણી માટે પ્રયોજાતો હશે. સામાન્ય રીતે એમ મનાતું કે '**महाराज्ञी**' પદે આવનાર રાણી કોઈ પ્રતિભાશાળી રાજવીની રાજપુત્રી હોવી જોઈએ. કુલ, વિદ્યા અને ચારિત્ર્યમાં ઉત્તમ હોવી જોઈએ. 'મહારાજ્ઞી' પદ રાજ્યના વરિષ્ઠ અધિકારીઓની સંમતિથી આપવામાં આવતું. રાજા જો કોઈ હલકા કુલની સ્ત્રીને 'મહારાજ્ઞી' પદ આપવા તૈયાર થાય તો રાજ્યના વરિષ્ઠ અધિકારીઓ,

---

૧ સોમપુરા (ડૉ.) કે. એફ., હિંદુ રાજ્યપદ્ધતિઓનો ઇતિહાસ, પૃ. ૫૨.

2 Altekar, The Position of Women, pp. 24-5

3 Altekar, The State and Government in Ancient India, p. 82, 152.

૪ ગુજરાતના ઐતિહાસિક લેખો, ૨૦૧. (હવે પછી તે 'ગુ. ઐ. લે.'ના ટૂંકા નામે આ લેખમાં આવશે.)

૫ એજન, ૧૬૦.

સામંતો તેમ જ અગ્રગણ્ય નાગરિકો તેને અટકાવતા.[૬] ટૂંકમાં પાટણની મહારાણીનું પદ પાટણનું ગૌરવ વધારે એવી સ્ત્રીને આપવામાં આવતું.

ચૌલુક્ય કાલમાં તેના આદ્ય સ્થાપક મૂલરાજ ૧લા થી માંડીને વાઘેલા ચૌલુક્ય શાખાના છેલ્લા રાજવી કર્ણદેવ ૨જા ના સમય દરમ્યાન અનેક પ્રતિભાશાળી મહારાણીઓએ પાટણનું ગૌરવ વધાર્યું છે.

મૂલરાજ ૧લો—માધવી :

મૂલરાજના પોતાના સમયના કોઈ અભિલેખોમાંથી તેની રાણીનું નામ મળતું નથી. પણ તેના પુત્ર ચામુંડના વિ.સં. ૧૦૩૩ (ઈ.સ. ૯૭૭)ના તામ્રપત્રમાં ચામુંડની માતાનું નામ 'માધવી' જણાવેલ છે.[૭] આ માધવી ચૌહાણકુલના રાજા ભોજની પુત્રી હતી. ચૌહાણકુલની વંશાવલીમાં ભોજ નામના કોઈ રાજવીનો ઉલ્લેખ જોવા મળતો નથી. આથી સંભવ છે કે આ રાજવી કોઈ ચૌહાણ કુલનો સામંત હશે. શ્રી અશોક મજમુદાર આને અપભ્રંશ કાવ્ય શ્રી ચંદ્રના 'કથાકોશ'માં વર્ણવેલ ભોજ હોવાનો સંભવ માને છે.[૮] પ્રસ્તુત લેખમાં 'માધવી'ના નામ આગળ કોઈ બિરુદ લગાડેલ જોવા મળતું ન હોવાથી સંભવ છે કે આ માધવી મૂલરાજ ૧લાના સમય દરમ્યાન પાટણની પટરાણી તરીકે જ ઓળખાતી હશે.

ચામુંડરાજ (?)[૯]

અભિલેખો અને સાહિત્યમાંથી આ રાજવીના વલ્લભરાજ, દુર્લભરાજ અને નાગરાજ નામે ત્રણ પુત્રોના ઉલ્લેખ મળે છે. પણ કોઈ ઠેકાણેથી તેની પત્નીનું નામ મળતું નથી. પ્રભાવક ચરિતમાંથી અનુશ્રુતિ અનુસાર જાણવા મળે છે કે "ચામુંડરાજ પોતાની પત્નીને વારંવાર ગર્ભપાત થવાથી ચિંતાતુર રહેતો હતો. તેના મંત્રી વીરે આ વાત વીરસૂરિ નામના જૈન સાધુને જણાવી. વીરસૂરિએ મંત્રેલી ભૂકી આપી તેને પાણી સાથે રાણીને પાઈ દેવા જણાવ્યું.

---

૬ ચૌલુક્ય રાજવી ભીમદેવ ૧લા ને 'બકુલાદેવી ' નામની વારાંગનાને પટરાણીપદે લાવતાં રાજ્યના વરિષ્ઠ અધિકારીઓએ અટકાવેલા.

શાસ્ત્રી, દુ. કે., ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ, પૃ. ૨૩૦. (હવે પછી આ પુસ્તક 'ગુ. મ. રા. ઇ.'ના ટૂંકા નામે ઉલ્લેખાશે.)

આચાર્ય, (ડૉ.) ન. આ., ગુજરાતનો સોલંકી કાલીન ઇતિહાસ, પૃ. ૬૨. (હવે પછી આ પુસ્તક 'ગુ. સો. ઇ.' નામે લેખમાં આવશે.)

Majumdar, (Dr.) A. K., Chaulukyas of Gujarat (હવે પછી આ પુસ્તક C.G.ના ટૂંકા નામે ઉલ્લેખાશે.), Ch. V.

૭ श्रीमान् सन्दरलील नाम विहितो यच्चाहमानाह्वय-
श्रीमद्भोज नराधियोत्तमसुता श्री माधवी कुक्षी......

ગુ. ઐ. લે., ૧૩૬ अ

૮ C. G., p. 32.

૯ જે રાજવીની રાણીનું નામ મળતું નથી ત્યાં આગળ રાણીના નામને બદલે (?) ચિહ્ન મૂકવામાં આવેલ છે.

આ પછી તેને વલ્લભરાજ અને બીજા પુત્રો જન્મ્યા.[૧૦] આમ આ ગ્રન્થમાંથી ચામુંડની રાણીને લગતી વિગત મળે છે પણ તેના નામનો ઉલ્લેખ મળતો નથી.

વલ્લભરાજ (?)

ચામુંડરાજ પછી પાટણની ગાદીએ આવનાર વલ્લભરાજ અચાનક શીતળાનો ભોગ બની યુદ્ધભૂમિમાં મૃત્યુ પામતાં તેના અંગેની કોઈ વિગતો ઉપલબ્ધ નથી. તેના પછી તે અપુત્ર મૃત્યુ પામેલ હોવાથી તેનો ભાઈ દુર્લભરાજ સત્તા પર આવ્યો.

દુર્લભરાજ—દુર્લભાદેવી :

ચૌલુક્ય રાજવી દુર્લભરાજની મહારાણીનું નામ દુર્લભાદેવી હતું.[૧૧] દ્વયાશ્રયમાં જણાવ્યું છે કે "નડૂલના ચૌહાણ રાજવી મહેન્દ્રે પોતાની બહેન દુર્લભાદેવી માટે સ્વયંવર રચ્યો. આ સ્વયંવરમાં ગુર્જર, અંગ, કાશી-અવંતિ, ચેદી, કુરુ, મથુરા, વિંધ્ય, આંધ્ર વગેરે અનેક પ્રદેશોના રાજવીઓ આવ્યા હતાં." દુર્લભાદેવીએ ચૌલુક્ય નરેશ દુર્લભરાજના કંઠમાં વરમાળા આરોપતાં રાજા મહેન્દ્રએ વિધિસર પોતાની બહેનનું લગ્ન દુર્લભરાજ સાથે કર્યું. અને પોતાની બીજી નાની બેન લક્ષ્મીનું લગ્ન દુર્લભરાજના નાનાભાઈ નાગરાજ સાથે કર્યું. આથી સ્વયંવરમાં આવેલા સર્વ રાજવીઓએ ગુસ્સે થઈ દુર્લભરાજ ઉપર આક્રમણ કર્યું પણ દુર્લભરાજે સર્વને બહાદુરીથી હાંકી કાઢયા.[૧૨]

આ દુર્લભરાજ અપુત્ર હોવાથી તેના પછી ભાઈ નાગરાજનો પુત્ર ભીમદેવ પાટણની ગાદીએ આવ્યો.

ભીમદેવ ૧ લો — ઉદયમતી :

ગુર્જરનરેશ ભીમદેવ ૧લાને ઉદયમતી અને બકુલાદેવી નામે બે રાણીઓ હતી.

ઉદયમતી સૌરાષ્ટ્ર નરવાહન ખેંગારની પુત્રી હતી.[૧૩] તે રાજપુત્રી હોવાથી પટરાણી પદે હતી. તેને કર્ણદેવ નામે પુત્ર હતો. તેણે પાટણમાં સહસ્રલિંગ તળાવ કરતાં પણ સ્થાપત્યની દ્રષ્ટિએ ઉત્તમ એવી 'રાણકીવાવ' બંધાવી હતી.[૧૪] હાલમાં આ વાવ પાટણમાં જર્જરિત અવસ્થામાં સહસ્રલિંગ તળાવના કિનારા પાસે જોવા મળે છે. તેના ઉપલબ્ધ અવશેષો પરથી જણાય છે કે આખીવાવ પથ્થરની બાંધેલી હતી. તેના કૂવાના ગોળમાં જુદા જુદા દેવદેવીઓની સુંદર પ્રતિમાઓ કંડારેલી છે.

---

૧૦ પ્રભાવકચરિત, વીરપ્રબંધ, શ્લો. ૧૩૬–૧૪૮, ગુ. મ. રા. ઇ., પૃ. ૧૮૨, ફૂટનોટ ૨, ગુ. સો. ઇ., પૃ. ૪૨

૧૧ દ્વયાશ્રય, સર્ગ ૭, શ્લો. ૯૨; ગુ. મ. રા. ઇ, પૃ. ૧૯૨.

૧૨ એજન, સર્ગ ૭, શ્લો. ૭૯-૧૪૨

આટલા બધા દૂર દૂરના પ્રદેશના રાજવીઓ એકઠા થયા હોય અને તેમણે એકીસાથે દુર્લભરાજ ઉપર આક્રમણ કર્યું હોય તેમ જ દુર્લભરાજે સર્વને હાંકી કાઢયા હોય તેમાં થોડી અતિશયોક્તિ હોવાનો સંભવ છે.

૧૩ મુનશી, ક. મા., ચક્રવર્તી ગુર્જરો. પૃ. ૨૪૯.

૧૪ પ્રબંધચિંતામણિ (પ્ર. ચિ.), પૃ. ૮૬.

ઉદયમતી એક સ્વમાની અને પ્રતિભાશાળી રાણી હતી. એક પ્રસંગે એવું બન્યું કે તેના પુત્ર કર્ણે રાણી મીનળદેવીને શ્યામ હોવાથી અપનાવવાની ના પાડી. આથી ઉદયમતીએ આત્મવિશ્વાસથી ગુર્જર રાજવીને વરવા આવેલી રાજકન્યા મીનળની અને પટાણની આબરુ સાચવવા મીનળની સાથે બળી મરવાની કઠોર પ્રતિજ્ઞા કરી. છેવટે કર્ણને પોતાની માતાની આગળ નમવું પડયું.[૧૫]

બીજી એક અનુશ્રુતિ અનુસાર પ્ર. ચિ.માં જણાવ્યું છે કે "કર્ણના સ્વર્ગે ગયા પછી ઉદયમતીનો ભાઈ મદનલાલ રાજ્યમાં બહુ જ માથાભારે થઈ વર્તવા લાગ્યો. આ વખતે પાટણમાં રાજવૈદ 'લીલો' ઘણોજ લોકપ્રિય હતો. એક દિવસ મદનલાલે લીલાવૈદને રાજમહેલમાં પોતાની દવા કરવાને બહાને તેડાવ્યો. ઢોંગ કરી નાડી બતાવી. લીલાએ ચરી પાળવા તૈયાર છો એમ પૂછતાં મદનલાલે કહ્યું કે એ જ નથી. મે તમને અહીં રોગનો ઉપાય બતાવવા નહિ પણ મને પૈસા આપી ભૂખનો ઉપાય કરવા બોલાવ્યા છે. એમ કહી તેની પાસેથી બત્રીસ હજાર પડાવી લીધા. લીલાએ આથી આઘાત પામીને રાજદરબારમાં જવાનું છોડી દીધું. રાજા જયસિંહદેવે જ્યારે આ વાત જાણી ત્યારે મદનલાલને ભયંકર સજા કરી.[૧૬]

બીજી રાણી બકુલાદેવી કે ચૌલાદેવી એક વારાંગના હતી. એક અનુશ્રુતિ અનુસાર પ્ર.ચિ.માં જણાવ્યું છે કે "અણહિલપુરમાં ભીમદેવ ૧લાના સમયમાં એક અત્યંત સ્વરૂપવાન નર્તકી હતી. તેના રૂપથી રાજા ભીમદેવ લોભાયો. તેણે સાંભળ્યું કે એક કુલસ્ત્રી કરતાં પણ વધી જાય તેવી મર્યાદા આ સ્ત્રી સાચવે છે. આથી એના ચારિત્ર્યની પરીક્ષા કરવા રાજાએ સવા લાખની કિંમતની એક મૂલ્યવાન છરી પોતાના માણસો મારફતે ચઉલા પોતાની રખાત તરીકે રહે એમ જણાવી મોકલી. આ પછી રાજાએ એ રાત્રે માળવા તરફ યુદ્ધ માટે પ્રયાણ કર્યું. લગભગ બે વર્ષ સુધી ભીમદેવ પોતે યુદ્ધમાં રોકાયેલ હોવાથી ચઉલાને મળી શક્યો નહિ. આ સમય દરમ્યાન ચઉલાએ પોતે રાજાનું ધન લીધું હોવાથી તેની રાખેલી છે એમ માનીને અન્ય સર્વ પુરુષોથી દૂર રહી શીલને સાચવ્યું. ભીમદેવ જ્યારે માલવ વિજય કરીને પાછો આવ્યો ત્યારે તેણે લોકમુખે આ વાત જાણી આથી પ્રભાવિત થઈને તેણે ચઉલાને પોતાની રાણી બનાવી.[૧૭] આ ચઉલાથી ભીમદેવને 'હરિપાલ' નામે પુત્ર થયો.[૧૮] આ હરિપાલ રાણી ઉદયમતીના પુત્ર કર્ણદેવ કરતાં મોટો હોવા છતાં પાટણની ગાદી કર્ણદેવને મળી.[૧૯]

---

૧૫ એજન, પૃ. ૮૭-૮૮.

૧૬ એજન, પૃ. ૮૯–૯૦.

૧૭ એજન, પૃ. ૧૨૪.

૧૮ એજન.

'દ્વયાશ્રય'માં શ્રી હેમચંદ્રાચાર્ય આ પુત્રનું નામ 'ક્ષેમરાજ' જણાવે છે. 'દ્વયાશ્રય', સર્ગ ૯, શ્લો. ૭૦, ૭૨, ૭૩.

પ્ર. ચિ.માં ચઉલાના પુત્ર હરિપાલનો ત્રિભુવનપાલ અને ત્રિભુવનપાલનો કુમારપાલ એમ જણાવ્યું છે. જ્યારે 'દ્વયાશ્રય'માં ક્ષેમરાજનો દેવપ્રસાદ અને દેવપ્રસાદનો ત્રિભુવનપાલ તથા ત્રિભુવનપાલનો કુમારપાલ, એમ વંશાવળી આવી છે. પ્ર. ચિ.માં ભૂલ હોવાનો સંભવ છે.

૧૯ દ્વયાશ્રય, સર્ગ ૯, શ્લોક, ૭૦ થી ૭૭.; આ અંગે શ્રી દુ. કે. શાસ્ત્રી માને છે કે, તે વારાંગનાનો પુત્ર હોવાથી તેને ગાદી આપવાનું પાટણના મંત્રીઓને યોગ્ય લાગ્યું નહિ હોય. ગુ. મ. રા. ઈ, પૃ. ૨૩૦.

કર્ણદેવ–મીનળદેવી :

કર્ણદેવ ઘણો સોહામણો રાજવી હતો. કુમારપાલના એક લેખમાં તેને કામિની કંદર્પ કહ્યો છે.[૨૦] કર્ણને મીનળદેવી નામે એક પ્રતિભાશાળી પટરાણી હતી.

મીનળદેવી વિશે લખતાં મેરુતુંગ પ્ર.ચિ.માં જણાવે છે કે "એક વખત કર્ણાટનો રાજા શુભકેશી પોતાનો ઘોડો હાથમાં ન રહેવાથી જંગલમાં ઘણે દૂર નીકળી ગયો. થાકેલો રાજવી ઝાડ નીચે આરામ કરતો હતો ત્યાં જંગલમાં દાવાનળ પ્રગટ્યો. રાજા અને ઝાડ બંને આગમાં હોમાઈ ગયાં. પછી મંત્રીઓએ તેના પુત્ર જયકેશીને ગાદીએ બેસાડ્યો. આ જયકેશીને 'મયણુલ્લા' નામે એક પુત્રી હતી. એક વખત કોઈક શિવભક્તના મોઢે મયણુલ્લાએ સોમેશ્વર દેવનું નામ સાંભળતાં તેને તરત જ પોતાનો પૂર્વજન્મ સાંભળી આવ્યો. તેને થયું કે પોતે પૂર્વ જન્મમાં બ્રાહ્મણી હતી. બારમાસોપવાસ કરી તેની ઉજવણી કરતાં દરેક વસ્તુ બાર બારની સંખ્યામાં આપીને પોતે સોમેશ્વર દેવની યાત્રાએ નીકળી. પણ બાહુલોદ[૨૧] શહેરની પાસે આવતાં ત્યાં આગળ કર આપી ન શકવાથી નિરાશ થઈને હું આવતા જન્મમાં આ કર દૂર કરાવનારી થાઉ' એવો નિશ્ચય કરી અન્નનો ત્યાગ કરી મૃત્યુ પામી હતી, તે આ જન્મે મયણુલ્લાદેવીરૂપે આ કુલમાં અવતરી છું."

આ રીતે પૂર્વજન્મનું સ્મરણ થતાં તેણે બાહુલોદ આગળનો કર દૂર કરવા ગુર્જરદેશના રાજવી સાથે લગ્ન કરવાની પોતાના પિતા આગળ ઈચ્છા દર્શાવી. રાજા જયકેશીએ પોતાના પ્રધાનો મારફતે ગુર્જર નરેશ શ્રી કર્ણને પોતાની પુત્રીનો સ્વીકાર કરવા વિનંતી કરી પણ કર્ણે તે કદરૂપી છે એમ સાંભળેલું હોવાથી તેની માગણી તરફ ધ્યાન ન આપ્યું. આમ છતાં મયણુલ્લાએ કર્ણને જ પરણવાનો આગ્રહ ચાલુ રાખતાં જયકેશીએ તેને જાતે પરણી લેવા પાટણ મોકલી. કર્ણને આ ખબર પડતાં છૂપાવેશે તેણે મયણુલ્લાને જોઈ. તે કદરૂપી હોવાની ખાત્રી થતાં તેનાં તરફ ઉદાસ થઈ ગયો. મયણુલ્લાને આની જાણ થતાં તે પોતાની સખીઓ સાથે પ્રાણ ત્યાગ કરવા તૈયાર થઈ કર્ણની માતા ઉદયમતીને આ વાતની ખબર પડતાં તેને ઘણું જ દુઃખ થયું. પોતાના દેશમાં વિશ્વાસથી આવેલી રાજકુમારી તરફ પોતાના પુત્રનું આવું વર્તન તેનાથી સહન થયું નહિ. એક સ્ત્રી આબરુ સાચવવા તેણે પણ મયણુલ્લા સાથે અગ્નિ પ્રવેશ કરવાનો નિર્ણય કર્યો. અંતે કર્ણને માતાના આગ્રહને વશ થઈ મયણલ્લા સાથે લગ્ન કરવું પડયું.

લગ્ન થયા છતાં પણ કર્ણ અને મીનળ વચ્ચે મનમેળ ન થયો. લગ્ન પછી રાજાએ તેના તરફ નજર પણ ન કરી. મયણુલ્લા અણમાનીતી રાણી બની. એવામાં એવું બન્યું કે

---

૨૦ ગુ. ઐ. લે., ૧૬૫.; પ્ર. ચિ.માં કર્ણને 'મહાશૃંગારી' કહ્યો છે. પ્ર. ચિ, પૃ. ૮૬.

૨૧ રાસમાળામાં આ બાહુલોદ નર્મદા કિનારે શુકલતીર્થ આગળ જણાવેલ છે—'રાસમાળા' (ગુ. ભા.) આ. ૩, પૃ. ૧૪૮.

શ્રી દુ. કે. શાસ્ત્રી ધોળકાથી દક્ષિણ પશ્ચિમે આવેલ 'ભોળાદ'ને બાહુલોદ માને છે—ગુ. મ. રા. ઈ, પૃ. ૨૪૨, ટિ. ૪.

શ્રી. રત્નમણિરાવ જોટે વેરાવળ પાસે દેવકા નદીના સંગમ આગળ બાહુલોદનું સ્થાન માને છે—સોમનાથ, પૃ. ૧૩૬.

કર્ણ કોઈક હલકી સ્ત્રીના પ્રેમમાં છે એમ મુંજાલ મંત્રીને ખબર પડતાં તેણે ઋતુ પછી નહાયેલી મયણલ્લાને એ હલકી સ્ત્રીના વેશમાં કર્ણ પાસે મોકલી દીધી. કર્ણે ઓળખ્યા વગર તેને પોતાના પ્રેમનું પાત્ર માની ભોગવી. પરિણામે મયણલ્લાને ગર્ભ રહ્યો. મયણલ્લાએ એકાંતમાં મળતી વખતે સંકેત બતાવવા માટે રાજાની આંગળીએથી એના નામની વીંટી કાઢી લઈને પોતાની આંગળીએ પહેરી લીધી. સવારે પોતાના પાપકૃત્યનો પસ્તાવો થતાં કર્ણ પ્રાયશ્ચિત કરવા તૈયાર થયો. પંડિતોએ તપાવેલા તાંબાની પૂતળીને ભેટીને આ પાપનું પ્રાયશ્ચિત કરવા જણાવ્યું. રાજા એ પ્રમાણે કરવા તૈયાર થતાં મુંજાલે સાચી હકીકત જણાવી. રાજા ખુશ થયો ને મયણલ્લાને સ્વીકારી. ગુજરાતના ઇતિહાસમાં આ મયણલ્લા મીનળદેવી તરીકે પ્રખ્યાત બની. તેના પુત્રનું નામ જયસિંહ પાડ્યું.[૨૨]

ધીરે ધીરે મીનળ ગુજરાતના રાજ્યવહીવટમાં પ્રવીણ બનવા લાગી. થોડાક વખત બાદ કર્ણનું મૃત્યુ થતાં તેનો પુત્ર જયસિંહ ઘણી નાની ઉંમરે સત્તા પર આવેલ હોવાથી મીનળે સત્તાનાં સૂત્રો પોતાના હાથમાં લીધાં. રાજમાતા તરીકે તેણે અનેક સુકૃત્યો કર્યાં.

પ્ર.ચિ.માં એક બીજી અનુશ્રુતિ અનુસાર જણાવ્યું છે કે "એક વખત મીનળે પોતાના પૂર્વજન્મનો વૃતાંત પોતાના પુત્ર જયસિંહને જણાવી, તેની અનુમતિ લઈને સોમનાથની યાત્રાએ નીકળી. જ્યારે 'બાહુલોદ' પહોંચી ત્યારે પંચકુલ તરફથી ત્રાસેલા તથા રાજાનો કર ન ભરી શકવાથી આંસુ સાથે પાછા ફરતાં કેટલાક સાધુઓને જોઈને તે દુઃખી થઈ. મીનળ પોતે આગળ ન જતાં પાછી વળી. રસ્તામાં જયસિંહે પોતાની માતાને યાત્રા કર્યા વગર પાછી ફરતી જોઈને તે શા માટે પાછી વળે છે ! એમ પૂછતાં મીનળે કહ્યું કે જ્યાં સુધી આ કર લેવાનું બંધ કરવામાં ન આવે ત્યાં સુધી હું સોમનાથનાં દર્શન કરીશ નહિ, અને અન્નજળ લઈશ નહીં. આ સાંભળતાં રાજાએ પંચકુલને બોલાવીને બોત્તેર લાખની આવકવાળો આ કર તાત્કાલિક રદ કર્યો. માતાના શ્રેયાર્થે આ કર છોડી દઈને માતાના હાથમાં તેનું પાણી મુકયું. ત્યાર બાદ મીનળે સોમનાથ જઈ સુવર્ણદેવની પૂજા કરીને તુલાપુરુષદાન, ગજદાન, વગેરે મહાદાન કર્યાં.[૨૩]

બીજી એક અનુશ્રુતિ અનુસાર જાણવા મળે છે કે "એક વખત મીનળ પોતાના પિતાના અકાળ અવસાનના સમાચાર મળતાં તેમના શ્રેયાર્થે સોમનાથની યાત્રાએ ગયાં. ત્યાં કોઈ ત્રણ વેદ જાણનાર બ્રાહ્મણને બોલાવીને તેના હાથમાં પાણી મૂકતી વખતે "જો ત્રણ જન્મનું પાપ લેતો હોય તો આ દાન આપું નહીં તો નહિ, એમ કહ્યું." આ વચનથી સંતોષ પામીને બ્રાહ્મણે હાથી, ઘોડા, સોનું, વગેરે વાળા ઘડાનું દાન લીધું. એ પછી બ્રાહ્મણે અન્ય બ્રાહ્મણોને બોલાવી સર્વ ચીજો વહેંચી દીધી. આથી આશ્ચર્ય પામીને રાણીએ આનું કારણ પૂછતાં બ્રાહ્મણે કહ્યું કે, "પૂર્વ જન્મનાં પુણ્યથી આ જન્મે તમે રાજરાણી અને રાજમાતા થયાં છો. આ લોકોત્તર

---

૨૨ પ્ર. ચિ., પૃ. ૮૭-૮૮ (દુ. કે. શાસ્ત્રી-સંશોધિત).

૨૩ એજન, પૃ. ૯૨.

તુલાપુરુષદાન, ગજદાન, વગેરે મહાદાનોના પ્રકાર છે. પહેલામાં પોતાના ભારોભાર સુવર્ણ તથા બીજામાં શણગારેલો હાથી આપવામાં આવે છે.

દાનોથી અને સત્કર્મોથી ભાવિ જન્મ પણ તમારો કલ્યાણકારી થશે. એમ વિચારી મેં આ પાપ ઘટનું દાન ગ્રહણ કર્યું. તમે પાપ ઘટનું દાન આપવા માંડયું એટલે કોઈક અધમ બ્રાહ્મણ આ દાન લઈને તમારું અને તેના કુટુંબનું અહિત કરશે એમ માનીને મેં આ ધન લીધું અને પાછું દાનમાં આપી દીધું. આથી મેં જે દાનમાં મેળવ્યું હતું તેના કરતાં આઠ ગણું પુણ્ય મેળવી મેં મારું કલ્યાણ કર્યું.[૨૪]

બીજી એક અનુશ્રુતિ અનુસાર પ્ર. ચિ.માં જણાવ્યું છે કે "મીનળદેવીને દિગંબર સાધુ કુમુદચંદ્ર તરફ પક્ષપાત હતો. તે પોતે કુમુદચંદ્ર દેવસૂરિ સાથેના વિવાદમાં જીતે એમ ઈચ્છતી હતી. આથી હેમચંદ્રાચાર્યે કહેવડાવ્યું કે "વાદ વખતે દિગંબરો સ્ત્રીઓએ કરેલું પુણ્ય નકામું જાય છે એમ સિદ્ધ કરવા પ્રયત્ન કરશે અને શ્વેતાંબરો સ્ત્રીઓએ કરેલુ પુણ્ય સફળ થાય છે એમ સિદ્ધ કરવા પ્રયત્ન કરશે આથી મીનળે દિગંબરો તરફનો પક્ષપાત છોડી દીધો.[૨૫]

આ મીનળે ગુજરાતમાં કેટલાંક ઉત્તમ જળાશયો બંધાવ્યાં હોવાનું મનાય છે. તેણે વીરમગામમાં માનસર નામનું તળાવ બંધાવ્યું હોવાનું મનાય છે. તળાવનો ઘાટ ચારે બાજુથી બાંધેલો છે.ત્યાં હારબંધ દેરીઓ આવેલી છે. હાલમાં ત્યાં ૩૫૭ દેરીઓ મોજુદ છે. આ ઉપરથી પાટણના સહસ્રલિંગ તળાવનો ખ્યાલ આવે છે.[૨૬]

હાલનું ધોળકાનું મલાવ તળાવ પણ મીનળે બંધાવ્યુ હોવાનું મનાય છે. આ સરોવરના આકારને લીધે મીનળના નામે એક દંતકથા ગુજરાતમાં પ્રચલિત છે. કહેવાય છે કે "આ તળાવ જ્યારે બંધાતુ હતું ત્યારે એક ખૂણે એક ગણિકાનું ઘર આવતું હતું. મીનળે તળાવની શોભા ન બગડે તે માટે આ ગણિકાને પોતાનું ઘર આપી દેવા જણાવ્યું. પણ ગણિકાએ માન્યું નહિ. તેણે કહ્યું કે "તમારે જેમ તમારુ નામ આ તળાવની સાથે જોડીને અમર થવું છે. તેમ મારે પણ તળાવ માટે મારુ ઘર ન આપીને અમર થવું છે" ગણિકાની વાત મીનળને સમજાઈ પરિણામે એક ખૂણાની ઉણપવાળું એ તળાવ બંધાયું. આ ઉપરથી આજે લોકોમાં કહેવત પ્રચલિત છે કે "ન્યાય જોવો હોય તો મલાવ જુઓ."[૨૭]

આ તળાવનો વ્યાસ લગભગ ૪૦૦ વાર છે. એની ચારે બાજુ પગથિયાંની ફરસ બંધી છે. કિનારે નાનાં મોટાં દેવાલયો આવેલાં છે. તળાવની નજીક પથ્થરનો એક રુદ્રકૂપ છે. તેની ચારે બાજુ પથ્થરમાંથી કંડારીને ૧૧ રુદ્રો બેસાડવામાં આવ્યા છે. આ રુદ્રોની રચના એવી છે કે જ્યારે રુદ્રકૂપ ભરાઈને રુદ્રોના મુખ સુધી પાણી આવે ત્યારે તળાવ સંપૂર્ણ ભરાય.

નડિયાદની જૂની વાવ રાજમાતા મીનળે સં. ૧૧૫૨માં બંધાવી હોવાનું મનાય છે.

---

૨૪ પ્ર. ચિ., પૃ. ૧૨૧.

૨૫ એજન, પૃ. ૧૦૮-૧૦૯.

૨૬ શાસ્ત્રી, (ડૉ.) હ. ગ., ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ, પૃ. ૨૭૦.

૨૭ ગુ. સો. ઈ., પૃ. ૪૩૩; ધોળકિયા, જે. બી., 'માલવ એક દષ્ટિ,' 'પંથદીપ'—ધોળકા હાઈસ્કૂલ, વાર્ષિક અંક ૧૯૫૭, પૃ. ૬૩.

આમ મીનળદેવીએ ગુજરાતના રાજ્યવહીવટમાં તેમ જ સ્થાપત્યના ક્ષેત્રમાં નોંધ પાત્ર ફાળો આપેલ છે.

સિદ્ધરાજ જયસિંહ—(?)

સિદ્ધરાજ જયસિંહ ગુજરાતનો પરાક્રમી રાજવી હતો. તેનાં પરાક્રમોની અને સુકૃત્યોની અનેક વિગતો અભિલેખો અને ગ્રંથોમાંથી મળે છે. પણ આશ્ચર્યની વાત એ છે કે કોઈ ઠેકાણેથી તેની પટરાણીનું નામ મળતું નથી.[૨૮] કીર્તિકૌમુદીમાં તેની પુત્રી કાંચનદેવીનું નામ મળે છે.[૨૯] આ કાંચનદેવીને સિદ્ધરાજ જયસિંહે શાકંભરીના અર્ણોરાજ સાથે પરણાવી હતી. સિદ્ધરાજ જયસિંહ પોતે અપુત્ર હોવાથી તે કાંચનદેવીના પુત્ર સોમેશ્વરને પાટણની ગાદીએ લાવવા ઇચ્છતો હતો. પણ તેની એ ઇચ્છા વિધિનિર્માણ આગળ પૂર્ણ થઈ નહીં. તે અપુત્ર મૃત્યુ પામ્યો.

તેનાં પછી કુમારપાલ પાટણની ગાદીએ આવ્યો.

કુમારપાલ–ભોપાલદેવી :

ગુર્જરેશ્વર કુમારપાલ બકુલાદેવીનો વંશજ હતો. ઉપલબ્ધ સાધનો પરથી જાણવા મળે છે કે તેને ભોપાલદેવી[૩૦] જલ્હણા[૩૧] અને પદ્માવતી[૩૨] નામે ત્રણ રાણીઓ હતી.

ભોપાલદેવી પટરાણી હોવાનો સંભવ છે.[૩૩] તેના વિશે કોઈ વિશેષ માહિતી ઉપલબ્ધ નથી.

જલ્હણા અજમેરના રાજા અર્ણોરાજની પુત્રી હતી. અર્ણોરાજ કુમારપાલ સાથેના યુદ્ધમાં હારી જતાં તેણે પોતાની પુત્રી જલ્હણા કુમારપાલને પરણાવી.[૩૪] આમ જલ્હણાને કુમારપાલે યુદ્ધમાં વિજયી બનીને મેળવી હતી.

કુમારપાલચિંતામણિમાં જણાવ્યા પ્રમાણે પદ્માવતી સિંધુ પ્રદેશના પશ્ચિમે આવેલ પદ્મપુરની કુંવરી હતી. આ પદ્મપુર સિંધુ અને પારાના સંગમ ઉપર આવેલ પદ્મપુર હોવાનો સંભવ મનાય છે. આ નગર માળવામાં આવેલ હોઈ પદ્માવતી બલ્લાલની પુત્રી હોવા સંભવ છે. કુમારપાલે પદ્માવતીને યુદ્ધમાં વિજયી બનીને મેળવી હતી.[૩૫]

---

૨૮ કેટલીક વાર નવલકથાકાર ઐતિહાસિક નવલકથા લખતી વખતે પોતાની વાર્તાનો પ્રવાહ આગળ ચલાવવા કાલ્પનિક પાત્રોનું સર્જન કરતા હોય છે. શ્રી ક. મા. મુનશીએ એવી જ રીતે ગુજરાતના ઇતિહાસને આલેખતી પોતાની નવલકથા 'રાજાધિરાજ'માં સિદ્ધરાજ જયસિંહની પત્ની તરીકે 'લીલાદેવી'નું કાલ્પનિક પાત્ર સર્જી વાર્તાને આગળ ચલાવી છે.

—ક. મા. મુનશી, 'રાજાધિરાજ', વિ. ૩., પ્ર. ૩૧-૩૨, પૃ. ૨૧૮-૨૩૦.

૨૯ કીર્તિકૌમુદી, સર્ગ ૨, શ્લો. ૨૭-૨૯.

૩૦ પ્ર. ચિ., હેમચંદ્રસૂરિ પ્રબંધ, શ્લો. ૩૯૨; (સં.) ર. છો. પરીખ, કાવ્યાનુશાસન, પ્રસ્તાવના, પૃ. ૯૯, પાદટીપ.

૩૧ દ્વયાશ્રય, સર્ગ ૧૬, શ્લો. ૧૪થી ૧૯ના શ્લો. ૬૦ સુધી.

૩૨ C. G., p. 112.

૩૩ જયસિંહસૂરિકૃત, કુમારપાલ ભૂપાલ ચરિત, સર્ગ ૩, શ્લો. ૨૩થી આગળ, ચ. પ્ર., પૃ. ૧૦૦.

૩૪ ગુ. મ. રા. ઇ., પૃ. ૩૪૯.

૩૫ મુ. ગે., ગ્રં. ૧, ભા. ૧, પૃ. ૧૮૮ (બૉમ્બે ગેઝેટિયર).

આ ઉપરાંત અનુશ્રુતિ પ્રમાણે જાણવા મળે છે કે કુમારપાલ મેવાડના રાજાની કુંવરીને પરણ્યો હતો. એણે જૈન ધર્મ સ્વીકારવાની તથા આપસરે જવાની ના પાડતાં જયદેવ વગેરે બારોટે અને રાણીએ આપઘાત કર્યો.[૩૬]

આટલી રાણીઓ હોવા છતાં કુમારપાલ અપુત્ર મૃત્યુ પામ્યો. તેના પછી તેનો ભત્રીજો અજયપાલ ગાદીએ આવ્યો.

અજયપાલ—નાઈકીદેવી :

ગુર્જરેશ્વર અજયપાલને નાઈકીદેવી[૩૭] અને કર્પૂરદેવી[૩૮] નામે બે રાણીઓ હતી.

મૂલરાજ ૨ જાના વિ. સં. ૧૨૩૨ના દાનપત્રમાં કર્પૂરદેવીની આગળ 'राज्ञी' બિરુદ પ્રયોજાયેલ જોવા મળે છે. આથી સંભવ છે કે નાઈકીદેવી પટરાણીપદે હશે. નાઈકીદેવીને મૂલરાજ અને ભીમદેવ નામે બે પુત્રો હતા. એક અનુશ્રુતિ અનુસાર પ્ર. ચિ.માં જણાવ્યું છે કે નાઈકીદેવીએ બાલમૂલરાજને ખોળામાં રાખી ગાડારાર ઘટ્ટ નામના ઘાટમાં બહાદુરીથી મુસલમાનોનો સામનો કરી હાંકી કાઢચા.[૩૯]

કર્પૂરદેવીનો ઉલ્લેખ મૂલરાજ ૨જા ના દાનપત્રમાં છે. અહીં તેના નામ આગળ 'રાજ્ઞી' શબ્દ પ્રયોજાયો છે. તામ્રપત્રમાં જણાવ્યું છે કે, અજયદેવની પત્ની કર્પૂરદેવીના શૈયાગ્રાહક નાગર બ્રાહ્મણ ઘૂહડસૂત પ્રભાકરને બ્રાહ્મણવાડા ગામની કેટલીક જમીન દાનમાં આપવામાં આવી.[૪૦] આ સિવાય અન્યત્ર કર્પૂરદેવીનો કોઈ ઉલ્લેખ મળતો નથી.

મૂલરાજ ૨ જો—(?)

અજયપાલ પછી નાઈકીદેવીનો પુત્ર બાલમૂલરાજ પાટણમાં સત્તા પર આવ્યો. તે અચાનક મૃત્યુ પામ્યો. તેના વિશે કોઈ માહિતી ઉપલબ્ધ નથી.

ભીમદેવ ૨ જો—સૂમલદેવી :

બાલમૂલરાજ પછી પાટણમાં તેનો ભાઈ ભીમદેવ ૨ જો સત્તા ઉપર આવ્યો. તેને સૂમલદેવી અને લીલાદેવી નામે બે રાણીઓ હતી.

સૂમલદેવી પટરાણી હોવાનો સંભવ છે. ભીમદેવ ૨ જાના વિ.સં. ૧૨૯૬(ઈ.સ. ૧૨૪૦)ના લેખમાં સૂમલદેવીના નામ આગળ 'महाराज्ञी' બિરુદ પ્રયોજાયેલ જોવા મળે છે. આ લેખમાં ભીમદેવ ૨જા એ મહારાણી સૂમલદેવીના શ્રેયાર્થે વીરમેશ્વર અને સૂમલેશ્વરના મંદિરમાં નૈવેદ્ય અને પૂજા માટે ગામનું દાન આપ્યું હતું.[૪૧] આ ઉપર લાગે છે કે સૂમલદેવી શૈવ ધર્મની અનુયાયી હશે.

---

૩૬ રાસમાળા, આ. ૩., પૃ. ૨૭૯–૨૮૦. આને કોઈ ઐતિહાસિક પ્રમાણ નથી. [જૈનદ્વેષી બ્રાહ્મણોએ ઉપજાવી કાઢેલી છે.] ગુ. મ. રા. ઈ., પૃ ૩૮૬.

૩૭ પ્ર. ચિ., પૃ. ૨૦૪.

૩૮ ગુ. ઐ. લે., ૧૫૭ ब.

૩૯ પ્ર. ચિ., પૃ. ૨૦૪.

૪૦ ગુ. ઐ. લે., ૧૫૭ ब.

ભીમદેવ ૨ જાના વિ. સં. ૧૨૬૩(ઈ. સ. ૧૨૦૭)ના લેખમાં ભીમદેવની બીજી રાણી લીલાદેવીનો ઉલ્લેખ છે. અહીં તેમના નામની આગળ 'राज्ञी' શબ્દ પ્રયોજ્યો છે. આ ઉપરથી એમ જણાય છે કે લીલાદેવીનું સ્થાન સંભવતઃ અન્ય રાણીઓ જેવું હશે આ લીલાદેવી ચૌહાણ રાજવી સમરસિંહની પુત્રી હતી.[૪૨] રાજા ભીમદેવે પોતાના તથા લીલાદેવીના શ્રેયાર્થે કરીરા અને માલકતરી ગામ વચ્ચે લીલાપુર ગામ વસાવીને ત્યાં ભીમેશ્વર અને લીલેશ્વર નામનાં શિવાલયો બંધાવ્યાં.[૪૩]

આ ઉપરથી જણાયં છે કે લીલાદેવી પણ શૈવધર્મની અનુયાયી હશે.

ત્રિભુવનપાલ—(?)

ભીમદેવ ૨ જા પછી પાટણની ગાદીએ આવનાર ત્રિભુવનપાલ અને ભીમદેવ ૨ જા વચ્ચે શું સગપણ હશે તે ચોક્કસ કહી શકાતું નથી. ત્રિભુવનપાલ અપુત્ર હોવાથી તેના મૃત્યુ બાદ વાઘેલા રાજવી વીરધવલનો પુત્ર વીસલદેવ પાટણની ગાદીએ આવ્યો. આમ ગુજરાતની ગાદી ચૌલુકય વંશની બીજી શાખામાં ગઈ.

વીસલદેવ–નાગલ્લદેવી :

વીસલદેવ પોતે વાઘેલાવંશનો હતો. આ વંશનો મૂળ સ્થાપક ધવલ હતો. ધવલની પત્નીનું નામ જાણવા મળતું નથી. ધવલને અર્ણોરાજ નામે પુત્ર હતો. તેની પત્નીનું નામ સુલક્ષણા હતું. અર્ણોરાજને લવણપ્રસાદ નામે પુત્ર થયો. તેને મદન રાજ્ઞી નામે પત્ની હતી. લવણપ્રસાદને વીરધવલ નામે પુત્ર થયો આ વીરધવલને વીસલદેવ નામે પુત્ર થયો. આ વીસલદેવ ચૌલુકય રાજવી ત્રિભુવન-પાલના મૃત્યુબાદ ગુર્જરેશ્વર બન્યો.

રાજા વીસલદેવને નાગલ્લદેવી નામે સ્વમાની અને કલારસિક પત્ની હતી. સિન્ટ્રાની દેવપટ્ટન, પ્રશસ્તિમાં નાગલ્લદેવીના નામ આગળ કોઈ 'राज्ञी' કે 'महाराज्ञी' જેવો કોઈ શબ્દ પ્રયોજ્યો નથી.[૪૪] વીસલદેવની આ એક જ રાણીનો ઉલ્લેખ મળતો હોવાથી સંભવ છે કે તે પટરાણી હશે. પુરાતન પ્રબંધ સંગ્રહમાં અનુશ્રુતિ અનુસાર જણાવ્યું છે કે "આ નાગલ્લદેવી ઘણું સરસ સંગીત જાણતી હતી. તેણે વીસલદેવને જુદી જુદી વસ્તુઓ બતાવીને સંગીતમાં રસ લેતો કર્યો હતો. જેમકે શ્રીરાગ માટે શરીર, વસંત રાગ માટે કુસુમ, ભૈરવ માટે ભેરીરવ, પંચમ માટે પાંચ આંગળીઓ, મેઘ માટે આકાશ, નટ્ટનારાયણ માટે ચક્ર, કાનડા માટે કર્ણ, ધનાશ્રી માટે ધાન્ય, નાટસારી માટે પાશક ગુર્જરી માટે સિંહાસન" વગેરે.[૪૫]

---

૪૧ ગુ. ઐ. લે., ૨૦૧.

૪૨ चाहुमाणसमरसिंहसुता । .....ગુ. ઐ. લે., ૧૬૦.

૪૩ ગુ. ઐ. લે., ૧૬૦.

૪૪ नागल्लदेवीति बभूव यस्य जाया जयश्रीरिव देहबद्धा.
ગુ. ઐ. લે., ૨૨૨, શ્લો. ૭.

૪૫ પુરાતનપ્રબંધસંગ્રહ, પૃ. ૭૯.

આ જ ગ્રંથમાં એક બીજી અનુશ્રુતિ અનુસાર જણાવેલ છે કે "મયણુસાહાર નામના માણસે 'નાગલ્લદેવી'ને પખાઉજની પુત્રી કહી મહેણું માર્યું. આથી નાગલ્લદેવીએ ગુસ્સે થઈ તેનું નાક કાપી નાખ્યું.[૪૬]

વીસલદેવ તેમજ તેના પછીના રાજવીઓના અભિલેખો તથા અન્ય ગ્રંથોમાંથી આ નાગલ્લદેવી કોની પુત્રી હતી એનો કોઈ ઉલ્લેખ મળતો નથી. તેને 'પખાઉજ'ની પુત્રી કહી મહેણું મારનારે કયા આધારે આ મહેણું માર્યું હશે એ એક પ્રશ્ન છે. પખાઉજનો સામાન્ય અર્થ ગવૈયો એવો થતો હોય છે. ગવૈયાઓનો ધંધો તે વખતે સામાન્ય રીતે હલકો મનાતો. તો શું તે હલકા કુલની હશે? અને જો એ પ્રમાણે તે હલકા કુલની હોય તો પાટણના નગરજનો અને અમાત્ય મંડળે તેને સ્વીકારી હશે? કે વીસલદેવે પાટણના ગુર્જરેશ્વર બનતા પહેલાં આ નાગલ્લદેવી સાથે લગ્ન કર્યું હશે? આમ નાગલ્લદેવી કાયદેસરની પત્ની હોવાના કારણે તે પાટણની પટરાણી બની હશે? આ સર્વ પ્રશ્નોનો ઉકેલ ચોક્કસ પ્રકારની ઐતિહાસિક માહિતીનો અભાવ હોવાથી મેળવવો મુશ્કેલ બને છે. તેથી હાલમાં તો આને દંતકથાના સ્વરૂપે જ માનીને આગળ વધવું પડે.

આ નાગલ્લદેવીને કોઈ સંતાન ન હતું.

અર્જુનદેવ—(?)

વીસલદેવ અપુત્ર હોવાથી તેણે પોતાના ભાઈ પ્રતાપમલ્લના પુત્ર અર્જુનદેવનો સ્વહસ્તે રાજ્યાભિષેક કરાવીને મૃત્યુનું શરણ લીધું.[૪૭]

સિન્ટ્રાની દેવપટ્ટન પ્રશસ્તિમાંથી તથા ખંભાતના ચિંતામણિપાર્શ્વનાથના લેખમાંથી અર્જુનદેવના પુત્રો રામદેવ અને સારંગદેવનાં નામ મળે છે.[૪૮] પણ કોઈ ઠેકાણે તેની પત્નીનું નામ મળતું નથી.

રામદેવ—(?)

અર્જુનદેવ પછી અલ્પ સમય માટે રામદેવ સત્તા પર આવ્યો હતો પણ તેનો રાજ્યકાલ અલ્પ નીવડતાં તેની જગાએ સારંગદેવ સત્તા પર આવ્યો. આ રામદેવની પત્નીનું નામ મળતું નથી.

સારંગદેવ—(?)

રામદેવ પછી સારંગદેવ ગુર્જરેશ્વર બન્યો. તે અપુત્ર હોવાથી રામદેવનો પુત્ર કર્ણદેવ ગાદીએ આવ્યો.

સારંગદેવની મહારાણીનું નામ મળતું નથી.

કર્ણદેવ રજો—કૌલાદેવી :

સારંગદેવ પછી ગુજરાતની ગાદીએ આવનાર કર્ણદેવ રજો ગુજરાતના ઇતિહાસમાં કર્ણ વાઘેલા કે કર્ણ ઘેલાના નામે ઓળખાય છે. તેની રાણીનું નામ કૌળાદેવી હતું.

---

૪૬ એજન, પૃ. ૭૯.

૪૭ ગુ. ઐ. લે., ૨૨૨.

૪૮ એજન, ૨૨૨, ૨૨૪.

કર્ણદેવની રાણી કૌળાદેવી પોતાના સ્વામીના કર્મોનો ભોગ બની. કર્ણે મહામાત્ય માધવના કુટુંબની કોઈ સ્ત્રી સાથે અણછાજતું વર્તન દાખવતાં ગુસ્સે ભરાયેલા માધવે દિલ્હીના સુલતાન અલાઉદ્દીન ખલજીને ગુજરાત પર ચઢાઈ કરવા પ્રેર્યો. ખલજીએ પોતાના સરદાર ઉલુઘખાનની સરદારી હેઠળ વિશાળ સેના ગુજરાત પર મોકલી ભયંકર આક્રમણ કર્યું. કર્ણદેવના સમયનો આ એક કમનસીબ બનાવ હતો. કર્ણદેવ હાર્યો અને માધવમંત્રીની સલાહથી નાસી ગયો. એની સાથે એની રાણી પગે ચાલતી નાઠી. કમનસીબે કૌળાદેવી મુસલમાનોના હાથે કેદ પકડાઈ. તેને દિલ્હી લઈ જવામાં આવી. ત્યાં તેને બાદશાહ અલાઉદ્દીનના ઝનાનામાં ફરજીયાત દાખલ થવું પડયું. બાદશાહ સાથે તેનાં લગ્ન થયાં.

આ કૌળાદેવીને દેવળદેવી નામે પુત્રી હતી. નાસતી વખતે તે રાણીથી છૂટી પડી ગઈ હતી. કર્ણે તેને પોતાની પાસે રાખી હતી. કેટલાક મુસ્લિમ ઇતિહાસકારો જણાવે છે કે રાણી કૌળાદેવીએ બાદશાહને પોતાની પુત્રી દિલ્હી લાવી આપવા માટે ખાસ આગ્રહ કર્યો. આથી બાદશાહે પોતાના સરદાર મલેક કાફૂરને દેવળદેવીને પકડીને દિલ્હી મોકલવા સૂચના કરી. આ વખતે દેવળદેવી કર્ણ સાથે દેવગિરિમાં હતી. કમનસીબે તે પણ પોતાની માતાની માફક મુસલમાનોના હાથે કેદ પકડાઈ. તેને દિલ્હી લાવવામાં આવી. અહીં બાદશાહના પુત્ર ખિજ્રખાન સાથે તેને લગ્ન કરવું પડયું. ફરજિયાત ખિજ્રખાનના જનાનામાં દાખલ થવું પડયું. આ વખતે તેની ઉંમર ઘણી નાની હતી.[૪૯]

ટૂંકમાં ગુર્જરેશ્વર કર્ણની રાણી અને તેની પુત્રીનો કરુણ અંત આવ્યો. સાથે સાથે ગુજરાતના ચૌલુક્ય રાજ્યનો પણ અંત આવ્યો.

આમ સમગ્ર પરિસ્થિતિનું અવલોકન કરતાં જણાય છે કે ચૌલુક્ય ગુર્જરેશ્વરોના છેક ચૌલુક્ય વંશના આદ્યસ્થાપક મૂલરાજ ૧ લાથી માંડીને છેલ્લા રાજવી કર્ણદેવ વાઘેલા સુધીના રાજવીઓની મહત્ત્વની વિગતો આલેખતા અનેક અભિલેખો તથા ગ્રંથો મળે છે. પણ રાજાની અંગભૂત ગણાતી રાણીઓ વિશેની સંપૂર્ણ માહિતીનો તેમાં અભાવ વર્તાય છે. ઘણા ચૌલુક્ય રાજવીઓની તથા વાઘેલા રાજવીઓની રાણીઓનાં નામ પણ લેખો કે સાહિત્યમાંથી મળતાં નથી. જે કંઈ વિગત મળે છે તે ઘણી જ અપૂરતી જણાય છે. સામાન્ય રીતે એમ જણાય છે કે ચૌલુક્ય ગુર્જરેશ્વરોની વિગતો આપતા લેખકો રાજવીઓની પટરાણીઓ તરફ સદાય ઉદાસીન રહ્યા છે. એ સ્પષ્ટ છે કે ચૌલુક્ય ગુર્જરેશ્વરો જેટલી જ પ્રતિભાશાળી અને પરાક્રમી તેમની

---

૪૯ ગુ. સો. ઇ., પરિશિષ્ટ ૧, પૃ. ૧૯૧ થી ૨૦૩.

દેવળદેવીના પ્રશ્ન ઉપર અર્વાચીન ઇતિહાસકારોમાં ઠીક ઠીક મતભેદ પ્રવર્તે છે. કેટલાક ઇતિહાસકારો માને છે કે કૌળાદેવી જેવી હિંદુ સ્ત્રી રાજીખુશીથી અન્યધર્મી સાથે પોતાની પુત્રી પરણાવવા તૈયાર થાય એ શક્ય નથી. સંભવ છે કે હારેલા રાજવી કર્ણની રાણી કૌળાદેવીને જેવી રીતે બાદશાહની બેગમ બનવું પડયું તેવી જ રીતે તેની પુત્રી દેવળદેવીને પણ બાદશાહના પુત્ર ખિજ્રખાનની બેગમ બનવું પડયું હશે.

મહારાજ્ઞીઓ હશે. પરતું સમગ્ર ઇતિહાસનું અવલોકન કરતાં મીનળદેવીનું જેટલુ પ્રતિભાશાળી ચિત્ર ઊપસી આવે છે, તેટલું અન્ય મહારાણીઓનું ચિત્ર ઊપસી આવતું નથી. આપણને એમ જ લાગે છે કે જાણે ચૌલુક્યકાલમાં મીનળદેવી જેવી બીજી કોઈ પ્રતિભાશાળી રાણીઓ થઈ જ નથી. આજ દીન સુધી ઇતિહાસના અભ્યાસીઓના મનમાં એવી જ છાપ છે. અરે ગુજરાતના મહાપરાક્રમી તરીકે ઓળખાતા સિદ્ધરાજ જયસિંહના પરાક્રમોની વાતો આપણને દંતકથાઓ, અભિલેખો, સાહિત્ય વગેરેમાંથી મળે છે. તેની પુત્રીનું નામ મળે છે પણ તેની પટરાણીનું નામ કોઈ ઠેકાણે વાંચવા કે સાંભળવા ન મળે. ખરેખર ઇતિહાસની આ એક કરુણતા છે.

મધ્યકાલીન હિન્દી તથા ગુજરાતીનાં ઉષાહરણ સંબંધી પ્રેમકાવ્યો

અશોકકુમાર મિશ્ર

ઉષા-અનિરુદ્ધની પ્રેમકથાનો આધાર લઈને હિન્દી તથા ગુજરાતીમાં ૩૦થી પણ વધુ પ્રેમકાવ્યો લખાયાં છે. આ પ્રેમાખ્યાનના આધારે હિન્દીમાં સર્વ પ્રથમ પરશુરામે સંવત ૧૬૩૦ (૧૫૭૪ ઈ.સ.)માં "ઉષા-ચરિત્ર"ની રચના કરી. આની એક પ્રત હિન્દી સાહિત્ય સંમેલન, પ્રયાગમાં, ક્રમાંક ૩-૫, ૨૧-૨૫ પર છે. આ પ્રત સં. ૧૮૩૬માં લખેલી છે. તેનું માપ ૧૨.૫×૧૮.૭ સેંમી. તથા તેની પત્રસંખ્યા ૫૮ છે. દરેક પત્રમાં ૩૪ પંક્તિઓ તથા પ્રત્યેક પંક્તિમાં ૧૩ અક્ષરો છે. કવિ પરશુરામની બીજી રચનાઓ પણ મળે છે; તેમાં "પરશુરામસાગર", "હરિયશ ભજન", "બાળચરિત્ર બાની" અને "નખશિખ" ઉલ્લેખ યોગ્ય છે. પરશુરામને નિમ્બાર્ક સમ્પ્રદાયી અને હરિવ્યાસ દેવજીના શિષ્ય કહેવામાં આવે છે.

"ઉષા-ચરિત્ર"માં કવિએ ભાગવતની કથાનો આધાર લીધો હોવા છતાં કથાનકમાં જ્યાં ત્યાં પરિવર્તન કર્યું છે. તેનો કથા-સાર આ પ્રમાણે છે.

બાણાસુરને ત્યાં એક કન્યાનો જન્મ થયો, તેનું નામ ઉષા રાખવામાં આવ્યું. બાલ્યાવસ્થામાં જ ઉષાને શિવ પ્રત્યે અગાધ શ્રદ્ધા હતી. એક વાર પોતાની માતાની અનુમતિ લઈ તે શિવ મંદિરે ઉપાસના માટે ગઈ. ભગવાન શિવે તેની ભક્તિથી પ્રસન્ન થઈ તેને એક ધ્વજા આપી. ઉષાએ તે ધ્વજા લઈને પોતાના પિતાને આપી. રાજાએ પોતાના મંત્રીની સલાહ લઈ તેને કિલ્લા પર ફરકાવી દીધી. મંત્રીની ધારણા હતી કે કિલ્લા પર ભગવાન શિવની ધ્વજા રહેવાથી કદી પણ અકલ્યાણ નહિ થાય.

ધીમે ધીમે ઉષા યુવતી થઈ. એક વાર તેણે સ્વપ્નમાં એક પુરુષ જોયો તથા તે તેના પર આસક્ત થઈ ગઈ ને વિરહવ્યથિત થઈ નિઃશ્વાસ લેવા લાગી. તેની આ હાલત તેની સખી ચિત્રરેખાએ જોઈ તથા તેણે સાગ્રહ તેના આ સ્વપ્નજન્ય પ્રેમને જાણી લીધો. આ સખી ચિત્રકળામાં પ્રવીણ હોવાથી તેણે ચિત્રરચના દ્વારા બધા મનહર પુરુષોનાં ચિત્રો દોરી તેને બતાવ્યાં અને પોતાના પ્રિયતમને ઓળખવાનું કહ્યું. ઉષાએ જે પુરુષ ઓળખી બતાવ્યો તે યાદવવંશી અનિરુદ્ધ હતો.

દ્વારામતીના શાસક શ્રીકૃષ્ણનો પૌત્ર અનિરુદ્ધ અત્યંત બળવાન તથા રૂપવાન યુવક હતો. સંજોગોવશાત્ તેણે પણ તે જ રાત્રિએ એક સ્વપ્ન જોયું અને તે પણ ઉષાની જેમ જ વિરહમાં વ્યાકુળ થઈ રહ્યો હતો. સખી ચિત્રરેખા ઉષા તથા અનિરુદ્ધનું મિલન કરાવવા માટે દ્વારામતી તરફ આવી. પરંતુ દ્વારામતીની સીમા પર સુદર્શન ચક્રનો પહેરો હોવાથી તે આગળ વધી શકી

નહિ. સંજોગોવશાત્ તે જ સમયે મહામુનિ નારદનું આગમન થયું. ચિત્રરેખાએ બધી વસ્તુસ્થિતિ સમજાવી તેમની પાસે સહાય માગી. નારદના અનુગ્રહથી તે દ્વારામતીમાં પહોંચી.

ચિત્રરેખાએ મહેલમાં જઈ અનિરુદ્ધને મળીને ઉષાની વિરહદશા સ્પષ્ટ કરી તથા તેને પોતાની સાથે ચાલવાનો આગ્રહ કર્યો. અનિરુદ્ધ પણ ઉષાને સ્વપ્નમાં જોયેલી હોવાથી તે પણ વ્યાકુળ હતો. તેથી તે તરત જ તેની સાથે બાણાસુરની નગરીમાં પહોંચી ઉષાના મહેલમાં ગયો. બન્ને પ્રેમીઓનું મિલન થયું. ચિત્રરેખાની સહાયથી બન્નેએ ગાંધર્વવિવાહ કરી લીધા તથા બન્ને ભોગ-વિલાસમાં મગ્ન રહેવા લાગ્યાં.

ઘણા દિવસો વીત્યા છતાં જ્યારે ઉષાની માતાએ પુત્રીને ન જોઈ ત્યારે તેણે દાસી મોકલી તેને બોલાવી. દાસીએ તેના મહેલમાં ઉષા તથા અનિરુદ્ધને સેજ પર સૂતેલાં જોયાં. તેણે ઘેર જઈ રાણીને બધી વાત જણાવી. રાણીએ ગુસ્સે થઈને બધી વાત બાણાસુરને કરી. બાણાસુરે મોટું સૈન્ય લઈ ઊષાના મહેલને ઘેરી લીધો. અનિરુદ્ધ એકલો જ, આટલી મોટી સેના સાથે યુદ્ધ કરવા લાગ્યો પણ અંતે બાણાસુરે તેને કેદ પકડયો.

એટલામાં નારદમુનિ ત્યાં આવી ચઢયા અને તેમણે બાણાસુરને અનિરુદ્ધને છોડી દેવા માટે સમજાવ્યો છતાં રાજાએ તેમની વાતનો અસ્વીકાર કર્યો. નારદે દ્વારામતી પહોંચી શ્રીકૃષ્ણને આ વાતની જાણ કરી. વ્હારામતીના લોકો અનિરુદ્ધના ચાલ્યા જવાથી ચિંતાતુર હતા. જ્યારે તેઓને આની જાણ થઈ તો કૃષ્ણજી મોટું સૈન્ય લઈ બાણાસુરની નગરનીએ પહોંચ્યા. ત્યાં ઘોર યુદ્ધ થયું. બાણાસુરની સહાય માટે શિવજી પણ આવ્યા. પરંતુ નારદની મધ્યસ્થીથી આ યુદ્ધ બંધ થયું તથા ઉષા અને અનિરુદ્ધનાં વિધિસર લગ્ન થઈ ગયાં.

આ કથા અધ્યાયોમાં વિભક્ત નથી પણ વિવિધ છંદોમાં છે. પ્રારંભમાં મંગળાચરણ નથી. અંતે ગ્રન્થનું માહાત્મ્ય વર્ણવેલું છે. કથાનું મૂળ રૂપ પરંપરાગત હોવા છતાં કથાનકમાં નવીન ગતિ જોવા મળે છે.

આ જ કથા પર ગોપાલ કવિએ "ઉષા-અનિરુદ્ધ વિવાહ"ની રચના કરી છે. ગોપાલ કવિ સીકરી-નિવાસી વૈશ્ય તથા દાદૂના શિષ્ય હતા. ડૉ. મોતીલાલ મેનારિયા તેનો રચના-કાળ ૧૫૯૩ ઈ.સ. નો લગભગ માને છે.[૧] આ રચનાની એક માત્ર ખંડિત પ્રત નાગરી પ્રચારિણી સભામાં છે. તેનાં પ્રારંભિક ૨૮ પૃષ્ઠો લુપ્ત થઈ ગયાં છે તથા આગળનો કથા-પ્રવાહ પરમ્પરાગત જ છે.

સાહિત્યિક દૃષ્ટિએ, પરમ્પરાની પ્રથમ ઉત્તમ કૃતિ રામદાસકૃત "ઉષા કી કથા" છે. આની પ્રત, હિન્દી સાહિત્ય સંમેલન, પ્રયાગમાં છે. ૭૦ પત્રોમાં લખાયેલી આ પ્રતનો પ્રતિલિપિ-કાળ સં. ૧૮૬૨ છે. પ્રતનાં મુખપૃષ્ઠ તથા મધ્યે એકાદ પૃષ્ઠ પર અલ્પના જેવી ડિઝાઈન બનાવેલી છે. હાંસિયાને પણ વિવિધ રીતે સજાવવામાં આવેલ છે. ગ્રન્થમાં કવિ-પરિચય આ પ્રમાણે મળે છે:

"નેમા કહત રામ કો દાસૂ, દાસ માલવા અતિ સુખવાસૂ,
હર ફિરોજ નિકટ સો ઠાઉં, જન્મભૂમિ માલિની કે ગાંઉ,
પિતા મનોહરદાસ વિધાતા, વીરાવતી જન્મ દિયો માતા,
રામદાસ સુત તિનકો આઈ, કૃષ્ણ નામકી ભક્તિ કહાઈ.

---

૧ રાજસ્થાની ભાષા ઔર સાહિત્ય, પૃ. ૨૧૮

આનાથી સ્પષ્ટ છે કે કવિ માળવાના ફિરોજશાહની પાસે માલિની ગામના રહેવાસી તથા કૃષ્ણોપાસક હતા. "ઉષાની કથા"નો રચના સમય ઈ. સ. ૧૬૪૫ (૧૭૦૧ વિ.) છે.

આ ગ્રન્થ ૧૭ અધ્યાયોમાં વહેંચાયેલો છે. તેમાં નરસિંહ અવતાર, હિરણ્યકશિપુવધ, સમુદ્રમંથન, બાવન રૂપ, વાંધનો, રૂખ્મણિ વિવાહ, ઉષા શૃંગારવર્ણન, ઉષા-પાર્વતી સંવાદ, દ્વારિકા શોભા વર્ણન, ઉષા અનિરુદ્ધ મિલન, દસ અવતાર વર્ણન, સલોવંધન, બલવીર બાણુસુરનું યુદ્ધ, અનિરુદ્ધને કેદમાંથી મુક્ત કરવો, ઉષાવ્યાહ વર્ણન, નામના અધ્યાયો છે.

કવિએ ભાગવતની અનેક નાની નાની કથાઓને એકી સાથે સુગુંફિત કરી લીધી છે.

કથા મુખ્યત્વે ચોપાઈ છંદમાં લખાયેલી છે. વચ્ચે વચ્ચે વિવિધ છન્દોની યોજના પણ કરાયેલી છે. સોરઠો, દોહા, ગીતિકા વગેરે છંદો પણ મળે છે. વર્ણનાત્મક કાવ્ય હોવા છતાં કેટલાંક સ્થળોએ કાવ્ય–વૈભવ જોવા મળે છે. કાવ્યની ભાષા અવધી છે, પ્રસંગાનુસાર અનેક સ્થળો પર ભાષામાં પરિવર્તન આવે છે. યુદ્ધવર્ણનમાં ભાવાનુકૂળતા તથા ઓજ નોંધપાત્ર છે. કથામાં શૃંગારની મર્યાદાનું વિશેષરૂપે પાલન થયું છે. નાયિકાનું નખ–શિખ વર્ણન ન કરતાં વસ્ત્રાભૂષણથી સુસજ્જિત શૃંગાર–વર્ણન કરાયેલું છે.

ઉષા–અનિરુદ્ધની કથા પર આધારિત મહારાજ હરિસિંહના "ઉષા–હરણ"ની રચના ૧૬૪૮ ઈ. સ.માં થયેલી છે. આની પ્રત લેખકને મળી શકી નથી. આના સિવાય ભારતશાહ કૃત "ઉષા-અનિરુદ્ધ કી કથા" મળે છે તેનો રચનાકાળ ઈ. સ. ૧૭૪૦ છે. આની હાથપ્રત શ્રી. રામપ્રસાદ (ગોતમિયાં, અજયગઢ) પાસે છે એમ કહેવાય છે. પરંતુ પત્રવ્યવહાર કરવા છતાં જવાબ ન મળવાથી તેના વિષે કંઈ પણ કહી ન શકાય.

ઉષાની કથા પર કુંજ કવિએ "ઉષા-ચરિત્ર" લખ્યું છે. આની ચાર પ્રતો નાગરી પ્રચારિણી સભા, કાશીમાં છે. આ પ્રતોમાં કવિનું નામ કુંજમણિ, કુંજદાસ, જનકુંજ, કુંજજન પણ મળે છે, તે હકીકતે તો એક જ કવિનાં વિવિધ નામો છે. આ કાવ્યનો પરિચય "ભારતીય પ્રેમાખ્યાન કાવ્ય"માં પણ મળે છે. તેમાં આનો રચનાકાળ સંવત ૧૮૩૯માં બતાવેલો છે;[૨] પરંતુ હકીકતમાં આ લેખનકાળ છે, રચનાકાળ નથી. કવિએ ઉષાચરિત્રનો રચનાકાળ કારતક સુદ ૧૨ વિ. સં. ૧૮૩૧ (૧૭૭૫ ઈ. સ.) લખેલ છે.

"એક સહસ પર આઠ સે સંવત શુભ છકતીસ,
કાતિગ સુદી દ્વાદશી કૃપા કરી જગદીશ."

શોધખોળ દરમ્યાન આ કવિનો બીજો ગ્રન્થ "પત્તલ" પણ મળ્યો છે. આ કાવ્ય-કૃતિ રામના વિવાહ સંબંધી છે, તેની રચના કવિએ ઉષાચરિત્રના બે વર્ષ પછી ૧૭૭૭ ઈ.સ માં કરેલી.

"ઉષાચરિત્ર"ની મૂળકથા પરમ્પરાગત હોવા છતાં કવિએ પોતાની ઇચ્છાનુસાર કેટલાંક સ્થળો તથા ઘટનાઓમાં ફેરફાર કર્યો છે.

---

૨ શ્રીવાસ્તવ હરિકાન્ત, ભારતીય પ્રેમાખ્યાન કાવ્ય, પૃ. ૩૨૦.

આ કથા ૧૨૦ છન્દોમાં પૂરી થાય છે. કથાના પ્રારંભે સ્તુતિ અને અંતે ફળશ્રુતિ કહેલી છે. કથામાં સ્વાભાવિક્તાની સાથે જ નાટકીયતાનો સમાવેશ થયેલો છે. નખશિખવર્ણન તથા સૌન્દર્યચિત્રણ અને વિરહવર્ણન હૃદયગ્રાહી છે. કથા અવધીમાં છે. ભાષા પ્રસંગાનુકુળ અને ભાવવાહી છે. અલંકારોનો પ્રયોગ સ્વાભાવિક છે. કાવ્ય-સૌષ્ઠવની દૃષ્ટિએ આનું મહત્ત્વ અસંદિગ્ધ છે.

કવિ દેવીદાસ-પ્રણીત "ઉષાહરણ" પણ મળે છે, તેનું વિવરણ ૧૯૩૮-૪૦ના "ખોજ-નિવરણ"ના દ્વિતીયપરિશિષ્ટ સંખ્યા ૩૯માં મળે છે. આની હાથપ્રત સાદાબાદ, મથુરાના પં. બાબુશંકર પાસે હતી, પરંતુ પત્રવ્યવહાર કરવા છતાં કોઈ ઉત્તર મળ્યો નથી. પ્રાપ્ત વિવરણના આધારે કહી શકાય કે આમાં ઉષા-અનિરુદ્ધની પરંપરાગત કથા છે. ગ્રન્થમાં સ્તુતિ અને અંતે ફલશ્રુતિ છે.

મુરલીદાસે પણ શ્રીમદ્ભાગવતની પરંપરાપ્રાપ્ત કથાને આધારે "ઉષા-ચરિત્ર"ની રચના કરી છે, તેની પ્રાપ્ત હાથપ્રત વિ. સં. ૧૮૮૩ની છે. પરંતુ ડૉ. હરિકાન્ત શ્રીવાસ્તવે તેનો રચના-સમય વિ. સં. ૧૮૮૮ લખેલ છે,[3] તે ખોટો છે. ઉલ્લેખ કરવા યોગ્ય વાત એ છે કે ડૉ. શ્રીવાસ્તવે પોતાના શોધ-પ્રબંધમાં જે પ્રતનો ઉપયોગ કર્યો છે તેનો લેખનકાળ તેઓએ ૧૮૮૩ વિ. સં. લખ્યો છે.[4] એટલે લેખનકાળ પછી પાંચ વર્ષે રચનાકાળ હોવો એ અસંગત વાત છે. દોહા ચોપાઈમાં લખાયેલ આ એક લઘુરચના છે, તે કાવ્ય-સૌષ્ઠવની દૃષ્ટિએ પણ સાધારણ કોટીની છે.

કવિ રામચરણે પણ આ કથા પર આધારિત "ઉષા-અનિરુદ્ધ કા વ્યાહ"ની રચના વિ. સં. ૧૮૫૯ (૧૮૦૩ ઈ. સ.)માં કરેલી છે. આરંભે સ્તુતિ કર્યા બાદ, કવિ કથાનો પ્રારંભ કરે છે. શુકદેવજી રાજા પરીક્ષિતને બાણાસુરના વંશનો પરિચય આપી તેની સાધના, વર પ્રાપ્તિ, ગર્વ આદિનું વર્ણન કરે છે. ત્યાર બાદ બાણાસુરની પુત્રી ઉષાનું વર્ણન કરેલું છે. યુવતી થયે સ્વપ્નમાં અનિરુદ્ધને જોઈ તે તેના પર આસક્ત થઈ અને ચિત્રરેખા વૈષ્ણવ વેષે અનિરુદ્ધ પાસે ગઈ તથા તેને ઉષાના મહેલમાં લઈ આવી. ત્યાં બન્નેનાં ગાંધર્વ લગ્ન થયાં. એક વાર બાણાસુરે અનિરુદ્ધને ઉષાના મહેલમાં સૂતેલો જોયો. તેથી એક મોટું સૈન્ય લઈ તેણે તેને ઘેરી લઈ કેદ પકડી લીધો. ચિત્રરેખાએ ઉષાને સાંત્વન આપ્યું. કેદમાં જઈ અનિરુદ્ધ સાથે તેનું મિલન કરાવ્યું. ત્યાર બાદ નારદે કૃષ્ણ પાસે જઈ સમાચાર આપવા, કૃષ્ણનું સસૈન્ય આવી યુદ્ધ કરવું, બાણાસુરની સહાય માટે શિવનું આવવું, આ બધી ઘટનાઓ પરંપરાગત જ છે. બાણાસુરની હાર થયે, તેની માતા નગ્ન થઈ કૃષ્ણ સામે ઊભી રહી, તેથી કૃષ્ણે આંખો મીંચી દીધી. યુદ્ધ ફરી શરૂ થયું પરંતુ બીજી વાર પણ બાણાસુરની હાર થઈ. બાણાસુરે માફીની યાચના કરતાં કૃષ્ણે તેને માફી આપી તથા અનિરુદ્ધ-ઉષાનાં લગ્ન કરી, આનંદ સાથે દ્વારિકા પાછા ફર્યા.

આ કથા સર્ગોમાં વિભાજિત નથી પરંતુ સળંગ રીતે કથાપ્રવાહ આગળ ચાલે છે. કવિ પરશુરામ તથા કુંજકવિની રચનાઓની, તેના પર ખૂબ અસર છે. આલ્હા છંદમાં પૌરાણિક શૈલીમાં આ કાવ્ય રચાયેલું છે.

---

૩ એજન, પૃ. ૪.

૪ એજન, પૃ. ૧૧૩.

કવિ જીવનલાલ નાગરે પણ વિ. સં. ૧૮૮૬ મહા સુદ પાંચમે (૧૮૩૦ ઈ. સ.) 'ઉષાહરણ'ની રચના કરેલી છે. આની હાથપ્રત હિન્દી સાહિત્ય સંમેલન પ્રયોગમાં, ક્રમાંક ૩-૬ ૩૨૫૭ પર છે, તેના લેખક નંદરામ શર્મા છે અને લેખનકાળ વિ. સં. ૧૯૨૫, ચૈત્ર સુદ ૨ છે. આ ગ્રંથ ૨૦.૩×૧૬.૫ સે. મી. માપનાં ૧૮૫ પૃષ્ઠોમાં લખાયેલો છે. કવિ બૂંદીના રહેવાસી હતા અને પાછળથી બૂંદીના રાજવીએ તેમને રાજ્યના પ્રધાન બનાવ્યા હતા. સંમેલનને આ પ્રત પણ બૂંદીના શિવદત્ત નાગર પાસેથી પ્રાપ્ત થયેલી હતી. કવિ હિન્દી, ગુજરાતી, સંસ્કૃત તથા ફારસીના જ્ઞાતા હતા. તેમની ગુજરાતી તથા હિન્દીમાં લખેલી કૃતિઓ મળે છે, તેમાં 'ભાષા ભાગવત', 'રામાયણ', 'દુર્ગાચરિત્ર', 'સંહિતા-કાવ્ય' ઉલ્લેખનીય છે.

આમ પરંપરાપ્રાપ્ત કથાનક સ્વીકાર્યા છતાં કવિએ મૌલિક પ્રતિભા દ્વારા કાવ્યને વધુ સરસ બનાવ્યું છે. આમાં દરબારી વાતાવરણ તથા રીતિકાલીન કવિ-પરંપરાનુસાર શૃંગારનું અમર્યાદિત વર્ણન કર્યું છે. આ પ્રકારનું વર્ણન ઉષા-અનિરુદ્ધ-ની પરમ્પરાના પ્રેમાખ્યાનોમાં જવલ્લે જ જોવા મળે છે. રૂપવર્ણન તથા નખશિખ વર્ણન પણ સુંદર છે. આ કૃતિમાં ૧૭ પ્રકારના છંદ વપરાયા છે તથા ૧૧ તરંગોમાં રચનાનું નિરૂપણ કરેલું છે. ભાષા પણ ઓજ, પ્રસાદ તથા માધુર્યના ગુણોથી યુક્ત છે. પ્રસંગાનુસાર પ્રકૃતિચિત્રણ પણ મળે છે.

કવિ સુંદરલાલની 'ઉષાલીલા' નામક રચના મળે છે. આમાં કવિએ રચનાસમય લખેલો નથી. કવિના જીવનવૃત્ત વિષે પણ કશી માહિતી પ્રાપ્ત થતી નથી. આ નામના કવિની લખેલી 'ધ્રુવલીલા' નામની કૃતિ મળે છે, તેમાં તેણે પોતાનો પરિચય તથા રચનાસમય વગેરે માહિતી આપ્યાં છે. ડૉ. તિવારી આ બન્ને રચનાઓના કવિને એક જ માને છે, પરંતુ પુષ્ટ પ્રમાણના અભાવે આ સંભાવના સંદિગ્ધ જ ગણાશે. (મધ્યકાલીન ખંડકાવ્ય, પૃ. ૨૫૨)

આ સિવાય કવિ લાલદાસ તથા સેમકરણે પણ આ પ્રેમાખ્યાન પર આધારિત, અનુક્રમે, 'ઉષાકથા' તથા 'ઉષાચરિત્ર'ની રચનાઓ કરી છે. આ બન્ને ગ્રન્થોમાં રચનાકાળ નથી. આ બન્નેનો પરિચય, સભાના શોધ-રિપોર્ટમાં આપેલો છે. ડૉ. સિયારામ તિવારીએ કવિ પહારકૃત "ઉષાચરિત્ર"નો ઉલ્લેખ કર્યો છે. પરંતુ જે પ્રતનો ઉપયોગ તેમણે કર્યો છે તે કવિ રામદાસ-રચિત "ઉષા-અનિરુદ્ધ કથા"ની છે, તેથી પહાર કવિના અસ્તિત્વ વિષે આ લેખકને શંકા છે.

આ કથા લઈને ગુરુ ગોવિંદસિંહે પોતાના "પાખ્યાન ચરિત્ર"માં ૧૪૨ મી ચરિત્ર-સંખ્યા પર ઉષા-અનિરુદ્ધની કથા લખી છે. આ કથા મૈથિલીમાં પણ મળે છે. ડૉ. પ્રતાપનારાયણ ઝાએ ભાત ગામના છેલ્લા રાજવી રણજિતમલ્લના (૧૭૨૨–૨૩ ઈ. સ.) શાસનકાળમાં પ્રચલિત નાટકોમાં "ઉષાહરણ" (૧૦૫ પૃ.)નો ઉલ્લેખ કરેલો છે.[૫] ભારતેન્દુકાળમાં પણ સંદશર્માકૃત 'ઉષાહરી' (૧૮૮૭ ઈ. સ.) તથા કાર્તિકપ્રસાદ ખત્રી-કૃત "ઉષાહરણ" ઉલ્લેખનીય છે.

ગુજરાતીમાં પણ આની સમૃદ્ધ પરંપરા મળે છે. પ્રાપ્ત થતા સાહિત્યના પ્રકાશમાં કહી શકાય કે ભારતીય સાહિત્યમાં ઉષા અનિરુદ્ધની પ્રેમકથાને લઈને સર્વ પ્રથમ વાર ગુજરાતીમાં જ પ્રેમાખ્યાનોની રચના થઈ છે. અનેક કવિઓએ આ કથાનો આધાર લઈને કાવ્ય-સર્જન કર્યું છે.

૫ મૈથિલી નાટક કા ઉદ્ભવ ઔર વિકાસ, પૃ. ૧૨૦.

આ પરમ્પરાનો પ્રથમ કવિ વીરસિંહ છે કે જેણે "હરિવંશપુરાણ" તથા ભાગવતની કથાનો મુખ્ય આધાર લઈને શૃંગાર તથા વીરરસથી ભરપૂર રચના કરી છે. કવિએ મૂળકથામાં થોડાક ફેરફારો પણ કર્યા છે. આ કાવ્ય મુખ્યત: દુહા-ચોપાઈમાં લખેલ હોવા છતાં તેમાં ગાથા, વસ્તુ, સારસી, ભુજંગપ્રયાત, વગેરે છંદોનો પ્રયોગ થયેલો છે. આનું સૌથી પ્રથમ સંપાદનકાર્ય ડૉ. ભોગીલાલ સાંડેસરાએ કરેલું છે. આ ગ્રંથ, ફાર્બસ ગુજરાતી સભાની પત્રિકામાં પ્રકાશિત થઈ ચૂક્યો છે.

આ પરમ્પરાનો બીજો કવિ જનાર્દન છે. તેણે ૩૨ કડવામાં "ઉષાહરણ"ની રચના કરી છે. આ ગ્રંથની હાથપ્રત વડોદરા મધ્યવર્તી પુસ્તકાલયમાં છે. આના આધારે સ્વ. ચીમનભાઈ ડાહ્યાભાઈ દલાલે તે કૃતિને 'બરોડા મિસલેનિઅર્સ", વોલ્યુમ બે, નંબર ૩-૪માં પ્રકાશિત કરેલ છે. પરંતુ તેમાં અનેક અશુદ્ધિઓ છે. આની એક બીજી આવૃત્તિ ગુજરાત વર્નાક્યુલર સોસાયટી તરફથી ૧૯૨૭ ઈ. સ.માં પ્રકાશિત થયેલી છે. આ કૃતિ કાવ્યતત્ત્વની દૃષ્ટિએ સાધારણ હોવા છતાં ઘણી લોકપ્રિય છે. આનું કથાવસ્તુ ભાગવતમાં ઉષાની કથાની જેમ જ છે. આમાં પ્રયુક્ત દેશીબંધની વિવિધતા ઉલ્લેખનીય છે. પ્રેમાનંદકૃત "ઓખાહરણ" પર પણ જનાર્દનની રચનાનો પ્રભાવ જોવા મળે છે. ડૉ. રામગોપાલ ગોયલે કોઈ પણ જાતના સમ્યક પરીક્ષણ વિના જ આ કૃતિને રાજસ્થાની પ્રેમાખ્યાનોમાં ગણી લીધી છે.[૬] પરંતુ ભાષાને આધારે આને ગુજરાતીની રચના માનવી જ પડે તેમ છે.

નાકરે ઈ. સ. ૧૫૪૩માં પરંપરાગત કથા લઈ "ઓખાહરણ"ની રચના કરી છે. તેમની અન્ય કૃતિઓ હરિશ્ચંદ્રાખ્યાન, ચંદ્રહાસાખ્યાન, ધ્રુવાખ્યાન, નળાખ્યાન, શિવવિવાહ, મૃગલી-સંવાદ, શીલડીના બાર માસ, લવકુશાખ્યાન વગેરે ઉલ્લેખનીય છે. તેમના આખ્યાનોની પ્રમુખ વિશેષતા, કથાને લોકરુચિ અનુસાર સંશોધિત કરી, વિવિધ રાગ-રાગિણીઓ, કડવાં તથા કડીઓમાં રચના કરવી, એ છે.

નાકરના અનુગામી કવિ વિષ્ણુદાસે ૧૬૦૩ ઈ. સ. માં "ઓખાહરણ" લખ્યું છે. આ સિવાય હીરાસુત કહાન, તથા માધવદાસની રચના પણ મળે છે, પરંતુ આ બન્ને કવિઓ જનાર્દન, નાકરથી જ પ્રભાવિત થયેલા છે. કથામાં કોઈ ફેરફાર નથી.

પ્રેમાનંદને ગુજરાતી આખ્યાન સાહિત્યના સર્વશ્રેષ્ઠ કવિ કહેવામાં આવે છે. અત્યાર સુધી તેમની ૨૫થી પણ વધુ કૃતિઓ મળી આવી છે, જેમાંની એક ઓખાહરણ છે. દેશના વિવિધ પ્રાન્તોમાં એની અનેક હાથપ્રતો મળી આવી છે. આની એક પ્રત, રાજસ્થાન પ્રાચ્યવિદ્યા પ્રતિષ્ઠાન, જોધપુરમાં ગ્રન્થાંક ૧૧૪૭૭ પર છે. તેને ડૉ. રામગોપાલ ગોયલે રાજસ્થાની પ્રેમાખ્યાનોમાં[૭] તથા ડૉ. સિયારામ તિવારીએ હિન્દીનાં પ્રેમમૂલક ખંડકાવ્યોમાં ગણી લીધેલ છે.[૮] આ બન્ને સંશોધકોએ તેનો રચનાકાળ ૧૫૧૨ વિ.સં.(૧૪૫૬ ઈ.સ.) માન્યો છે.

---

૬ રાજસ્થાની પ્રેમાખ્યાન—પરંપરા ઔર પ્રગતિ, પૃ. ૨૧-૨૩.

૭ એજન, પૃ. ૨૦.

૮ હિન્દી કે મધ્યકાલીન ખંડકાવ્ય, પૃ. ૨૫૨.

ડૉ. તિવારી તો આની વ્રજ ભાષા છે એમ કહે છે.[૯] તેના રચનાકાળ વિષે ડૉ. તિવારી લખે છે કે, આ પ્રતમાં રચનાકાળ આપેલ નથી; (પૃ. ૨૫૨), પછી કોઈ પણ આધાર વિનાનો તેઓ તેનો રચનાકાળ વિ. સં. ૧૫૧૨ બતાવે છે; (પૃ. ૪૩૦).

હિન્દી જગતમાં હાથપ્રતોના સમ્યક અવલોકન વિના જ પોતાનો મત રજૂ કરવો, કોઈ પણ જાતના તથ્ય વગર જ રચનાતિથિ નક્કી કરવી, સમ્યક પરીક્ષણ વિના જ કૃતિની ભાષા બતાવવી વગેરે લગભગ સામાન્ય વાત થઈ ગઈ છે. પ્રેમાખ્યાન કાવ્યોની શોધમાં રખડતાં લેખક જ્યારે જોધપુરના પ્રતિષ્ઠાનમાં ગયા ત્યારે ત્યાંના અધિકારીઓ પાસે તેણે તે હાથપ્રત મંગાવીને જોઈ, જેની ચર્ચા ડૉ. ગોયલ તથા ડૉ. તિવારી કરી ચૂકયા હતા. આ પ્રત તેમના બતાવેલા ક્રમાંક ૧૧૪૭૭ પર જ છે. લેખનકાળ ૧૯મી સદી છે તથા માપ ૧૬ × ૨૩.૪ સે.મી. છે. દરેક પૃષ્ઠ પર ૧૯ પંક્તિઓ અને પ્રત્યેક પંક્તિએ લગભગ ૧૬ અક્ષરો છે. આ કાવ્ય એક પદ-સંગ્રહમાં સંગ્રહાયેલ છે. તેનાં ૬૮ પત્રો પૈકી ૫૪ પત્રોમાં "ઓખાહરણ" લખેલ છે. તેનાં આદિ અને અંત (પુષ્પિકા) આ પ્રમાણે છે.

આદિ : શ્રી

શ્રી ગણેશાયનમઃ ॥ અથ ઓખાહરણ લિખ્યતે ॥

રાગ રામશ્રી.

શ્રી ગુરૂ ગોવિન્દને ચરણે લાગુ જી, ગણપતિ સાંરદા વર ને વાણી માગુ જી.
અંતરમાં ઇચ્છા છે ઘણી, ભાવે ભાખું કથા હરિતણી જી.
ચતુરદાસ લોક જેને માને જી, તેના ગુણ શું લખીએ પાને જી.

* * *

અંત :

(પુષ્પિકા) વીરક્ષેત્ર વડોદરા ગુજરાત મધે ગામ, ભટ પ્રેમાનંદ ઓચેરવે.
ઓખાતણું હરણ કડવા ૫૦ ॥ સમાપ્તમ—શુભં ભવતું ॥

કહેવું ન પડે કે આ વડોદરાના કવિ પ્રેમાનંદની 'ઓખાહરણ"ની જ પ્રતિલિપિ છે. જેને સંશોધકોએ કદાચ ભ્રમવશ પ્રેમાનંદથી પરમાણંદ કે પ્રમાણદ બનાવી હિન્દીની રચના માની લીધેલી છે. જે વિભિન્ન રાગ પદ સંગ્રહમાં આ રચના મળે છે તેમાં સંસ્કૃત રાજસ્થાની, હિન્દીમાં પદ પણ લખાયેલાં છે અને ગુજરાતીનાં આ પ્રેમાખ્યાન પણ મળે છે. આ સંગ્રહ ઉપર પ્રતિષ્ઠાનના અધિકારીઓએ ભાષાના કોલમમાં સંસ્કૃત, હિન્દી, રાજસ્થાની એમ લખેલ છે. સંભવ છે કે, સંશોધકોએ આ કોલમ જોઈને પોતાની ઉપર્યુક્ત ધારણા બાંધી હશે અને પ્રતને વાંચવાનો શ્રમ નહીં કર્યો હોય. કામદારી લિપિમાં લખાયેલ આ પ્રત અશુદ્ધ છે.

નાગરી સભાના "ખોજ-રિપોર્ટ"માં પણ આ પ્રકારની ભૂલ મળે છે. "નાગરી પ્રચારિણી પત્રિકા" (વર્ષ ૫૮, પૃ. ૧૦૯)માં "પ્રાચીન હસ્તલિખિત ગ્રન્થો કી ખોજ" શીર્ષક હેઠળ "ઓખાહરણ"ના કર્તાને નીચેની પંક્તિના આધારે પરમાનંદ બતાવેલ છે. "વડોદરામાં છે વીપ્ર

૯ એજન, પૃ. ૪૩૦.

પ્રમાણદ હરીનો દાસ એક ચીતે સાંભલે મન ધરી વિશ્વાસ"; આ પંક્તિમાં સરતચૂકથી "એ"ની માત્રા નથી. વડોદરા શહેરનું નામ તો સ્પષ્ટ છે જ. આ પ્રતમાં રચનાકાળ અને નિર્દેશક છંદ પણ પ્રક્ષિપ્ત છે કારણ કે, વડોદરાના કવિ પ્રેમાનંદનો સમય ૧૭મો શતક, સર્વમાન્ય છે. કદાચ સંશોધકોએ સભાના રીપોર્ટના આધારે તેનો રચનાકાળ વિ. સં. ૧૫૧૨ લખેલ હશે.

આ પ્રત પણ પ્રેમાનંદકૃત 'ઓખાહરણ'ની છે. આ રચના ૫૦ કડવામાં સમાપ્ત થઈ છે, તેમાં પ્રથમ ૨૩ કડવાની રચના કવિએ ૧૭૨૩ વિ. સં.(૧૬૬૭ ઈ. સ.)માં કરેલી છે[૧૦] અને બાકીનો ભાગ ૧૭૩૨ વિ. સં. (૧૬૭૬ ઈ. સ.)માં કરેલી છે.

પ્રેમાનંદકૃત "ઓખાહરણ" કથાનિરૂપણ, કથાની ત્વરિત ગતિ, રસ-વ્યંજના, માર્મિક સ્થળોની અભિવ્યક્તિ, ભાષા-પ્રભુત્વ, અલંકારોનો સહજ વિનિયોગ તથા વિવિધ રાગ રાગિણિઓની દૃષ્ટિએ ઉત્કૃત કોટીનું કાવ્ય છે. ગુજરાતીમાં તેનાં ઘણાં સંસ્કરણ થઈ ચૂક્યાં છે. હિંદુ સમાજનાં રીત રિવાજો, રૂઢિઓ અને લોકજીવનનું પણ સુંદર ચિત્રણ હોવાથી આ કાવ્ય ગુજરાતી જનજીવનમાં અત્યન્ત લોકપ્રિય બન્યું છે

આ ઉપરાંત માનપુરી, કાશીદાસ, ચારણ કવિઓએ પણ ઉષા-અનિરુદ્ધની પ્રણયકથાનો આધાર લઈ કાવ્યોની રચના કરેલી છે. પરંતુ તુલનામાં આ કવિઓની કાવ્યકૃતિઓ, પ્રેમાનંદ જેટલી લોકપ્રિય નથી થઈ.

આમ, આ કાવ્ય–પરંપરા, ૧૫મા શતકથી માંડીને છેક આધુનિક કાળ પર્યન્ત ચાલુ રહેલી છે. હિન્દીમાં પરશુરામ, રામદાસ, કુંજ તથા જીવનલાલ નાગરની રચનાઓ, કથાનક-પરિવર્તન તથા વસ્તુવર્ણનની દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ છે. ગુજરાતીમાં જનાર્દન, નાકર તથા પ્રેમાનંદ આ પરંપરાના શ્રેષ્ઠ કવિઓ છે. આ બધા કવિઓએ હરિવંશ પુરાણ તથા ભાગવતમાંથી મૂળ કથા-વસ્તુનો આધાર લઈ, કથા-પ્રસંગ તથા ઘટનાઓને મૌલિકતા આપવાનો પ્રયત્ન કર્યો છે.

---

૧૦ શશિન્ ઓઝા, મધ્યકાલીન ગુજરાતી આખ્યાન, પૃ. ૨૨૧.

કેવળપુરીનું કેવળજ્ઞાન

કેશુભાઈ જી. પટેલ

પ્રાચીન-મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં અનેક સંત-ભક્તકવિઓની પરંપરા જોવા મળે છે. ભક્તકવિ નરસિંહ મહેતાનો જ્ઞાનસ્રોત ભક્તિને ઉપકારક નીવડે છે. આ સાહિત્યના પ્રવાહમાં જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય, પ્રેમલક્ષણા બધું જ સંમિલિત થયેલું છે. આ સાહિત્યના વિશાળ સમયપટ ઉપર એટલા બધા ભક્તો થઈ ગયા છે કે જેમાંના કેટલાક તો હજી કાળના અંધારામાં જ છે. તેમણે શેરીએ શેરીએ ભક્તિનો સાદ પાડ્યો હતો. ભક્તિપ્રવાહના કવિઓમાં સમયની દૃષ્ટિએ પ્રમાણમાં આધુનિક કહેવાય તેવા લગભગ ઇ. સ. ૧૮૫૦ પછી થઈ ગયેલા મહાત્મા કેવળપુરી બહુ લોકપ્રિય થયેલા ન હોવા છતાં સામર્થ્યની દૃષ્ટિએ ખરેખર બહુ પ્રતિભાશાળી લાગે તેવા કવિ છે. તેઓ ખેડા જિલ્લાના ઉમરેઠ તરફ કેવળપુરી બાવાના નામથી જાણીતા હતા. 'બાવા' કે 'પુરી' તરીકે જાણીતા હોવાથી તેઓ ઠેરઠેર અખાડાઓમાં જતા હશે તે નિશ્ચિત છે. ઈ. સ. ૧૮૮૦ની આસપાસ તેઓ ઈડરના પ્રખ્યાત ખોખાનાથના અખાડામાં ગયા હતા તેમ કહેવાય છે, તે અખાડાના મહંતશ્રી સેજાપુરી બાવાને પોતાના ગુરુ કર્યા હતા. ગુરુની સમાધિ પછી તેમણે ત્યાં જ પોતાનો મઠ સ્થાપ્યો હતો. ૪૦ વર્ષની ઉંમર પછી ઉમરેઠમાં જ નિવાસ કર્યો અને ત્યાં જ જીવનના અંત સુધી રહ્યા.

તેમનાં કેટલાંક પદો તેમના જીવનના વિવિધ પ્રસંગોના પડઘા પાડે છે. પણ એટલા ઉપરથી જ તેમના જીવનની રૂપરેખા કલ્પવી મુશ્કેલ છે. અનેક સાધુસંન્યાસીઓની સોબત હોવાથી બ્રહ્મ, જ્ઞાન, યોગ આદિનું તેમને સારું જ્ઞાન હતું. સંગીતની પણ તેમણે ઉપાસના કરી હતી. શ્વાસોચ્છ્વાસરોધન, પ્રાણાયામ, સમાધિ વગેરે અંગબળના પ્રયોગો પણ તેઓ અજમાવી જાણતા જે તેમનું 'બાવા' નામ સાર્થક કરે છે. અખા જેવું વેદાંત, ધીરા જેવી અવળચંડી કાફીઓ, ભોજા જેવા ચાબખા અને વલ્લભ જેવા ગરબાની પરંપરામાં કેવળપુરી બહુ પાછા પડે તેવા કવિ નથી. વિષયવૈવિધ્યની બાબતમાં તેઓ મહાત્મા કહેવાય તેવી ક્ષમતા પણ ધરાવે છે. દેશી રાગ-ઢાળ, છંદ તેમજ અલંકારોની સમૃદ્ધિમાં વૈવિધ્ય તેમજ કુશળતા પ્રગટ કરે છે. પદો, દેશીઢાળ, સોરઠા, સવૈયા, ઝૂલણા, દોહરા, કુંડલિયા, પ્લવંગમ આદિ છંદોનો પ્રયોગ કવિ સમર્થતાથી કરી શકે છે. વિષય અને સ્વરૂપની દૃષ્ટિએ જોઈએ તો પણ કૃષ્ણલીલાવિહાર, બ્રહ્મ અને જ્ઞાન, આરતી, બારમાસી, ગરબી, ગરબા, વાર, કક્કો આદિમાં પણ કવિએ ઘણાં કાવ્યો રચી આપ્યાં છે. વેદાંતની સાથે સાથે યોગનું મિશ્રણ પણ જોવા મળે છે.

કેવળપુરી જીવશિવના અભેદમાં માનતા હોવાથી પ્રાથમિક દૃષ્ટિએ શંકરાચાર્યના કૈવલ્ય-જ્ઞાનના અનુયાયી છે. 'હરિ જગત છે અને જગત હરિ છે' તે તેમનો કેન્દ્રસિદ્ધાંત હતો. કૃષ્ણલીલાનું વર્ણન કરતો હોવા છતાં આ કવિ પ્રેમલક્ષણાભક્તિનો પ્રતિનિધિ નથી. કૃષ્ણલીલા-વિહાર એ તો માત્ર મંગલાચરણ માટે અને તે પણ અધ્યાત્મના સંદર્ભમાં જ રજૂ કરે છે.—

ગૌ લોક કે પાર ગૌલોક ગાજત, કૃષ્ણ સ્વામી રૂપ ભૂપ કહાવે,
અલક સ્વરૂપ આદ્ય અવિનાશી, એક અનેક ખેલનકુ આવે,
પૂરણ બ્રહ્મ ચરાચર વ્યાપક, લાલન દેવ ગુણાતીત લાવે,
કૃષ્ણ ને શામા ભજો મન કેવળ, ભક્તિનો રસ અગોચર ભાવે.

પ્રેમભક્તિથી પેલે પાર જઈને કૃષ્ણ ભગવાનને પણ સંત કેવળપુરી ભજી શકે છે. જેમકે

દશ અવતાર લીધા છે દામોદર, નંદકો નંદ આનંદ કે નામી,
કૃષ્ણનું નામ ભજો સત કેવળ, જ્યોતિ સ્વરૂપ છે અંતર જામી.

વગેરે જેવી કડીઓમાં તેમનો હિન્દી-વ્રજ સ્પર્શ સહજભાવે જોઈ શકાય છે. અનેકમાં એક સ્વરૂપને ભજતાં કવિ કહે છે—

જગત માથે જોર, કરો નહિ કોઈ રે,
આત્મ સ્વરૂપ અનેક, દેખો મત દોઈ રે,
એકથી દીવા અનેક, ભયો સત ભેદ રે,
સમર કેવળ શ્યામ, વદે નામ વેદ રે.

શ્રી ગુરુમુખે કહેવડાવે છે—

ભેદ અભેદ બેઉ સત છે ભૂતથી,
ખરી કહે કેવળો સમ ખાઈ.

કેવળપુરી નરસિંહ સંપ્રદાયના કવિ છે અને બ્રહ્મવર્ણન કરતાં વિવિધ શબ્દલીલાવિહાર કરી શકે છે:

વૃક્ષમાં બીજ છે બીજમાં વૃક્ષ છે, વૃક્ષ ઓર બીજ તો એક વેહી,
કનકમાં ઘાટ છે ઘાટમાં કનક છે, કનક ને ઘાટ તો એક કેહી,
બ્રહ્મમાં ભૂત છે ભૂતમાં બ્રહ્મ છે, જીવ અને શિવ તો એક જેહી,
સત્ જો કેવળા બ્રહ્મની સંગથા, તત્વાતીત દપ તે બ્રહ્મ તેહી.

ગુરુશિષ્યસંવાદના સ્વરૂપમાં અખાની જેમ સરળતાથી કેવળપુરી પણ બ્રહ્મ વિશે શંકા અને ગુરુમુખેથી જવાબોની પરંપરા રચી જાણે છે. કેવળપુરી પાસે શબ્દવૈભવ ઘણો જ સમૃદ્ધ છે. દૃષ્ટાન્તનિયોજનશક્તિ પણ ઓર છે, વર્ણનની પદ્ધતિ વધુ સરળ છે. તેમનાં ભક્તિ-જ્ઞાનનાં પદોમાં સવૈયા અને દોહરા ભરપૂર છે. ગુરુમહિમા અને તેમનાં ગુણગાન તેમનો પ્રિય વિષય છે. ગુરુના મુખેથી થતી પૌરાણિક વાતો કવિની જ્ઞાનસમૃદ્ધિ અને પ્રતિભાની બહુમુખિતાનો પુરાવો છે.

કક્કો અને બારાખડી દ્વારા પણ તત્ત્વવર્ણન કરી શકે છે. જેમ કે,

કક્કો મુખથી એમ કહે, બાવન અક્ષર વાત,
કામ જગતમાં શું કરે, સત્ કહો સાક્ષાત્,
બત્રીસ અક્ષર બોબડા, જીવન માત્રા જાણ,
ધીર અક્ષર ચૈતન થયા, માત્રા થકી પરમાણ.

જીવ શિવ થકી જ હાલતોચાલતો થયો છે. તે માત્રાથી કેવું સમજાવ્યું ? અખાની અખેગીતાના તેમ જ બીજા છપ્પાઓની જેમ કેવળપુરી પણ વિવિધ વિષયોનાં અંગ રચે છે. જેમ કે સાધુનું અંગ, વિપ્રનું અંગ, જોગીનું અંગ વગેરે.

કૈવલ્યસંપ્રદાયનો કવિ હોવા છતાં કેવળપુરી ગરબીઓ રચે છે તે ખરેખર નવાઈની વાત છે.

નર અજ્ઞાની, તારું અજ્ઞાન થયું તું ને, ભવ ભેદ ભાસે,
વિવેકે જો તું વિચારી,
જ્ઞાન પ્રકાશ હુવો ઘટમાં, નામ રૂપ નાચે—નર૦ (ટેક)

ગરબી દ્વારા પણ બોધપાઠ આપતો હોય તેવો કવિ તો માત્ર કેવળાનંદ જ જોયો—જેમ કે

વસ્તુ શુદ્ધ વિચારો, શોધી જોને તારું કોણ સ્વરૂપ,
કાર્યકારણ દૂર કરી ન્યારો,
તેથી સાક્ષી અખંડ અનૂપ—વસ્તુ૦ (ટેક)

અભિમાનીને કવિ ગરબીમાં પણ તતડાવે છે—

મૂરખ નર અભિમાની, તન ખોજ્યું નહિ તારું,
ભોગ દેખી ભૂલ્યો, આત્મ સુખ નહિ આયો,
માયા કેરું સુખ સત્ય માની દુઃખમાં તું ડૂબ્યો—મૂરખ૦ (ટેક)

પદકવિ તરીકે પણ કેવળપુરી પોતાનો ફાળો નોંધાવે છે, તેમણે ઘણાં તત્ત્વજ્ઞાનનાં પદો રચ્યાં છે, તેમાં ધીરા ભગતની જેમ કાફીનો પ્રકાર બહુ જ સિદ્ધહસ્ત છે. કટાક્ષકલા અને અવળચંડી વાણીનો પ્રયોગ પણ જોવા મળે છે :

સખી સત્ રસિયાને સંગ રાજી રે, રસિયાને સંગ રાજી,
લોકાચારે નહિ લાજી, ગગન નોબત ગાજી રે—સખી૦ (ટેક)'

ગોપીભાવ ધારણ કરીને પણ કવિ પદ ગાતાં ગાતાં સચ્ચિતાનંદને સ્મરે છે :

સચ્ચિતાનંદ સોઈ કલેજે અકકલ કોઈ,
હરિને સ્વરૂપે હોઈ રે—સખી૦ (ટેક)

મનોવૃત્તિઓને કબજે રાખવાનું કવિ વારંવાર કહે છે :

વશ કર વૃત્તિ રે તારું, જીવિત વૃથા જાય જી,
મિથ્યા સુખ મન સત માની, ખલક ગોથાં ખાય—વશકર ૦ (ટેક)

આવાં તો લગભગ ૧૦૦ જેટલાં પદો કેવળપુરીએ રચ્યાં છે.

ગરબા તો વલ્લભ મેવાડાના જ જાણીતા છે, તેમ છતાં કેવળપુરીના વિશિષ્ટ ગરબા ધ્યાનપાત્ર છે. જો કે શક્તિપૂજાની સાથે સાથે કેવળપુરી ગરબા દ્વારા યુગદર્શનનાં ચિત્રો આપે છે તેથી સમાજ ચિત્રણ માટે વધુ અકસીર પૂરવાર થાય તેવા છે.

મહાકાળીના ગરબાની શરૂઆતમાં જ કવિ કહે છે—

માતા મોટું છે તારું માપ, અવસર જોઈ આવજો રે લોલ,
ટાળવા ત્રિવિધિનો તાપ લક્ષ શુદ્ધ લાવજો રે લોલ,
રૈયત માથે આવ્યો રોગ, તરત આવો ટાળવા રે લોલ,
ભૂતડાં અનંત માગે ભોગ, ગર્વ તેનો ગાળવા રે લોલ.

આગળ જતાં આ ગરબામાં રમઝટ જામે છે—

કલજુગ આવ્યો કારમો મહાકાળી રે,
સેવકની કરજો સહાય પાવાવાળી રે,
કલેશ વધ્યો બહુ કારમો મહાકાળી રે,
લોકોમાં લાગી લહાય પાવાવાળી રે.

જેવા ગરબાઓ દ્વારા કવિ યુગદર્શન કરાવે છે જેમાં તત્કાલીન પરિસ્થિતિનું દર્શન પણ થાય છે.

આમ કેવળપુરી કવિમાં નરસિંહ, અખો, ધીરો, ભોજો અને વલ્લભનું પંચામૃત પ્રાપ્ત થાય છે.

કર્ણાટ દેશના વાપી-કુંડો

મધુસૂદન ઢાકી

પ્રાક્‌મધ્યકાલીન અને વિશેષે તો મધ્યકાલીન ઉત્તરભારતમાં રાજસ્થાન અને ગુજરાતમાં જલાશ્રિત-વાસ્તુનું ખૂબ ખેડાણ થયું છે. વિવિધ તલચ્છંદો ધરાવતાં વાપીઓ અને કુંડોનાં કેટલાંયે નયનમનોરમ સ્વરૂપો ત્યાં એ કાળે સર્જાયેલાં જોવા મળે છે. પશ્ચિમ ભારતની, તેમ જ અલંકાર-પ્રવણ રહેલી કર્ણાટક દેશની વાસ્તુવિધિમાં પણ તટાકો, અને ખાસ તો કુંડો અને વાપીઓ, બહોળી સંખ્યામાં મળવા ઉપરાંત તેમાં પ્રસ્તુત રચનાઓનાં કેટલાંક અભિનવ અને અપૂર્વ સ્વરૂપોનાં સર્જન થયાનાં દૃષ્ટાંતો પ્રાપ્ત થાય છે. સાંપ્રત લેખમાં, વૈવિધ્ય અને આભિનવ્યથી ભારતીય વારિશિલ્પમાં આગવી અને અનોખી ભાત પાડતા તેના કેટલાક ચુનંદા નમૂનાઓના આધારે ચર્ચા કરીશું.

'વાપી' 'કિંવા'—'દીર્ઘિકા'ઓ—નાળારી વાવ—જેમ રાજસ્થાન-ગુજરાતમાં સારી સંખ્યામાં જોવા મળે છે, તેમ કર્ણાટક(અને તેને અડીને આવેલ મહારાષ્ટ્રમાં પણ) ઠીક ઠીક સંખ્યામાં ઉપલબ્ધ છે. તેમાં સૌથી જૂનો અને આરંભિક શૈલીનો નમૂનો બાદામી (પ્રા૦ 'વાતાપિ')ના ચાલુક્યોની શાખાનગરી ઐહોળેમાં મળે છે. ઐહોળેમાં જે એક સાદો અને ઘણો પ્રાચીન "સર્વતોભદ્ર" તળછંદ કુંડ 'ગૌડરગુડી' અને 'ચક્રગુડી' નામે ઓળખાતા મંદિરોની વચ્ચે રહેલો છે, તે નહીં પણ ત્યાંથી અર્ધો માઈલ ઈશાનમાં 'હુચ્ચિમલ્લિગુડી' નામક ઓતરાદી "નાગર" શૈલીના મંદિરના પ્રાંગણમાં રહેલ વાપી વિષે અહીં કહેવા ધાર્યું છે. પ્રસ્તુત ઉદાહરણમાં પગથિયાંવાળી 'નાળ', અને પછી ચોરસાકૃતિ 'કૂપ' (કૂવો) કરેલો છે: (**ચિત્ર ૧:** જુઓ આ અંકના કવરપેજ ત્રીજા ઉપરનું ચિત્ર.) વાવની અંદરની ભીંતો સાદી ન રાખતાં તેમાં આંતરે આંતરે 'મેખલા'ઓ કાઢી છે. મેખલાઓ વચ્ચેના, નીચેથી લઈ ઉપર જતાં ત્રીજા ગાળામાં, ગજ, સિંહ, વ્યાલ, વૃષ, આદિનાં (આજે તો ઘસાઈ ગયેલાં પણ અસલમાં શોભનાર્થે) ત્રિપાર્શ્વી રૂપ કાઢેલાં છે. ચોથો ગાળો શરૂ થાય છે ત્યાં 'ખુરપટ્ટી'માં વચ્ચે વચ્ચે ભારકર્યમાં હાથીનાં રૂપો ઉપાડ્યાં છે; તે પછી 'કંધર' (કાંઠલો) કરી, મથાળે 'યક્ષરાજ કુબેરાદિ' રૂપોવાળી પગતી 'શોભનપટ્ટી' મૂકી છે. વાપીનો સમય તેની અંદરનાં ઘાટડાં તેમ જ રૂપકામની શૈલીના આધારે સાતમા શતકનો પૂર્વાર્ધ હોય તેમ લાગે છે. જૂનાગઢમાં સોનરેખને કાંઠે એક ક્ષત્રપકાલીન નાળારી વાવમાં ભિત્તિમાં ડોકાતા વ્યાલના અર્ધા શરીર જેવો શોભન-વિભાવ, કે સૌરાષ્ટ્રમાં કદ્વારના મૈત્રકકાલીન કુંડમાં દેખાતા દીવાલ સમાણા વ્યાલરૂપની ગોઠવણુને કંઈક મળતું આયોજન આ ઐહોળેની વાપી બતાવી રહે છે, અને એક જ પ્રકારના વિભાવને પૃથક્ પ્રાદેશિક પ્રણાલિમાં, પણ અન્યથા સમાન્તર રીતે પ્રગટ કરી રહે છે.

પૂર્વકાલીન ચાલુક્યોની સત્તા ઈ.સ. ૭૫૫ આસપાસ રાષ્ટ્રકૂટોએ છીનવી લીધા બાદ, બે'એક સદી સુધી તો વારિવાસ્તુના કોઈ ધ્યાન ખેંચે તેવા નમૂનાઓ કુંતલદેશમાં મળતા નથી.

ચિત્ર ૨
ગુડૂરગ્રામની વાપી : દશમા શતકનો અંત ભાગ



ચિત્ર ૫
'સૂડી'ની 'મચ્ચિયકેરે' વાપી, પ્રતોલી તથા નાળનો ભાગઃ
નિર્માણકાળ, આશરે ઈ. સ. ૧૦૨૫ આસપાસ



ચિત્ર ૬
ચિત્ર ૫ વાળી 'સૂડી'ની વાપીના કૂપનું આંતરિક દશ્ય



ચિત્ર ૮
'હુંમચ'ના કુંડનું વાયવ્ય બાજુનું દશ્ય

પણ રાષ્ટ્રકૂટ સત્તાને ઈ.સ. ૯૭૪-૭૫ આસપાસ ઉથલાવી (પશ્ચાત્કાલીન) ચાલુક્યો ફરીને સત્તારૂઢ થયા તે કાળથી વાપીઓ અને કુંડો પુનઃ મળવા લાગે છે આ પુનરુત્થાનકાળના આરંભનું એક દૃષ્ટાન્ત ઐહોળે પાસે આવેલ ગુડૂરગ્રામના શિવાલયની સામે આવેલ વાપીનું છે **(ચિત્ર ૨)**. અહીં આગળની જેમ ભીંતમાં મેખલાઓ કરી નથી. (કાર્યક્ષમતાની દૃષ્ટિએ એ મેખલાઓ લગભગ નકામી જ હતી.) એને બદલે નાળ જ્યાં પૂરી થઈ કૂપનો પ્રારંભ થાય છે ત્યાં આગળ નાળની બન્ને બાજુને શોભાવતા 'ખત્તક'(ગોખલાઓ) કાઢચા છે. વાવમાં પાણી ખૂબ રહે છે; એથી ઉત્તર દિશાએ કૂપમાં એક ચોરસાકૃતિ કોઠો (બૂરજ) ઉતારી, તેના ઉપર ઊભા રહી (ગરગડીઓ વતી ?) પાણી બહારથી જ ભરી શકાય તેવી વ્યવસ્થા પણ કરી છે.

વાપી અને કુંડના સિદ્ધાંતનું સમીકરણ કરી, કૂપયુક્ત કુંડો કરવાની પ્રથા રાજસ્થાનમાં હતી. ત્યાં આપણને પ્રતિહારયુગમાં 'ઓસિયાં' (પ્રા૦ ઉકેશઃ ૮મા શતકનો મધ્યભાગ), 'આબાનેરી' (૮મા શતકનો અંતભાગ), 'પીપાડ' (૯-૧૦મી સદી), અને આબુના પરમારોના યુગમાં 'વસંતગઢ' (પ્રા૦ વસિષ્ઠપુર : ૧૦મી સદીનો અંતભાગ)માં એવી રચના મળે છે. કંઈક અંશે એવા સિદ્ધાંત પર રચાયેલી એક વાપી આપણને કુંતલના એક કાળના સમૃદ્ધ શાખાનગર 'લક્કુંડી' (પ્રા૦ લોકિગુંડી)ના 'માણિક્કેશ્વર' નામક ત્રિપુરુષપ્રાસાદ પાસેના વાપી-યુક્ત કુંડમાં મળે છે: (ચિત્ર ૩, જુઓ આ અંકના કવરપેજ ત્રીજા ઉપરનું ચિત્ર; ૪: જુઓ આ અંકના પાછલાં પૂઠાં ઉપરનું ચિત્ર) આજે તો બિસ્માર હાલતમાં હોવા છતાં એની રચના સમજવામાં ખાસ કઠણાઈ નડતી નથી. આ દૃષ્ટાંતમાં પહેલાં લંબચોરસ કુંડ કર્યો છે, અને તેમાં પશ્ચિમેથી ઊતરવા માટે 'સોપાનશ્રેણી' (સીડી) કરેલી છે. કુંડની ભીંતને ત્રણ તબક્કામાં ખેંચી છે અને સીડીની બંને બાજુએ થોડું અંતર રાખી, વિમાનાકાર 'ખત્તકો' (ગોખલાઓ) કાઢેલા છે. ઉત્તરની ભિત્તિમાં આવા ગોખલાઓની જોડી અને વચ્ચે ગુડૂરના જેવો કોઠો અને ખુણાના ભાગે ઉપરથી ઊતરવા, ઉત્તર ગુજરાતના 'રોડા' (૮મી સદીનો ઉત્તરાર્ધ)ના તેમ જ સૌરાષ્ટ્રમાં 'દેડાદરા' (નવમી સદીનો અંત)ના કુંડની જેમ, 'પાર્શ્વ-સોપાનો' કર્યાં છે. દક્ષિણ બાજુ ભીંત કરવાને બદલે ત્યાં માડ-મજલાવાળું 'રમણક'(રમણાં)સહિતનું 'કૂટ' કર્યું છે. અને તેમાં પ્રવેશ માટે દક્ષિણેથી સીડી કરેલી છે: **(ચિત્ર ૪)**. આનો નિર્માણકાળ અગિયારમા શતકનો મધ્યભાગ હોવાનું જણાય છે.

હવે જોઈએ 'સૂડી' ગ્રામની વિશિષ્ટ વાવ. અહીંની રચના જુદી જ જાતનાં તળ-આયોજન અને ઊર્ધ્વચ્છંદ ધરાવે છે. અહીં પહેલાં તો પગથિયાંવાળી નાળ કરી, પછી 'રમણક'-યુક્ત 'પ્રતોલી' (પોળ) કરીને ફરીને નાળને આગળ વધારી છે: **(ચિત્ર ૫)**. એ પછી નાળ ચોરસાકૃતિ, કુંડાકાર, કૂપમાં મળી જાય છે: **(ચિત્ર ૬)**. નાળ અને કુંડ-કૂપને ફરતી સાંકડી પ્રદક્ષિણા કરી છે, અને તે બંનેને આવરી લેતી ફરતી જે પ્રકારે ભીંત કરી છે તેમાં જ રચનાની અસલી ખૂબી છતી થાય છે. ત્યાં ભીંતના 'ઉદય'માં કર્ણાટી મંદિરોમાં જોવાતાં ઘાટયુક્ત 'અધિષ્ઠાન'(પીઠ) અને 'પાદ'(મંડોરા)નો પ્રયોગ કર્યો છે, જે ઘટના અભૂતપૂર્વ છે. આ ભીંતો નાળ-કૂપના સાધારણ તળછંદાનુસારી છે. તેનાં વિવિધ ભંગિઓ અને પ્રસ્તાર, 'પાદ' ભાગના અર્ધસ્તંભોની આવલિઓ, અને અર્ધસ્તંભો વચ્ચે વચ્ચે કરેલ ભ્રામક 'દેવકોષ્ઠો', ઇત્યાદિની છંદલીલાને કારણે, તેમ જ આ દર્શન પણ જમીન પર નહીં, જમીનની અંદર, ખુલ્લા આકાશ નીચે,

જાણે કે નારંગીની પૂરી છાલને અવળી કરીએ તો જેવું દેખાય તેવું,—મંદિરની બહિર્ભિત્તિને અવળી કરી અંતર્મુખ કરવાથી જેવું ખડું થાય તેવું—વિસ્મયપ્રેરક દશ્ય અહીં ખડું થાય છે. સારાયે ભારતના કુંડ-વાપી વિધાનમાં આવી વૈચિત્ર્યપૂર્ણ વિભાવના ક્યાંયે વ્યક્ત થઈ જોવા નથી મળી. આવી કલ્પનાનો કરનારો કોઈ "વિચિત્રચિત્ત" શિલ્પી, અસાધારણ ભેજાનો આદમી હોવો જોઈએ !

સૂડીના ચાલુક્યરાજ સોમેશ્વર દ્વિતીયના ઈ. સ. ૧૦૭૫ના સમકાલીન લેખમાં આ વાપીનું 'મચિયકેરે' નામ મળે છે. ('કેરે' કે 'કરે' નો કન્નડમાં અર્થ છે 'કુંડ' કે 'તટાક'.) પણ તેનાં ઘાટડાં જોતાં તેનો નિર્માણકાળ ઈ. સ. ૧૦૨૫ આસપાસથી મોડો ન હોય તેવો તર્ક થઈ શકે છે.

આ પછી જોઈએ કર્ણાટકના 'મલનાડ' પંથકની ગિરિમાળામાં ઈશાન બાજુએ આવેલ, જૈનધર્મી 'શાન્તર' કે 'ચાન્તરાજ' વંશી રાજાઓની રાજધાની 'હુંમચ'(પ્રા૦ પોટ્ટીમોમ્બુચ્ચ-પુર = કનકપુર)માં ગામથી દક્ષિણે ઊંચાણ પર આવેલ એક નાનકડો પણ ઘાટીલો અને લાવણ્યપૂર્ણ કુંડ : (**ચિત્ર ૭ :** જુઓ આ અંકના મુખપૃષ્ઠ ઉપરનું ચિત્ર). કુંડમાં પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણેથી ઊતરવા માટે સોપાનમાલાઓ રચી છે, ને તેની અડખેપડખે 'શૂંડિકા'(હાથણી)નાં રૂપ શોભનાર્થે મૂક્યાં છે. ઉત્તર બાજુએ ડુંગરમાંથી પાણીની સરવાણી આવે છે. જે પ્રણાલ મારફત ઝીલાઈ કુંડમાં ઊતરે છે: (**ચિત્ર ૮**). અહીં પણ ભિત્તિની જે પ્રકારે સજાવટ કરી છે, તે અનન્ય છે. કુંડની અંદરની ચારે બાજુએ ચોરસાઈમાં ફરી વળતાં પગથિયાં જ્યાં પૂરાં થાય છે, ત્યાં બે થરમાં કુંડની 'મૂલભિત્તિ' કરી છે. બંને થરોમાં વચ્ચે વચ્ચે અર્ધભાસ્કર્યમાં થાંભલીઓથી શોભતા ગાળાઓ કરી, તેને મોટા કદનાં 'રત્ન' અને 'પૂર્ણકમલ'નાં શોભનાંકનથી ભરીને એક સાદી પણ અસરકારક આભરણા ઊભી કરી દીધી છે: (**ચિત્ર ૭–૮**). ડુંગરની પડછે ઊંચેરી જમીનને ખોતરીને ઉતારેલો આ નાજુક પણ કાકિણી-રત્ન શો તેજસ્વી, ભરત ભરેલ કુંડ, એની પાળ પાસેથી પસાર થનારને પોતાનું અસ્તિત્વ એકાએક પ્રગટ કરી અચંબામાં નાખી દે છે.

હવે છેલ્લું દૃષ્ટાંત જોઈએ 'હુલ્લિકેરે'ના કુંડનું: (**ચિત્ર. ૯**: જુઓ આ અંકના કવરપેજ ત્રીજા ઉપરનું ચિત્ર.) જગપ્રસિદ્ધ હોયસળેશ્વરનું મંદિર ધરાવતા 'હલેબીડ'થી અર્ધોક ગાઉ દક્ષિણે આવેલ આ કુંડ પાસેથી હોયસળરાજા નૃસિંહ પ્રથમનું નામ ધરાવતો, પણ ખૂબ જ ઘસાઈ ગયેલ શિલાલેખ મળેલો, જે ઉપરથી એનો નિર્માણકાળ બારમા શતકમાં ઈ. સ. ૧૧૪૧ આસપાસનો પુરાતત્ત્વવિદોએ નક્કી કરેલો છે. 'લક્કુંડી'ના કુંડનાં મૂળ ભાગનું વિશેષ વિકસિત રૂપ અહીં 'હુલ્લિકેરે'માં જોવા મળે છે. કુંડમાં ઊતરવાનાં પગથિયાંની હાર એક જ બાજુ, પશ્ચિમે જ, કરેલી છે; અને ત્યાં તેની આજુબાજુ બે દેરીઓ કરેલી છે. આ જલપૂર્ણ કુંડમાં પાણીની સપાટીથી પાંચ પગથિયાં ચોકોર કાઢેલાં (**ચિત્ર ૯**) દૃષ્ટિગોચર થાય છે. તે પછીના તબક્કામાં નાનકડી પણ પૂર્ણાંગ અને સુડોળ દેવકુલિકાઓની હાર કાઢી છે. પશ્ચિમ દિશા છોડતાં, બાકીની પ્રત્યેકમાં આવી ત્રણ ત્રણ વિમાનાકાર દેરીઓ અસલમાં કરેલી, જેમાંથી પૂર્વમાં તો એક છોડતાં બાકીની ભગ્નાવશેષ રૂપે જ મળે છે. કુંડ જેમાં ઉતાર્યો છે તે ભૂસ્તર ભાગમાં ચારે તરફથી આવતા દબાવને કારણે દેરીઓની પાછળની કુંડના દીવાલના ભાગો ક્યાંક ક્યાંક ઊંચકાઈને મરડાઈ-ઠરડાઈ ગયા છે; પણ તેથી કુંડની શોભામાં કોઈ ઘટાડો થતો નથી. મૂળ આયોજનની સપ્રમાણતા અને આંતરિક સંગઠનનું

સુરુચિપૂર્ણ આકલ્પન તેમજ ઘટકોનાં સૌષ્ઠવ અને મનોહારી સંયોજનને કુંડની ખંડિત અવસ્થા, થોડીક વિકૃત અવસ્થા તો વળી વિશેષ શોભન-પરિમાણ અર્પી રહે છે.

ગુજરાતના મોઢેરાના જગવિખ્યાત કુંડનું સ્મરણ કરાવતો આ સુલલિત સલિલસંપન્ન કુંડ કદમાં તો તેનાથી માંડ ત્રીજા ભાગનો જ હશે; તો પણ તેના ઘટકોનાં કૌશલપૂર્વકનાં જોડાણ અને વિસ્તરણથી, વાસ્તવમાં છે તેનાથી મોટો હોવાનો સંભ્રમ પેદા કરે છે. ભારતીય કુંડ-વાસ્તુનું આ એક પ્રથમ કક્ષાનું લલિતમનોહર ઉદાહરણ છે. કુંતલ-કર્ણાટનાં આ દૃષ્ટાંતો, વાપી અને કુંડ સ્થાપત્યમાં એક એકથી નોખી વિભાવનાઓને પૂર્ણતયા પ્રગટ કરી રહે છે.*

* અહીં પ્રગટ કરેલ સૌ ચિત્રો વારાણસીસ્થિત American Institute of Indian Studies, Varanasiના સૌજન્ય તથા સહાયથી પ્રગટ કર્યાં છે.

ગુજરાતની મુસ્લિમકાલીન નાગરીલિપિ

ઇન્દ્રવદન ત્રિવેદી

ગુજરાતમાં મધ્યકાલીન સંસ્કૃત અભિલેખોમાં નાગરી લિપિ પ્રયોજાયેલી છે. આ લિપિનાં તાત્કાલીન સ્વરૂપની કેટલીક વિશિષ્ટતાઓ છે. ગુજરાતમાં નાગરી લિપિનું વર્તમાન સ્વરૂપ સ્પષ્ટતઃ સોલંકીકાળમાં ઘડાવા લાગ્યું એમાંથી મુસ્લિમકાળ દરમ્યાન એ લિપિના મરોડનું કેટલુંક રૂપાન્તર થયું અહીં આ રૂપાન્તરોનાં સ્વરૂપ તાત્કાલીન અભિલેખો પરથી આપવામાં આવ્યાં છે. આ રૂપાન્તરો તે તે સમયના હસ્તલિખિત ગ્રંથોમાં પ્રયોજાયેલાં લિપિ સ્વરૂપો સાથે સ્વાભાવિક રીતે ઘણું સામ્ય ધરાવે છે.

સાધનસામગ્રી—અભિલેખો[1]

મુસ્લિમકાળ દરમ્યાન તામ્રલેખો મળવા બંધ થાય છે. ખાસ કરીને દેવમંદિરો અને મસ્જિદોની દીવાલો પરના લેખો, પાળિયા પરના લેખો, તથા પાષાણ કે ધાતુની પ્રતિમાઓ પરના લેખો વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ થયા છે. પ્રતિમા લેખો બાદ કરતાં લગભગ ૪૪૩ જેટલા શિલા-લેખો પ્રાપ્ત થયા છે, જેમાંના મોટાભાગના લેખો જૈન મંદિરોમાંથી પ્રાપ્ત થયા છે. આ બધા લેખો મુખ્યત્વે નાગરી લિપિમાં લખાયા છે. મસ્જિદોના લેખો બહુધા અરબી-ફારસી લિપિમાં લખાયા છે. આવા મસ્જિદલેખો કયારેક અરબી-ફારસી અને નાગરી એમ ઉભય લિપિઓમાં લખાયેલા પણ ઉપલબ્ધ થાય છે. આ સમયના મુસ્લિમકાલીન લેખોમાંથી કેટલાક દિલ્હીના નાઝિમોના અને બાકીના મોટાભાગના ગુજરાતના સુલતાનોના છે. હિન્દુ ઠકરાતોમાં ચૂડાસમા, ગોહિલ, ચાહમાન, યાદવ, જામ-જાડેજા, વામ, દેવડા વગેરેના લેખો પ્રાપ્ત થાય છે. આ સઘળી આભિલેખિક સામગ્રી અનુચૌલુકયકાળની નાગરીની-અવસ્થાનો સર્વાંગ પરિચય કરાવવામાં ઘણે અંશે સહાયભૂત થાય છે.

મુસ્લિમકાલીન લેખોમાં પ્રયોજાયેલા વર્ણો

આ સાથેના પટ્ટ નં. ૧માં મુસ્લિમકાલીન લિપિમાં પ્રયોજાયેલા વર્ણો આપેલા છે. અહીં પચાસ પચાસ વર્ષના ગાળાએ એકેક ખાનું પાડયું છે અર્થાત્ પહેલા ઊભા ખાનામાં ઈ.સ. ૧૩૦૦ થી ઈ.સ. ૧૩૫૦ વચ્ચેના ગાળાના, બીજા ઊભા ખાનામાં ઈ.સ. ૧૩૫૧ થી ઈ.સ. ૧૪૦૦ વચ્ચેના ગાળાના, ત્રીજા ઊભા ખાનામાં ઈ.સ. ૧૪૦૧ થી ઈ.સ. ૧૪૫૦ દરમ્યાન અને ચોથા ઊભા ખાનામાં ઇ.સ. ૧૪૫૧ થી ૧૫૦૦ સુધીના લેખોમાં પ્રયોજાયેલા વર્ણો ગોઠવ્યા છે.[2] પાંચમા

---

૧ અહીં જે અભિલેખોને આધાર તરીકે લેવામાં આવ્યા છે, તેમની વિગતો માટે જુઓ—ઇ. વિ. ત્રિવેદી, 'ગુજરાત ઇતિહાસ સંદર્ભસૂચિ' ખંડ ૪-૫, લેખ નં. ૨, ૨૮, ૪૭, ૫૮, ૬૩, ૮૧, ૯૦, ૯૯, ૧૩૬, ૧૭૬, ૨૩૫, અને ૨૩૭.

૨ ઉપર્યુક્ત.

પટ ૧ મધ્યકાલીન વર્ણો

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૧ ૨ ૩ ૪ ૫ ૬



ઊભા ખાનામાં ઊના(ઈ. સ. ૧૫૨૬)ના સમયનિર્દેશવાળા શિલાલેખ[3] અને સોજિત્રાના ઈ. સ. ૧૬૨૭ના સમયનિર્દેશવાળા સંસ્કૃત શિલાલેખ[4]માંથી અને છઠ્ઠા ઊભા ખાનામાં દામાજીરાવ ગાયકવાડના વડોદરાના ઈ. સ. ૧૭૩૬ના સમયનિર્દેશવાળા શિલાલેખમાંથી[5] વર્ણો ગોઠવ્યા છે. પંદરમા શતક સુધીં બ્રાહ્મીનું નાગરી સ્વરૂપ પ્રચલિત બન્યું હોવા છતાં એ નાગરી લિપિ સંપૂર્ણ-પણે તેની અર્વાચીન અવસ્થાને પામી નહોતી. ગુજરાતમાં પંદરમા શતક પછી પણ લાંબા સમય સુધી તેનો વિકાસ ચાલુ રહ્યો છે અને તેની સાથે સાથ ગુજરાતી લિપિનો ઉદ્દભવ અને વિકાસ થતો રહ્યો છે.

અહીં કુલ ૪૬ વર્ણો પ્રયોજાયેલા છે, જેમાં ૨ અયોગવાહો (અનુસ્વાર અને વિસર્ગ), ૧૧ સ્વર (अ, आ, इ, ई, उ, ऊ, ऋ, ए, ऐ, ओ, औ) ૨૫ સ્પર્શ (क, ख, ग, घ, ङ, च, छ, ज, झ, ञ, ट, ठ, ड, ढ, ण, त, थ, द, ध, न, प, फ, ब, भ, म,) ૪ અંતસ્થ (य, र, ल, व,) અને ૪ ઉષ્મન્ (श, ष, स, ह) મળી કુલ ૩૩ વ્યંજન પ્રયોજાયા છે.

વર્ણોનું સ્વરૂપ

મુસ્લિમકાલીન વર્ણો બહુધા તેમના વિકાસની અદ્યતન નાગરી અવસ્થાના છે. ऋ, ओ, औ, क, ङ, छ, झ, અને भ સિવાયના વર્ણો મુસ્લિમકાળ અગાઉના સમયમાં તેમનું વર્તમાન નાગરી સ્વરૂપ પામ્યા હતા. અહીં એ આઠ અક્ષરોમાંથી ऋ, ङ અને छ એ અક્ષરોના સ્વરૂપમાં વિકાસ થયો છે, જેમાંના ङ અને छ તો તેમના વિકાસના અર્વાચીન તબક્કે આવી પહોંચ્યા છે. મધ્યકાલીન વર્ણોનું સ્વરૂપઘડતર મુખ્યત્વે અગાઉના સોલંકીકાળમાં થયું હોવાથી અહીં માત્ર તેમનાં આ કાળમાં થયેલાં વિશિષ્ટ પરિવર્તનોનું અવલોકન કરવું પર્યાપ્ત છે.

૧ अ અને आમાં વૈકલ્પિક સ્વરૂપોમાં अ સ્વરૂપની અપેક્ષાએ ꣾ સ્વરૂપ (ચૌલુક્ય કાળની માફક) સવિશેષ પ્રચારમાં રહેલું જણાય છે.

૨ इ અને ईમાં ચૌલુક્યકાલીન વૈવિધ્ય નજરે પડે છે. હજુ આ સ્વરોનો નીચલો મુખ્ય અવયવ બહુધા ટોચની આડી રેખાને ડાબે છેડે જોડાય છે.

૩ ऋ, ए, ऐ, ओ અને औ તેમજ ख, ग આ વર્ણો ચૌલુક્યકાલીન સ્વરૂપમાં વૈવિધ્ય ધરાવે છે. છતાં ऋ નો ऋ આ મરોડ જે વિકાસ પામ્યો તેમાં મધ્યની મુખ્ય ઊભી અને તેને નીચલે

---

૩ વલ્લભવિદ્યાનગર સંશોધન પત્રિકા, પુ. ૧–૨; લેખની ભાષા સંસ્કૃત છે.

૪ એજન; લેખની ભાષા ગુજરાતી છે.

૫ ગદ્રે, એ. એસ., 'ઇમ્પોર્ટન્ટ ઇન્સ્ક્રિપ્શન્સ ઑફ ધ બરોડા સ્ટેટ', પુ. ૧; લેખની ભાષા સંસ્કૃત છે.

છેડે જોડાયેલી ત્રાંસી રેખાને ચાલુ કલમે લખીને र નો મરોડ આપવામાં આવ્યો અને શિરોરેખાની લંબાઈ વધારવામાં આવી. આથી ઘડાયેલો મરોડ रु ઓગણસમી સદી સુધી વપરાતો રહ્યો છે.

વર્ણોનાં લક્ષણો

અહીં આપેલા પટ્ટ ૧ ઉપરથી આ સમયનાં વર્ણોનું સ્વરૂપ તપાસતાં કેટલાંક વિશિષ્ટ લક્ષણો જાણવા મળે છે જે અત્રે નોંધપાત્ર ગણાય.

ચૌલુક્યકાળમાં उ, छ, ज, ट, ठ, ड, ढ, त, द, न, व, र, ल અને ह જેવા એક ઊભી રેખાવાળી ટોચવાળા વર્ણોને બહુધા શિરોરેખાના જમણા છેડે લટકાવવામાં આવતા હતા. આ કાળમાં પણ આ લક્ષણ જોવા મળે છે; પરંતુ ચૌલુક્યકાળની અપેક્ષાએ તેનું પ્રમાણ ઘટ્યું છે. હવે આ વર્ણોને શિરોરેખાના જમણા છેડાથી સહેજ ડાબી બાજુએ જોડવામાં આવતા નજરે પડે છે. જેમ કે उ, छ, ज વગેરેના મરોડમાં.

ગુજરાતમાં અગાઉથી अ (अ અને ॲ), ण (ण અને ण), भ (भ અને भ) ल (ल અને ल), તેમજ श (श અને श)નાં બબ્બે વૈકલ્પિક સ્વરૂપો પ્રયોજાતાં આવે છે તેમાં अની અપેક્ષાએ ॲ તેમજ णની અપેક્ષાએ ण પ્રયોજવાનું પ્રમાણ વધારે હતું. અહીં अ, ण, भ અને लનો બહુ વિરલ પ્રયોગ થયો છે અને शની બાબતમાં ફક્ત મરાઠી બાળબોધનું સ્વરૂપ વ્યાપકપણે પ્રયોજાયું છે. न અને मના મરોડમાં ડાબી બાજુના વૃત્તાકારને હવે ક્યાંક ક્યાંક પોલો રખાતો નજરે પડે છે. આ બાબત સૂચવે છે કે ગુજરાતની ૧૯મી સદી સુધીની નાગરી લિપિમાં ગ્રંથો છાપવા માટેનાં બીબાં મુંબઈમાં તૈયાર થતાં હોઈને તેમજ મુંબઈ મહારાષ્ટ્ર (કોંકણ)માં હોઈને ત્યાંની લિપિની અસર સ્વાભાવિક રીતે જ બીબાં કરતી વખતે આવે. આથી વૈકલ્પિક સ્વરૂપની બાબતોમાં મરાઠી બાળબોધ સ્વરૂપો જેવાં કે अ, ऋ, ण, ल અને श વ્યાપકપણે પ્રચારમાં આવ્યાં, વળી આ વર્ણોના દેવનાગરી મરોડ કરતાં બાળબોધ મરોડ લખવામાં સરળ પણ હતા. દા. ત. अ અને णના મરોડ; જેથી તેમનો સહજ સ્વીકાર થયો.

આમ ગુજરાતમાં સામાન્યતઃ ઉત્તરી દેવનાગરી અને મરાઠી બાળબોધની મિશ્ર અસરવાળી નાગરી લિપિ પ્રયોજાતી રહી. એટલું જ નહીં ल ના ત્રુટક મરોડ (ल) (૫–૨), (૬–૨)નો પ્રચાર આ લિપિનું અમુક પ્રાદેશિક લક્ષણ ધરાવે છે જો કે બીબાંના પ્રચારથી ગ્રંથો છપાતાં આ પ્રદેશની લિપિમાં કેટલાક નોંધપાત્ર ફેરફારો થઈ ગયા. જેમકે ऋ નો પ્રાચીન મરોડ(ऋ) ल નો

ત્રૂટક મરોડ(ल) (૬–૨) બંને લુપ્ત થયા. મ નો વિકસિત મરોડ પ્રયોજાવો શરૂ થયો. અ અને

મનાં વૈકલ્પિક સ્વરૂપો ꣲ , ꣳ વિસરાઇ ગયાં, તો પણ આ કાળ દરમ્યાન શિરોરેખા સુરેખ અને સાદી જોવા મળે છે. તેમાં તરંગાકારાદિ વૈવિધ્ય નજરે પડતું નથી. વર્ણોના મરોડ કલાત્મક બનાવવાની પ્રવૃત્તિના દ્યોતક નથી. એકંદરે આ સમયનાં વર્ણો સાદા સ્વરૂપના છે.

અંતર્ગત સ્વરચિહ્નો

पट्ट-२ मध्यकालीन अन्तर्गत स्वर चिह्नो



મુસ્લિમકાલીન અભિલેખોમાં પ્રયોજાયેલાં અંતર્ગત સ્વરચિહ્નોના નમૂના પટ્ટ ૨માં આપ્યા છે. અહીં આપેલા નમૂના અકારાદિ ક્રમે ગોઠવ્યા છે. સાધારણતઃ મધ્યકાળમાં અંતર્ગત સ્વરચિહ્નો તેમના અર્વાચીન સ્વરૂપની લગોલગ આવી પહોંચ્યા છે. તેમની જોડાણપદ્ધતિ બહુધા અર્વાચીન પ્રકારની છે. અહીં પ્રયોજાયેલાં અંતર્ગત સ્વરચિહ્નોનું સ્વરૂપ મુખ્યત્વે ચૌલુક્યકાળમાં ઘડાયું હોવાથી તેમને અંગે માત્ર વિશિષ્ટ લક્ષણો જ જાણવા આવશ્યક ગણાય, જે નીચે મુજબ છે.

અંતર્ગત ए, ऐ, ओ અને औમાં પડીમાત્રા પ્રયોજવાનું લક્ષણ વધારે દેખાય છે. એ ચિહ્નોમાં આવતી અંતર્ગત આ અને અંતર્ગત ए ની (પડીમાત્રાવાળી) ઊભી રેખાઓને વર્ણની શિરોરેખા માત્ર સ્પર્શતી જ હોય છે, છેદતી નથી.

સોલંકી કાળના અંતર્ગત ऋની જેમ હવે આ કાળમાં અંતર્ગત ऋના મરોડનો વિકાસ પણ અર્વાચીન સ્વરૂપને પામ્યો છે. આ કાળમાં અંતર્ગત उ જોડવાની બાબતમાં વૈવિધ્ય જોવા મળતું હતું. હવે એક જ મરોડ (٦) નિશ્ચિત બનીને પ્રયોજાતો જોવા મળે છે.

कु (૪-૧), कृ (૬-૧), तृ (૬-૨)માં અગાઉ થતું તેમ તેમના ડાબી બાજુના વૃત્તાકાર અવયવને નાની આડી રેખા સ્વરૂપે પ્રયોજી અંતર્ગત उ કે ऋનાં ચિહ્નો વર્ણના નીચલા છેડે પ્રયોજ્યાં છે. આમ કરવાનું કારણ અંતર્ગત સ્વરચિહ્ન અને વર્ણના અવયવ વચ્ચે સ્પર્શ થઈને ઊભા થતા આકારભ્રમને નિવારવાનું છે. આવી જ રીતે જ્યાં જ્યાં અંતર્ગત સ્વરચિહ્નો જોડતી વખતે વર્ણના કોઈ અવયવ સાથે સ્પર્શ થતાં આકારભ્રમ થવાની શક્યતા હોય ત્યાં ત્યાં કેટલીક છૂટછાટો લઈને તે મુશ્કેલી નિવારવા પ્રયત્ન થયા છે. દા. ત. सु (૪-૭)માં અંતર્ગત उની ટોચની રેખાને આડીને બદલે વાયવ્ય–અગ્નિ બનાવીને सના ડાબા અવયવની પાછળ દાખલ કરી છે. તેવી જ રીતે धौ (૧૧-૪)માં પડીમાત્રા જોડાતાં પહેલાં धની ડાબી ટોચે નાની આડી રેખા ઉમેરી છે.

વર્ણની નીચે જોડાતાં અંતર્ગત સ્વરચિહ્નોને જોડતી વખતે વર્ણની ઊભી રેખાનો નીચલો ભાગ ટૂંકાવવાની ખાસિયત પણ નોંધપાત્ર ગણાય. દા.ત. हु (૪-૮), दू (-૫૩), पू (૫-૪), द (૬-૪) વગેરેમાં સોલંકીકાળમાં દેખા દેતી અર્થાત્ સ્વરચિહ્નોને કલાત્મક બનાવવાની પ્રવૃત્તિ અહીં ખાસ જણાતી નથી. મુખ્યતઃ અંતર્ગત સ્વરચિહ્નો સાદાં અને સુરેખ છે.

સંયુક્તાક્ષરો

મુસ્લિમકાલીન અભિલેખોમાં પ્રયોજાયેલા સંયુક્તાક્ષરોના નમૂનાઓ પટ્ટ ૩ (જુઓ પૃ. ૩૩૦)માં તેમના પૂર્વગ અક્ષરના અકારાદિ ક્રમે ગોઠવીને આપ્યા છે. આ કાળમાં સંયુક્તાક્ષરોનાં ચૌલુક્યકાલીન સ્વરૂપો બહુધા ચાલુ રહ્યાં છે. એટલે કે અર્વાચીન સ્વરૂપો તરફનો વિકાસ થોડા જ સંયુક્તાક્ષરોમાં માલૂમ પડે છે. આ સમય દરમિયાન ग्न (૨-૩), ग्रा (૨-૪), घ्न (૨-૬), ज्ञा (૩-૩), एच (૪-૧), त्प्र (૪-૫), द्र (૬-૫), द्वि (૬-૬), न्प्र (૭-૩), न्मा (૭-૪), न्य (૭-૫), म्ना (૯-૯), र्षं (૧૦-૩), व्र (૧૧-૩), स्थं (૧૨-૫), ष्व (૧૨-૮), स्नि (૧૩-૫), स्म (૧૩-૮), ह्य (૧૪-૨) અને ह्म (૧૪-૬). આ સંયુક્તાક્ષરો તેમના અદ્યતન સ્વરૂપે પ્રયોજાયા છે, જ્યારે બાકીના તેમનું અગાઉનું સ્વરૂપ વત્તે ઓછે અંશે જાળવી રહેલા છે.

મુસ્લિમકાલીન વર્ણો અને અંતર્ગત સ્વરચિહ્નો લગભગ અર્વાચીન નાગરી સ્વરૂપને પામી ચૂક્યાં છે, જ્યારે સંયુક્તાક્ષરોમાં અર્વાચીન સ્વરૂપનું પ્રમાણ વધ્યું હોવા છતાં હજુ ઘણા સંયુક્તાક્ષરો અગાઉની પદ્ધતિએ પ્રયોજાતા રહ્યા છે. આથી ફલિત થાય છે કે વર્ણો અને અંતર્ગતસ્વરચિહ્નોમાં વિકસિત સ્વરૂપોને લેખનમાં સ્વીકારવામાં ઝાઝી મુશ્કેલી આવતી નથી, પરંતુ સંયુક્તાક્ષરોમાં વર્ણોના વિકસિત મરોડ સાથે પરસ્પરને જોડવામાં આકાર-પ્રકારની મુશ્કેલીઓ નડતી હોય છે. જેને લઈને સંયુક્તાક્ષરોના સ્વરૂપના વિકાસની પ્રક્રિયા ધીમી રહે છે. આ હકીકત ધ્યાનમાં લેતાં તેમનું સ્વરૂપ અને તે ઉપરથી તરી આવતાં તેમનાં કેટલાંક લક્ષણો નીચે પ્રમાણે ગણાવી શકાય.

પટ્ટ-૩ મધ્યકાલીન સંયુક્તાક્ષરો



ચૌલુક્યકાળની માફક પૂર્વગ અક્ષર તરીકે જોડાતા क અને तના ડાબા ગોળ અવયવ બહુધા નાની આડી રેખા સ્વરૂપે પ્રયોજાય છે, જેમ કે क्ति (૧-૧), क्तु (૪-૨) વગેરેમાં અનુગ नનો ડાબો અવયવ પૂર્વગ અક્ષરની નીચે અર્વાચીન પદ્ધતિની જેમ ત્રાંસો (નૈઋર્ત્ય-ઈશાન સ્થિતિમાં) જોડાય છે. જેમ કે, म्न (૨-૩), ग्न (૨-૬), म्ना (૯-૧) અને स्न (૧૩-૫)માં અહીં કેટલાક વર્ણોના મરોડ સંકુલ હોઈને એકબીજાની સાથે જોડાતા વિકસિત અને અગાઉના મરોડનું સંયોજન થવાથી કે પૂર્વગ અક્ષરની સાથે અનુગ અક્ષર જોડતી વખતે લીધેલી વધારે છૂટછાટોને લઈને કેટલાક કેટલાક સંયુક્તાક્ષરો વિલક્ષણ અને ક્યારેક પારખવામાં મુશ્કેલ બન્યા છે. જેમ કે क्ष (૧-૭), ह्रि (૩-૫), द्रु (૫-૪), द्ध (૫-૫), ञ्ज (૫-૭), ब्ध (૮-૪) વગેરેના મરોડ.

આમ લગભગ અડધો-અડધ સંયુકતાક્ષરો તેમનું વર્તમાન સ્વરૂપ પામી ચૂકયા હતા. બાકીનામાંથી મોટા ભાગના સંયુકતાક્ષરો છેલ્લા ચાર સૈકામાં તેમના વિકાસના અર્વાચીન તબકકે પહોંચ્યા છે, જ્યારે બીજા કેટલાકનો વિકાસ બીબાંને પ્રતાપે ૧૯મી સદીમાં થયેલો જણાય છે. આમ સંયુક્તાક્ષરોમાંથી મોટા ભાગના (લગભગ ૯૦ ટકા) ૧૮-૧૯મા સૈકામાં પોતાની વર્તમાન અવસ્થાએ પ્રયોજાવા લાગ્યા હતા, જ્યારે क्ल, क्ष, च्च, द्र જેવા સંયુક્તાક્ષરો પ્રાચીન વિકસિત સ્વરૂપ જાળવી રહ્યા હતા, તેમના પ્રાચીન સ્વરૂપને બીબાંમાં ગોઠવવાની અગવડતા (क्ष સિવાયના યુકતાક્ષરોમાં)ને લઈને તેમના પ્રાચીન મરોડનો લોપ થઈ પ્રેસમાં એમના વર્તમાન મરોડ ઘડાયા.

ગુજરાતમાં આ સમયે નાગરી લિપિ મુખ્યત્વે તેના અર્વાચીન સ્વરૂપને પામી છે. મૂળાક્ષરોમાંના ઘણા અક્ષરો અર્વાચીન સ્વરૂપને પામ્યા છે. અંતર્ગત સ્વરચિહ્નોનો એકંદર આકાર અર્વાચીન થયો છે, જ્યારે સંયુકતાક્ષરોમાં હજુ એ વલણ ઘણા ઓછા પ્રમાણમાં દેખા દે છે. ગુજરાતમાં નાગરી લિપિ ૧૭મા સૈકામાં લગભગ તેના વર્તમાન સ્વરૂપને પામે છે. જો કે તેમાં પણ તેનું પ્રાદેશિક વ્યકિતત્વ છતું થયા વગર રહેતું નથી.

અંકચિહ્નો

લેખનકલાના આરંભની સાથે માનવ જાતે નાની નાની સંખ્યાઓ વ્યકત કરવા માટે અંકસંકેતો પ્રયોજવા શરૂ કર્યા હશે. મોટી મોટી સંખ્યાઓનો પ્રયોગ પાછળથી શરૂ થયો હશે. એમાંય શૂન્યની શોધે માનવજાતને હિસાબકિતાબમાં પ્રયોજવી પડતી સંખ્યાલેખનપદ્ધતિમાં ઘણી જ સરળતા કરી આપી છે. એથી જ આજે શૂન્યયુકત દશાંશ–પદ્ધતિનો પ્રચાર સમગ્ર દુનિયામાં થતો રહ્યો છે. શૂન્ય સાથે નાગરી અંકોનો યોગ કરીને સ્થાનમૂલ્યના સિદ્ધાંતાનુસાર તેમનો પ્રયોગ ગુજરાતમાં નવમા શતકથી થવા લાગ્યો. આ અંકચિહ્નો ચૌલુક્યકાળમાં ઘણે અંશે એના વર્તમાન સ્વરૂપને પામ્યાં છે.

આ સાથેના પટ્ટ ૪ના પહેલા ઊભા ખાનામાં આ અંકચિહ્નોના ચૌલુક્યકાલીન મરોડ આપવામાં આવ્યા છે અને બીજા ઊભા ખાનામાં મુસ્લિમકાલીન મરોડ આપ્યા છે. ત્રીજા ઊભા ખાનામાં ઈ.સ. ૧૫૨૬ના ઊનાના શિલાલેખમાંથી અને ઈ.સ. ૧૬૨૭ના સોજિત્રાના શિલાલેખમાંથી આપ્યા છે તેમ જ ચોથા ઊભા ખાનામાં ઈ.સ. ૧૭૩૬ના વડોદરાના દામાજીરાવ ગાયકવાડના શિલાલેખમાંથી આપવામાં આવ્યા છે. આ પટ્ટનું એકંદરે અવલોકન કરતાં અંકચિહ્નામાં ૧(૧-૩, ૨-૩, ૩-૨, ૪-૧), ૨(૧-૩, ૪), (૨-૨), ૩(૧-૨, ૩), (૪-૧,૨), ૪(૨-૧, ૨), (૪-૧), ૬(૨-૩), ૭(૧-૪), (૨-૩) અને ૦(૧-૧), (૨-૧), વગેરેના ચિહ્ન તેમનાં વર્તમાન નાગરી સ્વરૂપને પ્રાપ્ત થયાં છે, જ્યારે ૫(૪-૧,૨) અને ૮(૨-૨), (૩-૧)નાં ચિહ્નો તેમનાં વર્તમાન ગુજરાતી સ્વરૂપને મળતાં પ્રાચીન સ્વરૂપોને પામ્યાં છે. ૯નો મરોડ (૪-૨) (૪-૩) પ્રાચીન સ્વરૂપનો પ્રયોજાય છે. એના આ સ્વરૂપો છેક ૧૯મી સદી સુધી પ્રયોજાતાં રહે છે, એ નોંધપાત્ર ગણાય.

પટ્ટ-૪ મધ્યકાલીન અંકચિહ્નો



સંખ્યાલેખનપદ્ધતિ

સામાન્ય રીતે સંખ્યાઓ તે જેટલા અંકોની બનેલી હોય તેટલા અંકચિહ્નો દ્વારા દર્શાવાતી, જેમ કે સંવત્ ૧૩૫૭. ક્યારેક એમાં વચ્ચે એક કે વધુ ૦ ઉમેરવામાં આવતાં જેમ કે ૧૪૧૦ને માટે ૧૪૧૦૦ અને ૧૫૧૪ને માટે ૧૫૧૦૪ આમાં નીચે લીટી દોરેલું ૦ સ્પષ્ટતઃ વધારાનું નિરર્થક છે. આ વિલક્ષણોનું તાત્પર્ય જાણવા મળતું નથી.

સામાન્ય વ્યવહારમાં સંખ્યા દર્શાવવા માટે ઉપર જણાવેલી અંકચિહ્નોની પદ્ધતિ પ્રચલિત હતી. કેટલાક વિશિષ્ટ પ્રયોજનો માટે એ ઉપરાંત બીજી કેટલીક સંકેતપદ્ધતિઓ પ્રચલિત થઈ હતી. એ પૈકી કેટલીક પદ્ધતિઓ પદ્યબદ્ધરચનાઓની સરળતા માટે પ્રયોજાઈ જણાય છે. આવું પદ્યાત્મક લખાણ સ્વાભાવિક રીતે અભિલેખોમાં અનુકૂળ બને તેથી एक, द्वि, त्रि, વગેરે સંખ્યાવાચક શબ્દોને બદલે કેટલાક એવા સંકેતશબ્દો પ્રયોજવામાં આવ્યા કે જેના અનેકવિધ પર્યાય ઉપલબ્ધ થાય. આ પ્રકારની પ્રયુક્તિથી પદ્ય-રચનામાં જરૂરી વર્ણ-સંખ્યા તેમ જ હ્રસ્વ-દીર્ઘ માત્રાઓ અને એનાં અપેક્ષિત ગણો પ્રયોજવા સુગમ બન્યા.

મુસ્લિમકાલીન કેટલાક અભિલેખોમાં સમયનિર્દેશને લગતી હકીકત પદ્યમાં રજૂ કરાવા લાગી અને તેમાં આવા સંખ્યાસૂચક શબ્દસંકેતો પ્રયોજવા લાગ્યા. દા. ત. :

(૧) वसुमुनिगुणशशिवर्षे[૬] ૧૩૭૮, (૨) संवद्रामतुरगसागरमहीसंख्येथ[૭] ૧૪૭૩, (૩) गगनबाणकलामितेऽब्दे[૮]—૧૬૫૦, (૪) दिक्शशिजलोघमितेऽब्दे[૯]—૧૭૧૦. ગુજરાતના મુસ્લિમકાલીન સંસ્કૃત અભિલેખોમાં પ્રયોજાયેલા સંખ્યાદર્શક શબ્દસંકેતો મુખ્યત્વે આ પ્રમાણે છે.

૦ ખ, ગગન, વિષ્ણુપદ વગેરે.
૧ અબ્જ, ચંદ્ર, ઈન્દુ, મહી, રસા, રાત્રી, શશિન્, ભૂ, ભૂમિ, સુધા વગેરે.
૨ કર, દ્વિ, નયન, નેત્ર, યમ, યુગલ, સ્તન વગેરે.
૩ અગ્નિ, અનલ, ગુણ, પાવક, ત્રિ, राम વગેરે.
૪ અબ્ધિ, પયોધિ, પાયોધિ, વાર્ધિ, વેદ, સાગર વગેરે.
૫ ઇષુ, બાણ, ભૂત, શર, સાયક વગેરે.
૬ ઋતુ, અંગ, રસ, ષડ્ વગેરે.
૭ અદ્રિ, અશ્વ, ઋષિ, જલધિ, તુરગ, મુનિ, સપ્તર્ષિ વગેરે.
૮ અષ્ટ, ગજ, વસ્તુ, સિદ્ધિ વગેરે.
૯ અંક, નવ, નંદ વગેરે.
૧૦ દિક્ ૧૨ અર્ક ૧૪ જગ, પૂર્વ, મનુ, વાસવ વગેરે.
૧૫ તિથિ ૧૬ કલા, નૃપ, ભૂપ, ભૂપતિ વગેરે.

આ શબ્દસંકેતો દ્વારા સંખ્યાઓ લખતી વખતે શબ્દોને 'वामतो गतिः' પ્રમાણે ગોઠવવામાં આવતા, એટલે કે સંખ્યાસૂચક શબ્દો ઊલટી રીતે અર્થાત્ જમણેથી ડાબે લખવામાં આવતા. છતાં વર્ષ સંખ્યા દર્શાવવા માટે આવા શબ્દસંકેતો કવચિત્ ઊલટાઊલટી દર્શાવતા. દા.ત. ૧૫૮૭ દર્શાવવા માટે तिथि[૧૫]मितसंवत्सरेऽश्व[૭]व[૮]सु આમ ૧૫ માટે तिथि શબ્દસંકેત પ્રથમ નિર્દેશી પછી ૭ માટે अश्व અને ૮ માટે वसु દર્શાવ્યો છે.

સંકેતચિહ્નો

અક્ષરો અને અંકો ઉપરાંત અનુસ્વાર, વિસર્ગ, જિહ્વામૂલીય અને ઉપધ્માનીય એ ચાર અયોગવાહો, સ્વરરહિત વ્યંજનો, અવગ્રહ, વિરામસ્થાનો તેમજ ॐ વ્યક્ત કરવા માટે ગુજરાતના મુસ્લિમકાલીન લેખોમાં કયાં કયાં ચિહ્નો પ્રયોજાતાં અને સમયનુસાર તેઓનાં સ્વરૂપમાં શાં શાં રૂપાન્તર થતાં ગયાં એ જાણવું મહત્ત્વનું છે. એમાંય મંગલસૂચક તરીકે ॐની મહત્તા ગણાતી અનુસ્વાર અને વિસર્ગનાં સ્વરૂપ અહીં પટ્ટ પમાં દર્શાવ્યાં છે.

---

૬ મુનિ જિનવિજયજી, 'પ્રાચીન જૈનલેખસંગ્રહ', ભા. ૨, લે. ૧૨, શ્લોક ૪૮.

૭ ડિસકળકર, 'ઇન્સ્ક્રિપ્શન્સ ઑફ કાઠિયાવાડ', લે. ૬૮, પૃ. ૬૦૩.

૮ એજન, લે. ૧૦૬, પૃ. ૨૦૯.

૯ મુનિ જિનવિજયજી, ઉપર્યુક્ત, લે. ૩૧, શ્લોક ૩.

પટ્ટ-૫ મધ્યકાલીન અયોગવાહો

૧ અનુસ્વાર
૨ વિસર્ગ:



અનુસ્વાર : અનુસ્વારનું (૧-૩, ૪, ૫, ૬) પ્રમાણે પોલા મીંડાંવાળું સ્વરૂપ ચૌલુક્ય તેમજ મુસ્લિમકાળ દરમ્યાન પ્રયોજાવું ચાલુ રહ્યું. તેની સાથે મુસ્લિમકાળના અભિલેખોમાં ક્વચિત્ બિંદુ સ્વરૂપનું અનુસ્વાર પ્રયોજાતું (૧-૧, ૨) જ્યારે અક્ષરની ટોચ માત્રા કે રેફનું ચિહ્ન જોડેલું હોય, ત્યારે અનુસ્વારનું ચિહ્ન પ્રાય: ટોચ પર જમણી બાજુએ ઉમેરાય છે. દા.ત. (૧-૬) એકંદરે અનુસ્વારના ચિહ્નમાં ખાસ રૂપાન્તરો થયાં નથી.

વિસર્ગ : મધ્યકાળ દરમ્યાન અનુસ્વારની જેમ વિસર્ગનું ચિહ્ન પણ પોલા મીંડા રૂપે અથવા બિંદુરૂપે પ્રયોજાતું (૨-૬, ૭), (૨-૧, ૨) વિસર્ગનું સ્વરૂપ એકની નીચે એક એમ બે બિંદુઓ કે બે મીંડાં રૂપે પ્રયોજાય છે. મધ્યકાળમાં પોલાં મીંડાવાળું સ્વરૂપ અલ્પાંશે પ્રયોજાતું (૨-૬, ૭)ને એને બદલે બિંદુવાળું સ્વરૂપ વધારે પ્રચલિત હતું. (૨-૧ થી ૫).

જિહ્વામૂલીય અને ઉપધ્માનીય

પ્રાચીન કાળમાં क અને ख ની પહેલાં વિસર્ગનું ઉચ્ચારણ વિલક્ષણ થતું જેને જિહ્વામૂલીય કહેવામાં આવતું. તેવી જ રીતે प અને फ ની પૂર્વે વિસર્ગનું ઉચ્ચારણ જુદું થતું જેને ઉપધ્માનીય કહેવાતું. લેખનમાં જિહ્વામૂલીય અને ઉપધ્માનીય માટે વિશિષ્ટ પ્રકારનાં ચિહ્ન પ્રયોજાતાં, તે ચિહ્ન વિસર્ગ પછીના અક્ષરની ઉપર જોડાતાં આ કાળ દરમ્યાન જિહ્વામૂલીયને क સાથે અને ઉપધ્માનીયને प સાથે જોડવાનાં ઉદાહરણો ઉપલબ્ધ થાય છે. વિ. સં. ૧૬૫૦ (ઇ. સ. ૧૫૯૩-૯૪)ના સમયનિર્દેશવાળા શત્રુંજય પર્વત પરના આદીશ્વર ભગવાનના મંદિરમાંથી ઉપલબ્ધ થતા એક સંસ્કૃત શિલાલેખમાં આ બન્નેનો પ્રયોગ પ્રયોજાયેલો છે.[૧૦]

અવગ્રહ : અવગ્રહની જરૂરિયાત સંસ્કૃતમાં પડે છે. પ્રાકૃતમાં એની જરૂર પડતી નથી. ખાસ કરીને ए અને ओ પછી अ આવે ત્યારે એની જરૂર પડે છે. સ્વરસંધિના નિયમ મુજબ ए અને ओ પછી अ નો લોપ થતો હોવાથી મૂળ ઉત્તર પદના આરંભમાં अ રહેલો હતો કે નહિ એ વિષે કોઈ વાર સંદિગ્ધતા રહે, ત્યારે વચ્ચે અંતર રાખવામાં આવતું હોવાથી આ સંદિગ્ધતાના નિવારણાર્થે લુપ્ત अ દર્શાવવા ખાસ ચિહ્ન પ્રયોજાતું, દા. ત. ૧ युद्धे समर्थः ૨ युद्धे असमर्थः સમજાય, પરન્તુ જો युद्धेऽ समर्थः એમ અવગ્રહનું ચિહ્ન પ્રયોજીને લખ્યું હોય તો युद्धे असमर्थः

૧૦ मूर्तिमंत ᳵ किमायाता । इंद्रा ᳵ किमाप्तभकत्यै ! किंकुटमला ᳵ परिमलैर्भुवनं !

સ્પષ્ટ સમજાય છે. આમ કોઈવાર એ ચિહ્ન વિના અનો લોપ સમજવો સંદિગ્ધ રહેતો હોઈ અવગ્રહનો ઉપયોગ ઇષ્ટ છે. કયારેક આ પછી થતા અના લોપ માટે પણ અવગ્રહનું ચિહ્ન પ્રયોજાતું.

વિરામચિહ્નો: વિરામચિહ્નો સામાન્યતઃ લેખ, વાકય, શ્લોક કે શ્લોકાર્ધને અંતે પ્રયોજવામાં આવે છે. હાલની જેમ વાકયખંડો કે સમકક્ષ શબ્દસમૂહો અથવા શબ્દોની પૃથક્તા દર્શાવતાં વિરામચિહ્નો ભાગ્યે જ વપરાતાં. મુસ્લિમકાળ દરમ્યાન તો આ વિરામચિહ્નનું સ્વરૂપ ઊભા એક દંડ કે બે દંડો વડે સૂચવાય છે. આ કાળના કેટલાક સંસ્કૃત અભિલેખોમાં દરેક પંક્તિની શરૂઆતમાં ઊભા બે દંડ કરવામાં આવતા, કવચિત્ શ્લોક પૂરો થતાં શ્લોકસંખ્યાની આગળ એક ઊભો દંડ અને પાછળ બે ઊભા દંડ કરવામાં આવતા. કેટલાક શબ્દો પૂર્ણ ન લખતાં અધૂરા લખી ૦ આવું પોલું મીડું કરવામાં આવતું. દા. ત. महं०, दो०, सं० વગેરે. આ કાળના લેખોમાં વિરામસૂચક ચિહ્નોની સંખ્યા આજના જેટલી મોટી નથી. પૂર્ણ વિરામ, અલ્પ વિરામ, અર્ધ વિરામ, પ્રશ્નાર્થ, આશ્ચર્ય, વગેરે માટે અલગ અલગ ચિહ્નો પ્રયોજાતાં નથી.

શંખાકાર મંગલ-ચિહ્ન અને ઓં નું મંગલચિહ્ન

શંખાકાર મંગલસૂચક અક્ષર પ્રાચીન લખાણોના આરંભમાં અને કવચિત્ અંતમાં પ્રયોજાતો જોવા મળે છે. આ સંકેતચિહ્નમાં બે જુદાં જુદાં સ્વરૂપ જોવા મળે છે જે આરંભમાં ૭ અને ૯ મરોડ ધરાવે છે. મુસ્લિમકાળ દરમ્યાન આ બન્ને મરોડ મુખ્યત્વે કરીને અભિલેખોના પ્રારંભમાં પ્રયોજાય છે. આ કાળમાં ॥ळ०॥ આ મરોડ સવિશેષ પ્રયોજાતો હોવાનું જણાય છે.

મારવાડમાં નાનાં બાળકોને અભ્યાસની શરૂઆતમાં ॥श्री॥ नमः सिद्धं। આરંભીને કક્કાની જે પાટીઓ ભણાવવામાં આવે છે તેમાં "બે લીટી, ભલે મીડું બે પાણ" તરીકે ॥ळ०॥ કે ॥ढ०॥ આ ચિહ્ન ગોઠવવામાં આવે છે.[૧૧] જૈન પરિપાટીમાં એ ચિહ્નને "ભલે મીડું" તરીકે ઓળખવામાં આવે છે. આ બન્ને સ્વરૂપોના મુખ્ય અવયવ ढ અને ळ 'ભલે' શા માટે કરે છે એ જાણવા મળતું નથી.

ભારતીય ધર્મશાસ્ત્ર તથા યોગશાસ્ત્રમાં ઓં સંકેતનો ઘણા પ્રાચીનકાળથી મહિમા રહેલો છે. આરંભમાં ઓં સંકેત વિશિષ્ટ નામના સંકેત અક્ષર તરીકે પ્રયોજાતા. દા.ત. ॐ तत्सदिति

---

૧૧ આ ઉદાહરણો માટે જુઓ ડિસકળકર, 'ઇન્સ્ક્રિપ્શન્સ ઑફ કાઠિયાવાડ,' લે. ૧૦૬. પૃ. ૨૦૯; મુનિ પુણ્યવિજયજી, "ભારતીય જૈન શ્રમણસંસ્કૃતિ અને લેખનકલા", ૧૯૩૬, પૃ. ૮૫.

निर्देशो ब्रह्मणस्त्रिविधः स्मृत: । ब्राह्मणास्तेन वेदाश्च यज्ञाश्च विहिताः पुरा ॥ (ગીતા ૧૭-૨૩) પછીના કાળમાં ओं એ अ, उ, અને म्‌નો સંયુક્તાક્ષર હોવાથી અને એ ત્રણ અક્ષરો ત્રિમૂર્તિમાંના ત્રણ મુખ્ય દેવો સૂચવતા હોવાની માન્યતા પ્રચલિત થઈ.

ગુજરાતમાં ॐનો પ્રાચીનતમ નમૂનો રાષ્ટ્રકૂટ દંતિવર્માના ઈ.સ. ૮૬૮ના લેખમાં પ્રયોજાયાનું જણાય છે. ત્યારથી આજદિન પર્યંત તેના નમૂના ઉપલબ્ધ થાય છે. મુસ્લિમકાળમાં ॐના મરોડમાં કલાત્મકતાની સાથે સાથે ચિહ્નની ટોચ અર્ધચંદ્રાકારમાં બિંદી જેવો મરોડ પ્રયોજાવા લાગ્યો. દા. ત. ૐ ગુજરાતી લિપિમાં ओंનો નાગરીલિપિના ओं કરતાં જુદો મરોડ હોવા છતાં ओंના સંકેતચિહ્નમાં એનો જૂનો નાગરી સ્વરૂપનો જ સીધો વળાંકદાર મરોડ ઘડાયો છે અને અદ્યપર્યંત પ્રયોજાતો રહ્યો છે. એ અહીં નોંધપાત્ર છે. અંતમાં ॐ વિષે પ્રચલિત માન્યતાના બે શ્લોક ટાંકી વિરમીશ.

अकारो विष्णुरुद्दिष्ट उकारस्तु महेश्वरः । मकारेणोच्यते ब्रह्मा प्रणवेन त्रयो मताः ॥
ॐकारं बिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः । कामदं मोक्षदं चैव ॐकाराय नमो नमः ॥

ગ્રન્થાવલોકન

સમન્વય : સંપાદન અને પ્રસ્તાવના—ડૉ. સુરેશ દલાલ, પ્રકાશકઃ શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરસી મહિલા વિદ્યાપીઠ, મુંબઈ, પૃ. ૧૯૨, મૂલ્યઃ રૂા. ૧૭/-.

આપણા બે મૂર્ધન્ય કવિઓ શ્રી ત્રિભુવનદાસ પુરુષોત્તમદાસ લુહાર(સુંદરમ્) અને શ્રી ઉમાશંકર જોષી. એ બન્નેના 'કાવ્યમંગલા', 'વસુધા', 'યાત્રા' (સુંદરમ્) અને 'ગંગોત્રી', 'નિશીથ', 'આતિથ્ય' 'વસંતવર્ષા', 'અભિજ્ઞા'(ઉમાશંકર)ના કાવ્યસંગ્રહોમાંથી પસંદ કરેલાં અનુક્રમે ૪૩ અને ૪૧ સૉનેટોનો આ સંચય છે. 'સુંદરમ્'ના વિભાગમાં 'યાત્રા' પછીનાં ૭ સૉનેટોનો પણ સમાસ કર્યો છે. 'સમન્વય'ના સંપાદક ડૉ. સુરેશ દલાલે ૮૯ આધારો ટાંકતી ૫૮ પૃષ્ઠોની 'પ્રસ્તાવના' પણ લખી છે તેમાં સૉનેટના સાહિત્યસ્વરૂપ સંબંધે અને સુંદરમ્–ઉમાશંકરનાં 'સમન્વય'માં સમાસ પામેલાં કુલ ૮૪ સૉનેટો અંગે એમનો અભ્યાસ રજૂ કર્યો છે.

શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરસી મહિલા વિદ્યાપીઠનાં કુલપતિ શ્રીમતી મધુરીબહેન શાહે આ પ્રકાશનમાં એમની વિદ્યાપીઠ નિમિત્ત બની તેને એક 'સાહિત્યિક અને શૈક્ષણિક ઘટના' તરીકે ગણાવી છે અને 'સંશોધનના પ્રવાહમાં એક નવી દિશા ખૂલતી તેમને જોવા મળે છે.' એમના આ અહો ભાવની પ્રતીતિ ગુજરાતના સંશોધકોને થાય તો કેવું સારું ?

'વિશ્વ–નાગરિક' એવા સાહિત્યસ્વરૂપ–સૉનેટ–ગુજરાતી સૉનેટની—શતાબ્દી નજીક આવી રહી છે ત્યારે 'સમન્વય' જેવું પ્રકાશન પ્રસંગોચિત ઠરે છે.

'પ્રસ્તાવના'નાં શરૂનાં લગભગ ૨૫ પૃષ્ઠોમાં 'સૉનેટ'ના સાહિત્ય-સ્વરૂપનો સોદાહરણ જે ખ્યાલ અપાયો છે તે 'ગુલે પોલાન્ડ' (૧૯૩૯) સાથે જોડેલા શ્રી ઉમાશંકરનાં ૪૦ પૃષ્ઠોમાં 'સૉનેટ' નિબંધ કરતાં આગળ પ્રસ્થાન કરતો લાગતો નથી. આ પછીનાં પાંચેક પૃષ્ઠોમાં ડૉ. દલાલે મરાઠી, બંગાળી, હિંદી, ઉર્દૂ, આસામી, ઉડિયા, કન્નડ, મલયાલી, તામિલ, તેલુગુ, સિંધી, પંજાબી, કાશ્મીરી, કોંકણી, સંસ્કૃત અને અંગ્રેજીમાં લખતા ભારતીય લેખકોના સૉનેટ-લેખનના પ્રયોગોનો અછડતો પણ સાધાર ખ્યાલ આપ્યો છે. 'પ્રસ્તાવના'નાં શેષ પૃષ્ઠોમાં (પૃ. ૩૫ થી પૃ. ૫૮) 'સૉનેટના માધ્યમ દ્વારા અંતે તો કવિતા કઈ રીતે સિદ્ધ થાય છે અને કવિતા સૉનેટના માધ્યમને શી રીતે સાર્થક ઠેરવે છે એને તથા કવિતા અને જીવનને પરસ્પરના સંદર્ભમાં મૂકીને અખિલાઈમાં કલાતત્ત્વને પામવાનો અભિગમ' તેમણે સ્વીકાર્યો છે.

સુંદરમ્–ઉમાશંકરની કવિતાની પહેલી નજરે અનાયાસે ઉપસી આવતી છાપ તેમણે સંક્ષેપમાં પણ યથાર્થ રીતે આ પ્રમાણે દર્શાવી છેઃ "ગેયતા અને ભરપટ્ટે વહેતી ઊર્મિ એ સુંદરમ્‌ની વિશિષ્ટતા છે અને માધુર્ય અને સફાઈ ઉમાશંકરની વિશિષ્ટતા છે."

આવડા નિબંધમાં એમણે ભરપટ્ટે અંગ્રેજી અવતરણો આપ્યાં છે તો સાથે સાથે શક્ય હોય ત્યાં એનો અનુવાદ આપ્યો હોત તો અંગ્રેજી નહીં જાણનાર વાંચકોને પણ લાભ થાત. પૃ. ૨૦ ઉપર, શ્રી ગો. વિ. કરંદીકરના 'પરંપરા આણિ ગેયતા'નો કેવળ અનુવાદ તેમણે આપ્યો છે, જ્યારે અંગ્રેજીમાં મૂળ ખરું ને અનુવાદ નહીં !

પ્રો. બ. ક. ઠાકોરના કહેવા પ્રમાણે તેમનું પ્રથમ સૉનેટ લખાયું ('ભણકારા') ૧૮૮૮માં અને છપાયું ૧૮૯૩માં. મરાઠી કવિ કેશવસુતનું સૉનેટ 'તાજમહાલ અને મયૂરાસન' લખાયું તા. ૧૩-૧૧-૧૮૯૨માં અને છપાયું તા. ૧૩-૫-૧૮૯૩માં 'करमणूक' નામના માસિકમાં. સંપાદકે આ વિગતોના સંદર્ભમાં પૃ. ૨૮ ઉપર, પ્રો. બ. ક. ઠાકોરના 'ભણકારા' સૉનેટના પ્રકાશનની તારીખ-મહિનો આપ્યાં હોત તો ! (સંભવ છે કે કદાચ લભ્ય નહીં હોય).

'પંડિતયુગના (કાન્ત, ખબરદાર, ન્હાનાલાલ) કવિઓએ આ સ્વરૂપને સ્વીકાર્યું;' (પૃ. ૩૨). એકંદરે આ વિધાન સાચું છે પણ ન્હાનાલાલે ભલે નરસિંહરાવ જેવો વિરોધ કર્યો ન હોય પણ ખાસ ઉમળકોય દાખવ્યો નથી. ('કેટલાંક કાવ્યો ભાગ—૧માં 'તાદાત્મ્ય' નામે સૉનેટ લખ્યું છે).

'સૉનેટથી આપણે ત્યાં ખંડ કાવ્યને શોષવું પડયું છે'(પૃ. ૩૪) એવું સંપાદકનું વિધાન ચિંત્ય કોટિનું ગણાય, કેમ કે સૉનેટ અને ખંડકાવ્ય—એ બંને સાહિત્યસ્વરૂપો સ્વતંત્ર ને ભિન્ન પ્રકારનાં છે.

'બિન્દુ' (રામપ્રસાદ શુકલ) તથા 'મનીષા' અને 'આપણાં સૉનેટ' એ સૉનેટસંચયોનો (પૃ. ૩૩) ગુણવત્તાની દૃષ્ટિએ નહીં પણ ઐતિહાસિક દૃષ્ટિએ સંપાદકે ઉલ્લેખ કર્યો છે તો શ્રી ચંદ્રવદન મહેતાના, કાળક્રમમાં પ્રથમ (૧૯૨૬) એવા 'યમલ'નો ઉલ્લેખ પણ કરવો જોઈતો હતો. એ જ રીતે વર્ષો પહેલાં (૧૯૩૪) ગુજરાત વર્નાક્યુલર સોસાયટીએ અલગ પુસ્તિકારૂપે પ્રગટ કરેલો ને 'સુવર્ણમેઘ'(૧૯૬૪)માં ગ્રંથસ્થ થયેલ 'ગુજરાતી સાહિત્યમાં સૉનેટ'—એ સુંદરજી બેટાઈનો નિબંધનો ઉલ્લેખ પણ આવશ્યક ગણાય. એ નિબંધના પરિશિષ્ટ તરીકે પ્રો. બેટાઈએ, પ્રો. બ. ક. ઠાકોર, શ્રી. ન. ભો. દીવેટીઆ, શ્રી ચંદ્રવદન મહેતા, 'સુંદરમ્', પ્રો. મનસુખલાલ ઝવેરી, 'સ્નેહરશ્મિ', ઉમાશંકર, 'બાદરાયણ', સુંદરજી બેટાઈ, પૂજાલાલ, અમીદાસ વગેરેનાં અઢાર સોનેટ જોડેલાં હતાં, એ રીતે પણ એની ઉપેક્ષા કરવી અનુચિત ગણાય.

કવિતાનો આનંદ અળપાઈ ન જાય એ આશયથી અને એના આસ્વાદમાં વિઘ્નરૂપ નહીં લાગવાથી, ડૉ. દલાલે, 'સમન્વય'નાં સૉનેટોની સમીક્ષાની બાબતમાં ઝીણું કાંતવાનું યોગ્ય લેખ્યું નથી, બાકી અહીં સંગૃહીત કરેલાં સૉનેટો અંગે કંઈક વિશેષ વિવેચન અપેક્ષિત હતું.

'પ્રસ્તાવના'માં ઉદ્ધૃત કરેલી સૉનેટપંક્તિઓ અને 'સમન્વય'માં આપેલાં તે જ સૉનેટોની જોડણીમાં અને વિરામચિહ્નોની બાબતમાં એકવાકયતા નથી. દા. ત. :

(૧) દીધું ગૃહ........(પ્રસ્તાવના પૃ. ૪૦)
દિધું ગૃહ........(સમન્વય પૃ. ૯)

(૨) —રહું વિમાસી ઘડી એક હાંવા
વહેવું જગે એકલ સાથમાં વા (પ્રસ્તાવના પૃ. ૪૮)
—રહું વિમાસી ઘડી એક હાંવાઃ
વહેવું જગે એકલ, સાથમાં વા ? (સમન્વય પૃ. ૬૮)

(૩) આંખો મળી ન મળી ને નમી ગઈ સુશીલ
ઊર્મિ લખી ન લખી ને શમી ગઈ વિવેકે. (પ્રસ્તાવના : પૃ. ૪૯)
આંખો મળી ન મળી ને નમી ગૈ સુશીલ,
ઊર્મિ લખી ન લખી ને શમી ગૈ વિવેકે. (સમન્વય : પૃ. ૮૨)

(૪) છતાં પૂછું: આથી સુભગતર શી જીવનગતિ (પ્રસ્તાવના : પૃ. ૫૧)
છતાં પૂછું: આથી સુભગતર શી જીવનગતિ ? (સમન્વય: પૃ. ૧૨૪)

(૫) તહીં, થર થરી ટટાર થઈ, ડોક ઊંચી કરી,—
તૃણો ટચલી આંગળી ઉપર તોળતા આભને (પ્ર. પૃ. ૫૨)
તહીં થર થરી, ટટાર થઈ, ડોક ઊંચી કરી,
તૃણો ટચલી આંગળી ઉપર તોળતાં આભને ! (સ. પૃ. ૭૭)

(૬) વક્રદંત અતિચંડ ઘમંડ ભરેલ વિષાદે
મુખ ઉઘાડ તુજ, શાંત ચિત્ત તવ દંત ગણીશ હું. (પ્ર. પૃ. ૫૪)

'સમન્વય'માં (પૃ. ૯૯) આ બે પંક્તિ વચ્ચે ખાસ્સું અંતર રાખ્યું છે તે ઠીક લાગતું નથી.

(૭) '—અહો નાનારંગી અજબ દુનિયા શે સમજવી ? (પ્ર. પૃ. ૫૭)
—અહો નાનારંગી અજબ દુનિયા ! શે સમજવી ? (સ. પૃ. ૧૧૬)

(૮) 'મને આમંત્રે ઓ! મૃદુલ તડકો, દક્ષિણ હવા, (પ્ર. પૃ. ૫૭)
'—મને આમંત્રે પ્રણય ગ્રહવા વિશ્વકુલનો' (ફૂટનોટ, પ્ર. પૃ. ૫૭)
—મને આમંત્રે સૌ પ્રણય ગ્રહવા વિશ્વકુલનો (સ. પૃ. ૯૩)

(૯) વ્યક્તિ મટીને બનું વિશ્વ માનવી
માથે ધરું ધૂળ વસુંધરાની (પ્ર. પૃ. ૪૮)
વ્યક્તિ મટીને બનું વિશ્વમાનવી;
માથે ધરુ ધૂળ વસુન્ધરાની. (સ. પૃ. ૭૨)

(૧૦) મળી ત્યારે જાણ્યુંઃ મનુજ મુજ શી પૂર્ણ પણ ના
છતાં કલ્પ્યાથી યે મધુતર હૈયાની રચના (પ્ર. પૃ. ૫૦)
મળી ત્યારે જાણ્યુંઃ મનુજ મુજ શી, પૂર્ણ પણ ના.
છતાં કલ્પ્યાથી યે મધુતર હૈયાંની રચના. (સ. પૃ. ૮૩)

નમૂનારૂપે આટલાં દૃષ્ટાંત બસ થશે બાકી આવાં બીજા અનેક છે.

કેટલાક મુદ્રણ-દોષો સહેજ કાળજીથી ટાળી શકાયા હોત. પ્રકાશન ઉપયોગી અને સુઘડ ખરું, પણ પ્રમાણમાં કિંમત વધારે લાગવાનો સંભવ ખરો.

રણજિત એમ. પટેલ (અનામી)

* * *

અખો એક સ્વાધ્યાય : લેખક—ડૉ. રમણલાલ ધ. પાઠક, પ્રકાશક : સંત કવિ શ્રી 'સાગર' પ્રકાશન ટ્રસ્ટ, 'સમીર' કોઠી પાસે, વડોદરા, પૃ. ૩૦૮. મૂલ્ય : રૂા ૨૦-૦૦

ઉમાશંકર જોષી કૃત 'અખો એક અધ્યયન', તથા વડોદરાની પ્રેમાનંદ સાહિત્ય સભાનું પ્રકાશન 'સાહિત્યકાર અખો' એ બે દળદાર મૂલ્યવાન ગ્રંથો ઉપરાંત, અખાની રચનાઓનાં સ્વતંત્ર ગુજરાતી અને હિંદી સટીક સંપાદનો અને સંકલનો, અને વિવિધ ગુજરાતી હિંદી સામયિકોમાં પ્રસિદ્ધ થયેલા સેંકડો લેખોથી આપણી અખોવિષયક સાહિત્યિક સામગ્રી વૈવિધ્ય અને વૈપુલ્યસભર છે, છતાં અખો આજ પર્યંત વિદ્વાનો માટે સ્વાધ્યાય-સંશોધનનો વિષય રહ્યો છે, એ હકીકત જ જ્ઞાનમાર્ગી સંત કવિઓમાં અખાના સર્વોત્કૃષ્ટ સ્થાન વિષે સ્વયંપ્રકાશ અને પ્રમાણરૂપ છે.

પોતાના મહાનિબંધ નિમિત્તે અખાની હિંદી કૃતિઓનું આલોચનાત્મક અધ્યયન કરનાર ડૉ. રમણલાલ પાઠકનો 'અખો : એક સ્વાધ્યાય' ગ્રંથ આવકાર્ય બની રહે છે. એનું મુખ્ય કારણ, લગભગ સર્વસ્વીકૃત બની ચૂકેલાં કેટલાંક તથ્યો-તારણોની લેખકે કરેલી વધુ વિશદ શાસ્ત્રીય પદ્ધતિની ચકાસણી અને તે આધારે અખો વિષયનું પુનર્મૂલ્યાંકન કરવાનો તેમનો સન્નિષ્ઠ પ્રયાસ છે. અત્યાર સુધી અન્ય અભ્યાસીઓને હાથ નહીં લાગેલી એવી સામગ્રીની સંપ્રાપ્તિ તથા શંકાઓનાં નિરસન અને સત્ય-શક્યતાઓની ઉપલબ્ધિ માટે અનેક સ્થળોની મુલાકાત લઈને લેખકે ઉઠાવેલી જહેમત સ્તુત્ય છે, એટલું જ નહીં પણ તેમનો આ સમગ્ર સ્વાધ્યાય-પુરુષાર્થ સ્વયં સાધનારૂપ બની રહ્યો છે.

અખાનું જીવનવૃત્ત જે રીતે જાણીતું છે તે રીતે સીધેસીધું ન મૂકતાં લેખકે, પ્રાચીન અને અર્વાચીન સંત ભક્તોની વાણીમાં થયેલા નિર્દેશો, અખાને લગતાં સ્થાનો અને વસ્તુઓ, પ્રચલિત જનશ્રુતિઓ, તથા પૂર્વવર્તી અને સમકાલીન સંતોના અખાએ પોતે કરેલા ઉલ્લેખો વગેરે...બાહ્ય તેમ જ આંતર પ્રમાણોના આધારે અખાની પ્રમાણભૂત કહી શકાય એવી જીવનઝલક આપવાનો પ્રયાસ કર્યો છે. તેમ કરવામાં તેમણે પોતાના મૌલિક મતનું યુક્તિપૂર્વક પ્રતિસ્થાપન કર્યું છે. દા. ત. 'હરિગુરુ સંતની આરતી'માંની

"બ્રહ્માનંદ સ્વામી અનુભવ્યા રે મને ભાસ્યું છે બ્રહ્માકાર"

એ પંક્તિમાં સર્વશ્રી નર્મદાશંકર મહેતા, અંબાલાલ જાની, કે. કા. શાસ્ત્રી, ઉમાશંકર જોષી વગેરે વિદ્વાનોએ સ્વીકારેલા **'અનુભવ્યો રે'** એ પાઠ સાથે ડૉ. પાઠક પોતે કેમ અસંમત છે તેની તર્કયુક્ત રજૂઆત કરી છે. તે જ રીતે, **'બ્રહ્માનંદ'**નો વાચ્યાર્થ અને શ્લેષાત્મક ઉલ્લેખ

કરનારી પંક્તિઓનું અર્થઘટન કરી બ્રહ્મછોળમાં ઝૂલનાર અખાના ગુરુ જગજીવનદાસના શિષ્ય બ્રહ્માનંદ જ હોવાના નિર્ધારનું નિઃશંકપણે સમર્થન કર્યું છે. આ ચર્ચામાં તેમણે અખાના સમકાલીન સુંદરદાસ, લાલદાસ, અખાની રચનાઓનો સર્જનકાળ, શિષ્યપરંપરા, પેઢીનામું, અક્ષયવૃક્ષ અને વંશવૃક્ષના વિષયોને પણ સમાવી લીધા છે. અખાની કૃતિઓમાંનાં આંતર પ્રમાણોના આધારે લેખકે ઉપસાવેલું અખાના સમયની ધાર્મિક, સામાજિક અને સાહિત્યિક પરિસ્થિતિનું સંક્ષિપ્ત ચિત્ર પણ સુવાચ્ય બન્યું છે.

અખાની લગભગ બે હજાર જેટલી હિંદી સાખીઓનું વિવરણ અને તેનો છપ્પા સાથે સવિગત તુલનાત્મક અભ્યાસ રજૂ કરવામાં આવ્યો છે તેને લેખકનું આ વિષયમાં અપૂર્વ મૌલિક યોગદાન ગણાવી શકાય. સાખીઓનું નામકરણ, તેમનો યૌક્તિક ક્રમ, રચનાતંત્ર વગેરે પર પ્રકાશ નાખી તેમણે, સર્વશ્રી કેશવલાલ ઠક્કર, કુંવરચંદ્ર પ્રકાશસિંહ અને યોગીન્દ્ર ત્રિપાઠીનાં સંપાદનોની મર્યાદાઓ બતાવી અખાની બધી સાખીઓનું શુદ્ધ અને શાસ્ત્રીય સંપાદન કરવાની આવશ્યકતા ઉપર ભાર મૂક્યો છે. (આ કઠણ કાર્ય અનાસક્ત અખામાં આસક્ત બનેલા ડૉ. પાઠક પોતે જ હાથ પર લેશે એવી આપણે જરૂર આશા સેવીએ.)

ઉમાશંકરના "અખાની સાખીઓ છપ્પાની તુલનામાં નિઃસંશયરૂપે ફીકી (કાવ્યત્વરહિત) છે" એ વિધાન સાથે લેખકે પોતાની અસંમતિ દર્શાવી છે. એબરક્રોમ્બીના 'શુદ્ધ સાચી અનુભૂતિ અને સમર્થ અભિવ્યક્તિ'ના અભિપ્રાયને આગળ ધરીને ડૉ. પાઠકે સદૃષ્ટાંત સમજાવ્યું છે કે,

"સાખીઓમાં તો શું અખાની કોઈ પણ કૃતિમાં આ બન્ને તત્ત્વોનો અનુભવ થયા વગર રહેતો નથી." (પૃ. ૧૨૪)

આ સુદીર્ઘ પણ મહત્ત્વપૂર્ણ પ્રકરણમાં લેખકે અખાની કૃતિઓ વિષે આનુપૂર્વી અને આનુષંગિક મુદ્દાઓનું સવિસ્તર વિવેચન કરવા ઉપરાંત, અખાની અપ્રકાશિત કૃતિઓ ગુજરાતીમાં 'તિથિ' તથા 'વિષ્ણુપદો' અને હિંદીમાં 'અમૃતકલા રમેણી'નું તથા ગુજરાતી અને હિંદી પદોનું પ્રથમ વાર વિવેચન કર્યું છે. એમાં તેમણે ગુજરાતી-હિંદીની કેટલીક રચનાઓની શ્રદ્ધેયતા સંબંધી અને બાકીની રચનાઓનાં કાવ્ય-સ્વરૂપની દૃષ્ટિથી જે રીતે સાંગોપાંગ ચર્ચા કરી છે તે જૂની ગુજરાતીના સંશોધન-સંપાદનક્ષેત્રના અભ્યાસીઓને આદર્શ નમૂનો પૂરો પાડે છે. 'સંતપ્રિયા' અને 'બ્રહ્મલીલા', 'અખેગીતા' અને 'કૈવલ્યગીતા', 'અમૃતકલા રમેણી', 'એકલક્ષી રમણી' અને 'એક સાલ અંગ' જેવાં તુલનાત્મક અધ્યયનોની પદ્ધતિ પણ અંતિમ નિર્ણય પર આવવામાં લેખકને બહુ ઉપયોગી નીવડી હોવાનું જણાઈ આવે છે.

એક પ્રકરણમાં લેખકે અખેગીતા, અનુભવબિન્દુ અને છપ્પા જેવી અખાની પ્રમુખ પ્રતિનિધિરૂપ કૃતિઓનું સાહિત્યિક મૂલ્યાંકન કરી સમગ્ર રચનાઓમાંથી પુષ્કળ ઉદાહરણો આપીને અખાની દાર્શનિક ધારાનો સુસંકલિત આલેખ ઊભો કરવાનો સુંદર પ્રયાસ કર્યો છે. એમાં તથા આખા ય ગ્રન્થમાં તેમણે અખાની હિંદી રચનાઓમાંથી વિપુલ પ્રમાણમાં અવતરણો આપ્યાં છે એ નાવીન્ય વાચકને આકર્ષે તેમ છે.

છેલ્લા પ્રકરણમાં લેખકે કેવળ કાવ્યમીમાંસાનાં ઘટકોને લક્ષમાં રાખીને–પોતાને કવિમાં ન ગણવાનું કહેનાર–**'બ્રાહ્મી સાહિત્યકાર'**[1]ની કવિપ્રતિભાનાં સૌન્દર્ય અને સામર્થ્યને ચકાસવાનું સાહસ ખેડ્યું છે. તેમાં તેમણે શબ્દશાસ્ત્ર વિષયમાં થયેલાં અદ્યતન સંશોધનોના આધારે અખાના શબ્દભંડારને ખૂંદી નાખ્યો છે. તેમણે (૧) વ્યુત્પત્તિસૂચક ઐતિહાસિક એટલે કે પારિભાષિક સંસ્કૃત, વિદેશી, દેશ્ય અને મિશ્ર શબ્દોના વિનિયોગની દૃષ્ટિએ તથા (૨) સામાજિક-સાંસ્કૃતિક અર્થસંદર્ભની દૃષ્ટિએ અખાના શબ્દભંડોળનું જે ઊંડું અધ્યયન રજૂ કર્યું છે તે પુષ્કળ પરિશ્રમ અને સૂક્ષ્મ સૂઝ માગી લે તેવું છે. ગુજરાતીમાં આ પ્રકારનું પૃથક્કરણાત્મક વિશ્લેષણ જવલ્લે જ થતું જોવા મળે છે. અત્રે તાંત્વિક પરિભાષાના તત્સમ-તદ્ભવ શબ્દોની, અને ભારતીય સાહિત્યમાં રૂઢ થઈ ગયેલા અરબી, ફારસી ઉપરાંત યુનાની, અસીરિયન, મિસરી, ફીનો–ઉગ્રિક, પહેલવી, તુર્કી વગેરે વિદેશી ભાષાઓના અખાએ યોજેલા શબ્દોની–કૃતિના ચોક્કસ સંદર્ભ સહ–યાદી આપેલી છે. સાંસ્કૃતિક વિભાગનું વર્ગીકરણ પણ ઝીણું અને વૈવિધ્યસભર છે. લેખકે ગુજરાતી અને હિંદી રૂઢ પ્રયોગો, લોકોક્તિઓ અને કહેવતોની પણ યાદી આપી છે. અંતમાં તેમણે અખાની સંગીત-મર્મજ્ઞતા વિષે થોડા વિચાર રજૂ કર્યા છે.

૬ઠ્ઠા પ્રકરણમાં લેખકે કેટલાંક પ્રમાણભૂત તથ્યોના આધારે અખાની અધ્યાત્મસાધનાનું શૈલીની દૃષ્ટિએ નિરૂપણ કરવાનો જે પ્રયાસ કર્યો છે તે અન્ય પ્રકરણોની અપેક્ષાએ સામાન્ય-કદાચ બિનજરૂરી–પણ લાગવાનો સંભવ છે. તેમાં તેમણે (૧) **'રચનાત્મક'** પક્ષે આત્માનુભૂતિની પ્રસ્થાપનાના અનુલક્ષમાં પ્રેમ, ભક્તિ, ગુરુ, જ્ઞાન, સુરતિ, વિરતિ, નામજપ વગેરે તથા (૨) **'વિધ્વંશાત્મક'** (આથી વધુ સારો શબ્દ લેખક યોજી શક્યા હોત !) પક્ષે અવતાર, પુનર્જન્મ, કર્મવાદ, મૂર્તિપૂજા આદિ બાહ્ય મિથ્યાચારો અને ધર્મસાધનાઓ વગેરે વિવિધ વિષયો પરનાં અખાનાં મંતવ્યો (જેનો ગ્રંથમાં જુદે જુદે સ્થળે નિર્દેશ થયેલો છે જ) તારવી આપ્યાં છે. મહદંશે તે પુનરુક્ત થાય છે.

૭ પાનની વિસ્તૃત સંદર્ભસૂચી અખાના અભ્યાસીઓને ઉપયોગી નીવડશે.

ડૉ. પાઠક ભલે હિંદીના અધ્યાપક હોય પણ તેમની માતૃભાષા તો ગુજરાતી છે. એમની વિવેચનશૈલી (આવા ગ્રન્થોમાં સામાન્યતઃ જોવા મળે છે એવી) દુર્બોધતાથી દૂર, સુશ્લિષ્ટ અને સુહૃદ્ય છે. છતાં કેટલાંક વાક્યો કે શબ્દપ્રયોગોમાં હિંદીની અસર જણાઈ આવે છે.

આવા વિદ્વત્તાપૂર્ણ માહિતીસભર અને અખાના અભ્યાસ પર કેટલાંક નવાં પ્રકાશબિન્દુઓ નાખનાર સુંદર ગ્રન્થની કેટલીક મર્યાદાઓ અક્ષમ્ય બની રહે છે.

(૧) સોનાની થાળીમાં લોઢાની મેખ જેવું મુદ્રણકાર્ય તદ્દન અનિર્વાહ્ય છે.

(૨) લેખકે અખાની અપ્રકાશિત (૧) ગુજરાતી હિંદી રચનાઓ તથા પદો, (૨) 'અક્ષયકોષ' અને (૩) 'ગુજરાતી સંતપરંપરા સાથેનો અખાનો સંબંધ'—ને લગતાં ત્રણ પરિશિષ્ટોનો નિર્દેશ કર્યો છે પરંતુ એકે ય પરિશિષ્ટ ગ્રન્થમાં સામેલ થયેલું દેખાતું નથી ! માત્ર એક પાન પર 'તિથિ'ની રચના આપી છે.

---

૧ કાકાસાહેબ કાલેલકર

(૩) લેખકે ખૂબ ખંત અને ચોક્કસાઈપૂર્વક તૈયાર કરેલાં વિસ્તૃત પાદટિપ્પણો દરેક પ્રકરણને અંતે ગોઠવ્યાં છે, તે મુદ્રણાલયની સુવિધા માટે બરોબર છે, પરંતુ વાચકને તેથી સુલભતા થતી નથી. થોડી વધુ મુશ્કેલી અને વિલંબ વેઠીને પણ આવાં ટિપ્પણો જે તે પૃષ્ઠની નીચે જ આપવામાં આવે તો વાચક તેનો સૌકર્યપૂર્વક લાભ ઉઠાવી શકે. (ટિપ્પણો પુષ્કળ પ્રમાણમાં હોવાથી આ સૂચનને અવકાશ રહે છે. આ કોઈ ક્ષતિ નથી.)

અંતમાં લેખકનો આ (તેમના જણાવ્યા પ્રમાણે) પ્રથમ પ્રયાસ ખરેખર પ્રશંસનીય અને ગૌરવપદ છે. તેઓ તથા, અખાને જેમણે અધ્યાત્મગુરુ તરીકે સ્વીકાર્યા છે, એવા સૂફી સંત કવિશ્રી '**સાગર**'ના નામ સાથે જોડાયેલ શ્રી 'સાગર' પ્રકાશન ટ્રસ્ટના ટ્રસ્ટીઓ પણ અભિનન્દનના અધિકારી બને છે.

મહેન્દ્રકુમાર મો. દેસાઈ (કુમાર)

* * *

મધ્યકાલીન ગુજરાતી પ્રેમકથાઓ: લેખક—ડૉ. હસુ યાજ્ઞિક; પ્રકાશક—ડૉ. હસમુખલાલ વ. યાજ્ઞિક, જામનગર; પ્રથમ આવૃત્તિ ૧૯૭૪; પૃ. ૧૨+૧૬૯; મૂલ્ય: રૂા. ૬-૦૦.

ડૉ. હસુ યાજ્ઞિકના, પીએચ.ડી.ની ડીગ્રી માટે તૈયાર કરેલા મહાનિબંધના આ અભ્યાસને આવકારતાં આનંદ થાય છે. મહાનિબંધમાંથી 'મૂળભૂત અને મુખ્ય લાગી તે સામગ્રી' લેખકે સંક્ષેપ કરી અહીં પ્રસિદ્ધ કરી છે. 'મધ્યકાલીન ગુજરાતી પ્રેમકથાઓ'ના આ સર્વેક્ષણમાં, કર્તાએ પ્રથમ, પ્રાચીન ભારતીય પ્રેમકથા-વિષયક પરિચય આપી, મધ્યકાલીન ગુજરાતી પ્રેમકથાનાં પ્રકાર અને સ્વરૂપ, પ્રેમકથાનાં કથાચક્રો અને તેમાં નિરૂપાયેલ પ્રેમવિભાવના અને સમાજદર્શનની છણાવટ કરી છે.

કથાબિંબ અને કથાઘટકોની દૃષ્ટિએ ડૉ. યાજ્ઞિકે લોકકથાઓનાં અર્થઘટન તારવવાની રીતે કરેલું આ સંશોધન નોંધપાત્ર છે. લોકસાહિત્ય અને લોકકથાઓવિષયક કૃતિઓ અને અન્ય સામગ્રી એકત્ર કરવી એ મહત્ત્વનું કાર્ય છે, પણ સમાજવિદ્યા, સંસ્કૃતિ, પુરાણવિદ્યા, ઇતિહાસ આદિની સહાયથી તેવા સાહિત્યનું અર્થઘટન કરવું, એ તેનાથી ય વધુ મહત્ત્વનું છે. ઇન્ડિયાના યુનિવર્સિટીના પ્રો. સ્ટીથ થોમસનની 'A Motif Index of Folklore' (Vols. I-VI)ની અને એન્ટી આર્નેએ તૈયાર કરેલ 'કથાબિંબો' (Tale Types)ની, વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ ધરાવતી, અભ્યાસપૂર્ણ સૂચિઓના પ્રકાશનથી લોકવિદ્યા, લોકસાહિત્ય અને લોકકથાના અભ્યાસીઓને, અધ્યયનની રીતિનીતિ માટે નવું જ દિશાસૂચન મળી રહે છે. ડૉ. યાજ્ઞિકે, પશ્ચિમમાં વિકસેલી, લોકકથાઓના અભ્યાસ-અધ્યયન માટેની નવી જ દૃષ્ટિ અને રીતિ અપનાવી, કરેલું આ સંશોધન પ્રશંસાને પાત્ર છે.

પંદરમા શતકથી અઢારમા શતક સુધીની બાર, સ્વ. શ્રી. મેઘાણી સંપાદિત 'સોરઠીગીત-કથાઓ", 'સૌરાષ્ટ્રની રસધાર, ભાગ ૫' અને અન્ય છૂટક દુહાઓમાં અન્તર્ગત પ્રેમકથાઓના સારાંશ અને તેમનાં કથાઘટકોની ટૂંકી નોંધ સાથે લેખકે સમયાનુક્રમનો વિશાળ પટ લઈ, પોતાના

મહાનિબંધનાં વ્યાપ અને વિસ્તાર વધાર્યા છે, પણ તેમાં મૂળભૂત વિષયનું ઊંડાણ સધાયું નથી. મહાનિબંધનો સંક્ષેપ થઈ શકે પણ આ સંક્ષેપમાં, સંશોધનના મૂળ મુદ્દાઓનો પ્રાસ્તાવિક પરિચય, તેમનો ક્રમિક વિકાસ અને છેવટનો અંત આદિનાં સાહજિકતા અને સપ્રમાણતા વરતાતાં નથી. આના કરતાં તો, આખો સળંગ મહાનિબંધ પ્રસિદ્ધ થયો હોત તો કંઈક ઔચિત્ય જળવાત. યુનિવર્સિટીઓએ પણ આવા મહાનિબંધોના સંક્ષેપોની યોગ્ય ચકાસણી કર્યા પછી જ તેમના પ્રકાશન માટે પરવાનગી આપવી જોઈએ.

કેટલીક વખત લેખકો, પ્રસિદ્ધિ મેળવવાના મોહમાં અને આર્થિક કમાણી કરી લેવાના લોભમાં પ્રકાશકો, ઉચ્ચ કક્ષાનાં સંશોધનોની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડે છે. ડૉ. યાજ્ઞિકના આ મહાનિબંધની સાથે, તેમણે ઉપયોગમાં લીધેલાં અંગ્રેજી, ગુજરાતી, હિન્દી પુસ્તકો, સામાયિકોમાં પ્રસિદ્ધ થયેલા લેખો આદિની સંદર્ભસૂચિ આપેલી નથી. આવી સંદર્ભસૂચિમાંથી જ, બીજા સંશોધકો, પોતાનાં કાર્યો માટે પ્રેરણા પામે છે. વળી, આખાય પુસ્તકમાં, લેખકે પોતાનાં કથનો અને વિધાનના પુરાવારૂપે કોઈ પાદનોંધો અથવા ઇતર નોંધો આપી નથી, એ પણ એક ખામી જ ગણાય; અને મહાનિબંધની વિષયની પસંદગીમાં, બારથી વધુ લોકવાર્તાઓ અને પંદરમાથી અઢારમા શતક સુધીનો વિશાળ સમયનો પટ લીધો તેના કરતાં 'ઓખાહરણ' કે 'સદયવત્સકથા' જેવી એકાદ પ્રેમકથા લઈ, મહાનિબંધને ઉચિત, ઉચ્ચ કક્ષાનું સંશોધન થઈ શક્યું હોત. યુનિવર્સિટીઓમાં મહાનિબંધો માટેના વિષયોની દિશાહીન, અવ્યવસ્થિત પસંદગીમાં વિદ્વાન પ્રોફેસર–માર્ગદર્શકો પણ જવાબદાર છે.

લેખકમાં, લોકવાર્તાવિજ્ઞાનની સારી એવી પકડ, સૂઝ અને સમજ વરતાય છે, અને તેઓ આ ક્ષેત્રમાં સારાં અભ્યાસ–અધ્યયનોનું પ્રદાન કરશે, એવાં એંધાણ પ્રાપ્ત થાય છે. એક જ લોકકથા લઈ, તેની જુદી જુદી વાર્તાઓનાં મૂળ સ્વરૂપ અને સમય, સમાજ, દેશ, સંસ્કૃતિ અને વિવિધ પ્રજાઓમાંથી પસાર થતાં તેનાં રૂપાન્તરોનું નિરૂપણ કરવું એ તેના અભ્યાસનું એક મહત્ત્વનું પાસું છે, તેમ એક વાર્તાનું એક કથાઘટક લઈ, તેનાં ઉદ્દગમ, વિકાસ અને અંતને લક્ષમાં રાખી, વિવિધ પ્રજાઓ અને સંસ્કૃતિઓમાં પ્રસરેલા અને વિકસેલા એ કથાઘટકનું નિરીક્ષણ કરવું, એ એ જ અભ્યાસનું બીજું પાસું છે. આવી રીતનાં, યોગ્ય ધીરજ, ઊંડાણ અને ઔચિત્યપૂર્વક કરેલાં અધ્યયન, ડૉ. યાજ્ઞિક આપણને આપતા રહેશે, એવી આપણે આશા રાખીએ.

સોમાભાઈ ધૂ. પારેખ

* * *

સાભાર સ્વીકાર

૧ **પ્રાથમિક શિક્ષણની જૂની અને નવી સંકલ્પના :** લે. ચંદ્રકાન્ત ઉપાધ્યાય, પ્ર. ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ – ૩૮૦ ૦૧૪, પૃ. ૧૦+૮૦, કિંમત : રૂા. ૬ =૦૦ પૈ.

૨ **ધંધાદારી ગુજરાતી રંગભૂમિનાં નાટકોનાં ગીતો :** લે. અને પ્ર. ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્), ૨૬, ઉત્તમ પાર્ક સોસાયટી, મહાગુજરાત હૉસ્પિટલ સામે, નડિયાદ, પૃ. ૧૦+૧૬૬.

૩ **Jayavanta Sūri's Ṛṣidattā Rāsa :** સં. ડૉ. નિપુણા એ. દલાલ, પ્ર. લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યા મંદિર, અમદાવાદ – ૩૮૦ ૦૦૯, પૃ. ૫૪+૧૪૦, કિંમત : રૂા. ૧૬=૦૦ પૈ.

૪ **Prācīna Gurjara Kāvya Sañcaya :** સં. ડૉ. એચ. સી. ભાયાણી અને શ્રી અગરચન્દ નાહટા, પ્ર. લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ – ૩૮૦ ૦૦૯, પૃ. ૧૬+૧૫૬, કિંમત : રૂા. ૧૬=૦૦ પૈ.

૫ **સૂક્ત-સુધા નિરુક્ત-પરામર્શ :** લે. પ્રો. રતિલાલ જગન્નાથ જાની, પ્ર. અધ્યક્ષ, ચૂનીલાલ ગાંધી વિદ્યાભવન, સૂરત, પૃ. ૬+૧૩૮, કિંમત : ૧૦=૦૦ પૈ.

૬ **Jayant Bhaṭṭ's Nyāyamañjarī :** સં. અને અનુ. ડૉ. નગીન જે. શાહ, પ્ર. લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ-૩૮૦ ૦૦૯, પૃ. ૧૪૪, કિંમત : રૂા. ૩૬=૦૦ પૈ.

૭ **ખલેલ :** લે. શ્રી. રજનીકુમાર પંડ્યા, પુલ પાસે, જીન પ્લૉટ, ખોડપુરા, જેતપુર (સૌરાષ્ટ્ર), પ્ર. રૂપાલી પ્રકાશન, ૮૦ ગિરધરનગર, અમદાવાદ–૩૮૦ ૦૦૪, પૃ. ૨૦૮+૧૦, કિંમત : રૂા. ૧૦=૨૫ પૈ.

૮ **અનુભવનું અમૃત (ભાગ ૧)** (સુધારેલી બીજી આવૃત્તિ) : લે. શ્રી શોભન, પ્ર. આયુ પ્રકાશન, સ્પેકટ્રમ, બીજે માળ, રિલીફ સીનેમા પાસે, સલાપસ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧, પૃ. ૨૮૮, કિંમત : રૂા. ૮=૦૦ પૈ.

સ્વાધ્યાય

પુસ્તક ૧૩ : અંક ૩

અક્ષયતૃતીયા વિ. સં. ૨૦૩૨

અનુક્રમ

			પૃષ્ઠાંક
૧.	સંસ્કૃતની વિકાસયાત્રા : છાન્દસ અને ભાષાપ્રયોગો —જયદેવભાઈ મો. શુક્લ	...	૨૪૧
૨.	હરિવંશ અને વિષ્ણુપુરાણ—કેશવરામ કા. શાસ્ત્રી	...	૨૫૨
૩.	આપ્રી સૂક્ત—ગૌતમ વા. પટેલ	...	૨૬૯
૪.	બહુચરાજીની પ્રાચીનતા—જેઠાલાલ ત્રિવેદી	...	૨૭૬
૫.	ગુજરાતી સમાસના સ્વરૂપનો નિર્ણય—જે. સી. દવે	...	૨૮૬
૬.	ચૌલુક્ય ગુર્જરેશ્વરોની મહારાજ્ઞીઓ—નવીનચંદ્ર આચાર્ય	...	૨૯૫
૭.	મધ્યકાલીન હિન્દી તથા ગુજરાતીનાં ઉષાહરણ સંબંધી પ્રેમકાવ્યો —અશોકકુમાર મિશ્ર	...	૩૦૮
૮.	કેવળપુરીનું કેવળજ્ઞાન—કેશુભાઈ જી. પટેલ	...	૩૧૬
૯.	કર્ણાટ દેશના વાપી-કુંડો—મધુસૂદન ઢાંકી	...	૩૨૦
૧૦.	ગુજરાતની મુસ્લિમકાલીન નાગરીલિપિ—ઇન્દ્રવદન ત્રિવેદી	...	૩૨૪
૧૧.	ગ્રન્થાવલોકન	...	૩૩૭
૧૨.	સાભાર સ્વીકાર	...	૩૪૫

Statement about the ownership and other particulars about newspapers

SVĀDHYĀYA (स्वाध्याय)

(To be published in the first issue every year after the last day of February)

FORM IV

(See Rule 8)

1	*Place of the Publication* :	Oriental Institute, M. S. University of Baroda, Baroda
2	*Periodicity of its Publication* :	Three Months—November, February, May, August
3	*Printer's Name* :	Dr. A. N. Jani
	(*Whether citizen of India?*)	Yes
	(*If foreigner, state the country of origin*)	
	Address :	Sultanpura, Jamkhana's Pole, Baroda-390 001
4	*Publisher's Name* :	Dr. A. N. Jani
	(*Whether citizen of India ?*)	Yes
	(*If foreigner, state the country of origin*)	
	Address :	Sultanpura, Jamkhana's Pole, Baroda-390 001
5	*Editor's Name* :	Dr. A. N. Jani
	(*Whether citizen of India ?*)	Yes
	(*If foreigner, state the country of origin*)	
	Address :	Sultanpura, Jamkhana's Pole, Baroda-390 001
6	*Names & addresses of Individuals who own the newspaper and partners or shareholders holding more than one per cent of the total capital*	The M.S. University of Baroda, Baroda

I, A. N. Jani, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

A. N. Jani
Signature of Publisher

વધુ ઉજ્જવળ

આવતી કાલ માટે

- Δ ગુજરાતમાં વીસ મુદ્દાના કાર્યક્રમને ટોચની અગ્રતા આપવામાં આવી છે. આ કાર્યક્રમના અમલીકરણને વેગ આપવા માટે ગુજરાત સરકારે સંખ્યાબંધ સમયબદ્ધ પગલાં ભર્યાં છે.
- Δ રાજ્યની રૂા. ૧૯૩.૨૫ કરોડની વાર્ષિક યોજનામાં વીસ મુદ્દાના કાર્યક્રમ માટે ૬૬ ટકાની જોગવાઈ કરવામાં આવી છે.
- Δ જમીન ટોચ મર્યાદા અધિનિયમન હેઠળ ૫૨,૦૦૦ એકર જેટલી જમીન ફાજલ જાહેર કરવામાં આવી તે પૈકી ૪૦,૦૦૦ એકર જમીનનું વિતરણ કરવામાં આવ્યું. સુધારેલા અધિનિયમનના અમલ દ્વારા વધુ પ્રમાણમાં ફાજલ જમીન ઉપલબ્ધ થશે.
- Δ ગણોતિયા અને આદિવાસીઓના જમીન–હક્કોને કાયદાનું રક્ષણ મળશે. જમીન અને ઘર–વિહોણા ૨.૧૨ લાખ લોકોને ઘરથાળની જમીન ફાળવાઈ છે. વધુ ૫૪,૦૦૦ લોકોને નિયત સમયમાં જમીન ફાળવાશે.
- Δ રાજ્યમાં વેઠ પ્રથા નાબૂદ કરવામાં આવી છે. ખેતમજુરોના વેતન સુધારવામાં આવ્યાં છે.
- Δ ઉદ્યોગોના સંચાલનમાં કામદારોની ભાગીદારી અંગેનો કાર્યક્રમ અમલમાં મુકાઈ રહ્યો છે. એપ્રેન્ટીશીપ યોજનાનો અમલ સફળતાપૂર્વક થયો છે. હાથશાળ ઉદ્યોગના ઘનિષ્ટ વિકાસ માટે કાર્યક્રમ અમલમાં છે.
- Δ વીજળી ઉત્પાદન લક્ષ્યાંક સિદ્ધ થઈ રહ્યું છે. ૨૦૦ પાતાળ કૂવાઓ સહિત ૧૨૦૦ કૂવાઓનું વીજળીકરણ કરાશે.
- Δ ૧૩૦૦ જેટલી શાળાઓ અને યુનિવર્સિટી હોસ્ટેલોમાં રહેતા એક લાખથી વધુ વિદ્યાર્થીઓને રાહત ભાવે અનાજ અને બીજી આવશ્યક ચીજવસ્તુઓ પૂરી પાડવામાં આવે છે.

૨૦ મુદ્દાનો કાર્યક્રમ

ઝડપી ગ્રામવિકાસ માટે નૂતન અભિગમ

વિજેતા બેલડી

હોડ જીતવા માટે ખેડૂત શ્રેષ્ઠ પૈકીના બે બળદની ઉત્તમ જોડને જોતરે છે. જ્યોતિ સર્વશ્રેષ્ઠ પમ્પ અને સર્વશ્રેષ્ઠ મોટરનું ઉત્પાદન કરે છે અને એ બન્નેને એક એકમમાં જોડીને એ યુનિબિલ્ટ પમ્પનું નિર્માણ કરે છે.

પમ્પ મોટરના ઉત્પાદન ક્ષેત્રમાં જ્યોતિની દાયકાઓની તાંત્રિક જાણકારી, વિશેષજ્ઞતા તેમજ ઊંડા સંશોધનના ફલસ્વરૂપ યુનિબિલ્ટ પંપ ઉત્તમ કામગીરી બજાવવામાં મોખરે છે. એ વિપુલ પાણી પૂરું પાડે છે અને ઓછામાં ઓછા વિદ્યુત ખર્ચે ચાલે છે. વધુ અનાજ ઉગાડવા આપ નચિંતપણે યુનિબિલ્ટ પર આધાર રાખી શકો છો!

જ્યોતિ યુનિબિલ્ટ

જ્યોતિ

ઉત્પાદક :
જ્યોતિ લિમિટેડ, વડોદરા ૩
quality is our creed





everest/716a/JY gj

ખાંસીના ૪ મોરચા પર હૂમલો કરનાર!





ગ્લાયકોડીન

એક ઇલાજ—જે ૪ પ્રકારે ખાંસી પર પૂરો કાબૂ મેળવે છે.

☐ મગજમાં—ખાંસીના કેન્દ્ર પર નિયંત્રણ કરે છે. ☐ ગળામાં—ભરાવો દૂર કરે છે, બળતરા શાંત પાડે છે ☐ છાતીમાં—જકડાયેલા સ્નાયુઓને આરામ આપીને સહેલાઇથી શ્વાસ લેવામાં મદદ કરે છે. ☐ ફેફસામાં—ગૂંગળાવતા કફ અને ચીકણા પ્રવાહીને છૂટા પાડીને ખાંસીને દૂર કરે છે.

ખાંસીના સંપૂર્ણ નિયંત્રણ માટે ગ્લાયકોડીન જેવો અસરકારક બીજો કોઇ પણ ઇલાજ નથી.

ત્વરિત અસરકારક • મધુર સ્વાદવાળું • કફકસરયુક્ત

ભારતમાં ખાંસીનો સૌથી વધુ વિશ્વસનીય બરગથ્થુ ઇલાજ.

Alembic

everest/365 k /ACW Guj

દેના બેંક કૅશ સર્ટિફિકેટ

ખરીદીને હવે ૨૦ વર્ષમાં આપનાં નાણાં **સાતગણા**થી અધિક કરો !

મુદત	વેચાણ કિંમત	પાકતી મુદતે મળનારી રકમ
૨૦ વર્ષ	રૂ. ૧૩.૬૫	રૂ. ૧૦૦
	રૂ. ૧૩૬.૪૬	રૂ. ૧,૦૦૦
	રૂ. ૬૮૨.૩૧	રૂ. ૫,૦૦૦
	રૂ. ૧,૩૬૪.૬૨	રૂ. ૧૦,૦૦૦
	રૂ. ૬,૮૨૩.૦૮	રૂ. ૫૦,૦૦૦
	રૂ. ૧૩,૬૪૬.૧૫	રૂ. ૧,૦૦,૦૦૦
૧૫ વર્ષ	રૂ. ૨૨.૪૫	રૂ. ૧૦૦
	રૂ. ૨૨૪.૫૨	રૂ. ૧,૦૦૦
	રૂ. ૧,૧૨૨.૬૧	રૂ. ૫,૦૦૦
	રૂ. ૨,૨૪૫.૨૧	રૂ. ૧૦,૦૦૦
	રૂ. ૧૧,૨૨૬.૦૭	રૂ. ૫૦,૦૦૦
	રૂ. ૨૨,૪૫૨.૧૩	રૂ. ૧,૦૦,૦૦૦
૧૦ વર્ષ	રૂ. ૩૬.૯૪	રૂ. ૧૦૦
	રૂ. ૩૬૯.૪૧	રૂ. ૧,૦૦૦
	રૂ. ૧,૮૪૭.૦૩	રૂ. ૫,૦૦૦
	રૂ. ૩,૬૯૪.૦૭	રૂ. ૧૦,૦૦૦
	રૂ. ૧૮,૪૭૦.૩૫	રૂ. ૫૦,૦૦૦
	રૂ. ૩૬,૯૪૦.૭૦	રૂ. ૧,૦૦,૦૦૦
૬ વર્ષ	રૂ. ૫૫.૦૨	રૂ. ૧૦૦
	રૂ. ૫૫૦.૧૮	રૂ. ૧,૦૦૦
	રૂ. ૨,૭૫૦.૮૯	રૂ. ૫,૦૦૦
	રૂ. ૫,૫૦૧.૭૮	રૂ. ૧૦,૦૦૦
	રૂ. ૨૭,૫૦૮.૮૯	રૂ. ૫૦,૦૦૦
	રૂ. ૫૫,૦૧૭.૭૮	રૂ. ૧,૦૦,૦૦૦
૬૧ મહિના	રૂ. ૬૦.૨૮	રૂ. ૧૦૦
	રૂ. ૬૦૨.૭૭	રૂ. ૧,૦૦૦
	રૂ. ૩,૦૧૩.૮૩	રૂ. ૫,૦૦૦
	રૂ. ૬,૦૨૭.૬૬	રૂ. ૧૦,૦૦૦
	રૂ. ૩૦,૧૩૮.૨૮	રૂ. ૫૦,૦૦૦
	રૂ. ૬૦,૨૭૬.૫૫	રૂ. ૧,૦૦,૦૦૦
૪ વર્ષ	રૂ. ૬૯.૮૬	રૂ. ૧૦૦
	રૂ. ૬૯૮.૬૧	રૂ. ૧,૦૦૦
	રૂ. ૩,૪૯૩.૦૭	રૂ. ૫,૦૦૦
	રૂ. ૬,૯૮૬.૧૪	રૂ. ૧૦,૦૦૦
	રૂ. ૩૪,૯૩૦.૭૧	રૂ. ૫૦,૦૦૦
	રૂ. ૬૯,૮૬૧.૪૧	રૂ. ૧,૦૦,૦૦૦
૩ વર્ષ	રૂ. ૭૬.૪૧	રૂ. ૧૦૦
	રૂ. ૭૬૪.૧૫	રૂ. ૧,૦૦૦
	રૂ. ૩,૮૨૦.૭૪	રૂ. ૫,૦૦૦
	રૂ. ૭,૬૪૧.૪૯	રૂ. ૧૦,૦૦૦
	રૂ. ૩૮,૨૦૭.૪૫	રૂ. ૫૦,૦૦૦
	રૂ ૭૬,૪૧૪.૯૦	રૂ. ૧,૦૦,૦૦૦

રૂ. ૧૩,૬૪૬.૧૫ હમણાં રોકો અને
રૂ. ૧,૦૦,૦૦૦ પાકતી મુદતે મેળવો.

દેના બેંક કૅશ સર્ટિફિકેટ, બાજુના કોઠામાં દર્શાવ્યા પ્રમાણે, આકર્ષક વેચાણ કિંમતે ઓછી રકમનાં અને ઓછી મુદત માટે પણ મળે છે.

જરૂરત પડતાં, દેના બેંક કૅશ સર્ટિફિકેટ તેની ખરીદ તારીખથી એક વર્ષ બાદ ગમે ત્યારે વટાવી શકાય છે. આપ એની સામે બેંક પાસેથી લોન પણ માગી શકો છો.

વિગતો માટે આપની નજીકની દેના બેંક શાખાની મુલાકાત લો.

બેંક ડિપોઝિટો પરનું વ્યાજ તથા અન્ય માન્ય મૂડી રોકાણોમાંથી થનારી આવક વાર્ષિક રૂ. ૩,૦૦૦ની મર્યાદા સુધી આવકવેરામાંથી મુક્ત રહેશે; બેંકમાં મૂકેલી ડિપોઝિટો અને અન્ય માન્ય મૂડી રોકાણો રૂ. ૧,૫૦,૦૦૦ સુધી સંપત્તિવેરામાંથી મુક્ત રહેશે.

દેના બેંક
(ગવર્નમેંટ ઑફ ઇંડિયા અંડરટેકિંગ)
હેડ ઑફિસ : હૉર્નિમેન સર્કલ, મુંબઈ ૪૦૦ ૦૨૩

Ratan Batra/DB/G/278

સ્વાધ્યાય

સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

૧. વર્ષમાં ચાર અંક બહાર પડે છે—દીપોત્સવી અંક, વસંતપંચમી અંક, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

૨. **લવાજમ :**

—ભારતમાં....રૂા. ૨૦=૦૦ ન.પૈ. (ટપાલખર્ચ સાથે)
—પરદેશમાં : યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે....૬ ડૉલર
યુરોપ અને અન્ય દેશો માટે....પૌં. ૨.૫૦

૩. આખા વર્ષના ગ્રાહકો લવાજમના વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવે છે. લવાજમ અગાઉથી સ્વીકારવામાં આવે છે. લવાજમ મોકલતી વખતે કયા વૉલ્યુમ માટે લવાજમ મોકલ્યું છે તે સ્પષ્ટ જણાવવું. લવાજમ ડાયરેક્ટર, ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યુટ, વડોદરા, એ નામે મોકલવું.

૪. **જાહેરાતો :**

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—

સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મન્દિર, લોકમાન્ય ટિળક રોડ, વડોદરા–૩૯૦ ૦૦૨

૫. **લેખકોને વિજ્ઞપ્તિ**

'સ્વાધ્યાય'માં પ્રસિદ્ધ થવા માટે, પાનની એક જ બાજુએ, શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા લેખકોને વિનંતી છે; શક્ય હોય તો લેખ ટાઈપ કરી મોકલવા જરૂરી છે. ગૂજરાત વિદ્યાપીઠના જોડણીકોશ પ્રમાણેની જોડણી રાખવી આવશ્યક છે.

પ્રાચ્યવિદ્યા મન્દિર,
લોકમાન્ય ટિળક રોડ,
વડોદરા—૩૯૦ ૦૦૨

સંપાદક

મુદ્રક: શ્રી રસિકલાલ જી. પટેલ, મૅનેજર, ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ રોડ, વડોદરા; પ્રકાશક : ડૉ. અરુણોદય ન. જાની, નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા, જૂન, '૭૬.



ચિત્ર ૧

ઐહોળેના 'હુચ્ચિમલ્લિગુડિ' મન્દિરના પ્રાંગણમાં રહેલ વાપી, ૭મો સૈકો (પૂર્વાર્ધ)

[ચિત્રોની સમજૂતી માટે જુઓ આ અંકમાં શ્રી ઢાંકીનો લેખ]



ચિત્ર ૩

લકકુંડીના માણિકેશ્વર પાસેનો કુંડ : પશ્ચિમ ભાગ

[સમય ૧૧મા શતકનો મધ્યભાગ]



ચિત્ર ૪

લકકુંડીના માણિક્કેશ્વર પાસેનો કુંડ : દક્ષિણ દિશાનું માળયુક્ત 'કૂટ'

[ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં શ્રી ઢાંકીનો લેખ]